
સંકલ્પસિદ્ધિ
યાને
ઉન્નતિ સાધવાની
અદ્ભુત કલા
લે. શતાવધાની પંડિતશ્રી
ધીરજલાલ શાહ

સંકલ્પસિદ્ધિ

યાને

ઉન્નતિ સાધવાની
અદ્ભુત કલા

卐

લેખક :

અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, ગણિતદિનમણિ,
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

卐

પ્રકાશક :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

મુંબઈ–૯

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક :
પ્રજ્ઞા પ્રકાશન મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચબંદર, **મુંબઈ-૯**

પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૨૪ સને ૧૯૬૮

મૂલ્ય રૂપિયા પાંચ
(આ ગ્રંથના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે)

મુદ્રક :
કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રિન્ટરી,
ઘીકાંટા રોડ, **અમદાવાદ.**

પ્રકાશકીય

પ્રજ્ઞાનો પ્રકાશ થયા વિના આપણાં દુઃખદર્દો હટતાં નથી કે અભ્યુદયના દ્વારા ખુલતાં નથી, તેથી જ અમોએ પ્રજ્ઞાનો પ્રકાશ કરનારાં પ્રકાશનો હાથ ધર્યાં છે, અને તેમાં ઠીક ઠીક પ્રગતિ કરી રહ્યા છીએ.

પ્રથમ પ્રકાશિત કરેલા **'ગણિત-ચમત્કાર'**, **'ગણિત-રહસ્ય'** અને **'ગણિત-સિદ્ધિ'**ની બીજી આવૃત્તિ પ્રકટ થઈ છે. જે એની લોકપ્રિયતા સૂચવે છે. ગુજરાત સરકારના શિક્ષણખાતાએ કોલેજો, પ્રૌઢ વાચનાલયો તથા વાણિજ્ય-વિદ્યામંદિરો વગેરે માટે તેની ખાસ ભલામણ કરી છે. તથા શ્રી સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિ તરફથી તેને સારૂં એવું ઉત્તેજન પ્રાપ્ત થયું છે. વળી સન્માનનીય શ્રી મોરારજી દેસાઈ, સન્માનનીય શ્રી કે. કે. શાહ, સન્માનનીય શ્રી હિતેન્દ્ર દેસાઈ વગેરેએ જાહેર સમારંભોમાં આ ગ્રંથોની તારીફ કરીને તેના ગૌરવમાં વધારો કર્યો છે.

ત્યાર બાદ **'મંત્રવિજ્ઞાન'** અને **'મંત્રચિંતામણિ'** પ્રકટ કરવામાં આવ્યા, તેણે પણ વિદ્વાનો તથા પત્રકારોની પ્રચુર પ્રશંસા પ્રાપ્ત કરી છે અને કેટલાય જિજ્ઞાસુઓને સાચા અર્થમાં મંત્રોપાસકો બનાવ્યા છે. તે અંગે અમારા ઉપર અનેક પત્રો આવી રહ્યા છે, જે તેણે પાઠકોની પ્રાપ્ત કરેલી ચારુ ચાહનાનો પ્રત્યક્ષ પુરાવો છે. હજી પંડિતજીકૃત મંત્રવિષયક એક ગ્રંથ-**'મંત્રદિવાકર'**નું પ્રકાશન કરવાનું છે, તે ઘણા ભાગે આવતા વર્ષમાં થઈ જશે.

આજે માનસવિજ્ઞાનનું ખેડાણ સારા પ્રમાણમાં થઈ રહ્યું છે, અને તેણે મનુષ્યોની આંતરિક શક્તિમાં, ખાસ કરીને ઇચ્છા-

સંકલ્પશક્તિમાં ભારે રસ પેદા કર્યો છે. તેના ઉચિત ઉપયોગ દ્વારા મનુષ્ય પોતાના જીવનમાં ધારેલી પ્રગતિ કરી શકે છે તથા સર્વતોમુખી ઉન્નતિ સાધી શકે છે, પણ તે વિષયનું સાહિત્ય ગુજરાતી ભાષામાં ઘણું અલ્પ છે. વળી જે કાંઈ સાહિત્ય પ્રકટ થયું છે, તે બહુધા અંગ્રેજી ભાષાના અનુવાદ તરીકે પ્રકટ થયું છે, એટલે તે આપણી આધ્યાત્મિક તથા રાષ્ટ્રીય ભાવના સાથે જોઈએ તેવું સુસંગત નથી. આ સંયોગોમાં વિદ્યાભૂષણ ગણિતદિનમણિ સાહિત્યવારિધિ શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ શાહે** આધ્યાત્મિક તથા રાષ્ટ્રીય ભાવનાને સન્મુખ રાખી ભારે પરિશ્રમપૂર્વક તૈયાર કરેલો **'સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા'** નામનો આ મૌલિક ગ્રંથ પ્રકટ કરતાં અમને ઘણો આનંદ થાય છે.

કુલ ૨૦ પ્રકરણોમાં તયાર થયેલ આ ગ્રંથમાં આપણા મનનું સ્વરૂપ, વિચારોનો વિશિષ્ટ પ્રભાવ તથા સંકલ્પશક્તિનું મહત્વ સપ્રમાણ સવિસ્તર દર્શાવવામાં આવ્યું છે, તેમજ જીવનસાફલ્ય માટે અતિ જરૂરી એવા ગુણો ઉપર પણ આવશ્યક વિવેચન થયેલું છે. ઉદાહરણો, ઉક્તિઓ, મહાપુરુષોના અભિપ્રાયો આદિએ આ ગ્રંથને ઘણો રસમય તથા મતનીય બનાવ્યો છે. પાઠકવર્ગ તેનો પૂરો લાભ ઉઠાવે, એ અમારી આંતરિક અભ્યર્થના છે.

હવે પછી **'માનવમનની અજાયબીઓ'** નામનો ગ્રંથ પ્રકટ કરવાના છીએ, તે પણ અત્યંત ઉપયોગી તથા ગુજરાતી સાહિત્યમાં ભાત પાડનારો હશે.

આ ગ્રંથના પ્રકાશનમાં એક યા બીજી રીતે સહાય કરનાર સહુનો આભાર માનીએ છીએ.

પ્રકાશક



અનન્ય વિદ્યાપ્રેમી

શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી

બી.એસસી., એલ્ એલ્, બી., બાર–એટ–લૉ.

સમર્પણ



જેમના શુભ સંકલ્પોએ

શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રે

અવનવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી

તે

શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી

બાર–એટ–લૉને

આ ગ્રંથ

સાદર સમર્પિત

ગુણાનુરાગી

ધીરજલાલ શાહ

*

વિષયાનુક્રમ

૧.	ઉપક્રમ	... ...	૩
૨.	સંકલ્પશક્તિનું મહત્ત્વ	... ...	૨૨
૩.	શુભ સંકલ્પની આવશ્યકતા	... ...	૩૮
૪.	આત્મશ્રદ્ધા કે આત્મવિશ્વાસ	... ...	૫૦
૫.	આપણા મનનું સ્વરૂપ	... ...	૫૮
૬.	વિચારો અને તેનો વિશિષ્ટ પ્રભાવ	...	૭૦
૭.	ઇચ્છા અને પ્રયત્ન	... ...	૭૯
૮.	પુરુષાર્થની બલિહારી	... ...	૯૦
૯.	આશાવાદી બનો	... ...	૧૦૩
૧૦.	વિચાર કરવાની ટેવ	... ...	૧૧૦
૧૧.	જ્ઞાનનો સંચય	... ...	૧૨૫
૧૨.	નિયમિતતા	... ...	૧૩૩
૧૩.	સમયનું મૂલ્ય	... ...	૧૪૨
૧૪.	ચિત્તવૃત્તિઓની એકાગ્રતા	... ...	૧૫૧
૧૫.	આત્મનિરીક્ષણ	... ...	૧૫૯
૧૬.	મિત્રોની વૃદ્ધિ	... ...	૧૬૯
૧૭.	નીરોગીપણું	... ...	૧૮૧
૧૮.	સંકલ્પશક્તિ દ્વારા રોગનિવારણ	... ...	૧૯૩
૧૯.	સંકલ્પશક્તિ દ્વારા ધનપ્રાપ્તિ	... ...	૨૦૪
૨૦.	સંકલ્પશક્તિ દ્વારા સર્વકાર્યસિદ્ધિ	... ...	૨૧૫
	લેખકનું સાહિત્યસર્જન	...	૨૨૫–૨૪૦

શ્રીમાન્ દીપચંદ સવરાજ ગાર્ડી

બી. એસસી., એલ્ એલ્, બી., બાર–એટ–લૉ નો

ટૂંક જીવનપરિચય

જીવનના જંગમાં જવલંત ફત્તેહ મેળવનાર તથા શ્રી અને સંપત્તિનો વિદ્યાના ક્ષેત્રે છૂટા હાથે સુંદર વ્યય કરનાર શ્રીમાન્ દીપચંદ સવરાજ ગાડીંનો પરિચય કરાવતાં અમને ઘણો જ આનંદ થાય છે.

સૌરાષ્ટ્રના પડધરી ગામમાં જૈન કુટુંબમાં શ્રી સવરાજ જીવરાજ ગાડીંને ત્યાં તા. ૨૫–૪–૧૯૧૭ને રોજ તેમનો જન્મ થયો. તેમની માતાનું નામ કપૂરબ્હેન છે. તેમને એક નાનાભાઈ છે, તેમનું નામ ચીમનલાલ.

આ કુટુંબ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની શ્રદ્ધા ધરાવતું હતું અને તેના દાન–દયાદિ ઉત્તમ સંસ્કારોથી વાસિત હતું, એટલે દીપચંદભાઇને નાનપણથીજ ધર્મના સારા સંસ્કારો મળ્યા હતા. પરંતુ જ્યારે તેઓ ચાર વર્ષના થયા, ત્યારે કાળના કરાળ હસ્તોએ પિતાની છત્રછાયા ઝુંટવી લીધી, તેથી તેમને ઘણા વિષમ સંયોગોનો સામનો કરવો પડ્યો.

તેમનું પ્રારંભિક શિક્ષણ પડધરીમાં જ થયું અને અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ પણ પડધરીમાં જ કર્યો. તે પછી તેઓ વાંકાનેર ગયા અને ત્યાંની હાઇસ્કૂલમાંથી મેટ્રીકની પરીક્ષા આપી તેમાં સારા માર્કે પસાર થયા.

કૌટુંબિક સંયોગો સારા ન હતા, છતાં દીપચંદભાઈની વિદ્યાભ્યાસની લગની અનેરી હતી, એટલે તેમણે ભાવનગર જઈ જાતમહેનતથી સાધનો ઊભા કરી શામળદાસ કોલેજમાં બે વર્ષ સુધી અભ્યાસ કર્યો.

ત્યાર બાદ મુંબઈ આવ્યા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં હાફ પેઈંગ વિદ્યાર્થી તરીકે દાખલ થઈ રોયલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં અભ્યાસ કરવા લાગ્યા. પરંતુ સંસ્થાનું ઋણ માથે ચડાવી અભ્યાસ કરવાનું તેમને પસંદ ન પડતાં બાર મહિનાની પૂરી ફી આપી તેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી છૂટા થયા અને સ્વતંત્ર કમાણી કરી આગળ અભ્યાસ કરવા લાગ્યા. આ રીતે એક વર્ષ આગળ અભ્યાસ કરી તેઓ બી. એસસી. થયા.

હજી પણ તેમને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા હતી, એટલે તેમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને સને ૧૯૪૨ની સાલમાં એલ્ એલ્, બી. થયા. ત્યાર બાદ સોલીસીટર્સના આર્ટીકલ્સ પૂરા કરી એડવોકેટ તરીકે મુંબઈમાં સ્વતંત્ર પ્રેકટીસ કરવા લાગ્યા અને અનેક કંપનીઓના સલાહકાર બન્યા.

તેમની બુદ્ધિ તીક્ષ્ણ હતી, પ્રતિભા અનેરી હતી અને સહૃદયતા સહુ કોઈને અત્યંત પ્રભાવિત કરે એવી હોવાથી આ ક્ષેત્રમાં તેઓ ઝળકી ઉઠયા અને સને ૧૯૫૦થી જમીનના નિષ્ણાત તરીકે કામ કરવા લાગ્યા. તેમાં લક્ષ્મીદેવીની તેમના પર કૃપા થઈ અને તે ઉત્તરોત્તર વધતી ગઈ.

સને ૧૯૬૧માં તેઓ ઈંગ્લેડ જઈ બાર–એટ–લો બની આવ્યા.

તેઓના પ્રથમ પત્ની શ્રી રૂક્ષ્મિણીબહેનથી તેમને રશ્મિકાંત અને હસમુખભાઈ નામનાં બે પુત્રરત્નો સાંપડયાં. જેમાં રશ્મિકાંત હાલ લંડનમાં રહી ડૉકટરી અભ્યાસ કરી રહેલ છે અને શ્રી

હસમુખભાઈએ બી. એ. એલ્ એલ્, બી., થઈ, એડવોકેટ થઇ, સોલી-સીટરને અભ્યાસ હમણાંજ પૂરો કરેલ છે.

તેમનાં બીજા પત્ની શ્રી વિદ્યાબહેન બી. એ. એલ્ એલ્, બી., બી. ઈ. ડી., બાર–એટ–લો છે અને કેળવણીના ક્ષેત્રમાં ખૂબજ રસ લઇ રહેલ છે. આ લગ્ન શ્રી રૂક્ષ્મિણીબહેનની સંમતિથી થયાં હતાં અને આજે તેઓ એકબીજા સાથે ખૂબજ હળી મળીને રહે છે.

શ્રી દીપચંદભાઈ લક્ષ્મીના લાડીલા બન્યા, તે જ વખતથી તેમણે દીન–દુ:ખીઓને ગુપ્ત રીતે સહાય કરવા માંડી અને શિક્ષણના ક્ષેત્રને પોતાની સખાવતોથી સમૃદ્ધ કરવા માંડયું. આજે તેમના વતન પડધરીમાં તેમના પિતાના નામથી 'સવરાજ જીવરાજ ગાર્ડી કન્યા મહાવિદ્યાલય' ચાલે છે, તેમના માતુશ્રીના નામથી 'શ્રી કપૂરબહેન જૈન પાઠશાળા' ચાલે છે, તેમજ આસપાસના પ્રદેશમાં તેમણે પ્રાથમિક શાળાઓનાં ૧૨ થી ૧૩ મકાનો બંધાવી આપેલ છે.

મુંબઈમાં તેમના તરફથી ગાર્ડી હાઇસ્કૂલ ચાલે છે, ઘાટકોપર રાષ્ટ્રીય શાળામાં કપૂરબહેન સવરાજ ગાર્ડી નામથી એક સુંદર વીંગ છે તથા લાલબાગ ભૂલેશ્વર ખાતે 'વિદ્યાબહેન આઉટડોર ડીસ્પેન્સરી' ચાલે છે. ઉપરાંત તેમના કુટુંબના પાંચ સભ્યો શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન છે અને તેને અત્યાર સુધીમાં ૩ ટ્રસ્ટો આપી ચૂકેલ છે. એટલું જ નહિ પણ વિદ્યા, સંસ્કાર અને કલાના ક્ષેત્રે કામ કરી રહેલ નાની–મોટી ૫૦ જેટલી સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી, પદાધિકારી કે સભ્ય તરીકે જોડાયેલા છે અને તે દરેકને યથાશક્તિ સહાયભૂત થવામાં આનંદ માને છે.

સ્વભાવે તેઓ શરમાળ છે, પરંતુ પોતાના શુભ સંકલ્પોની સિદ્ધિ કરવામાં ઘણા મક્કમ છે અને સહુથી વધારે નોંધપાત્ર બીના તો એ છે કે તેઓ માનવતાની મીઠી સૌરભથી મઘમઘી રહેલ છે કે

જેનો અનુભવ તેમના પરિચયમાં આવનાર હર કોઈને થયા વિના રહેતો નથી.

તેમના આવા વિરલ વ્યક્તિત્વથી પ્રેરાઈને અમે આ **'સંકલ્પ-સિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા'** નામનો ગ્રંથ તેમને સમર્પણ કરવામાં કૃતાર્થતા માની છે.

તેઓ તંદુરસ્તીભર્યું દીર્ઘ જીવન પ્રાપ્ત કરે અને તેમના હાથે માનવસેવાનાં કાર્યો ઉત્તરોત્તર વધારે થાય, એવી અમારી આંતરિક અભિલાષા છે.

卐

સંકલ્પસિદ્ધિ

યાને

ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા



[૧]

ઉપક્રમ

સંકલ્પશક્તિના ઉચિત ઉપયોગ દ્વારા જીવનના કોઈ પણ ક્ષેત્રમાં વિશિષ્ટ **સિદ્ધિ** કેવી રીતે મેળવવી ? તેનું સપ્રમાણ–સવિસ્તર વિવેચન કરવું, એ પ્રસ્તુત ગ્રંથનું મુખ્ય પ્રયોજન છે, તેથી તેને '**સંકલ્પસિદ્ધિ**' નામ આપવામાં આવ્યું છે. અથવા તો માનવજીવનમાં જે અનેક પ્રકારના **સંકલ્પો** થાય છે–મનોરથો જાગે છે, તેની **સિદ્ધિ**ના કેટલાક સબળ–સચોટ ઉપાયો આ ગ્રંથમાં દર્શાવેલા છે, એટલે તેનું '**સંકલ્પ-સિદ્ધિ**' એ નામ સાર્થક છે; અને જો **સંકલ્પ**નો અર્થ માત્ર વિચાર કરીએ તો વિચારની અમોઘ–અપરિમિત શક્તિથી મનુષ્ય પોતાનાં સઘળાં દુઃખ–દર્દોને હઠાવી પરમ **સિદ્ધિ** કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? તેનું પણ આ ગ્રંથમાં વ્યવસ્થિત નિરૂપણ કરેલું છે, એટલે '**સંકલ્પસિદ્ધિ**' નામની સાર્થકતા અંગે કોઈ સંદેહ રહે તેમ નથી.

સામાન્ય રીતે ગ્રંથનું નામકરણ કરતાં અમારા મનમાં ઘણું મનોમંથન થાય છે, એ રીતે આ ગ્રંથનું નામકરણ

કરતાં પણ ઘણું મનોમંથન થયેલું. વધારે સ્પષ્ટ કહીએ તો દિવસો સુધી તેનો રણકાર અમારા મનમંદિરમાં થયેલો અને તેના પંચાક્ષરીપણાએ તથા તેના અર્થગૌરવમય ઊંડા રહસ્યે અમારા મનનું અનેરું આકર્ષણ કર્યું, ત્યારે જ અમે એની પસંદગી કરેલી. અમને વિશ્વાસ છે કે આ નામ પાઠકોના મનમાં એક નવી જ ભાવનાસૃષ્ટિ ખડી કરશે અને તેનું પરિણામ તેમના સમસ્ત જીવનવ્યવહાર પરત્વે ઘણું સુંદર આવશે.

સંકલ્પસિદ્ધિની પ્રક્રિયા એવી છે કે તે જેમ જેમ આગળ વધે, તેમ તેમ મનુષ્યને પોતાની ઇચ્છા અનુસાર ધન, સંપત્તિ, અધિકાર, યશ, આરોગ્ય, વિદ્યા, કલા વગેરેની પ્રાપ્તિ થતી જાય અને તે પોતાની ઉન્નતિનો 'દિન દોગુનો–રાત ચોગુનો' અનુભવ કરી શકે, તેથી તેને **'ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા'** એવું અપરનામ આપવાનું ઉચિત માન્યું છે. તેનાથી આ ગ્રંથમાં ચર્ચાયેલા વિષયનો પાઠકોને સુસ્પષ્ટ બોધ થશે અને ભળતાં અનુમાનોથી બચી શકાશે.[1]

આજે જગતના સુજ્ઞ મનુષ્યોની સહુથી મોટી માગણી

---

૧. આ ગ્રંથ નિર્માણ થતો હતો, ત્યારે એક મિત્રે સ્વાભાવિક જ પૂછ્યું કે 'હાલ શું ચાલે છે?' અમે કહ્યું : 'સંકલ્પસિદ્ધિ ગ્રંથનું લેખન કરી રહ્યા છીએ.'

તેમણે કહ્યું : 'હવે તમારી કલમ શું યોગના વિષયમાં ચલાવવા માંડી?' અમે કહ્યું : 'યોગમાં અમને રસ છે, પણ આ ગ્રંથ યોગનો નથી.'

'ત્યારે શું આ ગ્રંથ દ્વારા તમે મંત્રશાસ્ત્રની પૂર્તિ કરવા માંગો છો?' તેમણે વિશેષ પ્રશ્ન કર્યો.

અમે કહ્યું : 'ના. આ ગ્રંથ મંત્રનો પણ નથી. પરંતુ વ્યાવહારિક

સફલતા (Success) ની છે. અન્ય શબ્દોમાં કહીએ તો પ્રગતિ, વિકાસ કે અભ્યુદયની છે અને તેથી તે અંગે ઘણું ચિંતન-મનન થયેલું છે. પ્રસ્તુત ગ્રંથને આવા જ ચિંતન-મનનનું એક સુમધુર ફળ સમજવું. તેનો ઉત્સાહથી આસ્વાદ લેનારને આ જગતમાં કોઈ પણ સ્થળે નિષ્ફલતા મળશે નહિ કે નિરાશ થવાનો વખત આવશે નહિ. તે પોતાને અભીષ્ટ એવી પ્રગતિ, અભીષ્ટ એવો વિકાસ કે અભીષ્ટ એવો અભ્યુદય અવશ્ય સાધી શકશે અને આ જગતમાં પોતાનું નામ રોશન કરી શકશે.

અમે ત્રેશઠ વર્ષના જીવન[૨] દરમિયાન સિદ્ધિ, સફળતા કે ઉન્નતિ અંગે જે કંઈ જોયું છે, જાણ્યું છે, અનુભવ્યું છે, તેનો સમુચિત સાર આ ગ્રંથમાં ઉતારવા માટે પ્રબળ પ્રયાસ કર્યો છે, તેથી સિદ્ધિના સાધકોને, સફલતાના ઇચ્છુકોને કે ઉન્નતિના ઉમેદવારોને તે અતિ ઉપયોગી થઈ પડશે અને એક માર્ગદર્શક સાચા મિત્રની ગરજ સારશે, એમ કહીએ તો અનુચિત નથી.

દૃષ્ટિએ જીવનસાફલ્યનો છે. મનુષ્ય વ્યવહારના કોઈ પણ ક્ષેત્રમાં સંકલ્પ-શક્તિનો ઉપયોગ કરીને કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે, ઉન્નતિ સાધી શકે, તે અમે લખી રહ્યા છીએ.'

તેમણે કહ્યું : 'જો હકીકત આવી જ હોય તો કૃપા કરીને તેને એવું અપરનામ આપો કે મારા જેવા અનેકને આ વિષયનો સ્પષ્ટ બોધ થાય.'

અને અમે એ સૂચનાનો સ્વીકાર કરીને કેટલાક મનોમંથન બાદ આ ગ્રંથને ઉપર્યુક્ત અપરનામથી અલંકૃત કર્યો.

૨. તા. ૧૮-૩-૬૮ના રોજ અમે ત્રેશઠમા વર્ષમાં પ્રવેશ કરેલો છે. એ વખતે અને ત્યારપછી આ ગ્રંથનું લેખન ચાલુ હતું. અમારો જન્મ તા. ૧૮-૩-૧૯૦૬ના રોજ સૌરાષ્ટ્ર-સુરેન્દ્રનગર નજીક

કેટલાક કહે છે કે આપણને કોઈ કલ્પવૃક્ષની છાયા મળી જાય તો આપણા સર્વ સંકલ્પોની સત્વર સિદ્ધિ થઈ જાય, પણ કલ્પવૃક્ષ શોધવું કયાં? એ એક પ્રશ્ન છે. આપણે આખાયે ભારતવર્ષને ઢૂંઢી વળીએ તો પણ તે આપણને જડે તેમ નથી. વળી જગતના કોઈ પણ દેશે કલ્પવૃક્ષ પોતાને ત્યાં હોવાની જાહેરાત કરી નથી, એટલે ત્યાં જઇને મેળવવાની વાત અર્થહીન છે. કદાચ તે કોઈ અજાણ્યા પ્રદેશમાં કે સાગરના પેટમાં હોય, તો તેથી આપણને શો લાભ? તાત્પર્ય કે આજે આપણને કોઈ કલ્પવૃક્ષની છાયા મળી જાય, એ વસ્તુ સંભવિત નથી, શક્ય નથી.

કામધેનુ વિષે પણ આવો જ પ્રવાદ ચાલે છે, પરંતુ તેની પ્રાપ્તિ સુલભ નથી. કદાચ કોઇને આવી ધેનુ અર્થાત્ ગાય મળી જાય તો તેનું કલ્યાણ થાય, પણ બીજા લાખો-ક્રોડો મનુષ્યનું શું? તે બધા કામધેનુના આધારે પોતાના સંકલ્પોની સિદ્ધિ કરી શકે નહિ.

આજથી પાંચ-છ દશકા પહેલાં સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં એક શેઠ પાસે અતિ સુંદર ગાય હતી. તેને જોતાં જ સહુના મનનું અદ્‌ભુત આકર્ષણ થતું, અને તે આવી ત્યારથી

આવેલા 'દાણાવાડા' નામના એક નાનકડા ગામડામાં સાધારણ સ્થિતિના જૈન કુટુંબમાં થયો હતો. પિતાનું નામ ટોકરશીભાઈ અને માતાનું નામ મણિબેન હતું. પિતા સ્વભાવે સાહસિક અને પરગજુ હતા. માતા ધર્મનિષ્ઠ અને તપસ્વી હતા. તેમની સ્મરણશક્તિ ઘણી સતેજ હતી.

આ ગ્રંથમાં પ્રસંગોપાત્ત તેમનો કેટલોક ઉલ્લેખ આવશે, એટલે પ્રારંભિક પરિચય માટે અહીં આટલો ઉલ્લેખ કર્યો છે.

શેઠના ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ થવા લાગી હતી, એટલે સહુ તેને કામધેનુ તરીકે ઓળખતા હતા. પરંતુ આવી ગાય બધાને મળી શકે ખરી ? નોંધપાત્ર બીના તો એ હતી કે એ ગાય મરી ગયા પછી તરત જ શેઠના ઘરમાંથી બધી લક્ષ્મી ચાલી ગઈ. એટલે કામધેનુ દ્વારા સંકલ્પોની સિદ્ધિ કરવામાં જે ભયસ્થાન રહેલું છે, તેનો પાઠકોને ખ્યાલ આવી શકશે.

'ચિંતામણિ રત્ન મનુષ્યના સર્વ સંકલ્પોની સિદ્ધિ કરવામાં સમર્થ છે,' એમ આપણે ત્યાં ઘણા વખતથી કહેવાતું આવ્યું છે, પણ ચિંતામણિ રત્ન રસ્તામાં પડ્યું નથી. તે કદાચિત્ કોઈકને મહાપરિશ્રમે પ્રાપ્ત થાય છે, એટલે આપણે તેની આશા રાખી શકીએ નહિ.

મુર્શીદાબાદવાળા જગત શેઠને ચંદ્રમણિ નામે એક મણિ પ્રાપ્ત થયો હતો અને તેના લીધે તેમની પાસે અઢળક સંપત્તિ એકઠી થઈ હતી, પરંતુ આવો મણિ અન્ય કોઈને પ્રાપ્ત થયાનું સાંભળ્યું નથી, એટલે આવી ઘટનાઓને આપવાદિક લેખવી જોઈએ.

અમે એક એવી વ્યક્તિની જીવનકથા જાણીએ છીએ કે જેણે કોઇ સાધુ–સંતના કહેવાથી ચિંતામણિ રત્નની પ્રાપ્તિ કરવા માટે દિવસો સુધી જંગલોનો, પહાડોનો તથા અંધારી ગુફાઓ વગેરેનો પ્રવાસ કર્યો હતો અને છેવટે સર્પદંશ થતાં મૃત્યુ સાથે મહોબ્બત કરી હતી.

તાત્પર્ય કે કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિ રત્નના

આધારે સંકલ્પોની સિદ્ધિ કરવાનો વિચાર વ્યવહારુ નથી અને શક્ય પણ નથી, એટલે સુજ્ઞ મનુષ્યોએ તો પોતાને જે સાધનો પ્રાપ્ત થયાં છે, તેના આધારે જ પોતાના સંકલ્પોની સિદ્ધિ માટે પ્રયાસ કરવો જોઈએ અને તે માટે આ ગ્રંથમાં પૂરતી સામગ્રી અપાયેલી છે.

તપશ્ચર્યા અને યોગસાધનાના અવલંબનથી મનુષ્યને ઉત્તમ કોટિની સંકલ્પસિદ્ધિ થાય છે, પણ તેનું વર્ણન–વિવેચન અહીં પ્રસ્તુત નથી. તે માટે જિજ્ઞાસુઓએ પાતંજલ યોગસૂત્ર અને તેના પરનાં ભાષ્ય વગેરે જોવા જોઈએ.

મંત્રોપાસનાના બળે મનુષ્ય પોતાના વિશિષ્ટ સંકલ્પોની સિદ્ધિ કરી શકે છે, એ હકીકત સાચી છે. પણ એ વિષય જુદો છે અને ખાસ અધ્યયન માગે છે. વળી તેમાં ગુરુકૃપાની પણ ઘણી જરૂર રહે છે, એટલે અમે પ્રસ્તુત ગ્રંથમાં તેને સ્પર્શ કર્યો નથી. આમ છતાં અહીં એટલું જણાવવું જરૂરી સમજીએ છીએ કે જેમને મંત્રના વિષયમાં પ્રમાણભૂત માહિતી મેળવવી હોય અને તેના દ્વારા થતી વિધવિધ સિદ્ધિઓ અંગે વિસ્તારથી જાણવું હોય, તેમણે અમારા રચેલા '**મંત્રવિજ્ઞાન**' તથા '**મંત્રચિંતામણિ**' એ બે ગ્રંથો અવશ્ય જોવા.

અમે અહીં સંકલ્પસિદ્ધિનું જે નિરૂપણ કરવાના છીએ, તેનો મુખ્ય પાયો એ છે કે દરેક મનુષ્યને સંકલ્પશક્તિ પ્રાપ્ત થયેલી છે, તેનો જો વિધિસર વિકાસ તથા ઉપયોગ કરવામાં આવે તો તે પોતાની સર્વતોમુખી ઉન્નતિ સાધી શકે છે, એટલું જ નહિ પણ ધારે તો આભના તારા નીચે

ઉતારી શકે છે અને એક નવી જ સૃષ્ટિનું નિર્માણ કરી શકે છે. આને કોઈ અતિશયોક્તિ સમજશો મા ! આને કોઈ અત્યુક્તિ લેખશો મા ! આ એક અનુભૂત સત્ય હકીકત છે, અને તેથી જ અમે અહીં તેનું સવિસ્તર વર્ણન કરવા તત્પર થયા છીએ.

સંકલ્પશક્તિનો ચમત્કાર અમારી વિદ્યાર્થી અવસ્થામાં[3] જ અમને જોવા મળેલો, તેની અહીં નોંધ કરવી ઉચિત સમજીએ છીએ.

---

૩. બાળધોરણ, પહેલી, બીજી તથા ત્રીજી ગુજરાતીનો અભ્યાસ અમે અમારા ગામની ગામઠી નિશાળમાં પૂરો કર્યો હતો. ત્યારબાદ અમારા પિતાશ્રીનું અચાનક અવસાન થતાં અમે ઘણી કઢંગી હાલતમાં મૂકાઇ ગયા હતા. આ વખતે અમારા વિધવા માતુશ્રીને તેમનું પોતાનું, અમારું તથા અમારી નાની બે બહેનો–ઝવેરી તથા શાંતાનું ભરણ-પોષણ કરવાનું હતું. પાસે કંઇ પણ જમીન–જાગીર કે મૂડી ન હતી; તેમજ આજીવિકાનું ખાસ સાધન ન હતું.

પિતાજી ગોધરા નજીક ટુવા ગામમાં કોઈની ભાગીદારીમાં પરચુરણ દુકાનદારી કરતા હતા અને ત્યાં અમને બધાને લઇ જવા માટે તેડવા આવ્યા હતા. એવામાં તાવ આવ્યો અને ત્રણ જ દિવસમાં દેહાંત થયો. તેમની પાછળ ભાગીદારે દુકાનનો પૂરો કબજો કર્યો અને ભાગમાં ખોટ દેખાડી કંઈ પણ આપ્યું નહિ. આ સંજોગોમાં અમારા ગામમાં અમારે માથે ત્રણસો રૂપિયાનું દેવું રહી ગયું, જે અમે ઘણાં વર્ષે ભરપાઈ કર્યું.

આઠ મહિના બાદ અમારા માતુશ્રીના કાકા અમને પોતાને ગામ દેવચરાડી લઈ ગયા કે જે અમારા ગામથી ચાર–પાંચ ગાઉના અંતરે આવેલું હતું. ત્યાં અમે ચોથી ગુજરાતીનો અભ્યાસ પૂરો

અંગ્રેજી પાંચમા ધોરણમાં અમે કવિ કલાપીકૃત **'કાશ્મીરનો પ્રવાસ'** વાંચ્યો, તેની છાપ અમારા મન ઉપર બહુ ઊંડી પડી અને અમને એ સૌંદર્યભૂમિનાં દર્શન કરવાની ઈચ્છા જાગ્રત થઈ. ખાસ કરીને તેમાં જહાંગીર બાદશાહે કહેલી નીચેની પંક્તિઓનું ઉદ્ધરણ હતું, તેણે અમારા મનનું અનેરું આકર્ષણ કર્યું હતું :

યદિ ફિરદોશ બરરુયે જમીનસ્ત;
હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત.

'જો આ જગત્ પર કોઈ સ્થળે સ્વર્ગ હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.'

નીતિકારોએ કહ્યું છે કે 'उत्पद्यन्ते विलीयन्ते दरिद्राणां

કર્યો. ત્યારબાદ અમારા મોસાળે વઢવાણ શહેર જવાનું થયું, ત્યાં પાંચમી ગુજરાતીનો અભ્યાસ દરબારી શાળામાં પૂરો કર્યો કે જે ધોળી પોળ રામમંદિરની સામે આવેલી છે.

સને ૧૯૧૭માં અમને વિશેષ વિદ્યાભ્યાસ માટે અમદાવાદ શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં મોકલવામાં આવ્યા. ત્યાં ત્રણ અંગ્રેજી ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં, ચોથી અંગ્રેજી આર. સી. હાઈસ્કૂલમાં અને પાંચમી, છઠ્ઠી તથા સાતમી અંગ્રેજી પ્રોપાયટરી હાઈસ્કૂલમાં પૂરી કરી ગુજરાત વિદ્યાપીઠના વિનીત થયા. ત્યારબાદ વિશેષ અભ્યાસ માટે ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા, પણ થોડા વખત બાદ કૌટુંબિક સંયોગોને લીધે વિદ્યાભ્યાસ છોડી વ્યવસાયમાં દાખલ થવું પડયું. અમારી વિદ્યાર્થી અવસ્થાની આ ટૂંક રૂપરેખા છે. વિશેષ તો આ ગ્રંથમાં અપાયેલા કેટલાક પ્રસંગોથી જાણી શકાશે. ત્યાર પછી પણ અમે વિદ્યાનો અભ્યાસ તો કરતા જ રહ્યા છીએ, પણ તે અમારી રીતે-

મનોરથાઃ— દરિદ્ર પુરુષોના મનમાં અનેક પ્રકારના મનોરથો—સંકલ્પો ઉત્પન્ન થાય છે, પણ તે બધા નાશ પામે છે.' તાત્પર્ય કે ધનના અભાવે તેમના એ મનોરથની–સંકલ્પની સિદ્ધિ થતી નથી.

એ વખતે અમારી પાસે કંઈ ધન ન હતું. અમારી સર્વ જરૂરીઆતો અમે જે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા હતા, તેના તરફથી પૂરી પાડવામાં આવતી અને જ્યારે અમે ઊનાળા કે દીવાળીની રજાઓમાં અમારે વતન જતા, ત્યારે અમારે પંદરનો ખર્ચ કરવો પડતો. તે બે વારનો મળી રૂપિયા દશથી વધારે આવતો નહિ. આ સંયોગોમાં કાશ્મીરનો પ્રવાસ કરવાની ઇચ્છા રાખવી, એ શેખચલ્લીના તર્ક જેવું જ ગણાય, પણ એ ઇચ્છા અમારા હૃદયને સ્પર્શી ગઈ હતી અને કેમે ય કરી દૂર થતી ન હતી. એવામાં અમે વાંચ્યું કે 'Where there is a will, there is a way'—જ્યાં હૃદયની ઊંડી ઇચ્છા હોય છે, ત્યાં કોઇને કોઈ માર્ગ નીકળી રહે છે.' એટલે અમને થયું કે અમારી હાર્દિક ઇચ્છા માટે પણ કોઇ ને કોઇ માર્ગ નીકળી રહેશે.

પરંતુ સર્વ દિશાઓ અંધારી હતી. અમે કોઈ પાસે કંઈ પૈસા માગી શકીએ તેમ ન હતા અને કદાચ માગીએ તો પણ રૂપિયા બે રૂપિયાથી વધારે માગવાની હિમ્મત કરી શકીએ તેમ ન હતા, કારણ કે એ વખતે બે રૂપિયાની કિમ્મત પણ બહુ ગણાતી. વધારે સ્પષ્ટ કહીએ તો એટલી રકમમાં બે મણ બાજરી આવતી અને તેનાથી બે–ત્રણ માણસના

કુટુંબનો એક મહિનાનો નિર્વાહ થતો. અથવા તો એટલી રકમમાં અમદાવાદથી સુરેન્દ્રનગર થઈ ઢીક્ષરરોડ સ્ટેશન પહોંચાતું કે જે અમારા વતનમાં જવાનું સહુથી નજીકનું સ્ટેશન હતું.[4]

આ વખતે છાત્રાલયના ગૃહપતિજીની[5] ખાસ પરવાનગીથી અમે એક સુખી કુટુંબના છોકરાને દર શનિ–રવિવારે ટ્યુશન આપવા જતા અને તેમાંથી માસિક રૂપિયા પંદરની કમાણી થતી, તે અમારાં માતુશ્રી તથા બે બહેનોના નિર્વાહ માટે તેમના પર મોકલી આપતા. આમ છતાં જ્યારે અમે એકાંતમાં બેસતા અને વિચારે ચડતા, ત્યારે કાશ્મીરનું દૃશ્ય અમારા અંતરચક્ષુઓ સામે ખડું થઈ જતું અને તે અમને ખૂબ જોરથી તેના તરફ ખેંચતું. ‘આ રજાઓમાં નહિ તો આવતી રજાઓમાં જઈશ.’ એવા વિચારમાં ત્રણ રજાઓ પસાર થઈ ગઈ, પણ કાશ્મીર જવાના કોઈ સંયોગો ઊભા થયા નહિ.

એમ કરતાં સને ૧૯૨૪ માં ગૂજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા આપી. ત્યારબાદ થોડા જ દિવસે અમારે એક સજ્જન ગૃહસ્થને મળવાનું થયું કે જેમના ભત્રીજાને અમે ટ્યુશન આપતા હતા. તેમણે અમને પૂછ્યું : ‘આ વખતે ક્યાં જવાનો વિચાર રાખ્યો છે?’ અમે તરત જ કહ્યું : ‘કાશ્મીર.’

એ ગૃહસ્થ અમારી સર્વ પરિસ્થિતિ જાણતા હતા, એટલે અમારા આ ઉત્તરથી કંઈક આશ્ચર્ય પામ્યા. પરંતુ

૪. સુરેન્દ્રનગરથી રાજકોટ જતાં આ સ્ટેશન બીજું આવે છે.
૫. તેમનું શુભ નામ શ્રી મનસુખરામ અનોપચંદ શાહ હતું.

પુનઃ પ્રશ્ન કર્યો કે 'તેના ખર્ચની શી વ્યવસ્થા કરી છે?' તેના ઉત્તરમાં અમે ચૂપકીદી પકડી, કારણ કે કહેવા જેવું કંઈ હતું નહિ. છેવટે તેમણે એક વિશેષ પ્રશ્ન કર્યો કે 'એ પ્રવાસમાં કેટલો ખર્ચ આવે તેમ છે?' અમે કહ્યું : 'આશરે રૂપિયા સવાસો.' અને તેમણે કંઈપણ વિશેષ કહ્યા વિના પોતાના પાકીટમાંથી રૂપિયા સવાસો કાઢીને અમારા હાથમાં મૂક્યા અને કહ્યું કે 'જાઓ, કાશ્મીરનો પ્રવાસ કરી આવો.'

અમે તેમનો અત્યંત આભાર માન્યો અને બીજા ચાર મિત્રો સાથે કાશ્મીરના પ્રવાસની અમારી ઇચ્છા પૂરી કરી.

આ ઘટના અમારા માટે તો એક ચમત્કાર જેવી જ હતી. પેલા ગૃહસ્થ અમારા માટે સહૃદયી હતા, પણ તેઓ આટલા પૈસા એકાએક અમારા હાથમાં મૂકે, એ વાત અમારી કલ્પનામાં ઉતરે એવી ન હતી; પરંતુ અમે કાશ્મીરના પ્રવાસનો સંકલ્પ વારંવાર અમારા મનમાં દૃઢ કરેલો, તેની અસર તેમના હૃદય પર થઈ અને આ જાતનું પરિણામ આવ્યું.

વિદ્યાભ્યાસ છોડીને વ્યવસાયમાં પડ્યા પછી પણ અમે સંકલ્પશક્તિના આવા ચમત્કારો અનેક વાર નિહાળ્યા છે અને તેણે સંકલ્પસિદ્ધિ અંગેની અમારી શ્રદ્ધાને ખૂબ જ મજબૂત બનાવી છે. આજે પાકટ વયે સંકલ્પશક્તિનો એ ચમત્કાર વધારે પ્રમાણમાં નિહાળી રહ્યા છીએ અને તેના આધારે અનેક કાર્યો સિદ્ધ કરી રહ્યા છીએ. અમારા આ પ્રકારના દીર્ઘ અનુભવે અમને આ '**સંકલ્પસિદ્ધિ**' નામનો ગ્રંથ લખવાની પ્રેરણા કરી છે, તેની પાઠકો અવશ્ય નોંધ લે.

ભારતભૂમિનું એ સૌભાગ્ય છે કે તેમાં સંકલ્પસિદ્ધિવાળા મહાપુરુષો થતા જ આવ્યા છે અને આજે પણ તેઓ કવચિત્ કવચિત્ દર્શન દે છે. ૐહરિ આશ્રમના પ્રણેતા **શ્રીમોટા** કે જેઓ આજે તેમની સાત્ત્વિક પ્રવૃત્તિઓથી ગુજરાત અને ગુજરાત બહાર પણ જાણીતા થઈ ચૂક્યા છે, તેમના સંબંધી 'સંકલ્પનું બળ' એ નામનો એક લેખ શ્રીમાન્ રતિલાલ મહેતા તરફથી મુંબઈ સમાચાર સાપ્તાહિકના તા. ૩–૩–૬૮ના અંકમાં નીચે પ્રમાણે પ્રસિદ્ધ થયો હતો :

'સમય : ૧૯૩૮–૩૯. સ્થળ : બનારસ હિંદુ યુનિવર્સિટીનું મકાન. સ્વ. કવિશ્રી નરસિંહરાવ ભો. દીવેટિયાની બે દૌહિત્રીઓના વાલી તરીકે શ્રીમોટાનું ત્યાં આગળ થોડાક માસ માટે રહેવું. બે બહેનોની પરીક્ષા અંગે, એક દિવસ એ બહેનોએ તેમનાં ઘરેણાં શ્રીમોટાને રાખવા આપ્યાં. તેમણે પોતાના પહેરેલા પહેરણના ખિસ્સામાં મૂકી દીધાં ને બહેનોને લઈને વિશ્વનાથ ભગવાનનાં દર્શન કરવા ગયા. ત્યાં ભારે ધક્કામૂક્કી હતી, છતાં દર્શન કરીને બહાર નીકળ્યા ને ઘરે પાછા ફર્યા.

બીજે દિવસે ગંગા નદીમાં નૌકાવિહાર અર્થે જવાને તેઓ બધાં તૈયાર થયાં. કપડાં બદલતાં જૂના પહેરણમાં મૂકેલાં પેલાં ઘરેણાં શ્રીમોટાને યાદ આવ્યાં. ખિસ્સાં ફંફોળવા માંડયાં, ત્યારે ખબર પડી કે ખીસ્સું કપાઈ ગયું છે અને ઘરેણાં ચોરાઈ ગયાં છે ! તેથી શ્રીમોટાને ઘણું લાગી આવ્યું. જવાબદારીનું બરાબર પાલન ન થયાનું દુઃખ થયું. જો કે પેલી બહેનો તો કંઈ બોલી નહિ.

પછી તેઓ નૌકાવિહાર માટે ગયાં. દરમિયાન એક બહેને સુંદર ભાવથી કેટલાંક ભજનો ગાયાં. એ સાંભળતાં શ્રી મોટાને ભાવાવેશ પ્રકટ્યો અને તેમના શરીરની સ્થિતિ ભાનરહિત થઈ ગઈ. પરંતુ તેવી સ્થિતિ પ્રકટી તે પહેલાં 'પેલાં ઘરેણાંનો ચોર કોણ હશે ?' અને 'મારી જવાબદારી હું બરાબર અદા ન કરી શક્યો' તે દર્દનો વિચાર ઊડતો ઊડતો તેમને સ્ફુરી ગયેલો. તેઓ ભાવાવસ્થાના ધ્યાનમાં ઊંડે ચાલ્યા ગયા ને ત્યારે તેમને જે દૃશ્યનો અનુભવ થયો, તે તેમને 'અદ્‌ભુત અને રોમાંચકારી' લાગ્યો !

વિશ્વનાથ મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, તે દૃશ્ય તેમને આબેહૂબ દેખાયું. શ્રી મોટાએ ધ્યાનાવસ્થામાં પેલા ચોરને આમ કહ્યું : 'અલ્યા ! આ ઘરેણાં મારાં નથી. હું તો ગરીબ માણસ છું ને તે ભરપાઈ કરી શકું એમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય, તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે.' એમ કહીને તેમણે તેમનું નિવાસસ્થાન વગેરે ધ્યાનાવસ્થામાં વર્ણવી બતાવ્યું. તે એટલું બધું તો તાદૃશ્ય હતું અને તેની ઘેરી અસર દિલ પર એવી તો ભારે પડી ચૂકેલી કે તે હકીકત જાણે પ્રત્યક્ષ નજરોનજર થયા કરતી હોય એવા પ્રકારના અનુભવનો ઉઠાવ જાગ્રત થયેલો.

બીજા દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાતી હતી, ત્યાં તેઓ ઉપરના માળે હતા. મોટી બહેન તેના પરીક્ષાના હૉલમાં હતી અને શ્રીમોટા તથા તે બહેનની

એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા એક માણુસ હાંફતો હાંફતો દોડતો દોડતો આવતો હતો. પેલી બહેને શ્રીમોટાનું ધ્યાન તેની સામે દોર્યું. પેલો માણુસ શ્રીમોટાને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો. તે શ્રી મોટાને નીચે આવવાની વિનંતિ કરવા લાગ્યો, એટલે તેઓશ્રી નીચે ગયા. પેલા આગંતુકે શ્રીમોટાને કહેવા માંડ્યું : ‘ આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું તો આખા શરીરે દાઝી મરું છું. મારાથી આ અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે કૃપા કરીને તે મટી જાય એવું કરો.’

ઘરેણાં પાછાં મળી જવાથી શ્રીમોટાને આનંદ થયો ને હા....શ પ્રકટી. પેલો માણુસ શ્રીમોટાને પગે પડીને પાછો કાલાવાલા કરવા લાગ્યો કે ‘ ભાઈ સા’બ મારો આ પ્રચંડ દાહ મટાડી દો.’ ત્યારે શ્રીમોટાએ કહ્યું કે ‘ ભાઈ, આ તો મારા ભગવાનની કરામત છે. પણ તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલીક હું પોતે છું ? ”

ત્યારે તેણે કહ્યું : ‘ ગઈ કાલની સમી સાંજ પછીથી મને ઓચિંતો આખા શરીરે પ્રંચડ દાહ પ્રકટેલો છે કે જે સહ્યો જતો નથી. આ આખા સમય દરમિયાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ તર્યા કરતી અને તમે ક્યાં રહો છો તે મકાનની જગ્યાની, ખરેખરી રીતે તેના અમુક ચોકસ સ્થળની પણ મને ખબર પડી હતી. અને સવારના તમે ક્યાં હશો તે પણ હું દેખી શકતો હતો. રાતે ને રાતે આવવાની મારા શરીરમાં તો તે વેળા શક્તિ

પણ ન હતી. અત્યારે પણ જેમતેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું મન થયું ત્યારે તો ચાલી નહિ શકાય એમ લાગતું હતું, પણ પછીથી તો તેમાં એટલી બધી ગતિ પ્રકટી કે દોડયા જ કરવાનું બન્યું છે અને એકી શ્વાસે અહીં આવ્યો છું. માટે કૃપા કરીને તમે આ દાહ મટાડો.'

શ્રીમોટાએ તેને અચાનક એમ કહ્યું કે 'ભાઈ! તું હવે એક વ્રત લે કે 'વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ નહિ.' એવું વ્રત જો તું પાળવાનું વચન આપશે અને વચનનું પાલન કરશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તો તેના કેવા હાલ થાય! માટે મંદિરમાં કોઈનું પણ ગજવું કાપવું નહિ, એવો અડગ ટેક લે.' ને તેણે મંદિરમાં કોઈનું ગજવું નહિ કાપવાનું વ્રત લીધું. શ્રીમોટાને તેના વચનમાં વિશ્વાસ લાગતાં તેમણે પ્રભુને તે માણસનો દાહ મટાડી દેવાને પ્રાર્થના કરી અને થોડી વારમાં તો તેના શરીરનો દાહ મટી ગયો. પછીથી તે શ્રીમોટાને પગે લાગીને રસ્તે પડ્યો.'

અહીં એટલું સ્પષ્ટીકરણ આવશ્યક છે કે સંકલ્પશક્તિ એ ખરેખર એક મહાન શક્તિ હોવા છતાં વ્યાવહારિક ક્ષેત્રમાં તેનો સફલતાપૂર્વક કેમ ઉપયોગ કરવો? તે સંબંધી આપણે ત્યાં જોઈએ તેવી વિશદ ચર્ચા–વિચારણા થયેલી નથી. એ કામ તો છેલ્લી સદીમાં પશ્ચિમના વિદ્વાનોએ જ કર્યું છે અને તે માટે તેમને મુબારકબાદી ઘટે છે. અંગ્રેજી ભાષામાં કંઈ નહિ તો યે આ વિષયના ચાર–પાંચ ડઝન જેટલા ગ્રંથો હશે!

'ગ્રંથો દ્વારા જ્ઞાન મેળવવું અને આગળ વધવું' એ ત્યાંના લોકોની એક ખાસિયત બની ગઈ છે, તેથી ત્યાં આવા ગ્રંથોની લાખો નકલો જોતજોતામાં ખપી જાય છે અને તેની આવૃત્તિઓ પર આવૃત્તિઓ બહાર પડે છે, જ્યારે ભારતવર્ષમાં, ખાસ કરીને ગુજરાતી ભાષામાં આ જાતના ગ્રંથોની માંગ ઘણી ઓછી રહે છે અને તેની પ્રથમ આવૃત્તિની હજાર કે બે હજાર નકલો ખપાવતાં સહેજે ત્રણ–ચાર વર્ષ વીતી જાય છે! આ કંઈ સારું ચિહ્ન નથી.

અહીં અમને એ પણ સ્પષ્ટ કરવા દો કે છેલ્લા દશકામાં આપણે ત્યાં વિકૃત સાહિત્યનું વાંચન ઘણું વધી ગયું છે અને તેણે આપણા આશાભર્યા અનેક વિદ્યાર્થીઓ તથા યુવાનોનાં જીવન બરબાદ કર્યાં છે. આ ચેપ વધારે ન ફેલાય, તે માટે આપણે સજાગ રહેવાનું છે. ખાસ કરીને ધર્મગુરુઓ, સામાજિક કાર્યકરો, શિક્ષકો તથા પત્રના સંપાદકો મન પર લે તો આ બાબતમાં ગણનાપાત્ર સુધારો થઈ શકે એમ છે.

અમે જ્યારથી સાહિત્યનું સર્જન કરવા માંડ્યું, ત્યારથી એક જ દૃષ્ટિ રાખી છે કે શિષ્ટ સાહિત્યનું સર્જન કરવું, જેથી લોકોની સમજ સુધરે, તેઓ ન્યાય–નીતિના માર્ગે ચડે, વિવિધ પ્રકારનું જ્ઞાન મેળવે અને તેમની ઉન્નતિ કે તેમના અભ્યુદયનો માર્ગ ખુલ્લો થાય. અમે અત્યાર સુધી રચેલાં ૩૪૨ પુસ્તકોની યાદી[૬] પર સામાન્ય નજર નાખી જવાથી પણ પાઠકોને આ વાતની પ્રતીતિ થશે.

૬. આ યાદી આ ગ્રંથના પાછળના ભાગમાં આપેલી છે.

વચ્ચે કસોટીનો કાળ આવી ગયો, ત્યારે પણ અમે અમારી દૃષ્ટિ બદલી નથી. લોકોની નીતિ બગાડીને કે તેમના ચારિત્રનું ધોરણ નીચું ઊતરે એવું કંઈ પણ લખીને ઉદર-પૂર્તિ કરવી, તેના કરતાં ભૂખ્યા રહીને પ્રાણ છોડવા, એને અમે પ્રારંભથી જ બહેત્તર ગણ્યું છે. પ્રસ્તુત ગ્રંથ પણ આવી ઉમદા કલ્યાણકારી ભાવનાથી જ લખાયો છો, એ કહેવાની જરૂર છે ખરી?

સંકલ્પશક્તિ વડે સિદ્ધિ શી રીતે સાંપડે છે? અને તેમાં ક્યા ક્યા ગુણો કેળવવા પડે છે? તે સવિસ્તર સમજાવવાની જરૂર છે, તેથી જ હવે પછીનાં પ્રકરણોનું આલેખન થયેલું છે. આવી બાબતમાં આછી કે અધૂરી સમજ કામ લાગતી નથી. વધારે સ્પષ્ટ કહીએ તો કોઈપણ પ્રક્રિયાને સિદ્ધ કરવી હોય તો તે અંગે પૂરતી અને વિશ્વસનીય માહિતી જોઈએ. આ વસ્તુ વધારે સ્પષ્ટ કરવા અહીં એક સત્ય ઘટનાનો ઉલ્લેખ કરીએ છીએ.

એક વખત અમારા પિતાશ્રીને અમારા ગામ બહાર એક અજાણ્યા સાધુનો ભેટો થયો. તેણે 'ગામમાં કોઈ સોનીનું ઘર છે કે નહિ?' એવો પ્રશ્ન કર્યો અને અમારા પિતાશ્રી તે સાધુને સોનીના ઘર આગળ લઈ આવ્યા કે જે અમારા ઘરની તદ્દન બાજુમાં આવેલું હતું. પછી તે સાધુએ એ સોનીના ઘરમાં પ્રવેશ કર્યો, તેનાં બારણાં બંધ કરાવ્યાં અને સોનીને ત્રાંબુ ગાળવાની સૂચના આપી.

આ સોની અને અમારા પિતાશ્રી પરમ મિત્રો હતા અને આવી બાબતોમાં ઊંડો રસ લેતા હતા, એટલે તેમને

તો આ ભારે કુતૂહલનો વિષય થઇ પડયો. સોનીએ સૂચનાનુસાર ત્રાંબુ ગાળ્યું, એટલે પેલા સાધુએ પોતાની પાસે રહેલી ઝોળીમાંથી કોઈ વનસ્પતિનાં પાંદડાં કાઢી, તેને હાથ વડે મસળીને તેનો રસ એ ત્રાંબા પર નાંખ્યો, તેમજ એક પ્રકારની ભૂકી છાંટી કે એ ત્રાંબાનું સુવર્ણ બની ગયું. આ જોઈ સોની તથા અમારા પિતાશ્રી ખૂબ આશ્ચર્ય પામ્યા અને મનોમન તેની ભારે પ્રશંસા કરવા લાગ્યા. પછી તેમણે તે સાધુને પોતાને ત્યાં ભોજન લેવાની વિનંતિ કરી, પણ તે સાધુએ તેનો સ્વીકાર કર્યો નહિ. તેણે એ સુવર્ણમાંથી થોડું સુવર્ણ આ બંને મિત્રોને આપ્યું અને તરત જ વિદાય લીધી.

હવે સોનીની દુકાનમાં યોગાનુયોગથી પેલી વનસ્પતિનું એક પાંદડું પડી રહ્યું હતું, તે આ બંને મિત્રોએ સાચવી રાખ્યું. અહીં પાઠકોની જાણ માટે એટલો ખુલાસો આવશ્યક છે કે આ સોની એ માત્ર ઘરેણાં ઘડનારો સોની જ ન હતો, પરંતુ એક કુશલ વૈદ્ય પણ હતો અને તેણે કેટલાંક વર્ષો પહેલાં આબૂ–ગિરિરાજમાં કોઈ સંન્યાસી પાસે રહીને વનસ્પતિઓનો અભ્યાસ કર્યો હતો, એટલે તેણે આ પાંદડાંને આધારે મૂળ વનસ્પતિ શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો અને તે માટે ખેતરો, વાડીઓ તથા આસપાસના વગડામાં પરિભ્રમણ કરવા માંડયું. અમારા પિતાશ્રી પણ તેની સાથે રહેવા લાગ્યા. એમ કરતાં કેટલાક દિવસે એ વનસ્પતિ શોધી કાઢી અને ત્રાંબુ ગાળી તેના પર રસ રેડ્યો, પણ તેનું ધાર્યું પરિણામ આવ્યું નહિ, કારણ કે પેલા સાધુએ વનસ્પતિના રસ ઉપરાંત

તેમાં જે ભૂકી ભભરાવી હતી, તે આમાં ખૂટતી હતી. તે માટે બંને મિત્રોએ પોતાની બુદ્ધિ લડાવીને કેટલાક પ્રયોગો કર્યા, પણ અપેક્ષિત વસ્તુના અભાવે સિદ્ધિ સાંપડી નહિ. તાત્પર્ય કે કોઈ પણ પ્રક્રિયાને સિદ્ધ કરવા માટે તેની પૂરેપૂરી અને વિશ્વસનીય માહિતી આવશ્યક છે.

ઉપક્રમમાં આથી વધારે કહેવાની ઇચ્છા નથી, પણ પાઠક મિત્રોને એટલું સૂચન અવશ્ય કરીશું કે તમે ઘડીભર તમારા મનને અન્ય વિષયોમાંથી નિવૃત્ત કરીને આ ગ્રંથમાં જોડો અને તેને વાંચવાનો પ્રારંભ કરો.

તમે સુખ, સંપત્તિ તથા સર્વતોમુખી ઉન્નતિના અધિકારી છો, એ વાત કદી ભૂલતા નહિ.

[૨]

સંકલ્પશક્તિનું મહત્ત્વ

આપણે મનથી કોઈ પણ વિચાર કરીએ, તેને સંકલ્પ કહેવાય છે; કોઈ વસ્તુની ઇચ્છા કરીએ, તેને પણ સંકલ્પ કહેવાય છે; અને કોઈ પ્રકારની કલ્પના કે કોઈ પ્રકારનો મનોરથ કરીએ, તેને પણ સંકલ્પ કહેવાય છે. વળી કોઈ ક્રિયા કે પ્રવૃત્તિ કરવાનો દૃઢ નિશ્ચય કે નિર્ણય કરીએ, તેને પણ સંકલ્પ જ કહેવાય છે અને વ્રત-નિયમ આદિ માટે પ્રતિજ્ઞા ધારણ કરીએ, તેને પણ સંકલ્પ જ કહેવાય છે. આમ સંકલ્પ શબ્દ અનેકાર્થવાચી છે, પણ તે મુખ્યત્વે મન વડે થતી વિવિધ ક્રિયાઓનું જ સૂચન કરે છે.

હારિતસ્મૃતિમાં કહ્યું છે કે '**मनसा सङ्कल्पयति, वाचा अभिलषति कर्मणा चोपपादयतीति**–મનુષ્ય મન વડે સંકલ્પ કરે છે, વાણીથી બોલે છે અને ક્રિયા વડે કાર્ય સંપાદન કરે છે.' **અમરકોશ**માં '**सङ्कल्पः कर्म मानसम्**' એ શબ્દોથી એમ સૂચિત કર્યું છે કે મન વડે જે ક્રિયા

થાય છે, તે સંકલ્પ કહેવાય છે. આમ સંકલ્પ એ એક પ્રકારની માનસિક ક્રિયા છે અને તે આપણા મન પર નિર્ભર છે.

આપણા ધર્મશાસ્ત્રો કહે છે કે આ વિશ્વ, જગત્ કે સૃષ્ટિનો જે વિસ્તાર થયો છે, તે મન અથવા સંકલ્પને જ આભારી છે. જ્યાં સુધી બ્રહ્મ એટલે પરમાત્મા નિર્ગુણ અવસ્થામાં હોય છે, ત્યાં સુધી આ સૃષ્ટિનું સર્જન થતું નથી. જ્યારે તે સગુણ અવસ્થામાં આવે છે, એટલે કે તેમાં સંકલ્પ જાગ્રત થાય છે, ત્યારે જ તે ત્રિગુણાવસ્થા ધારણ કરે છે અને તેના લીધે સૃષ્ટિનો વિસ્તાર થાય છે.

એકાદશીતત્ત્વમાં કહ્યું છે કે—

सङ्कल्पमूलः कामो वै यज्ञाः सङ्कल्पसम्भवाः ।
व्रता नियमधर्माश्च सर्वे सङ्कल्पजाः स्मृताः ॥

'કામ એટલે ઇચ્છા કે વાસના, તેનું મૂળ સંકલ્પમાં છે. વળી સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે જે યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ થાય છે, તે બધી સંકલ્પમાંથી ઉદ્ભવેલી છે. અને સર્વ પ્રકારના નિયમો તથા સર્વ પ્રકારના ધર્મો પણ સંકલ્પમાંથી જ ઉત્પન્ન થાય છે.'

તાત્પર્ય કે સંકલ્પનું સામ્રાજ્ય સર્વત્ર પ્રસરેલું હોવાથી તેની શક્તિનું મહત્ત્વ જરાપણ ઓછું આંકી શકાય તેમ નથી કે તેના પ્રત્યે કિંચિત્ પણ ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

આપણા ઋષિ-મુનિવરોએ દીર્ઘ ચિંતન અને અનુભવ પછી એમ જાહેર કર્યું છે કે '**यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी**-જે મનુષ્યની જે પ્રકારની ભાવના હોય છે,

તેને તે પ્રકારની સિદ્ધિ થાય છે.' શું આમાં તમને સંકલ્પ અનુસાર સિદ્ધિ થવાની ઘોષણા સંભળાતી નથી?

વળી તેમણે એવું પણ એલાન કર્યું છે કે 'संकल्पा-देव समुतिष्ठति–મનુષ્ય પોતાના સંકલ્પ વડે જ ઊભો થાય છે–ઉન્નતિ સાધી શકે છે.' આ વસ્તુ આપણા માટે ઘણી મહત્ત્વની છે. જે મનુષ્ય ઊભા થવાનો જ સંકલ્પ કરતો નથી, તે શી રીતે ઊભો થવાનો? શી રીતે પોતાની ઉન્નતિ સાધવાનો?

દીર્ઘ તપસ્વી તથા સમર્થ જ્ઞાની **ભગવાન મહાવીરે** સંકલ્પશક્તિને ખૂબ જ મહત્ત્વ આપ્યું હતું અને ખાસ કરીને ચારિત્ર ઘડવામાં તેનો ઉપયોગ કરવા માટે ભાર મૂક્યો હતો. તેઓ વારંવાર કહેતા કે 'હે મહાનુભાવો! પ્રથમ તો તમે સંકલ્પશક્તિ વડે તમારા મન, વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિઓને રોકો, એટલે આધ્યાત્મિક ઉન્નતિ તરફ તમારું પ્રયાણ થશે અને એ સંકલ્પશક્તિનો વિશેષ ઉપયોગ કરીને તમારા ચારિત્રનું સુંદર નિર્માણ કરો તો તમને મુક્તિ, મોક્ષ કે સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થશે. જે મનુષ્ય સંકલ્પશક્તિ વડે પોતાની કુટેવો કે બૂરી આદતોને તોડતો નથી અને સન્માર્ગે ચાલતો નથી, તેના ભવભ્રમણનો કદી અંત આવતો નથી.'

જૈન સાહિત્યમાં પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) શબ્દનો પ્રયોગ પાપકારી પ્રવૃત્તિને છોડવાના સંકલ્પના અર્થમાં થયેલો છે. તેને વ્રત, નિયમ કે અભિગ્રહ પણ કહેવામાં આવેલ છે.

ભગવાન બુદ્ધે પણ સંકલ્પશક્તિને ઘણું મહત્ત્વ

આપ્યું હતું; તે આર્ય અષ્ટાંગમાર્ગનો અભ્યાસ કરવાથી સમજી શકાય છે.

ભારતના નીતિકારોએ પણ સંકલ્પશક્તિનાં યશોગાન ગાયાં છે. તેઓ કહે છે કે 'મહપુરુષોનો સંકલ્પ વજ્ર જેવો કઠોર હોય છે અને તેમનું હૃદય કુસુમ જેવું કોમલ હોય છે. તે જ પુરુષ ધીર, વીર અને ઉત્તમ છે કે જે પોતાના સંકલ્પને છેવટ સુધી વળગી રહે છે અને ગમે તેવાં વિઘ્નો આવવા છતાં તેનો ત્યાગ કરતો નથી. જેણે સંકલ્પબળ કેળવ્યું નથી, જે પોતાના નિશ્ચયમાં ડગમગતો રહે છે અને લીધેલી પ્રતિજ્ઞા ગમે ત્યારે તોડી નાખે છે, તે કાપુરુષ છે, કાયર છે. તેમના જન્મનું વિશિષ્ટ ફળ શું ?'

આ બાજુ **ભગવાન ઈસુએ** પણ 'As a man thinketh, so he is–મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવો જ તે બને છે' એ ઉપદેશ દ્વારા સદ્‌વિચાર, સદ્‌ભાવના અને સત્સંકલ્પનું મહત્ત્વ સમજાવ્યું હતું. પશ્ચિમના અનેક વિચારકોએ તેનું વિવિધ રીતે પ્રતિપાદન કર્યું છે. જેમ કે–

'આવશ્યકતા–કાલમાં દૃઢ સંકલ્પ પૂરી સહાય કરે છે.'
—**સેક્સપીયર**

'જેનો સંકલ્પ દૃઢ અને અટલ હોય છે, તે દુનિયાને પોતાના બીબામાં ઢાળી શકે છે.' —**ગેટે**

'જીવવું કે મરવું' એવો જેણે નિશ્ચય કર્યો છે, તેને ભાગ્યે જ કોઈ જીતે છે.' —**કોર્નિલ**

'ઉજ્જવલ મનુષ્યને માટે સંચિત યૌવનકોશમાં 'અસફળ' નામનો કોઈ શબ્દ હોતો નથી.'

—બુલ્વર લિટન

'જે કેટલાક લોકો કહે છે કે તું નહીં કરી શકે, તે કરી બતાવવામાં જ જીવનની ખરી મહત્તા છે.'

—વોલ્ટર વેગહાટ

'આપણી ઈચ્છાશક્તિ મુજબ જ આપણે નાના અગર મોટા હોઈએ છીએ.'

—સ્માઈલ્સ

'ફતેહ મેળવવા માટે જે શક્તિ અને સંકલ્પ જોઈએ, તે નહિ બતાવવાથી જીવનની મહાનમાં મહાન નિષ્ફળતા ઉત્પન્ન થાય છે.'

—વ્હીપલ

'સાચામાં સાચું અને ખરામાં ખરૂં ડહાપણ તે દૃઢ સંકલ્પ છે.'

—નેપોલિયન

આ વિવેચનના સારરૂપે અહીં અમે એટલું જણાવવા ઈચ્છીએ છીએ કે કુંભાર, જેમ હાથની કરામત વડે માટીના પીંડામાંથી મનગમતું વાસણ બનાવી શકે છે, તેમ મનુષ્ય પોતાની સંકલ્પશક્તિની કરામત વડે પોતાના જીવનનો મનગમતો ઘાટ ઘડી શકે છે. આનો અર્થ એમ સમજવાનો કે મનુષ્ય જો કવિ થવા ઈચ્છે તો કવિ થઈ શકે છે, લેખક થવા ઈચ્છે તો લેખક થઈ શકે છે, કોઈ પણ વિષયનો ધુરંધર વિદ્વાન્ થવા ઈચ્છે તો ધુરંધર વિદ્વાન્ થઈ શકે છે અને કુશળ ચિત્રકાર, સ્થપતિ, સંગીતકાર, ડોકટર, ધારાશાસ્ત્રી, વૈજ્ઞાનિક, વ્યાપારી, રાજદ્વારી પુરુષ, ભક્ત, યોગી કે સંત બનવા ઈચ્છે તો તેમ કરી શકે છે.

આ જગતમાં એવી કોઈ કલા નથી, એવો કોઈ હુન્નર નથી, એવો કોઈ વ્યવસાય નથી અને એવું કોઈ પદ નથી કે જે મનુષ્ય પોતાની સંકલ્પશક્તિ વડે સિદ્ધ કરી શકે નહિ. મહર્ષિ વાલ્મીકિની જીવનકથા આપણને આ વસ્તુની પ્રતીતિ કરાવે છે.

મહર્ષિ વાલ્મીકિની જીવનકથા

એક જંગલમાં ભીલ રહેતો હતો. તેનું ખરેખર નામ શું હતું ? તેની કોઈને ખબર નથી, પણ આપણે કથાની સરલતા ખાતર તેને રતનિયા તરીકે ઓળખીશું.

રતનિયાને તેના પિતાએ ધનુર્વિદ્યામાં કુશલ બનાવ્યો હતો અને 'ધાડ કેમ પાડવી?' 'વાટ કેમ મારવી?' તથા 'જતા-આવતા મુસાફરોને યુક્તિથી કેવી રીતે લૂંટી લેવા?' તેનું પ્રયોગાત્મક શિક્ષણ આપ્યું હતું. તેથી લૂંટના કામમાં તે પાવરધો બન્યો હતો અને તેના વડે પોતાનો તથા પોતાના કુટુંબીઓનો નિર્વાહ કરતો હતો.

એક દિવસ રતનિયો પોતાના ધંધા અર્થે અરણ્યમાં ફરતો હતો, ત્યાં એક મહર્ષિ પાસેના રસ્તેથી પસાર થયા, એટલે રતનિયાએ તેમનો રસ્તો આંતર્યો અને તેમની પાસે જે કંઈ હોય તે મૂકી દઈને ચાલતા થવાનું જણાવ્યું. પરંતુ મહર્ષિ પાસે ખાસ શું હોય ? તેમણે એક ભગવી કફની પહેરી હતી, ખભે ગરમ કામળી નાખી હતી, એક હાથમાં કમંડલુ પકડ્યું હતું અને બીજા હાથમાં દંડ ધારણ કર્યો હતો. તેમને આ વસ્તુઓ પરત્વે જરાયે મમત્વ ન હતું,

પરંતુ રતનિયાની હાલત જોઈને દયા આવી, એટલે તેના પર અનુગ્રહ—કૃપા કરવાના હેતુથી તેમણે કહ્યું કે 'હે ભાઈ! તારે મારી પાસેથી જે કંઈ જોઈતું હોય તે ખુશીથી લઈ લે, પણ તને એક પ્રશ્ન પૂછું છું, તેનો જવાબ આપ કે 'તું આવો નીચ ધંધો કોના માટે કરે છે?'

રતનિયાએ કહ્યું : 'મારા કુટુંબ માટે. મારે માતા, પિતા, પત્ની, પુત્રો અને પુત્રીઓનું બહોળું કુટુંબ છે. તે બધાનો નિર્વાહ હું આ ધંધા વડે કરું છું.'

મહર્ષિએ કહ્યું : 'ભાઈ! તું જેમને માટે આ ઘોર પાપ કરી રહ્યો છે, તે તારા આ પાપના ભાગીદાર થશે ખરા?'

રતનિયાએ કહ્યું : 'અલબત્ત, તે બધાને માટે જ હું પાપ કરું છું, તો તેઓ મારા પાપના ભાગીદાર કેમ નહિ થાય?'

મહર્ષિએ કહ્યું : 'તારી આ માન્યતા ભૂલભરેલી છે. તારું કરેલું પાપ તારે એકલાને જ ભોગવવું પડશે. જો તેની ખાતરી કરવી હોય તો ઘરે જઈને બધા કુટુંબીઓને પૂછી આવ કે તારાં કરેલાં પાપમાં તેમનો ભાગ કેટલો? તું એ પ્રશ્નનો જવાબ લઈને આવીશ, ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.'

મહર્ષિના આ શબ્દોએ રતનિયાના દિલ પર અસર કરી, એટલે તે ઘરે ગયો અને દરેકને પૂછવા લાગ્યો કે 'હું જે પાપ કરું છું, તેમાં તમારો ભાગ કેટલો?' આ પ્રશ્ન સાંભળીને માતા મૌન રહી, પિતાએ ચૂપકીદી પકડી, પત્ની કંઈ પણ બોલી નહિ અને પુત્ર–પુત્રીઓ પણ ટગર

ટગર સામું જોઈ રહ્યા. તેથી રતનિયાને ભારે આશ્ચર્ય થયું: 'એક સીધી–સાદી વાતનો ઉત્તર કેમ કોઈ આપતું નથી ?'

અને તેણે બધાને એ જ પ્રશ્ન ફરીને પૂછ્યો, છતાં તેનો કંઈ ઉત્તર મળ્યો નહિ, ત્યારે રતનિયાએ એ પ્રશ્ન ત્રીજી વાર પૂછ્યો અને જણાવ્યું કે 'મારા પ્રશ્નનો જેવો હોય તેવો ઉત્તર આપો. તે લીધા વિના હું રહેવાનો નથી.' તે વખતે બધાની વતી તેના પિતાએ કહ્યું કે 'તું જે કંઈ પાપ કરે છે, તે બધું તારું છે. અમે તો માત્ર તારા લાવેલા દ્રવ્યના કે તારી લાવેલી વસ્તુઓના જ ભોક્તા છીએ.'

આ જવાબ સાંભળતાં જ રતનિયાની આંખે અંધારાં આવી ગયાં. 'શું આ બધા પાપનું ફલ મારે એકલાને જ ભોગવવાનું છે? તેમાં કોઈનો કંઇ પણ ભાગ નહિ? ખરેખર! આજ સુધી હું અંધારામાં જ આથડયો છું, પરંતુ સારું થયું કે આજે આ મહર્ષિનો ભેટો થયો અને તેમણે મારી આંખો ખોલી નાખી.'

રતનિયો ઘરેથી પાછો ફર્યો અને મહર્ષિના પગે પડયો. 'કૃપાળુ! તમારું કહેવું સાચું પડયું, પરંતુ હવે મારું શું થશે? હું મહાપાપી છું, મારો હાથ પકડો, મારો ઉદ્ધાર કરો. તમારા સિવાય અન્ય કોઇનું મને શરણુ નથી.'

મહર્ષિએ કહ્યું: 'પ્રભુના પ્યારા! તારે ગભરાવવાની જરાયે જરૂર નથી. તું આજ સુધી જેવી મહેનત–જેવો પરિશ્રમ ધંધા માટે કરતો હતો, તેવી જ મહેનત–તેવો જ પરિશ્રમ પાપનાશન માટે કર, આત્મશુદ્ધિ માટે કર અને તું જરૂર પાપથી મુક્ત એક પવિત્ર પુરુષ બની શકીશ.'

મહર્ષિના આ શબ્દોએ રતનિયાના હૃદય પર ભારે અસર કરી. તેણે એ જ વખતે સંકલ્પ કર્યો કે 'આજથી હું સર્વ પાપી કામોનો ત્યાગ કરીશ, એક તપસ્વી તરીકેનું જીવન ગુજારીશ અને એવું ઘોર તપ કરીશ કે મારાં તમામ પાપોનો નાશ થાય.'

બસ, તે જ ક્ષણથી તેના જીવનનું પરિવર્તન થયું. તે લૂંટારો મટી તપસ્વી બન્યો અને તેણે જંગલમાં એક સારું સ્થાન જોઈ આસન જમાવ્યું તથા પોતાની ચિત્તવૃત્તિઓને પરમાત્માના ધ્યાનમાં જોડી દીધી. તે એમાં એવો તલ્લીન બની ગયો કે ખાવા–પીવાનું ભૂલી ગયો અને સારસંભાળ પણ રહી નહિ. સમય જતાં જંગલની ઉધેઇઓએ તેના શરીર ફરતો રાફડો–વલ્મીક બનાવ્યો અને તેમાં તે દટાઈ ગયો. અન્ય તપસ્વીઓએ તેની આ સ્થિતિ જોઈ તેનું નામ વાલ્મીકિ પાડ્યું અને તેને એ વલ્મીકમાંથી બહાર કાઢ્યો. ત્યારથી તેની મહર્ષિ વાલ્મીકિ તરીકે પ્રસિદ્ધિ થઈ.

આ વખતે તપ, જપ અને ધ્યાનના પ્રભાવે મહર્ષિ વાલ્મીકિનાં પૂર્વકૃત પાપો નાશ પામ્યાં હતાં અને તેમનું અંતર અનેરા આત્મજ્ઞાનથી ઓપી ઉઠ્યું હતું. વિશેષમાં પ્રાણી માત્ર માટે તેમના અંતરમાં કરુણાનો ભાવ છલકાવા લાગ્યો હતો.

એક દિવસ તેઓ નજીકના સરોવરમાં સ્નાન કરીને પોતાની પર્ણકુટિ તરફ પાછા આવી રહ્યા હતા, એ વખતે એક પારધિએ આનંદક્રીડા કરી રહેલા ક્રૌંચ પક્ષીના જોડકા ઉપર બાણ ચલાવ્યું અને તેથી ક્રૌંચનર ઘાયલ થઇને જમીન

પર પડ્યો તથા તરફડવા લાગ્યો. ક્રૌંચમાદા આ જોઈ માથું પટકવા લાગી અને કાળો કકળાટ કરવા લાગી.

આ દૃશ્ય જોતાં જ વાલ્મીકિ ઋષિના હૃદયમાં આઘાત થયો, તેમાં ઊંડું સંવેદન જાગ્યું અને તેમના મુખમાંથી સહસા કાવ્યની કેટલીક પંક્તિઓ સરી પડી. તે સંસ્કૃત ભાષાનું પ્રથમ કાવ્ય હતું, એટલે તેઓ આદિકવિ કહેવાયા. પછીથી તેમણે આ સંવેદનનો વિસ્તાર કરીને રામાયણ રચ્યું કે જે આજે ભારતવર્ષનું એક ઉત્તમ કોટિનું મહાકાવ્ય ગણાય છે અને લાખો-કરોડો માનવીઓને સહૃદયતા, સ્વાર્થ-ત્યાગ તથા સમર્પણનો સંદેશો આપી જાય છે.

તાત્પર્ય કે રતનિયો જીવનની છેક નીચે પાયરીએ પડયો હતો, પણ તેણે પોતાના જીવનને સુધારવાનો સંકલ્પ કર્યો અને તેને અનુસરતો પુરુષાર્થ આદર્યો તો એક દિવસ તે મહાપુરુષ બની શકયો અને પોતાના જીવનની સુવાસ સર્વત્ર ફેલાવી અમરપદને વરી ગયો. શું આ જીવનકથા આપણા બધા માટે બોધ લેવા લાયક નથી?

નીતિનિયમો, ધાર્મિક આચરણ, યોગસાધના, મંત્રો-પાસના તેમજ ઈશ્વરભક્તિ વગેરે માટે આપણે ઊંડા આદરની લાગણી દર્શાવીએ છીએ; પરંતુ આમાંની કોઈ પણ વસ્તુ સંકલ્પ વિના સિદ્ધ થતી નથી.

જે માણસે સંકલ્પબળ કેળવ્યું નથી, તે નીતિનિયમો શી રીતે પાળી શકવાનો? કોઈ પ્રબળ પ્રલોભનો સામે આવ્યું

કે તે ઢીલો પડી જવાનો અને નીતિનિયમોનો અવશ્ય ભંગ કરવાનો.

થોડાં વર્ષ પહેલાંની વાત છે કે જ્યારે સુરત જિલ્લાના દેસાઈ કુટુંબનો એક ગ્રેજ્યુએટ યુવાન સૌરાષ્ટ્રમાં પ્રવાસ કરતો હતો. અનુક્રમે તે વીરમગામ સ્ટેશને આવ્યો. ત્યાં તેના ડબ્બામાં વસ્ત્રાલંકારથી સજ્જ થયેલી એક નવયૌવના સ્ત્રી મોટા ટ્રંક સાથે દાખલ થઈ અને તેની નજીક જ બેસી ગઈ. થોડી વાર પછી તે સ્ત્રી નીચે ઉતરી, પણ ગાડી ઉપડવાનો સમય થવા છતાં પાછી ફરી નહિ. પેલો યુવાન બારીમાંથી નીચે જોવા લાગ્યો. એમ કરતાં ટ્રેન ઉપડી, એટલે તે યુવાન એમ સમજ્યો કે 'નક્કી આ સ્ત્રી ટ્રેન ચૂકી ગઈ અને હવે તે આ ટ્રેન પકડી શકશે નહિ.'

થોડીવારે ટીકીટ–ચેકર આવ્યો. તેણે પૂછ્યું કે 'આ ટ્રંક કોનો છે?' હવે પેલા યુવાનને આ વખતે એવો વિચાર આવ્યો કે 'નક્કી આ ટ્રંકમાં મૂલ્યવાન ઘરેણાં વગેરે હશે, એટલે મારી જ કહેવા દે ને! પેલી સ્ત્રી તો હવે આવવાની નથી.' અને તેણે કહ્યું: 'આ ટ્રંક મારી છે.'

ટીકીટ–ચેકરો સામાન્ય રીતે ચાલાક હોય છે અને વજન વધારે જણાય તો તેનો તોલ કરી વધારાનો ચાર્જ લીધા વિના રહેતા નથી, પરંતુ આ ટીકીટ–ચેકરે તેની સૂક્ષ્મ નજરે જોઈ લીધું કે આ ટ્રંકના એક છેડે લોહીના કેટલાક ડાઘ પડેલા છે, એટલે વિશેષ કંઇપણ બોલ્યા વિના તે નીચે ઉતરી ગયો અને તેણે આગામી સ્ટેશનેથી અમદાવાદના સ્ટેશન

માસ્તરને તાર કર્યો કે 'અમદાવાદ તરફ આવી રહેલી અમુક ટ્રેનના અમુક ડબ્બામાં એક પેસેન્જર મુસાફરી કરી રહ્યો છે, તેની પાસેની ટ્રંકમાં કોઇ માણસનું મડદું હોવાની શંકા છે, માટે સ્ટેશન પર પોલીસને હાજર રાખો. હું પ્લેટફોર્મ પર આપને મળું છું.'

હવે તે યુવાનના મનમાં તો કોઈ જાતની શંકા ન હતી, એટલે અમદાવાદ સ્ટેશન આવતાં તે રૂઆબભેર નીચે ઉતર્યો અને પેલી ટ્રંક પોર્ટર પાસે ઉચકાવી લીધી. એજ વખતે ટીકીટ–ચેકરના ઈશારાથી પોલીસ હાજર થઈ અને તેને અટકાવવામાં આવ્યો. પોલીસ–અધિકારીએ પૂછ્યું કે 'આ ટ્રંક કોની છે?' તેણે કહ્યું: 'મારી છે.' ફરી પોલીસ–અધિકારીએ પૂછ્યું કે 'તેમાં શું ભરેલું છે?' ત્યારે તેણે કહ્યું કે 'એમાં મારાં પુસ્તકો તથા બીજી વસ્તુઓ ભરેલી છે.'

પોલીસ અધિકારીએ કહ્યું કે 'વારુ, મારે તમારી આ ટ્રંક જોવી છે, માટે તેની ચાવી લાવો.' હવે તે યુવાન પાસે તેની ચાવી ન હતી, છતાં ગજવામાં મૂકેલી ચાવી શોધી કાઢતો હોય તેવો દેખાવ કર્યો અને પછી જણાવ્યું કે 'ચાવી ક્યાંઈ પડી ગયેલી લાગે છે.'

તેજ વખતે પોલીસે પોતાની સાથે લાવેલા લુહારને એ ટ્રંકનું તાળું તોડી નાખવાનો હુકમ કર્યો અને લુહારે તાળું તોડી નાખ્યું. પછી તે ટ્રંક ઉઘાડવામાં આવી તો તેમાં એક યુવાનના શરીરના ત્રણ ટુકડા કપડામાં વીંટાળેલા જણાયા.

આ દૃશ્ય જોતાં જ પેલો યુવાન હેબતાઇ ગયો અને "આ શું ?" એ વિચારથી તેનું મગજ ચક્કર ખાવા લાગ્યું.

પોલીસે પંચનામું કર્યું અને તેને હાથકડીઓ પહેરાવી. પછી તેને પોલીસ પહેરા તળે ગાયકવાડની હવેલીએ લઇ-જવામાં આવ્યો અને કાચી જેલમાં પૂરી દીધો. તેના પર ખૂનના આરોપસર કામ ચાલ્યું, પણ એક કુશલ ધારાશાસ્ત્રીની સહાયથી એ આરોપમાંથી છૂટકારો થયો. પરંતુ આ બધી ભાંજગડમાં તેને છ–સાત મહિના સુધી જેલમાં રહેવું પડયું અને તેના પિતાને રૂપિયા પચીશથી ત્રીસ હજારનો ખર્ચ થયો ?

તાત્પર્ય કે 'પારકાની ચીજ પોતાની કરવી નહિ' એવો પ્રસિદ્ધ નીતિનિયમ છે અને એક શિક્ષિત સંસ્કારી યુવાન તરીકે તેનું પાલન અવશ્ય કરવું જોઈએ, પરંતુ પ્રબળ પ્રલોભન તેની સામે આવ્યું કે તેનું મન ડગી ગયું અને તેણે નીતિ–ભ્રષ્ટ થઈ પારકાની વસ્તુ પોતાની જણાવી. જો આ યુવાનનું સંકલ્પબળ બરાબર કેળવાયેલું હોત તો તેને એ ટ્રંક પોતાની કરી લેવાનો વિચાર કદી પણ આવ્યો ન હોત. તેણે બેધડક જણાવી દીધું હોત કે આ ટ્રંક મારી નથી.' અને તેના પર કોઈ આફતના ઓળા ઉતર્યા ન હોત.

આજનો શિક્ષિતવર્ગ નીતિનિયમો તો બરાબર જાણે છે, પરંતુ તેનું સંકલ્પબળ કેળવાયેલું નથી, એટલે જ તેના હાથે લાંચ–રિશ્વત, વિશ્વાસઘાત, ઠગાઈ તથા ભ્રષ્ટાચારના અન્ય બનાવો બને છે. આગળના જમાનામાં બાળકો તથા યુવાનોના મનમાં એવો સંસ્કાર પાડવામાં આવતો કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मी समाविशतु गच्छतु वा यथेच्छम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

'વ્યવહારવિચક્ષણ માણસો નિંદા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મી આવો કે ઇચ્છા પ્રમાણે ચાલી જાઓ, મૃત્યુ આજે આવો કે યુગો પછી આવો, પણ ધીર પુરુષો ન્યાયના માર્ગથી જરા પણ ચલાયમાન થતા નથી.'

ધાર્મિક આચરણની બાબતમાં પણ સંકલ્પબળની એટલી જ જરૂર છે. હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, તેમ જ મદ્યપાન, જુગાર આદિ વ્યસનોમાંથી તે સિવાય બચી શકાતું નથી કે દૈનિક ક્રિયાઓ વગેરે બરાબર થઈ શકતી નથી.

વળી તપશ્ચર્યા, ઇશ્વરભક્તિ આદિ ધર્મનાં વિશિષ્ટ અંગોનું પાલન કરવું હોય તો તે શું સંકલ્પબળ વિના બની શકે છે ખરું ? એકાદશીનો દિવસ હોય, ઉપવાસ કરવાનો વિચાર કર્યો હોય, એવામાં કોઇ મહેમાન આવી ચડે અને દૂધપાક–પુરીનું જમણ થાય તો નિર્બળ મનવાળો મનુષ્ય કહેશે કે 'આજે ઉપવાસથી સર્યું ! હવે આવતી એકાદશીએ ઉપવાસ કરીશું.' તાત્પર્ય કે યોગ્ય સંકલ્પબળના અભાવે તે પોતાના વિચારમાં સ્થિર રહી શકશે નહિ. તેજ રીતે ઇશ્વરભજનમાં બે કલાક ગાળવાનો વિચાર કર્યો હોય, પણ એવામાં છેલ–છબીલા મિત્રો આવી પહોંચે, નાટકસીનેમા કે ગાનતાનની

વાતો નીકળે અને મન તેમાં લલચાઈ જાય તો ઈશ્વરભજન બાજુએ રહી જાય, એ સ્વાભાવિક છે.

નરસિંહ તથા મીરાંબાઈને કેટકેટલી વિપત્તિઓ પડી? છતાં તેમણે ઈશ્વરભક્તિ છોડી નહિ, કારણ કે તેમનું સંકલ્પ-બળ ઘણું મજબૂત હતું. અન્ય ભક્તોની પણ એવી જ આકરી કસોટીઓ થયેલી છે, પરંતુ સંકલ્પબળના પ્રતાપે તેઓ તેમાંથી પાર ઉતર્યા છે અને પોતાનું અભીષ્ટ સાધી શકયા છે.

મંત્રોપાસના કે યોગસાધના કરવા માટે પણ સંકલ્પ-બળની જરૂર પડે છે. અન્ય શબ્દોમાં કહીએ તો ઢચુપચુ વિચારના કે અસ્થિર મનના માણસો કદી પણ મંત્રોપાસના કે યોગસાધના કરી શકતા નથી. અને કદાચ ઉત્સાહમાં આવીને તેઓ આવી સાધના શરૂ કરી દે, તો થોડા જ દિવસમાં તેને છોડી દે છે.

વ્યવહારની ગુંચો ઉકેલવા માટે પણ દૃઢ મનોબળની —સંકલ્પની જરૂર પડે છે અને વ્યાપારી સાહસોમાં ફત્તેહમંદ નીવડવું હોય તો તેમાં પણ મજબૂત મનની—દૃઢ સંકલ્પની આવશ્યકતા રહે છે.

છેવટે એટલું જણાવી દઈએ કે—છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, લોકમાન્ય ટિળક, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ વગેરેએ પોતાની સંકલ્પશક્તિ સારા પ્રમાણમાં કેળવી હતી, તેથી જ તેઓ વિષમ પરિસ્થિતિનો સફળ સામનો કરી શકયા અને દેશસેવાનાં અનેક કાર્યો

કરવાને શક્તિમાન થયા. વર્તમાન કાળે શ્રી મોરારજી દેસાઈ પણ સંકલ્પશક્તિનો એક સુંદર દાખલો પૂરો પાડી રહ્યા છે અને અતિ વિચિત્ર સંયોગોમાં પણ દેશની મહાન સેવા બજાવી રહ્યા છે.

વિદેશમાં નજર કરીએ તો અબ્રાહમ લિંકન, ક્રોમવેલ, નેપોલિયન બોનાપાર્ટ, લેનીન વગેરે લોખંડી સંકલ્પશક્તિ ધરાવતા હતા અને તેથી જ કેટલાંક ચિરસ્મરણીય કાર્યો કરવાને શક્તિમાન થયા હતા. આજે જગતના ક્રોડો માનવીઓ તેમને માનભેર યાદ કરે છે.

જો સંકલ્પશક્તિ ખીલેલી ન હોય તો કોઈ પણ કાર્યમાં સિદ્ધિ, સફલતા કે વિજયની પ્રાપ્તિ થતી નથી, અને પરિણામે ઉન્નતિ સાધી શકાતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો જેમની ઇચ્છાશક્તિ (Will-power) નો વિકાસ થયો નથી, તેઓ કોઈ પણ કાર્ય, પછી તે નાનું હોય કે મોટું, સારી રીતે પાર પાડી શકતા નથી. પરિણામે તેમને નુકશાન અને નામોશી બંને સહેવા પડે છે. વળી તેમનું વ્યક્તિત્વ એટલું વિકૃત બની જાય છે કે અન્ય લોકોને તેમના પર વિશ્વાસ બેસતો નથી અને તેઓ કોઈ પણ કાર્ય અંગે તેમના પર ભરોસો રાખી શકતા નથી. પ્રિય પાઠકો ! તમારે તો આ જગતમાં આગળ વધવું છે અને પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરવું છે, તો પછી સંકલ્પશક્તિ કેળવવાનો નિર્ણય આજે જ અને અબઘડી કેમ ન કરો ?

તમે એટલા શબ્દો હૃદયમાં કોતરી રાખો કે **સંકલ્પ-બળ એ આ જગતનું સહુથી મોટું બળ છે અને તેના વડે મનુષ્ય ધારેલાં સર્વ કાર્યો કરી શકે છે.**

[૩]

શુભ સંકલ્પની આવશ્યકતા

આપણો રોજનો અનુભવ એમ કહે છે કે લીમડો વાવીએ તો આંબો ઉગતો નથી અને આંબો વાવીએ તો લીમડો ઉગતો નથી; અથવા ધતૂરો વાવીએ તો ગુલાબ ઉગતો નથી અને ગુલાબ વાવીએ તો ધતૂરો ઉગતો નથી. સંકલ્પની બાબતમાં પણ એમ જ સમજવાનું છે. સંકલ્પને તમે એક પ્રકારનું બીજ જ સમજો ને !

કોઈ પણ માણસ અશુભ સંકલ્પ કરે છે, એટલે કે કોઈને મારવાનો, છેતરવાનો, તેની માલમિલ્કત પડાવી લેવાનો કે વ્યભિચાર આદિ કરવાનો સંકલ્પ કરે છે, ત્યારથી જ તેની અવનતિ શરૂ થઈ જાય છે અને તેનાં મન તથા શરીર પર માઠાં પરિણામો આવવા લાગે છે. એમ કરતાં જ્યારે તે સંકલ્પ અનુસાર ખોટું, ખરાબ કે અશુભ કામ કરે છે, ત્યારે એ પરિણામો વધારે ઉગ્ર બને છે અને તેની પૂરેપૂરી અવનતિ કરે છે.

કોઈ કવિએ ઠીક જ કહ્યું છે કે—

બૂરાયે બૂરું બને, કીધો એ નિરધાર
ખોદે ખાડો અન્યનો, આપ કૂઓ તૈયાર.

અશુભ સંકલ્પ કરવાથી કોઈ ઊંચુ આવ્યું હોય, કોઇએ ઉન્નતિ સાધી હોય, તેવો દાખલો હજી સુધી અમે જાણ્યો નથી. અહીં કોઈ એમ કહેતું હોય કે 'અમુક વ્યક્તિએ લોકોને છેતરીને, માલીકનો વિશ્વાસઘાત કરીને કે અનીતિમય સાધનોનો ઉપયોગ કરીને ઘણું ધન ભેગું કર્યું છે અને તે આજે લહેર ઉડાવે છે, અમનચમન કરે છે, તેનું કેમ ?' તેનો ખુલાસો એ છે કે જેઓ આ રીતે અશુભ સંકલ્પો કરીને તથા અશુભ કામો કરીને ધન–માલ–મિલકત એકઠી કરે છે, તે થોડા દિવસ ભલે અમન–ચમન કરી લે, પણ આખરે દુઃખી થાય છે અને તોબાહ પોકારે છે.

જે લોકોને છેતરે છે, તેની ગણના લુચ્ચા, પાજી કે ઠગ તરીકે થાય છે; એટલે કે લોકો તેનો વિશ્વાસ કરતા નથી અને જેઓ તેના હાથે છેતરાયા હોય છે, તે એટલી બદદુઆ દે છે કે તેના અમન–ચમન થોડા દિવસમાં જ સૂકાઈ જાય છે.

સંત તુલસીદાસે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે—

તુલસી હાય ગરીબ કી, કબુ ન ખાલી જાય;
મૂઆ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.

અમે અનુભવથી જોયું છે કે જે લોકોને છેતરીને, માલીકનો વિશ્વાસઘાત કરીને કે અનીતિમય સાધનોનો ઉપયોગ કરીને ધન ભેગું કરે છે, તેના ઘરમાં થોડા જ દિવસમાં નહિ ધારેલો ઉત્પાત શરૂ થઈ જાય છે. પ્રથમ તો પોતે બિમાર

પડે છે અને કોઈ મોટા રોગનો ભોગ થઈ પડે છે, અથવા તેની પત્ની કે બાળકો એક પછી એક બિમાર પડવા માંડે છે અને તેનો છેડો જ આવતો નથી. એમાં કમોતનાં મોત પણ થાય છે અને બીજી પણ દુર્ઘટનાઓ બનતાં તેનો સારો યે સંસાર દુઃખમય બની જાય છે. ઉપરાંત લોકોનો ફીટકાર મળે છે અને તેના પ્રત્યે ઘૃણા વરસતી જ રહે છે, એ જૂદી !

વળી લક્ષ્મી તો ચંચલ છે, એટલે તેને ક્યારે પગ આવે અને ચાલતી થાય તે કહેવાય નહિ. ખાસ કરીને આવા મનુષ્યોની લક્ષ્મી એક યા બીજા બહાને થોડા વખતમાં ચાલી જાય છે અને ત્યારે એમના શોક–સંતાપનો પાર રહેતો નથી.

તાત્પર્ય કે અશુભ સંકલ્પથી કોઈ ઊંચું આવતું નથી, કોઈ ઉન્નતિ સાધી શકતું નથી, એ બાબતમાં આપણે દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. અમુકે અશુભ સંકલ્પ કર્યો, તેને ધનમાલ મળ્યાં અને તે સુખી થઈ ગયો, એમ માનવું–મનાવવું ભૂલભરેલું છે. વાસ્તવમાં તે એક જાતનો ભ્રમ છે અને તે આપણને શુભ સંકલ્પના માર્ગથી ચલાયમાન કરે છે, માટે તેનાથી સાવધ રહેવું જોઈએ.

મનુષ્ય જ્યારથી શુભ સંકલ્પ કરે છે અને તે પ્રમાણે વર્તવા માંડે છે, ત્યારથી તેની ઉન્નતિનો આરંભ થાય છે અને તે દિન–પ્રતિદિન વધતી જ રહે છે. અલબત્ત, તેમાં અંતરાયો આવે છે કે વિઘ્નો નડે છે, પણ તેને ધૈર્ય રાખી કુનેહથી ઓળંગવા જોઈએ. પછી તેની ઉન્નતિની કોઈ રૂકાવટ કરી શકતું નથી. અર્થાત્ તે મનધારી સ્થિતિએ પહોંચી જાય છે અને પોતાનું જીવન આનંદમાં પસાર કરે છે.

કેટલીક વાર શુભ સંકલ્પનું પરિણામ ઘણું ઝડપી આવે છે કે જેને આપણે એક પ્રકારનો ચમત્કાર જ કહી શકીએ.

શુભ સંકલ્પ કરનારો ચોર સામંત બન્યો !

કોઈ ચોરને એક મહાપુરુષે ઉપદેશ દીધો કે 'તારે બીજું જે કંઈ કરવું હોય તે કરજે, પણ પરસ્ત્રીનો સંગ કરીશ નહિ.' આ ઉપદેશની તેને અસર થઈ અને તેણે સંકલ્પ કર્યો કે 'હવે પછી મારે પરસ્ત્રીનો સંગ કરવો નહિ.' તે આ સંકલ્પનું બરાબર પાલન કરવા લાગ્યો.

હવે થોડા જ દિવસ બાદ મોટી માલમત્તા મેળવવાના ઇરાદાથી તે રાત્રિના સમયે એક રાજમહેલમાં દાખલ થયો અને તેમાં આવેલા અંતઃપુરમાં પ્રવેશ્યો. ત્યાં ઘણી સાવચેતી રાખવા છતાં તેનો હાથ ભર ઊંઘમાં સૂતેલી રાણીને અડકી ગયો, એટલે તે જાગી ઉઠી ને ચારે બાજુ જોવા લાગી. ત્યાં થોડે દૂર આ ચોરને ઊભેલો જોયો.

પ્રસંગવશાત્ રાજા આજે બીજા ખંડમાં સૂઈ રહ્યો હતો, એટલે તે એકલી જ હતી. દાસીઓ પણ બહારની પરસાળમાં અહીંતહીં સૂતેલી હતી.

એકાંત એ પાપનો બાપ ગણાય છે, અર્થાત્ એકાંત મળે અને પાપસામગ્રી મોજૂદ હોય તો મનુષ્યનું મન પાપ કરવા તરફ ઢળી જાય છે. આ પ્રમાણે એકાંત અને પ્રૌઢ પુરુષનો યોગ મળતાં રાણીને તે ચોરની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થઈ, એટલે તેણે ઇશારાથી ચોરને પોતાની પાસે બોલાવ્યો અને અતિ ધીમા સ્વરે કહ્યું કે 'તું શા માટે આવ્યો છે?

જો તને પુષ્કળ ધનદોલતની ઇચ્છા અહીં ખેંચી લાવી હોય તો તારી એ ઇચ્છા હું પૂર્ણ કરીશ, પણ તારે મારી એક વાત કબૂલ કરવી પડશે.'

પેલો ચોર સમજી ગયો કે રાણીના મનમાં પાપ પ્રકટ થયું છે, એટલે તેણે એટલું જ કહ્યું કે 'તું મારી માતા સમાન છે.'

એક તો રાજરાણી, તેમાં યૌવનમસ્ત, વળી એકાંત અને તેના તરફથી જ ભોગની માગણી ! આ સ્થિતિમાં ભલભલા માણસો પણ ભૂલ કરી બેસે, પરંતુ પેલા ચોરે શુભ સંકલ્પ કરેલો હતો, તે એની વારે આવ્યો અને તેને જરા પણ લપસવા દીધો નહિ.

આ વખતે બાજુના ખંડમાં સૂઈ રહેલો રાજા જાગી ગયો હતો અને ભીંતના આંતરે ઊભો રહીને સર્વ બનાવ જોઈ રહ્યો હતો.

રાણીએ ફરી કંઈક સતાવાહી અવાજે કહ્યું : 'તું મારી વાત કબૂલ નહિ કરે ?' ચોરે કહ્યું કે 'મારે પરસ્ત્રીનો ત્યાગ છે, એટલે તમારી વાતનો સ્વીકાર થવો અશક્ય છે.'

રાણીને લાગ્યું કે આ તો સાપ બાંડો થયો, એટલે તેણે જોરથી બૂમ મારીને કહ્યું કે 'દોડો, દોડો, મારા વાસમાં ચોર પેઠો છે અને તે મને સતાવી રહ્યો છે.'

આ બૂમ સાંભળતાં જ દાસ-દાસી અને સેવક-સિપાઈઓ દોડી આવ્યા અને તેમણે એ ચોરને પકડી લીધો. પછી સવાર પડતાં રાજા સમક્ષ રજૂ કર્યો ને આકરી શિક્ષા ફરમાવવા

અરજ કરી. રાજા તો શું બન્યું છે? એ જાણતો જ હતો. તેણે ચોરના ચારિત્રની પ્રશંસા કરી, તેનો ગુનો માફ કર્યો અને તેને સામંતપદ અર્પણ કર્યું.

ત્યાર પછી એ ચોરે ચોરી કરવાનું છોડી દીધું અને એક ખાનદાન ગૃહસ્થ જેવું જીવન ગાળી પોતાની તથા પોતાના કુટુંબની ઉન્નતિ કરી.

તાત્પર્ય કે મનુષ્ય એક શુભ સંકલ્પ કરે છે, તે એને અણીના વખતે મદદગાર થાય છે અને અકલ્પ્ય રીતે તેની ઉન્નતિનો દરવાજો ખોલી આપે છે.

શારીરિક બિમારી વખતે પણ શુભ સંકલ્પ પોતાનો ચમત્કાર બતાવે છે. તે અંગે અમારા અનુભવની એક ઘટના અહીં રજૂ કરીશું.

શુભ સંકલ્પથી તબિયતમાં સુધારો

એક વાર એક શ્રીમંત ગૃહસ્થનો અમને મેળાપ થયો. તે બીજી બધી વાતે સુખી હતા, પણ તેમની તબિયત કથળી ગઈ હતી. ખાસ કરીને તેમને અન્ન પચતું ન હતું, એટલે તેઓ મોસંબી તથા અન્ય ફલરસ પર રહેતા હતા. ઉંઘ માટે પણ તેમની ફરિયાદ હતી. ઘણીવાર તો ઊંઘ આવતી જ નહિ, એટલે તેમને ઉંઘની ખાસ ગોળીઓ લેવી પડતી.

અમારો તેમની સાથેનો પરિચય ક્રમશઃ વધવા લાગ્યો, એટલે છૂટથી વાતો થવા લાગી. તેમાં અમે પૂછ્યું કે 'આપની આવી સ્થિતિ કેટલા વખતથી છે?' તેમણે કહ્યું:

'છ–સાત વર્ષથી આમ જ ચાલે છે. શું તમે એ માટે કંઇ ઉપાય કરી શકો તેમ છો ?' અમે કહ્યું: 'તેનો ઉપાય જરૂર થઇ શકે એમ છે, પણ તે માટે તમારે અમારા કહ્યા મુજબ કરવું પડશે.' તેમણે કહ્યું : 'તે માટે હું તૈયાર છું.'

અમે કહ્યું કે 'તમે આજ સુધીમાં ખૂબ ખૂબ મગજ-મારી કરીને તથા સખ્ત પરિશ્રમ કરીને ધન ભેગું કર્યું છે, પણ બદલામાં તંદુરસ્તી ગુમાવી છે. તમારી એવી માન્યતા હશે કે મારી પાસે પૈસો છે, તેથી હું ગમે તે ડોકટરને બોલાવી લઇશ અને તેની સારવારથી સાજો થઇ જઇશ, પણ હજી સુધી કોઈ ડોકટર તમને આરોગ્યદાન કરી શકેલ નથી. તમારી સ્થિતિ તો સુધરવાને બદલે દિન–પ્રતિદિન બગડતી જાય છે.'

તેમણે કહ્યું : 'વાત સાચી છે, પણ કરવું શું ?'

અમે કહ્યું : 'તમે ધન કમાવાની ધૂનમાં ઘણી યે વાર બીજાના હિતની દરકાર કરી નથી, તેમની બદદુઆ તો તમને હેરાન કરતી નહિ હોય !'

અને તે શ્રીમંત અમારી સામે આંખો ફાડીને જોઈ રહ્યા.

અમે કહ્યું : 'રોગનું બરાબર નિદાન કર્યા સિવાય ગમે તેવી સારી ચિકિત્સા પણ કામ લાગતી નથી. હું તમારા રોગનું મૂળ નિદાન કરી રહ્યો છું.'

તેઓ શરીરની આ હાલતથી પૂરેપૂરા કંટાળી ગયા હતા. તેમણે કહ્યું : 'એ બનવા જોગ છે. પણ હવે શું કરવું તે કહોને !'

અમે કહ્યું : 'ગીતાજીનું એ વચન છે કે 'न हि कल्याण-कृत् कश्चिद् दुर्गतिं तात गच्छति–હે! તાત! (અર્જુન!) કલ્યાણનો કરનારો કદી દુર્ગતિને પામતો નથી.' તો આજથી આપે કલ્યાણનો માર્ગ સ્વીકારવો, જેથી આ દુર્ગતિનો અંત આવે.' તાત્પર્ય કે તમારે રોજ કોઇ પરોપકારી કાર્ય કરવું.

'પણ તેથી આરોગ્ય સુધરી જશે ખરું?' તેમણે અધીરાઈ દાખવી વચ્ચેથી જ પ્રશ્ન કર્યો.

અમે કહ્યું : 'હજી પૂરું સાંભળી લો. અને તમારે રોજ સવારે તથા રાત્રિએ સૂતા પહેલાં નીચેના શ્લોકનું થોડીવાર ચિંતન કરવું :

सर्वे वै सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

'સર્વે પ્રાણીઓ સુખી થાઓ. સર્વે પ્રાણીઓ રોગ-રહિત થાઓ. સર્વે પ્રાણીઓ કલ્યાણને પ્રાપ્ત કરો. અને કોઇ પણ દુ:ખી ન થાઓ.'

હમણાં તો કદાચ તમને એમ લાગશે કે 'આમાં શું?' પણ તેની ઉપેક્ષા કરશો નહિ. આ એક આધ્યાત્મિક ઉપાય છે અને તે ઘણો જ અકસીર છે. તમે થોડા જ દિવસમાં તેનું પરિણામ જોઈ શકશો.'

અને તે ગૃહસ્થે બીજા દિવસથી ગરીબોને સહાય કરવા માંડી તથા અમે જે શ્લોકનું ચિંતન કરવા જણાવ્યું હતું, તેનું ચિંતન કરવા માંડયું. થોડા જ દિવસમાં તેનું શુભ પરિ-

ણામ એ આવ્યું કે તેમને ઉંઘ આવવા માંડી અને દવા લેવાની જરૂર પડી નહિ. પછી તો ઉંઘનું પ્રમાણ ઠીક ઠીક વધવા માંડયું અને તેના લીધે શરીરમાં સ્ફૂર્તિ પણ રહેવા લાગી.

થોડા દિવસ બાદ અમે પૂછયું કે 'હવે કેમ લાગે છે?' તેમણે કહ્યું : 'ઠીક લાગે છે.' ત્યારે અમે કહ્યું કે 'હજી વધારે ઝડપી પરિણામ જોઈતું હોય તો શુભ સંકલ્પનો સમય વધારો અને તે ઓછામાં ઓછો પંદરથી વીશ મીનીટ જેટલો કરો.'

તેમણે અમારા એ સૂચનનો સ્વીકાર કર્યો અને તેનું પરિણામ વધારે સુંદર આવ્યું. પછી તો તેઓ અનાજ ખાતા થઈ ગયા અને છેવટે અમારી સાથે બેસીને સર્વ રસોઇ પણ જમ્યા.

અમે કહ્યું : 'જે કામ સાત વર્ષમાં ન થયું, તે કામ માત્ર બે થી ત્રણ માસમાં જ થયું. તો હવે આ પ્રસંગની ખુશાલીમાં કોઇ મોટું શુભ કામ કરો.' અને તેમણે ગુપ્ત-દાનમાં સારી રકમ ખર્ચી. ત્યાર પછી તેમની તબિયત તદ્દન સુધરી ગઈ અને મુખ પર લાલી આવી ગઈ.

કહેવાનું તાત્પર્ય એ છે કે શુભ સંકલ્પ કરવાથી મનની તંગ હાલત ટળે છે, શોક–સંતાપ દૂર થાય છે અને રોગ નાશ પામે છે. બીજી રીતે પણ તેનાં પરિણામો ઘણાં સુંદર આવે છે, તેથી ઉન્નતિના ઉમેદવારોએ શુભ સંકલ્પ કરવા તત્પર રહેવું જોઇએ.

શુભ સંકલ્પના બળથી આપણે બીજાના રોગોનું પણ

નિવારણ કરી શકીએ છીએ, આધ્યાત્મિક ચિકિત્સા (Psychic healing) માં મુખ્યત્વે આ સાધનનો જ ઉપયોગ થાય છે.

પૂજા, પ્રાર્થના, સત્સંગ, ભજનકીર્તન, શાસ્ત્રશ્રવણ તથા સદ્‌ગ્રંથોનું વાચન વગેરે શુભ સંકલ્પોને ઉત્પન્ન કરવાનાં મુખ્ય સાધનો છે, એટલે સુજ્ઞજનોએ તેના તરફ ખાસ લક્ષ્ય આપવું. વિશેષમાં પોતાના નિવાસસ્થાનમાં :શુભ સંકલ્પને ઉત્પન્ન કરનારાં કેટલાંક સૂક્તો સુંદર અક્ષરોએ લખાવીને લટકાવી રાખવાં, જેથી ઉઠતાં–બેસતાં તેનું સ્મરણ થાય અને આપણું મન કોઈ અશુભ સંકલ્પો પ્રત્યે ઢળી ન જાય.

જે મનુષ્ય અશુભ સંકલ્પોને એક પ્રકારના ચોર–લૂટારા માની તેનાથી સાવધ રહે છે, તેઓ પોતાની ઉન્નતિ અવશ્ય સાધી શકે છે.

યજુર્વેદસંહિતાના ચોત્રીશમા અધ્યાયમાં શુભ સંકલ્પને લગતાં છ સૂક્તો આવે છે, તેનું પાઠકોએ પુનઃ પુનઃ મનન કરવા જેવું છે. એ સૂક્તો આ પ્રમાણે જાણવા :

यज्जाग्रतो दूरमुपैति दैवं तदु सुप्तस्य तथैवेति ।
दूरङ्गमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥१॥

'જાગૃત પુરુષનું જે મન દૂર જાય છે, તે (મન) તે (પુરુષ) ની સુષુપ્તાવસ્થામાં પુનઃ પ્રાપ્ત થાય છે. દૂર જનારા મન અને જ્યોતિષ્મતી ઇન્દ્રિયોની જ્યોતિ એક થાય, તેવું મારું મન કલ્યાણમય (શુભ) સંકલ્પથી યુક્ત બનો.' ૧.

येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः ।
यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥२॥

'કર્મોમાં તત્પર, ધીર, મેધાવી જન જે મન વડે યજ્ઞમાં શ્રેષ્ઠ કર્મો કરે છે અને જે મન શરીરમાં સ્થિત છે, છે, તે (મન) જ્ઞાનમાં અપૂર્વ અને પૂજનીય ભાવવાળું થતું કલ્યાણમય સંકલ્પવાળું બનો.' ૨.

यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु ।
दस्मान्न ऋते किञ्चन कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥३॥

'જ્ઞાનોત્પાદક જે મન ચેતનાશીલ, ધૈર્યરૂપ અને અવિનાશી છે, તે બધાં પ્રાણીઓનાં હ્રદયમાં પ્રકાશ કરનારું છે. જે મન વગર કોઈ કાર્ય કરવું સંભવિત નથી, તે મારું મન કલ્યાણમય સંકલ્પથી યુક્ત બનો.' ૩.

येनेदं भूतं भुवनं भविष्यत् परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥४॥

'જે અવિનાશી મન આ બધા ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંબંધી પદાર્થોને ગ્રહણ કરે છે તથા જેના વડે સાત હોતાઓથી યુક્ત યજ્ઞનો વિસ્તાર કરવામાં આવે છે, તે મારું મન કલ્યાણમય સંકલ્પથી યુક્ત બનો.' ૫.

यस्मिन् ऋचः साम यजूँषि यस्मिन्
प्रतिष्ठिता रथनाभाविचाराः ।
यस्मिँश्चितं सर्वमोतम्प्रजानां
तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥५॥

'જે મનમાં ઋચાઓ સ્થિત છે, જેમાં સામ અને યજુઃ સ્થિત છે, જેમ રથના ચક્રમાં આરાઓ સ્થિત છે, તેમ જ

મનમાં શબ્દ સ્થિત છે. વળી જે મનમાં પ્રજાઓનું બધું જ્ઞાન ઓતપ્રોત છે, તે મારું મન કલ્યાણમય સંકલ્પથી યુક્ત બનો.’ ૬.

सुषारथि रश्वानिव यन्मनुष्यान्ने-
नीयतेऽभीषुभिर्व्वाजिन इव ।
हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं
तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥६॥

‘કુશલ સારથિ જેમ રાશ (લગામ) વડે વેગવાળા અશ્વોને લઈ જાય છે, તેમ જે મન મનુષ્યોને કાર્યમાં પ્રવૃત્ત કરે છે, તેમ જ પ્રાણીઓ પ્રત્યે લઈ જાય છે. વળી જે મન જરા રહિત છે અને અત્યંત વેગવાળા આ હૃદયમાં સ્થિત છે, તે મારું મન કલ્યાણમય સંકલ્પથી યુક્ત હો.’ ૬.

આટલા વિવેચન પરથી શુભ સંકલ્પની આવશ્યકતા સમજી શકાશે. **શુભ સંકલ્પ એ ઉન્નતિ સાધવાનો અજોડ ઉપાય છે.**

[૪]

આત્મશ્રદ્ધા કે આત્મવિકાસ

માનવજીવનની સર્વ પ્રવૃત્તિઓમાં સંકલ્પશક્તિને કેવું અને કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, એ જાણ્યા પછી તમે તમારી સંકલ્પશક્તિને દૃઢ કરવા પ્રયત્નશીલ થશો, એમ અમે માની લઈએ છીએ. સર્વે સુજ્ઞજનોનું એ કર્તવ્ય છે કે જે માર્ગ શ્રેયસ્કર લાગે તેના પર સત્વર પ્રયાણ કરવું. તેમાં વિલંબ કરવો નહિ, કારણ કે 'श्रेयांसि बहुविघ्नानि–એ ન્યાયે સારાં કામમાં સો વિઘ્નો આવી પડે છે અને જો તેને મુલતવી રાખ્યું તો એ દૂર ને દૂર ઠેલાતું જાય છે.

રૂનો એક તાંતણો મામુલી લાગે છે, પણ તેવા ઘણા તાંતણા ભેગા થાય અને દોરો બને તો તેમાં કંઈક શક્તિ જણાય છે. અને એ દોરાઓને વણી દોરી બનાવવામાં આવે તો તેમાં વિશેષ શક્તિ જણાય છે, તથા એ દોરીઓને વણી મોટું દોરડું બનાવવામાં આવે તો તેમાં પ્રચંડ શક્તિ જણાય છે. મોટા મદગળતા માતંગને પણ તે જકડી રાખે છે અને તેને ચસકવા દેતું નથી.

સંકલ્પનું પણ આવું જ છે. પ્રારંભમાં તો એ મામુલી જણાય છે, પણ જેમ જેમ તેના પર વિચારો કે ભાવનાના પુટ ચડતા જાય છે, તેમ તેમ તે બળવાન બને છે અને છેવટે ઘણો બળવાન બની જાય છે.

અકબર બાદશાહ દર ઉનાળામાં પોતાના રસાલા સાથે કાશ્મીર જતો. એવા એક પ્રસંગે જ્યારે તે પીર પંજાલના પહાડો પરથી પસાર થતો હતો, ત્યારે એકાએક હવામાન બદલાયું અને બરફનું તોફાન જાગ્યું. આથી તેનો માર્ગ રૂંધાયો અને તે મોટી આપત્તિમાં આવી પડયો. હવે અકબર બાદશાહના અનુચરોને એટલી ખબર હતી કે આ સ્થાનની ઘણી નજીક એક મહાત્મા રહે છે અને તે આપણી મદદે આવે તો આપણે આ આપત્તિમાંથી બચી શકીએ.

તેમણે આ હકીકત અકબર બાદશાહને જણાવી, એટલે બાદશાહ તે અનુચરો સાથે પેલા મહાત્મા પાસે ગયો અને મદદ કરવા વિનંતિ કરી. મહાત્મા પુરુષો તો પરોપકાર–પરાયણ હોય છે અને કોઈને પણ આપત્તિમાં જુએ તો તેમનું હૃદય દ્રવી જાય છે. તેમણે બાદશાહની વિનંતિનો સ્વીકાર કરી તોફાન સામે આંગળી ચીંધી અને હુકમ કર્યો કે 'રૂક જા.' અને થોડી જ વારમાં એ ભયંકર તોફાન શમી ગયું. ત્યારબાદ બાદશાહ પોતાના રસ્તે આગળ વધ્યો. આ બનાવ પરથી સંકલ્પમાં કેવી મહાન શક્તિ રહેલી છે, તેનું આપણને ભાન થાય છે.

સ્વામી વિવેકાનંદ અમેરિકામાં વ્યાખ્યાનો આપતા

હતા, તે વખતે તેમણે સંકલ્પની અગાધ શક્તિનાં વખાણ કર્યાં. આ સાંભળી એક શ્રોતાએ કહ્યું કે 'આ તો બધું કાલ્પનિક લાગે છે. જ્યાં સુધી તે અંગે અમને કોઈ પ્રતીતિ ન થાય, ત્યાં સુધી આ બધું માનવાને અમે તૈયાર નથી.'

સ્વામીજીએ કહ્યું : 'ઠીક છે. તમારી વાત હું માનું છું. પરંતુ તે સાથે જ તમને જણાવું છું કે હવે તમે તમારી બેઠક પરથી ઊઠી શકશો નહિ.' અને પેલા શ્રોતાએ ઘણા પ્રયત્નો કર્યા, પણ તે પોતાની બેઠક પરથી ઉઠી શક્યો નહિ. ત્યાર પછી સ્વામીજીએ કહ્યું કે 'હવે તમે તમારી બેઠક પરથી ઉઠી શકો છો' અને તે તરત ઉઠી શક્યો. ત્યાર પછી એક ટેબલ તરફ અંગુલિનિર્દેષ કરીને સ્વામીજીએ જણાવ્યું કે 'અહીં એક સુંદર ઘોડો ઊભેલો છે, તે તમે બધા જોઈ શકશો.' અને સહુએ આશ્ચર્યપૂર્વક એ ઘોડો નિહાળ્યો. ત્યાર બાદ તેમણે કહ્યું : 'તમે ઘોડો નહિ, પણ ટેબલ જ જોઈ રહ્યા છો. બરાબર ધારીને જુઓ.' અને સહુને ટેબલ જ દેખાવા લાગ્યું.

તાત્પર્ય કે સંકલ્પશક્તિને કેળવવામાં આવે તો ધીમે ધીમે તે ઘણી જ વધી જાય છે અને આખરે એક પ્રચંડ શક્તિરૂપ બની જાય છે.

પરંતુ સંકલ્પરૂપી આ મોટરનું પેટ્રોલ આત્મશ્રદ્ધા કે આત્મવિશ્વાસ છે, એ ભૂલવાનું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો આપણી આત્મશ્રદ્ધા જાગૃત થાય, આપણો આત્મવિશ્વાસ પ્રકટ થાય તો આપણે મનમાં જે કંઈ સંકલ્પ કર્યો હોય તેને અનેરું બળ મળે છે અને તેથી તે અત્યંત દૃઢ થઈ જાય છે.

જે મનુષ્યમાં આત્મશ્રદ્ધા નથી—આત્મવિશ્વાસ નથી, તે નાનામાં નાના કાર્ય માટે પણ હામ ભીડતો નથી, તો મોટાં કાર્યોનું કહેવું જ શું ? જેમ છાણના ઢગલામાં ખોસેલો વાંસ ડગમગ્યા કરે છે, તેમ આત્મશ્રદ્ધા—આત્મવિશ્વાસ વિનાનો મનુષ્ય સદા ડગમગતો રહે છે અને તે કોઈપણ કાર્ય માટે દૃઢ સંકલ્પ કરી શકતો નથી.

આત્મશ્રદ્ધા—આત્મવિશ્વાસવાળા મનુષ્યની એ વાણી છે કે 'આ કાર્ય હું અવશ્ય કરી શકીશ.' ત્યારે આત્મશ્રદ્ધાહીન—આત્મવિશ્વાસરહિત મનુષ્યો કહે છે કે 'આ કાર્ય અમે કરી શકીશું નહિ. આ કાર્ય અમારાથી થઈ શકે એવું નથી. આ કાર્ય કરવા માટે અમે લાયક નથી' વગેરે. તાત્પર્ય કે બંનેની વાણીમાં અને વિચારોમાં ઉત્તર—દક્ષિણ જેટલું અંતર હોય છે.

આત્મશ્રદ્ધા—આત્મશક્તિવાળા મનુષ્યો પોતાની સંકલ્પ-શક્તિના જોરે નહિ કલ્પેલાં કાર્યો કરી શકે છે અને સહુના આદરને પાત્ર બને છે, જ્યારે આત્મશ્રદ્ધાહીન—આત્મવિશ્વાસથી રહિત મનુષ્યો બધેથી પાછા પડે છે અને હડધૂત થાય છે.

આલ્પ્સ પર્વત ઓળંગી શકાય એમ કોઈ માનતું ન હતું, પણ નેપોલિયન બોનાપાર્ટે પોતાની અપૂર્વ આત્મશ્રદ્ધા વડે જ્યારે પોતાના ૮૦૦૦ સૈનિકો સાથે એ પર્વતને ઓળંગી બતાવ્યો, ત્યારે સહુ દિંગ થઈ ગયા અને તેના શતમુખે વખાણ કરવા લાગ્યા.

ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની શોધ કરનારા, એવરેસ્ટ પર ચડાઈ કરનારા તથા અવકાશીય સંશોધનો માટે રોકેટમાં

ઉડનારાઓનાં વૃત્તાંત વાંચીએ છીએ, ત્યારે એમ જ થાય છે કે એ માનવીઓ જેવી આત્મશ્રદ્ધા અને સાહસિકતા આપણને સાંપડી હોય તો કેવું સારું !

મહાત્મા ગાંધીજીનું શરીર તો સુકલકડી હતું, પણ તેમાં આત્મશ્રદ્ધાની જ્વલંત જ્યોત જલતી હતી. તેના પરિણામે જ તેઓ અતિ કઠિન કાર્યો હાથ ધરીને તેને પૂરાં કરી શક્યાં અને ભારતના ઇતિહાસમાં અમર બની ગયા. તેમના પરથી આપણે શો બોધપાઠ લઈશું ?

એક લેખકે કહ્યું છે કે જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. 'કરીશું,' 'નહિ કરીએ' અને 'કરી શકીશું નહિ.' પહેલાં બધું જ પૂરું કરે છે, બીજા દરેક બાબતમાં વિરોધ કરે છે અને ત્રીજા દરેક બાબતમાં નિષ્ફળ જાય છે.' તાત્પર્ય કે આત્મશ્રદ્ધા–આત્મવિશ્વાસનો અભાવ સંકલ્પના બળને તોડી નાખે છે અને છેવટે નિષ્ફળ જવાનો વખત આવે છે. તેથી યોગ્ય–ઉચિત–હિતાવહ એ છે કે આત્મશ્રદ્ધાને જાગ્રત કરવી, આત્મવિશ્વાસને ઢંઢોળવો અને તેની સહાયથી સંકલ્પબળને લોખંડી બનાવી આગળ વધવું.

કેટલાક મનુષ્યો કહે છે કે 'અમે પામર જીવો શું કરી શકીએ ?' પણ કોઈ મનુષ્ય ખરેખર પામર નથી. તે ધારે તો એક પ્રબળમાં પ્રબળ વ્યક્તિ બની શકે છે અને પોતાના જીવનમાં અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કરી શકે છે. **ગોર્કીએ** કહ્યું છે કે 'તમે એટલો આત્મવિશ્વાસ રાખો કે તમે પૃથ્વીના સર્વથી આવશ્યક મનુષ્ય છો.'

આત્મશ્રદ્ધા–આત્મવિશ્વાસથી મનુષ્યનો સંકલ્પ દૃઢ બને છે અને તેનામાં અભૂતપૂર્વ શક્તિનો આવિર્ભાવ થાય છે, એમાં કોઇ શંકા નથી. **ટેનીસન**ના એ શબ્દો છે કે ‘આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન અને આત્મસંયમ આ ત્રણ વસ્તુઓ જીવનને પરમ શક્તિસંપન્ન બનાવે છે.’ એટલે આત્મશ્રદ્ધા કે આત્મવિશ્વાસનું મૂલ્ય જરાયે ઓછું આંકવું નહિ.

આપણી સ્થિતિ ઘણી વખત કસ્તૂરિયા મૃગ જેવી થઈ પડે છે કે જે કસ્તૂરી પોતાની ડૂંટીમાં હોવા છતાં તેની શોધ માટે જંગલોમાં ભમે છે અને પરિશ્રાંત થઈ જાય છે. આત્મશ્રદ્ધા–આત્મવિશ્વાસ આપણી ભીતરમાં જ પડેલા છે. તેને શોધવા માટે જરાયે દૂર જવું પડે એમ નથી. તમે થોડી વાર તમારા ચિત્તને સ્વસ્થ કરો, એક આસન પર બેઠક જમાવો અને ધીમે ધીમે તમારામાં એવો ભાવ જાગ્રત કરો કે ‘હું એક સર્વ શક્તિમાન આત્મા છું. મારી શક્તિઓ હવે જાગ્રત થવા લાગી છે–જાગ્રત થઈ રહી છે. તેની સહાયથી હું ગમે તેવાં કઠિન કાર્યો પણ પાર પાડી શકીશ. મારો માર્ગ મંગલમય છે. કોઈ પણ વિઘ્ન તેની રૂકાવટ કરી શકે તેમ નથી.’

બસ, આ પ્રમાણે રોજ તમારી આત્મશ્રદ્ધાને જાગ્રત કરો, તમારા આત્મવિશ્વાસને ઢંઢોળો, એટલે તમારા સર્વ સંકલ્પો આપોઆપ દૃઢ થઈ જશે અને તમારી ઉન્નતિનો માર્ગ મોકળો થઈ જશે. **એમર્સન**નું એ વચન છે કે ‘આત્મશ્રદ્ધા–આત્મવિશ્વાસ એ સફળતાનું રહસ્ય છે.’

જો આપણને આપણી જાતમાં શ્રદ્ધા ન હોય તો બીજા કોનામાં શ્રદ્ધા હોય ? એ વિચારવા જેવું છે. **સ્વામી વિવેકાનંદે** તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ‘જેને આત્મશ્રદ્ધા નથી, તે અન્ય કોઇ વસ્તુઓ પ્રતિ શ્રદ્ધા ધારણ કરતો નથી. અને અજ્ઞાની તથા અશ્રદ્ધાવાનનું ભવિષ્ય તો તમે જાણો છો. છેવટે તેનો નાશ જ થાય છે.’

તાત્પર્યકે ઉન્નતિના ઇચ્છુકોએ આત્મશ્રદ્ધા–આત્મ વિશ્વાસનું સાચું મૂલ્યાંકન કરી તેને જગાડવા–ઢઢોળવા અવિરત પ્રયાસ કરવો જોઇએ.

એ વાત લક્ષ્યમાં રાખો કે આપણે એક વસ્તુ માટે દઢ સંકલ્પ કર્યો હોય, તેને પાર પાડવાની યોજના ઘડી હોય અને તે અનુસાર પ્રયત્નો થતા હોય, પણ આત્મશ્રદ્ધા તૂટી, આત્મવિશ્વાસ ડગમગ્યો કે સંકલ્પ શીર્ણ થઇ જાય છે, યોજનાને ભયંકર આંચકા લાગે છે અને પ્રયત્નોની પરંપરા તૂટી પડે છે. પેટ્રોલ વિના મોટર ચાલતી નથી, તેમ આત્મશ્રદ્ધા–આત્મવિશ્વાસ વિના સંકલ્પ ટકતો નથી.

અને એ વાત પણ ખાતરીથી માનો કે જેની આત્મશ્રદ્ધા જ્વલંત છે, જેનો આત્મવિશ્વાસ પ્રચંડ છે, તે કદી કોઈની પરાધીનતા સેવતો નથી, ખોટી ખુશામત કરતો નથી કે પોતાનું કાર્ય સાધી લેવા માટે જેવાં–તેવાં સાધનોનો ઉપયોગ કરતો નથી. તે સિંહની વૃત્તિએ જીવે છે અને એક સિંહ તરીકે જ પોતાનું જીવન પૂરું કરે છે.

જગત આવા નૃસિંહોને જ યાદ કરે છે અને તેની જીવનકથાઓમાંથી અવનવી પ્રેરણા મેળવી આગળ વધે છે.

પ્રિય પાઠકો ! તમારી સામે આવા નૃસિંહોનું જ ચિત્ર રાખો અને તેમાંથી પ્રેરણાનાં પાન કરી તમારી આત્મશ્રદ્ધાને— તમારા આત્મવિશ્વાસને અપૂર્વ આભાએ ઝળહળતો રાખો.

તે જ પુરુષોત્તમ છે, પુરુષસિંહ છે કે જે પોતાની આત્મશ્રદ્ધાનો દીપ સદા જળહળતો રાખે છે.

[૫]

આપણા મનનું સ્વરૂપ

આપણે મનુષ્ય તરીકે આ જગતના સર્વોત્તમ પ્રાણી ગણાઇએ છીએ, તેનું ખરૂં કારણ આપણને પ્રાપ્ત થયેલું વિશિષ્ટ પ્રકારનું સમર્થ મન (Powerful mind) છે.

જો શરીરના કદની દૃષ્ટિએ પ્રાણીઓની ઉત્તમત્તા–શ્રેષ્ઠતા નક્કી કરવાની હોય તો આપણો વર્ગ ઘણો નીચો આવે, એ દેખીતું છે. જિરાફ તરફ નજર કરો, એ આપણા કરતાં કેટલો બધો ઊંચો છે! હાથી તરફ નજર કરો, એ આપણા કરતાં કેટલો બધો કદ્દાવર છે! અને પેલી તોતીંગ વ્હેલ માછલી! અરે! એ તો પોતાનું મોઢું પહોળું કરે તો આપણે તેમાં ઊભા ને ઊભા સમાઈ જઈએ!

જો રૂપ–રંગની દૃષ્ટિએ પ્રાણીઓની ઉત્તમત્તા–શ્રેષ્ઠતા નક્કી કરવાની હોય તો પણ આપણો વર્ગ ઘણો જ નીચો આવે. કેટલાંક પક્ષીઓનાં રૂપ–રંગ એટલાં મનોહર હોય છે કે આપણે જોયા જ કરીએ! પોપટ, કાકૌઆ, મરઘા તથા

મોરના શરીરમાં રૂપ-રંગની જે છટા છે, તે આપણા શરીરમાં નથી જ! વળી કેટલીક માછલીઓનાં શરીરમાં સોનેરી તથા રૂપેરી રંગની જે આભા હોય છે, તે આપણા કોઈનામાંયે શોધી જડે એમ નથી.

અને બળની દૃષ્ટિએ પ્રાણીઓની ઉત્તમત્તા-શ્રેષ્ઠતા નક્કી કરવાની હોય તો પણ આપણે મેદાન મારી શકીએ તેમ નથી. પાડા, બળદ, ગેંડા, વાઘ, સિંહ એ બધાં પ્રાણીઓ આપણા કરતાં વિશેષ બળવાન છે. તેમજ કેટલાંક જલચર પ્રાણીઓના બળની હકીકત સાંભળીએ તો આપણને આશ્ચર્ય થયા વિના રહે નહિ. ઝુંડ, આઠપગા વગેરે અત્યંત બળવાન હોય છે.

એટલે સમર્થ મન એ જ એક એવી વસ્તુ છે કે જેના લીધે આપણે આ જગતના સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણાઈએ છીએ, સર્વોત્તમનું સ્થાન પામેલા છીએ.

આપણને જે સમર્થ મન પ્રાપ્ત થયેલું છે, તેના લીધે આપણે કોઈ પણ વસ્તુ, પદાર્થ કે ક્રિયા સંબંધી વિચાર કરી શકીએ છીએ, તેના સારા-ખોટા અંશોને જૂદા પાડી શકીએ છીએ અને આપણા માટે હિતાવહ કે અહિતાવહ શું છે? તેનો નિર્ણય કરી શકીએ છીએ. વળી આપણે આ સમર્થ મન વડે કલ્પના કરી શકીએ છીએ, અજ્ઞાત ક્ષેત્રમાં પ્રવેશ કરી શકીએ છીએ અને નવી નવી શોધો કરી આપણો જ્ઞાનભંડાર સમૃદ્ધ કરી શકીએ છીએ. વિશેષમાં એની શક્તિથી રોગનું નિવારણ કરવું હોય તો કરી શકીએ છીએ, કોઈ પદાર્થોનું આકર્ષણ કરવું હોય તો પણ કરી શકીએ છીએ

અને કોઈ પદાર્થને દૂર હડસેલવો હોય કે તેનો નાશ કરવો હોય તો પણ કરી શકીએ છીએ. ખરેખર! મનની શક્તિ અગાધ છે, અપરિમિત છે.

આવું સમર્થ–શક્તિશાળી મન મળવા છતાં આપણે તેનો પૂરો ઉપયોગ કરતા નથી, વધારે સ્પષ્ટ કહીએ તો માંડ માંડ પંદર કે વીશ ટકા જેટલો જ ઉપયોગ કરીએ છીએ. અને કેટલાક તો માંડ તેનો ટકા–બે ટકા જેટલો જ ઉપયોગ કરે છે. આવા મનુષ્યો અને પશુઓ વચ્ચે વાસ્તવમાં વિશેષ તફાવત નથી. મૂઢ મનુષ્યો વિચારહીન દશામાં પોતાના દિવસો પૂરા કરે છે અને પશુઓ પણ વિચારહીન દશામાં પોતાના દિવસો પૂરા કરે છે.

આપણા ઋષિ–મુનિઓએ કહ્યું છે કે '**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो:**—અર્થાત્ મનુષ્યને જન્મ–જરા–મૃત્યુરૂપ સંસારનું જે બંધન પ્રાપ્ત થાય છે, તેનું કારણ મન છે અને તેમાંથી છૂટકારો મેળવવાનો ઉપાય પણ મન છે.'

આ વિધાન કદાચ આપણને વિલક્ષણ–વિચિત્ર લાગશે, કેમ કે જે વસ્તુ અહિતકારી હોય, તે હિતકારી થઇ શકતી નથી અને હિતકારી હોય તે અહિતકારી થઇ શકતી નથી. એટલે અહીં એટલું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે કે મનુષ્ય જ્યારે મનવડે અસત્ સંકલ્પો કરે છે અને એ રીતે સતત્ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે તેને જન્મ–જરા–મૃત્યુરૂપ સંસારનું બંધન પ્રાપ્ત થાય છે અને જ્યારે તે મનવડે સત્ સંકલ્પો કરે છે અને એ રીતે સત્ કાર્યોમાં પ્રવૃત્ત થાય

છે, ત્યારે તે આ સંસારના બંધનમાંથી છૂટીને મોક્ષાવસ્થા પ્રાપ્ત કરે છે.

આ જ વસ્તુ આપણા સંત પુરુષોએ નિમ્ન શબ્દોમાં કહી છે :

मन के हारे हार है, मन के जीते जीत ।
परम ब्रह्म को पाइये, मन ही के परतीत ॥

'જો આપણે મનથી–મનની દુષ્ટ વૃત્તિઓથી હારી ગયા તો આપણી આ જીવનમાં નિશ્ચિત હાર છે અને જો આપણે મનથી–મનની સાત્વિક વૃત્તિઓથી જીતી ગયા તો આપણી નિશ્ચિત જીત છે. તેથી શ્રેયસ્કર એ છે કે મનવડે પ્રતીતિ અર્થાત્ બોધ પામીને પરમ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો.'

જે વસ્તુ આધ્યાત્મિક ક્ષેત્રમાં સાચી છે, તે વ્યાવહારિક ક્ષેત્રમાં પણ સાચી છે. તેથી જ કહેવાયું છે કે 'મનથી પડાય છે અને મનથી જિતાય છે,' તાત્પર્ય કે મનુષ્ય જો પોતાની ઉન્નતિ કરવા ચાહતો હોય તો તેણે પોતાના મનને સુધારવું જોઈએ. જો મન સુધરશે તો પ્રવૃત્તિઓમાં આપોઆપ સુધારો થશે અને તેનું પરિણામ ઉન્નતિમાં આવશે. જેઓ મોટી મોટી વાતો કરે છે, પણ પોતાના મનને સુધારતા નથી અને યદૃચ્છા પ્રવૃત્તિ કરે છે, તેમની અવશ્ય અવનતિ થાય છે અને એક દિવસ પસ્તાવાનો પાર રહેતો નથી.

મનના સ્વરૂપ અંગે આધુનિક માનસશાસ્ત્રીઓ જુદો

જુદો મત પ્રદર્શિત કરે છે. એક માનસશાસ્ત્રી કહે છે કે 'મન એ વિચારશક્તિ, ભાવના, ઇચ્છા કે સંકલ્પનો સારાંશ (Sumtotal of thinking, feeling and willing) છે. આપણે મનનો ગૂઢાર્થ જાણવા માટે વિચારશક્તિનો અભ્યાસ કરવો જોઈએ.'

મનનું સ્થાન શરીરમાં ક્યાં છે? તે જાણવું અત્યાવશ્યક છે. સામાન્ય રીતે મનનું સ્થાન મસ્તિષ્ક માનવામાં આવે છે, પરંતુ ઘણા માનસશાસ્ત્રીઓનો મત તેથી જુદો છે. તેમનું એ કથન છે કે 'મનનું સ્થાન મસ્તિષ્ક જ નહિ, પરંતુ સમસ્ત શરીર છે, શરીરનું અણુએ અણુ છે.'

માનસશાસ્ત્રી **આલ્બર્ટ** કહે છે કે 'મસ્તિષ્ક કેવલ તર્કશક્તિ અથવા બુદ્ધિનું સ્થાન છે. આપણી મનઃશક્તિ, પ્રેરણા આદિ શક્તિઓ એ સ્થલમાં નથી.'

ડૉ. મોડેસ્લે કહે છે કે 'સ્મરણશક્તિ મસ્તિષ્કમાં રહેતી નથી, પરંતુ નાડીચક્રોમાં રહે છે. અને તેજ કારણે આપણા શરીરનાં અવયવો પોતાનું દૈનિક કાર્ય પોતાની આદત પ્રમાણે કરે છે.'

ડૉ. હેમંડનું એ કહેવું છે કે 'પ્રેરણાશક્તિનો મસ્તિષ્કની સાથે કોઈ સંબંધ નથી. ઘણા જનાવરો મનુષ્યોની અપેક્ષાએ કેટલાંયે કાર્યો પોતાની પ્રેરણાશક્તિ વડે અધિક ચતુરાઈથી કરે છે.'

પ્રો. એન્જેલોનું એ કથન છે કે 'જ્યારે મનુષ્ય

નિદ્રામાં હોય છે, ત્યારે એનું મસ્તક શાંત રહે છે અને નાડીચક્રો નિદ્રાની પૂર્ણાહુતિ પર્યંત તેની રક્ષા કરે છે.'

શરીરશાસ્ત્રીઓ કહે છે કે 'જનાવરોમાંથી ભેજું અર્થાત્ મગજનો અમુક ભાગ લઈ લેવા છતાં તે સર્વ કાર્યો સરલતાથી કરી શકે છે. દેડકા, કાચબા વગેરે તેનાં ઉદાહરણો છે. નાનામાં નાનાં જંતુઓમાં ભેજું હોતું નથી, પરંતુ જ્યારે તેઓ જીવનનો આરંભ કરે છે, ત્યારે તેમનામાં મનઃશક્તિ જોવામાં આવે છે.'

આ બધી હકીકતોનું તાત્પર્ય એ છે કે મનનું મુખ્ય સ્થાન મસ્તિષ્ક નથી. મસ્તિષ્ક વિના પણ માનસિક કાર્યો થાય છે. મન કોઈ પદાર્થ વડે પ્રકટ થતું નથી, પણ ક્રિયા દ્વારા વ્યકત થાય છે. મનુષ્યના શરીરના પ્રત્યેક અણુમાં મન રહેલું છે. એટલું જ નહિ પણ વિશેષ સંશોધનો એમ બતાવે છે કે જગતની સર્વ વસ્તુઓમાં મન મોજૂદ છે, સમસ્ત જગતમાં મન વ્યાપેલું છે અને તેથી તે સર્વવ્યાપક છે. સંસારમાં જે ચમત્કારો દેખાઇ રહ્યા છે, તે બધા મનને આભારી છે. મન ચરાચરમાં ઓતપ્રોત છે, અને તે જ ચૈત્યન્યશકિત છે. તે શકિત વીજળીથી પણ વધારે સૂક્ષ્મ છે. વૈજ્ઞાનિકોના કથન અનુસાર ચૈતન્યશકિતના એક પરમાણુમાં ૨,૪૨,૫૫૦ મણ વજન ઉચકવાની શકિત રહેલી છે.'

આપણું મન બે પ્રકારનું છેઃ એક પ્રકટ, બીજું ગુપ્ત. પ્રકટ મનને બાહ્ય મન, ચેતન મન કે જાગ્રત મન કહેવામાં આવે છે. ગુપ્ત મનને આંતર મન, અચેતન મન કે પ્રસુપ્ત

મનના નામથી ઓળખવામાં આવે છે. અંગ્રેજી ભાષામાં પ્રકટ મનને ઓબજેક્ટિવ માઈન્ડ (Objective mind) કે કોન્સિયસ માઈન્ડ (Concious mind) કહેવામાં આવે છે. અને ગુપ્ત મનને સબજેક્ટિવ માઈન્ડ (Subjective mind) કે સબકોન્સિયન્સ માઈન્ડ (Subconcious mind) કે સબ્લીમીનલ સેલ્ફ (Subliminal self) કહેવામાં આવે છે.

પુરાણા માનસશાસ્ત્રીઓ ભાન અથવા ચેતના (Conciousness) ને જ મન માનતા હતા અને તેમનો એ નિર્ણય હતો કે જે વિના ભાનમાં કામ થાય છે, તેનો સંબંધ મગજની સાથે છે. પરંતુ ચેતનાને જ મન માની લઈએ તો ઘણાં કામ જે ભાન વિના થાય છે, તેને શું કહીએ? એનો સંતોષજનક ઉત્તર મળતો ન હતો. નૂતન માનસશાસ્રીઓ કહે છે કે 'મનનો અર્થ વિશાળ કરવો જોઈએ, અર્થાત્ ભાનમાં અને બેભાનમાં જેના વડે કામો થાય છે, તે બધુંયે મન છે.'

આપણે ખાઈએ છીએ, કામ કરીએ છીએ, અને જીવનવ્યવહાર ચલાવીએ છીએ, તેનું આપણને ભાન હોય છે. આપણે જે ભોજન કરીએ છીએ, તે પેટમાં પહોંચે છે, જઠરાગ્નિ તેને પચાવે છે, ત્યાંથી આંતરડામાં પહોંચતાં તેનો રસ બને છે. પછી લોહી અને માંસ બને છે. આ બધી ક્રિયાઓ કેવી રીતે થાય છે? તેનું ભાન આપણને હોતું નથી.

રકત ઉત્પન્ન થઈને પ્રત્યેક પરમાણુને પુષ્ટ કરે છે. અને સમસ્ત શરીરમાં ભ્રમણ કરે છે. શરીરનો પ્રત્યેક અવયવ

એ રક્તસંચારમાંથી પોતાનો ખોરાક ગ્રહણ કરી પોતાની શક્તિ કાયમ રાખે છે. શરીરની વૃદ્ધિ, પુષ્ટિ અને હ્રાસ સ્વાભાવિક રીતે જ થાય છે. આપણને તેનું ભાન હોય કે ન હોય, પ્રત્યેક અવયવ નિયમિત રૂપથી પોતાનું કામ કરે છે. એના પર આપણી ઇચ્છાશક્તિ પ્રભુત્વ જમાવી શકતી નથી.

આપણું હૃદય રાત્રિદિવસ ધડકતું રહે છે. તેના પર શક્તિનો અધિકાર ચાલી શકતો નથી. આપણે જ્યારે ઇચ્છીએ ત્યારે હૃદયને બંધ કરી શકતા નથી કે ચલાવી શકતા નથી. આપણી ઇચ્છા હોય કે ન હોય, લોહી આખા શરીરમાં ફરતું જ રહે છે, કલેજું શરીરમાંથી લોહી ચૂસી લે છે અને પેટ ખોરાકને પચાવે છે. ફેફસાં શ્વાસક્રિયામાં લાગ્યા રહે છે, હાડકાંઓ લોહીમાંથી ચૂનાનું સત્ત્વ ખેંચ્યા કરે છે.

જ્યારે આપણે કોઈ રોગને માટે દવા લઈએ છીએ, ત્યારે જો તે દવા કલેજાની હોય તો કલેજું એને ખેંચી લે છે, જો હૃદયની હોય તો હૃદય એને ખેંચી લે છે. શરીરમાં કોઇ સ્થળે જખ્મ થાય તો પોતાની મેળે થોડા દિવસમાં રુઝાઈ જાય છે. કદી હાડકું તૂટી જાય તો પોતાની મેળે સંધાઇ જાય છે.

તાત્પર્ય કે આપણા શરીરમાં ચેતન મનઃશક્તિ સિવાય બીજી પણ એક શક્તિ છે, જે આપણા જ્ઞાન અને કાબૂ વિના પણ આપણા શરીરની રક્ષા કરે છે અને પ્રત્યેક અવયવ પર અધિકાર રાખે છે. આ શક્તિ ગુપ્ત મનને આધીન છે; અર્થાત્ આ બધાં કાર્યો ગુપ્ત મન વડે જ થાય છે.

ગુપ્ત મન શરીરની રક્ષા કરવામાં સદૈવ તત્પર રહે છે. જ્યારે શરીરમાં ખરાબ જંતુ ઉત્પન્ન થાય છે, ત્યારે તેની સાથે યુદ્ધ કરીને તેનો નાશ કરી દે છે. શરીરમાં શર્દી-ગરમી પણ શરીરની અવસ્થા અનુસાર ઘટતી-વધતી રહે છે, જ્યારે શરીરમાં ઝેરીલાં તત્ત્વો પેદા થવા લાગે છે, ત્યારે એ ઝેરીલાં તત્ત્વોને બહાર કાઢવા માટે ઘણી ગરમી ઉત્પન્ન થાય છે. આપણે એ ગરમીને જ્વર કે તાવ કહીએ છીએ.

જ્યારે પાચનશક્તિમાં કોઈ વિકાર થઈ જાય છે, તો ઉલટી અને ઝાડા થવા લાગે છે અને એ રીતે વિકારને બહાર કાઢી નાખવામાં આવે છે. જો ફેફસામાં કોઈ તકલીફ હોય, અથવા કફ એકઠો થઈ ગયો હોય, તો ખાંસી આવવા લાગે છે અને એ કફ બહાર ફેંકાઈ જાય છે. નાકમાં કોઈ પદાર્થ ચાલ્યો જાય છે, તો છીંક ખાઈને તેને બહાર કાઢી નાખવામાં આવે છે. શરીરના જ્ઞાનતંતુઓ જ્યારે બહુ થાકી જાય છે, ત્યારે ગાઢ નિદ્રા આવે છે અને જ્ઞાનતંતુઓને વિશ્રામ મળે છે. આપણા શરીરમાં દુઃખ-દર્દોને દૂર કરવાની તથા રોગમાંથી રક્ષા કરવાની સ્વાભાવિક શક્તિ રહેલી છે. આ બધું કામ ગુપ્ત મન દ્વારા થયા કરે છે.

પ્રાચીન માનસશાસ્ત્રી અને શરીરશાસ્ત્રીઓનો એ મત હતો કે શરીરને અમુક પ્રકારની ટેવ કે આદત પડવાથી એની અંદર ભાન વગર પણ બધાં કામો થાય છે; પરંતુ **પ્રોફેસર ફ્રેડરિક મેયરે** હિપ્નોટિઝમ કરેલી વ્યક્તિઓના, મૃગી (વાઇ), હિસ્ટીરિયા, મૂર્છા વગેરેના રોગીઓના તથા ભરનિંદમાં

ચાલનાર–ફરનારનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું અને વીશ વર્ષ સુધી આ વિષયનો અભ્યાસ કરતાં તે એવા નિર્ણય પર આવ્યો કે આપણી પ્રકટ મનઃ શક્તિથી અતિરિક્ત બીજી મનઃ-શક્તિ આપણામાં છૂપાયેલી છે. એ શક્તિ મેસ્મેરિઝમથી અચેત થયેલા પુરુષોમાં, સમાધિસ્થ થયેલા ધ્યાનીઓમાં, નિદ્રામાં પડેલા લોકોમાં, કવિઓ અને તત્ત્વવેત્તાઓમાં અદ્ભુત ચમત્કાર બતાવે છે. કેટલાક શોધકો પોતાની શોધના વિચારોમાં એટલા સમાધિસ્થ થઈ જાય છે કે તે પોતાનું બહિર્ભાન ભૂલી જાય છે અને ગુપ્ત મનની સહાયથી મનુષ્યજાતિના કલ્યાણ માટે મહાન શોધો કરે છે.

ગાઢ નિદ્રામાં પડેલો મનુષ્ય, જેને અંગ્રેજીમાં સોમ્નેબ્લિસ્ટિક (Somnablastic) કહે છે, તે ભર નિદ્રામાં ઉઠીને ઊભો થાય છે, લખે છે, કુંચી લગાડીને તાળું ખોલે છે, દરવાજો ઉઘાડે છે, રસ્તામાં ચાલે છે અને કોઈ તેને અટકાવવા જાય તો તેનાથી તરીને ચાલે છે. જ્યારે તે નિદ્રામાંથી જાગે છે, ત્યારે નિદ્રામાં કરેલા કોઈપણ કામની તેને સ્મૃતિ હોતી નથી.*

જ્યારે કોઈ પણ મનુષ્ય પર હિપ્નોટિઝમનો પ્રયોગ કરીને તેને બેહોશ બનાવવામાં આવે છે, ત્યારે તેનું ગુપ્ત

* આપણા શાસ્ત્રોમાં આવી નિદ્રાનું વર્ણન આવે છે. જૈન શાસ્ત્રોએ તેને સ્ત્યાનર્દ્ધિ (થિણદ્ધી) નિદ્રા કહી છે અને તે સહુથી ગાઢ ાય છે, એમ જણાવ્યું છે.

મન જાગ્રત રહે છે અને જ્યારે તે હોશમાં આવે છે, ત્યારે તેની કોઈ વાત યાદ રહેતી નથી.

આ બધી દલીલોથી પ્રોફેસર મેયરે એ સિદ્ધ કર્યું છે કે મનનાં બે સ્વરૂપો છે. ભાનમાં જે કંઈ કામ થાય છે, તે પ્રકટ મન દ્વારા થાય છે અને નિદ્રામાં, મેસ્મેરિઝમમાં, સમાધિમાં, હિસ્ટીરિયામાં, ભૂત–બાધામાં જે કામ થાય છે, તે ગુપ્ત મન દ્વારા થાય છે. પ્રકટ મન વિચાર કરવામાં–નિરીક્ષણ કરવામાં મગ્ન રહે છે અને ભાનની સાથે જેટલાં કામ શક્ય હોય, તે કરે છે. જ્યારે ભાન ચાલ્યું જાય છે, ત્યારે આ મન પણ ચાલ્યું જાય છે.

આ વિવેચનના સાર રૂપે એટલું યાદ રાખવું કે–

(૧) શરીરના પ્રત્યેક અવયવમાં, અણુ–અણુમાં મન વ્યાપ્ત છે. ગુપ્ત મન શરીરના સર્વ વ્યાપારોનું સંચાલન કરે છે. શરીરની રચના, પોષણ, વૃદ્ધિ, સંગઠન નિયમિત રૂપથી ગુપ્ત મનના શાસન દ્વારા જ થાય છે. રોગોને દૂર કરીને શરીરને નીરોગી રાખવાની શકિત પણ એમાં રહેલી છે.

(૨) ગુપ્ત મન રાત્રિદિવસ સ્વતંત્રતાથી કામ કરે છે. આપણી આસપાસ જે કંઈ થઇ રહ્યું છે, તેનો એ હિસાબ રાખે છે. સંપૂર્ણ સ્મરણશકિત એના કાબૂમાં રહે છે. તે સર્વ અનુભવોનો સંગ્રહ કરીને પોતાના ભંડારમાં જમા રાખે છે. સર્વ સ્નાયુજાલ (Sympathetic nervous system) પર ગુપ્ત મનનો અધિકાર છે.

(૩) પ્રકટ મન, ગુપ્ત મન પાસે ઈચ્છાનુકૂલ કાર્ય કરાવી

શકે છે. જ્યારે શરીરમાં કોઈ કાર્ય વ્યવસ્થિત ન હોય, ત્યારે પ્રકટ મન જે કંઇ આદેશ કરે, તેનો તે સ્વીકાર કરે છે અને તે અનુસાર કાર્ય કરે છે.

(૪) પોતાના ગુપ્ત મનને સૂચના દેવાથી વ્યાધિ, રોગ, દુર્વ્યસન, દુર્ગુણ આદિ દૂર થાય છે. તેજ રીતે અન્ય મનુષ્યોના ગુપ્ત મનને સૂચના દેવાથી તેના રોગો પણ દૂર થાય છે.

(૫) જ્યારે પ્રકટ મન પોતાનો કારભાર બંધ કરી દે છે, ત્યારે ગુપ્ત મન જાગ્રત થઈને પોતાનો ચમત્કાર બતાવે છે. ગુપ્ત મન પર સૂચનાશક્તિ (Suggestion) અને કલ્પનાશક્તિથી અધિકાર પ્રાપ્ત કરી શકાય છે. ગુપ્ત મન સૂચનાશક્તિને આધીન છે. આપણે તેને જેવી સૂચનાઓ આપીએ, તેવું કામ તે કરી બતાવે છે.

છેવટે એ સ્મરણમાં રાખવું પરમ આવશ્યક છે કે **મનમાં સર્વ પ્રકારનું સામર્થ્ય રહેલું છે. તેના દ્વારા મનુષ્ય ધારેલાં કામો કરી પરમ વિજેતા બની શકે છે.**

[૬]

વિચાર અને તેનો વિશિષ્ટ પ્રભાવ

પૃથ્વી, પાણી, લાકડું, લોઢું, પત્થર, કાચ વગેરે જેમ એક પ્રકારની વસ્તુ છે, તેમ વિચારો પણ એક પ્રકારની વસ્તુ છે. 'Thoughts are things.' તેમાં ફેર કે તફાવત એટલો જ છે કે પૃથ્વી વગેરે સ્થૂલ વસ્તુઓ હોવાથી તે આપણી આંખો વડે જોઈ શકાય છે, જ્યારે વિચારો સૂક્ષ્મ વસ્તુ હોવાથી આપણી આંખો વડે જોઈ શકાતા નથી.

કેટલાક મનુષ્યો કહે છે કે 'જે વસ્તુ આંખો વડે જોઇ શકાય એવી ન હોય, તેનું અસ્તિત્વ શી રીતે માનવું ?' પણ વસ્તુના કાર્ય વડે વસ્તુનો બોધ થઈ શકે છે. દાખલા તરીકે વાયુ સૂક્ષ્મ હોવાથી આંખો વડે જોઇ શકાતો નથી, પણ ધજા ફરફરવા માંડે કે ઝાડની ડાળીઓ હાલવા માંડે તો આપણે તરત જ કહીએ છીએ કે 'વાયુ વાય છે.' તેજ રીતે ઇથર સૂક્ષ્મ છે, તે આંખો વડે જોઇ શકાતો નથી, પણ તેના માધ્યમથી હજારો માઇલ દૂર બોલાયેલા શબ્દો વ્યવસ્થિત રીતે રેડિયોમાં ઉતરે છે, એટલે આપણે તેના અસ્તિત્વનું

ચોકસ અનુમાન કરી શકીએ છીએ. તાત્પર્ય કે એક વસ્તુ આંખો વડે જોઇ શકાય એવી ન હોય, તેટલા માત્રથી જ તેનું અસ્તિત્વ ન માનવું, એ મોટી ભૂલ છે. એમ તો આપણી છઠ્ઠી કે સાતમી પેઢીના પૂર્વજોને આપણે આપણી આંખો વડે ક્યાં જોયા છે ? પણ તેમનો વંશવેલો ચાલ્યો, તે પરથી આપણે ચોકસ અનુમાન કરી શકીએ છીએ કે એક કાળે તેમનું અસ્તિત્વ જરૂર હતું.

વિચારોનો તો આપણે સાક્ષાત્ અનુભવ કરી શકીએ છીએ. અને 'હમણાં જ મને એક વિચાર આવ્યો' 'આ વિચાર સારો છે' 'આ વિચાર પ્રમાણે વર્તવું જોઇએ' વગેરે વચનોમાં તેનું સ્પષ્ટ પ્રતિપાદન પણ કરીએ છીએ. વળી આ બધા વિચારો મન વડે થાય છે, એનું પણ આપણને ભાન હોય છે. અન્યથા 'મારું મન હાલ બરાબર વિચાર કરી શકતું નથી.' 'મારા મનમાં અનેક જાતના વિચારો આવી રહ્યા છે' વગેરે વચનપ્રયોગો કરી શકીએ જ નહિ.

આપણે ત્યાં ભાવોના આંતરિક સાધનને અંતઃકરણ કહેવામાં આવ્યું છે અને તેના ચાર વિભાગો આ પ્રમાણે માનવામાં આવ્યા છે : (૧) મન, (૨) બુદ્ધિ, (૩) ચિત્ત અને (૪) અહંકાર. તેમાં જેના વડે વિચારો કે સંકલ્પ–વિકલ્પો થાય છે, તે **મન**; જેના વડે સત્ય અને અસત્યનો કે હિત અને અહિતનો નિર્ણય થાય છે, તે **બુદ્ધિ**; જેના વડે વસ્તુના સ્વરૂપનું ચિંતન થાય છે, તે **ચિત્ત**; અને જેના વડે 'આ કાર્ય હું કરું છું' એવો વિકલ્પ થાય છે, તે

અહંકાર. લોકવ્યવહારમાં તો આ બધીયે વસ્તુઓને મન તરીકે જ ઓળખવામાં આવે છે, પણ મનના વ્યાપારોનો સ્પષ્ટ બોધ થાય, તે માટે શાસ્ત્રકારોએ તેના આ પ્રકારે સંકેતો કરેલા છે.

વર્તમાન વિજ્ઞાને મનના વ્યાપારોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કર્યું છે :

(૧) બુદ્ધિપ્રધાન વ્યાપારો.
(૨) લાગણી કે ભાવપ્રધાન વ્યાપારો.
(૩) ઇચ્છા કે અભિલાષાપ્રધાન વ્યાપારો.

તેમાં શબ્દાદિ વિષયોને ગ્રહણ કરતાં જે સંજ્ઞા કે સંસ્કારો પડે છે, જિજ્ઞાસા ઉદ્ભવે છે, તર્ક ઉઠે છે, તુલના કે અનુમાન થાય છે અને કલ્પના જાગે છે, તે સઘળાનો સમાવેશ પ્રથમ પ્રકારમાં એટલે બુદ્ધિપ્રધાન વ્યાપારોમાં કર્યો છે. તથા કોઈ પણ સંજ્ઞા કે સંસ્કાર ગ્રહણ કર્યા પછી સુખ દુ:ખ, આનંદ–શોક, ઉત્સાહ–ધૈર્ય આદિ લાગણીઓ કે ભાવો ઉદ્ભવે છે, તેનો સમાવેશ બીજા પ્રકારમાં એટલે લાગણી કે ભાવપ્રધાન વ્યાપારોમાં કર્યો છે; અને એવી લાગણીઓ કે ભાવોના પરિણામે જે ચોક્કસ કાર્ય કરવાની ઇચ્છા થાય છે, તેનો સમાવેશ ત્રીજા પ્રકારમાં એટલે ઇચ્છા કે અભિલાષા–પ્રધાન વ્યાપારોમાં કર્યો છે.

તાત્પર્ય કે વિચારમાંથી લાગણી, લાગણીમાંથી ઇચ્છા અને ઇચ્છામાંથી સંકલ્પ જન્મે છે; એટલે **સંકલ્પમાત્રનું મૂળ વિચારમાં રહેલું છે.**

સામાન્ય માન્યતા એવી છે કે સ્થૂલ વસ્તુમાં વધારે શક્તિ હોય અને સૂક્ષ્મ વસ્તુમાં ઓછી શક્તિ હોય, પણ પરિસ્થિતિ તેથી ઉલટી જ છે. સ્થૂલ કરતાં સૂક્ષ્મ વસ્તુઓની શક્તિ વિશેષ હોય છે. પૃથ્વી, પાણી, લાકડું, લોઢું, પત્થર, કાચ વગેરે સ્થૂલ વસ્તુઓ છે, તેના કરતાં શું વરાળ, શબ્દ, પ્રકાશ, વિદ્યુત્ આદિ સૂક્ષ્મ વસ્તુઓની શક્તિ અધિક હોતી નથી ? વિચાર તો એથી પણ વધારે સૂક્ષ્મ હોય છે, એટલે તેની શક્તિ, તેનું બળ, તેનું સામર્થ્ય એ બધા કરતાં વિશેષ હોય, એમાં આશ્ચર્ય શું ?

અમેરિકાના એક વિદ્વાને લખ્યું છે કે પ્રકાશની ગતિ એક સેકન્ડમાં ૧,૮૬,૦૦૦ માઈલની હોય છે, જ્યારે વિચારની ગતિ ૪૦૦૦૦થી ૭૦૦૦૦ શંકુ માઈલ જેટલી અર્થાત્ ૭૦૦૦૦×૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ = સાત પરાર્ધ માઈલ જેટલી હોય છે.× વિચાર લહરિઓને દિવસમાં સૂર્યનાં કિરણો ખંડખંડ કરી દે છે, તેથી તેની ગતિમાં અવરોધ આવે છે, પરંતુ રાત્રિના સમયે અંધકારમાં વિચારશક્તિનો વેગ તીવ્રતમ થઈ જાય છે, કારણ કે તેનો કોઈ અવરોધ કરી શકતું નથી.

સરોવરના શાંત લાગતા જળમાં એક કાંકરો નાખતાં જેમ તરંગો ઉત્પન્ન થાય છે અને તે અનુક્રમે દૂર સુધી ફેલાય છે, તેમ આપણા મનમાં વિચારરૂપી તરંગો ઉઠતાં અનુક્રમે

× એકથી અઢાર અંકની સંખ્યા માટેની ખાસ સંજ્ઞાઓ માટે જુઓ અમારા રચેલા '**ગણિત–રહસ્ય**'નું પ્રકરણ બીજું.

દૂર સુધી ફેલાય છે અને જો એ વિચારો અતિ પ્રબલ હોય તો વિશ્વના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચી જાય છે.

આપણને સામાન્ય રીતે એમ લાગે છે કે વિચારમાં તે શું બળ હોય? પણ પ્રત્યેક વિચાર આપણા મન પર તેની સારી કે ખોટી અસર મૂકતો જાય છે અને અન્યત્ર પણ તેની એવી અસર ઉપજાવે છે. તેથી જ સારા, સુંદર કે શુભ વિચારોનું પરિણામ સારું, સુંદર કે શુભ માનવામાં આવ્યું છે અને ખોટા, ખરાબ કે અશુભ વિચારોનું પરિણામ ખોટું, ખરાબ કે અશુભ માનવામાં આવ્યું છે.

તમે જ્યારે કોઈ વસ્તુ સંબંધી સારા, સુંદર કે શુભ વિચાર કરવા માંડો છો, ત્યારે તમારા મન પર પ્રસન્નતાની અસર થાય છે અને અંતરમાં આનંદ આવવા લાગે છે. તે જ રીતે તમારા મનમાં કોઈ સુંદર ભવ્ય કલ્પના જાગી જાય, તો તમને એમ જ લાગે છે કે 'હું સુખના સાગરમાં તરી રહ્યો છું, આનંદના ઉદધિમાં મગ્ન થઈ ગયો છું.' કવિઓ, લેખકો કે કલાકારો આ પ્રકારનો આનંદ આપણા કોઈ કરતાં વધારે માણે છે, કારણ કે તેમને સુંદર ભવ્ય કલ્પના જોડે જ વિશેષ કામ પડે છે.

તે જ રીતે તમે જ્યારે કોઈ વસ્તુ સંબંધી ખોટા, ખરાબ કે અશુભ વિચાર કરવા માંડો છો, ત્યારે તમારા મન પર વિષાદની અસર થાય છે, અંતરમાં એક પ્રકારની બેચેની થવા લાગે છે અને તે વધારે જોરદાર બને તો શરીર અસ્વસ્થ બની જાય છે. દાખલા તરીકે તમે અમુક વ્યક્તિને ખરાબ

માનો છો અને તે અંગે વિચાર કરવા માંડો છે, ત્યાં તમને તેનાં કેટલાંક ખરાબ કામો યાદ આવે છે, એટલે મનમાં વિષાદ થાય છે અને તેમાં તમારા પ્રત્યે આચરેલો અન્યાય યાદ આવી જતાં તમે તેના પર ક્રોધાયમાન થાઓ છો અને તેના તરફ તિરસ્કાર વરસાવવા લાગો છો. આ વખતે તમારું મન તપી જાય છે અને તેની અસર તમારા હૃદય પર, મગજ પર તથા શરીરના બીજા ભાગો ઉપર પણ થાય છે.

અતિ ક્રોધમાં આવેલા મનુષ્યને તમે જોયો હશે. એ વખતે તેના મુખની–આંખની કેવી સ્થિતિ હોય છે? અરે! તેનું આખું શરીર ધ્રૂજતું હોય છે અને તે શું કરી બેસશે? તે કહી શકાતું નથી કે કલ્પી શકાતું નથી. એક તપોવનની વાડીમાં કેટલાક તોફાની છોકરાઓ દાખલ થયા અને રંજાડ કરવા લાગ્યા. તે જોઈ તેના માલીક તાપસને ખૂબ ક્રોધ આવ્યો, એટલે તે હાથમાં તીક્ષ્ણ ફરસી લઈને તેમને મારવા દોડ્યો. એવામાં રસ્તામાં ખાડો આવ્યો, તેનું ભાન રહ્યું નહિ, એટલે તેમાં પટકાયો અને પેલી તીક્ષ્ણ ધારવાળી ફરસીનો તેના મસ્તક પર પ્રહાર થયો, એટલે તેના રામ ત્યાં જ રમી ગયા. તાત્પર્ય કે તેણે અતિ ક્રોધ કર્યો, તેનું કડવું ફળ તેને પોતાને જ ભોગવવું પડ્યું. કદી તાપસ ખાડામાં પડ્યો ન હોત અને તોફાની છોકરાઓ પાસે પહોંચી તેમાંના એકાદ પર આ તીક્ષ્ણ ફરસીનો પ્રહાર કર્યો હોત તો તેનું પરિણામ શું આવત? એ વ્યક્તિનું ખૂન થાત કે તે સખ્ત રીતે ઘાયલ થાત. પરિણામે સામેથી પણ એવો જ પ્રહાર થાત

કે અન્ય રીતે હુમલો થાત. છેવટે તેની રાજસિપાઈઓ દ્વારા ધરપકડ થાત અને તેના પર કામ ચાલતાં ફાંસીની સજા થાત કે અમુક વર્ષની જેલ ભોગવવી પડત.

અભિમાનના વિચારો આવતાં મન અક્કડ કે જડ થઇ જાય છે; કૂડકપટના વિચારો આવતાં મનમાં વક્રતા પેદા થાય છે અને અતિશય લોભના વિચારે મનુષ્યના મનમાં તૃષ્ણાની આગ એવી તીવ્ર બને છે કે તેને કોઇ વાતે ચેન પડતું નથી. તેથી જ ક્રોધ, અભિમાન, કૂડકપટ અને લોભ એ ચાર પ્રકારની મનોવૃત્તિઓ છોડવા યોગ્ય મનાયેલી છે.

કામવાસના પણ મનુષ્યને વિહ્વળ બનાવી મૂકે છે. અને તેનું ભાન ભૂલાવી દે છે, એટલે તેના ઉપર પૂરો સંયમ રાખવાની જરૂર છે.

વિચારને રંગ હોય છે, એ વાત આપણે ત્યાં ઘણા પ્રાચીન કાલથી જાણીતી હતી. જૈન શાસ્ત્રોમાં છ લેશ્યાઓનું જે વર્ણન આવે છે, તેમાં તેનો વિસ્તાર જોઈ શકાય છે. ત્યાં અતિ દુષ્ટ વિચારોનો રંગ કૃષ્ણ (કાળો), તેથી ઓછા દુષ્ટ વિચારોનો રંગ નીલ (વાદળી), તેથી ઓછા દુષ્ટ વિચારોનો રંગ કાપોત (કત્થાઇ), શુભ વિચારોનો રંગ પીત (પીળો), વધારે શુભ વિચારોનો રંગ પદ્મ (ગુલાબી) અને અત્યંત શુભ વિચારોનો રંગ શ્વેત મનાયો છે.

મનુષ્યના શરીરમાંથી પ્રતિક્ષણે પરમાણુનો પ્રવાહ વહે છે અને તેમાં અમુક રંગની છાયા જણાય છે. આ રંગ પરથી તેના વિચારો—તેની વાસનાઓ સંબંધી કેટલાંક અનુમાનો

ખાતરીપૂર્વક થઈ શકે છે. પરંતુ પરમાણુનો આ પ્રવાહ નરી આંખે જોઈ શકાતો નથી. તે દિવ્ય દૃષ્ટિથી કે વિશિષ્ટ પ્રયોગથી જ જોઈ શકાય છે.

આજે તો વીજળીનાં એવાં યંત્રો પણ શોધાયાં છે કે જેના એક છેડે મનુષ્યનો હાથ મૂકવામાં આવે છે, એટલે તરત જ તેના બીજા છેડે અમુક રંગના મોજાઓનું પ્રસરણ થવા લાગે છે. તે પરથી એ મનુષ્યના મનમાં કેવા વિચારો ચાલી રહ્યા છે, તેનો નિર્દેશ કરવામાં આવે છે.

તાત્પર્ય કે વિચારો એ એક પ્રકારનું ભૌતિક સર્જન હોવાથી તેને જૂદા જૂદા રંગો પ્રાપ્ત થાય છે.

વિચારોનો પ્રભાવ શરીર પર પડે છે, તેમ વાણી અને વર્તન ઉપર પણ પડે છે. એટલે કે મનુષ્ય જે જાતના વિચારો કરે છે, તે જાતની વાણી બોલે છે અને તેજ પ્રકારનું વર્તન કરે છે.

આ જગતમાં જેટલી ક્રાંતિઓ થઈ, તે વિચારોના પરિવર્તનને આભારી છે, એટલે વિચારોનું બળ સમાજની રચના બદલી શકે છે, રાષ્ટ્રનું યથેષ્ટ સ્વરૂપ નિર્માણ કરી શકે છે અને સમસ્ત વિશ્વને એક નવોજ આકાર પણ આપી શકે છે. તાત્પર્ય કે વિચારોનો પ્રભાવ વિશિષ્ટ કોટિનો છે અને તે આ જગતમાં નહિ ધારેલાં કાર્યો કરી શકે છે.

વિચારોનું ઉદ્‌ભવસ્થાન મુખ્યત્વે મસ્તિષ્ક છે; વધારે સ્પષ્ટ કહીએ તો મગજ છે, તેથી વિચારોની સારી–ખોટી અસર મગજ પર સહુથી વધારે થાય છે. અહીં એ પણ

જણાવી દેવું જોઈએ કે જેનું મગજ નબળું હોય છે, તે કોઈ પણ વસ્તુ સંબંધી યથાર્થ વિચારણા કરી શકતો નથી. જ્યાં વિશેષ ચિંતન–મનનનો પ્રસંગ આવ્યો કે તે થાકી જાય છે, ચીડાઈ જાય છે અને એ વાતનો ત્યાં જ અંત લાવવાના નિર્ણય પર આવી જાય છે. જેઓ મગજની આ સ્થિતિ સુધારવા ઇચ્છતા હોય, તેમણે અમારા લખેલા '**સ્મરણકલા**' નામના પુસ્તકનો છેવટનો ભાગ જોવો તથા '**મંત્રચિંતામણિ**' ગ્રંથના ત્રીજા ખંડમાં આપેલા 'બુદ્ધિ–સ્મૃતિ વધારનારા પ્રયોગો'નું અવલોકન કરવું.

એ વાતનો સતત ખ્યાલ રાખો કે **વિચારોનું સુયોગ્ય ઘડતર મનુષ્યને આ જગતના સર્વોત્તમ સ્થાન પર સ્થાપિત કરે છે.**

[૭]

ઇચ્છા અને પ્રયત્ન

ઇચ્છા એ સંકલ્પશક્તિનું બીજ છે. જો તે યોગ્ય રીતે વવાય તો તેને સિદ્ધિરૂપી મધુર ફલ આવ્યા વિના રહેતું નથી, એટલે આ પ્રકારની ઇચ્છાને અમે ઉન્નતિરૂપી ઇમારતનો પાયો સમજીએ છીએ અને તેનું હાર્દિક અભિવાદન કરીએ છીએ.

લોવેલે કહ્યું છે કે 'પ્રત્યક્ષ કાર્યોનાં મૂર્તિમંત ચિત્રો ઇચ્છા જ આલેખે છે.'

એમર્સનનો એ અભિપ્રાય છે કે 'આપણા જીવનનો ઉદ્દેશ્ય કેવલ ઇચ્છાશક્તિને જ દૃઢ બનાવવાનો છે. દૃઢ ઇચ્છાવાળા મનુષ્યને માટે સદા સુઅવસર અને સરલતા છે.'

ઓરિસન સ્વેટ માર્ડને જણાવ્યું છે કે 'આપણા હૃદયની ઇચ્છાઓ અને આપણા મનની આકાંક્ષાઓ, એ માત્ર કલ્પનાના તરંગો અથવા મિથ્યા સ્વપ્નાં નથી, પણ તે કરતાં કાંઈક વિશેષ છે. આ એષણાઓ અને અભિલાષાઓ, એ પ્રત્યક્ષ બની શકનારી વસ્તુઓની આગાહીઓ–ભવિષ્યવાણી–

સંદેશવાહક એપિયાઓ છે. આપણે શું શું કરી શકીએ તેમ છીએ, તેના તેઓ નિર્દેશક છે. તેઓ આપણા લક્ષ્યની ઉચ્ચતા અને આપણી કાર્યકુશલતાની મર્યાદા દર્શાવે છે.'

કેટલાક મનુષ્યો કહે છે કે 'અમે છીએ તે જ ઠીક છીએ. અરધો મળે તો આખો ખાવાની અમારી ઈચ્છા નથી.' અર્થાત્ તેઓ પોતાની ઉન્નતિ માટે ખાસ ઈચ્છા ધરાવતા નથી. તેમને અમે કાયર સમજીએ છીએ, કારણ કે તેમના આ પ્રકારના માનસિક વલણને કારણે તેઓ કદી હિમ્મત-પૂર્વકનું પગલું ભરી શકતા નથી અને તેથી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધી પોતાની ઉન્નતિ સાધી શકતા નથી.

અમે અનુભવથી જોયું છે કે જે માણસો આવા વિચારો ધરાવતા હતા અને આગળ વધવાનો પ્રયાસ કરતા ન હતા, તેઓ છેવટે રખડી પડ્યા, દુઃખી થયા અને જીવનનો જંગ હારી ગયા.

તમે એક રાજમાર્ગની વચ્ચે ઊભા રહો અને એમ કહો કે 'મારે આગળ વધવું નથી, હું તો અહીં જ ઊભો રહીશ' તો શું તમે એમ કરી શકશો ખરા? હરગીઝ નહિ. બળવાન મનુષ્યો તમને ધક્કા માર્યા જ કરશે અને તમારે પ્રતિપળ પાછા હઠવું જ પડશે. તાત્પર્ય કે જે આગળ વધવાનો પ્રયાસ કરતા નથી, તે પાછા પડે છે, છેવટે કોઈ ખાડામાં ફેંકાઈ જાય છે. શું આ સ્થિતિ શોચનીય નથી?

અહીં એ વસ્તુ પણ બરાબર સમજી લો કે જો પોતાના સ્થાને ઊભા રહેવું હોય, અર્થાત્ પોતાની મૂળ સ્થિતિ જાળવી

રાખવી હોય તો એ પ્રકારની ઇચ્છા રાખી પ્રયત્ન કરવો પડે છે અને તો જ તેમાં સફલતા મળે છે. તો પછી આગળ વધવાની ઇચ્છા રાખી તે માટે પ્રયત્ન કરવો શું ખોટો ?

સુજ્ઞ મનુષ્યે ક્ષુદ્ર વસ્તુઓની ઇચ્છા ન કરવી, પણ જે વસ્તુઓ જરૂરી છે, આગળ વધવા માટે અતિ ઉપયોગી છે, તેની ઇચ્છા તો જરૂર કરવી.

આપણા ઋષિ-મુનિઓએ કહ્યું છે કે—

पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

'પૂજ્ય પુરુષોની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, ઇષ્ટ મંત્રનો જપ, તપ, શાસ્ત્રાભ્યાસ અને પરોપકાર, એ માનવ-જન્મનાં આઠ મધુરાં ફળો છે.'

એટલે ઉન્નતિના ઉમેદવારોએ, પ્રગતિના પથિકોએ, તેની ઇચ્છા અવશ્ય કરવી. જે આ પ્રકારની ઇચ્છા કરતો નથી, તેને મનુષ્યભવરૂપી વૃક્ષનાં મધુર ફળો શી રીતે મળવાનાં ?

કેટલાક કહે છે કે 'અમે આગળ વધવાની ઇચ્છા રાખીએ છીએ અને તે માટે પ્રયત્ન પણ કરીએ છીએ, પરંતુ અમારો દહાડો વળતો નથી. વધારે સ્પષ્ટ કહીએ તો 'ત્રણ સાંધીએ ત્યાં તેર તૂટે છે અને અમારી મનની મનમાં રહી જાય છે' તેથી અમે એવા નિર્ણય પર આવ્યા છીએ કે 'થાય તેમ થવા દેવું. હવે પછી લાંબી માથાકૂટમાં કે ભાંજગડમાં પડવું જ નહિ.'

પરંતુ આવી મનોદશાનું પરિણામ છેવટે નિષ્ક્રિયતામાં

આવે છે અને તે એમને બેહાલ બનાવી મૂકે છે. એ વખતે તેમના શોક-સંતાપનો પાર રહેતો નથી. તાત્પર્ય કે આ વિચારો પણ ખોટા જ છે અને તે મનુષ્યને ઉન્નતિને બદલે અવનતિ તરફ લઈ જનારા છે, માટે તેનાથી દૂર રહેવું.

સુજ્ઞ મનુષ્યે એમ સમજવું જોઇએ કે કોઈ કાર્ય એક પ્રયત્ને સિદ્ધ થાય છે, કોઈ કાર્ય બે પ્રયત્ને સિદ્ધ થાય છે, કોઈ કાર્ય ત્રણ પ્રયત્ને સિદ્ધ થાય છે, તો કોઈ કાર્ય ઘણા પ્રયત્ને સિદ્ધ થાય છે, તેથી પ્રયત્ન છોડવો નહિ. જેઓ પ્રયત્ન કરતા રહે છે, તેઓ જ આખરે સિદ્ધિ મેળવે છે અને પોતાના જીવનને સુખી તથા યશસ્વી બનાવી શકે છે.

કરોળિયો જાળ બાંધતાં કેટલી વાર નીચે પડે છે? પણ હિંમત ન હારતાં ફરી-ફરીને પ્રયત્ન કરે છે, તો આખરે જાળ બાંધી શકે છે અને તેના મનની મુરાદ પૂરી થાય છે. તો મનુષ્ય જેવા મનુષ્યે એક-બે થપાટ લાગતાં નીચે બેસી જવું અને પોતાના હાથ-પગ સંકોરી લેવા, એ ક્યાં સુધી ઉચિત છે? એ સુજ્ઞજનોએ વિચારી લેવું.

મહમ્મદ ગીઝનીએ ભારતવર્ષ પર ચડાઇ કરવામાં છ વાર હાર ખાધી હતી, છતાં તેણે સાતમી વાર ચડાઈ કરી અને તેમાં તે સફલ થયો.

મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ આપણને આ વસ્તુનાં દર્શન થાય છે. બ્રિટિશ સરકાર અન્યાય આચરી રહી છે અને તેનાથી આ દેશની જનતા દુઃખી થઈ રહી છે, એ વસ્તુનો સ્પષ્ટ ખ્યાલ આવ્યા પછી તેમણે બ્રિટિશ સરકારને

દૂર કરી સ્વરાજ્ય સ્થાપવાની ઇચ્છા કરી અને તે માટે પ્રયત્નો આરંભ્યા. પરિણામે તેમને અનેક વાર જેલમાં જવું પડ્યું, વિવિધ પ્રકારની યાતનાઓ સહન કરવી પડી અને દરેક જાતનો ભોગ આપવો પડ્યો; છતાં યે તેમણે પોતાની એ ઇચ્છાને દબાવી દીધી નહિ કે તેનો ત્યાગ કર્યો નહિ. તેને વજ્ર જેવી દૃઢ રાખી અને જે પ્રયત્નો આરંભ્યા હતા, તેની પરંપરા ચાલુ રાખી, તો આખરે તેઓ પોતાની ઇચ્છામાં ફલીભૂત થયા અને આ દેશમાંથી બ્રિટિશ હકુમતને દૂર કરી સ્વરાજ્ય સ્થાપી શક્યા. આજે માત્ર ભારતની પ્રજા જ નહિ, પણ સમસ્ત જગત તેમને એક મહાપુરુષ તરીકે વંદના કરે છે.

પ્રિય પાઠકો ! તમે પણ તેના પરથી બોધ લો કે પરિસ્થિતિ ગમે તેટલી વિકટ જણાય તો પણ એક સારી ઇચ્છાને–શુભ સંકલ્પને છોડવો નહિ તથા તેને સિદ્ધ કરવા માટે જે પ્રયત્નો શરૂ કર્યા હોય, તેને અટકાવી દેવા નહિ.

માર્ગને કઠિન કે લાંબો જાણીને જે પ્રવાસી બેસી જાય છે અને ચાલવાની ના પાડે છે, તે કદી પણ પોતાના ગંતવ્ય–સ્થાને પહોંચી શકતો નથી. જો તે થાક ઉતારીને, વિસામો ખાઈને કે જરૂરી નિદ્રા લઈને ઊભો થાય અને ચાલવા માંડે તો જ પોતાના ગંતવ્યસ્થાને પહોંચી શકે છે.

કેટલાક મનુષ્યો કહે છે કે 'ધાર્યું ધણીનું થાય છે, આપણું ધાર્યું કંઈ થતું નથી, પછી ઇચ્છા અને પ્રયત્નો કરવાનો અર્થ શો ?' પરંતુ આ કથન વ્યાજબી નથી. વધારે સ્પષ્ટ કહીએ તો ઘણી ગેરસમજવાળું છે અને મનુષ્યોને ખોટા રસ્તે દોરનારું છે.

પ્રથમ તો તમે એ દિવ્ય શક્તિમાન પરમ પિતાના પુત્ર છો, એ વાત ભૂલી ન જાઓ. ઈશ્વરે કે પરમેશ્વરે પોતાની દિવ્ય શક્તિનો જે અંશ તમારામાં મૂકેલો છે, તેનો વિકાસ કરવો, એ તમારા હાથની વાત છે. જે પુત્ર પિતાનો આપેલો અમૂલ્ય વારસો વેડફી નાખે છે, તે મૂર્ખ કે નાલાયક ગણાય છે, એ ભૂલશો નહિ. તાત્પર્ય કે તમે પણ એક રીતે ધણી જ છો અને એ ધણીપણું કરતાં આવડે તો આ જગતમાં ધાર્યું કામ કરી શકો તેમ છો. જો તમારી ધારણા અનુસાર કામ થતું ન હોય તો સમજજો કે તેમાં તમારી કોઈક પણ સ્થળે ભૂલ થઈ રહી છે. પરંતુ તેનો દોષ ઈશ્વરને માથે નાખશો નહિ, કારણ કે એ તો પરમ દયાળુ છે અને પરમ ન્યાયી પણ છે. તે તમારા શુભ પ્રયત્નને તોડી કેમ પાડે? અથવા તો તેનું ખરાબ ફળ કેમ આપે? ફલપ્રાપ્તિની બાબતમાં ઈશ્વર કે પરમેશ્વર કદી પણ દખલગીરી કરતા નથી. જે જેવું કામ કરે છે, તેને સ્વાભાવિક રીતે જ તેવું ફલ મલે છે. એટલે કોઈ સારા કામની ઇચ્છા કરવી અને તે માટે પૂરતા પ્રયત્નો કરવા, એ આપણું કર્તવ્ય છે.

આપણા તત્ત્વજ્ઞોએ કારણ અને કાર્ય (Cause and Effect) નો નિયમ સ્થાપિત કરેલો છે અને વિજ્ઞાને તેનું સમર્થન કરેલું છે. તેમાં કોઈ વાર કશું પરિવર્તન થતું નથી. જો આ કારણ અને કાર્યનો નિયમ તૂટી જાય તો આ વિશ્વમાં વ્યવસ્થા જેવું કંઇ રહે જ નહિ. પછી તો પાણી રેડીએ તેમાંથી દાહ પ્રકટે અને અગ્નિ પ્રકટાવીએ તેમાંથી શીતલતા પ્રાપ્ત થાય. અથવા તો ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ

ગાડી, મોટર કે વિમાન ચાલે નહિ અને પ્રયત્ન કર્યા વિના પણ તે એકાએક ચાલવા લાગે. અથવા તો રોજ પૂર્ણિમાનો ચંદ્ર ઉગે કે રોજ અમાસનું અંધારું થાય અને સૂર્ય પૂર્વમાં જ ઉગવાને બદલે ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ ગમે તે દિશામાં ઉગવા માંડે. આ રીતે બધું જ ઊંધું–ચત્તું થઈ જાય અને આ વિશ્વ એક અંધેરીનગરીના રૂપમાં પલટાઇ જાય; પણ તેમ બનતું નથી, એ સૂચવે છે કે આ વિશ્વમાં કારણ અને કાર્યનો નિયમ અબાધિતપણે પ્રવર્તે છે અને તેથી જેવી પ્રવૃત્તિ તેવું જ પરિણામ આવે છે. વધારે સ્પષ્ટ કહીએ તો વ્યવસ્થિત રીતે કરેલી પ્રવૃત્તિનું કંઈ પરિણામ ન આવે એમ બનતું જ નથી.

મૂળ ન હોય તો થડ ઉગતું નથી કે ડાળા–ડાળીનો વિસ્તાર થતો નથી, તેમ કોઇ વસ્તુની સ્પષ્ટ, વ્યક્ત કે પ્રબળ ઇચ્છા આપણા અંતરમાં પ્રકટે નહિ, ત્યાં સુધી તે માટે પ્રયત્નો શરૂ થતા નથી અને તેથી તેનું કંઈ પણ પરિણામ આવતું નથી. એટલે આવશ્યક એ છે કે **આપણે શું કરવા ઈચ્છીએ છીએ ? તે આપણા મનમાં સ્પષ્ટ થવું જોઈએ અને તે પરત્વે પૂરતું ચિંતન કરવું જોઈએ.**

શ્રીમદ્ રાજચંદ્રનું એક લઘુચરિત્ર લખતાં અમને શતાવધાની થવાની ઇચ્છા થઇ અને તે દિનપ્રતિદિન પ્રબળ બની. એ સંબંધી વિશેષ જાણવા શ્રીમદ્જીના એક–બે અનુયાયીઓને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે ‘એ તો કુદરતી બક્ષીસનો સવાલ છે. શતાવધાન કંઇ શીખ્યો શીખાય એવો વિષય નથી.’

આ જવાબથી શતાવધાન શીખવાનો અમારો ઉત્સાહ ઠંડો પડી ગયો, પણ જ્યારે અમે એમ જાણ્યું કે પ્રજ્ઞાચક્ષુ **પંડિતશ્રી ગટુલાલજી** તથા વિદ્વદ્વર્ય **પંડિતરત્ન શ્રી રત્નચંદ્રજી** મહારાજ શતાવધાનની વિદ્યાથી વિભૂષિત હતા અને હાલમાં **મુનિરાજશ્રી સંતબાલજી** વગેરે શતાવધાની તરીકે પ્રસિદ્ધ છે, ત્યારે અમારા અંતરમાં પુનઃ ઉત્સાહ પ્રકટ્યો અને અમારી ઇચ્છા ઘણી તીવ્ર બની ગઇ.

એવામાં અમદાવાદ મુકામે કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજ સાથે મુનિરાજશ્રી **સંતબાલજી**નું આગમન થયું. અમે અતિ ઉત્સુકતાથી તેમનો સંપર્ક સાધ્યો અને તેમણે કૃપાવંત થઇને શતાવધાનના વિષયમાં કેટલુંક માર્ગદર્શન આપ્યું. પછી તો તેની ધૂન લાગી અને સતત ચિંતન તથા પુરુષાર્થના યોગે અમે માત્ર એક જ વર્ષના ગાળામાં શતાવધાનના પ્રયોગો કરવા શક્તિમાન થયા. તા. ૨૯–૯- ૩૫ના ના રોજ વીજાપુર (ઉત્તર ગુજરાત) ની જનતા સમક્ષ પૂરાં સો અવધાન કરી બતાવતાં ત્યાંનો જૈન સંઘ ઘણો જ ખુશ થયો અને તેણે સુવર્ણચંદ્રક તથા ૩૨ સંસ્કૃત શ્લોકોની પ્રશસ્તિ સાથે **'શતાવધાની'**નું બિરુદ અર્પણ કર્યું.

અમે શતાવધાનના પ્રયોગો ભારતનાં ઘણાં શહેરોમાં જાહેર જનતા તથા શૈક્ષણિક સંસ્થાઓ સમક્ષ કર્યા છે, એટલું જ નહિ પણ તે અંગે ઊંડું સંશોધન પણ કરેલું છે અને તેથી આ પ્રયોગો ઘણા લોકપ્રિય બન્યા છે. આ પ્રયોગો શીખી શકાય એવા છે, એ એક હકીકત છે અને તે અમે

૨૧ જેટલા શતાવધાનીઓ તૈયાર કરીને પુરવાર કર્યું છે. આથી ઘણા લોકો તો માત્ર અમને 'શતાવધાની' તરીકે જ ઓળખે છે.

સાહિત્યનું વિપુલ સર્જન પણ અમારી પ્રબલ ઇચ્છા અને પ્રયત્નોની પરંપરાને આભારી છે. તેમાં ઘણા ખાડા–ટેકરા આવ્યા છે, પણ અમે હિમ્મત હાર્યા નથી કે અમારા આ પ્રિય વિષયને જરાએ અવમાન્યો નથી. પરિણામે સને ૧૯૫૯ના નવેમ્બર માસની ૨જી તારીખે જૈનાચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મહારાજની પ્રેરણાથી દાદરમાં એકત્ર થયેલ વિશાળ જનસમૂહ સમક્ષ તે વખતના મુંબઈ રાજ્ય વિધાનસભાના માનનીય સ્પીકર શ્રી એસ. એલ. સીલમની અધ્યક્ષતામાં મુંબઈના માજીમેયર શ્રી ગણપતિશંકર દેસાઈના હાથે '**સાહિત્યવારિધિ**'નો સુવર્ણચંદ્રક અર્પણ થયો હતો અને મુંબઈની સંખ્યાબંધ સંસ્થાઓએ પુષ્પહાર કરી બહુમાન કર્યું હતું.×

શતાવધાનમાં ગણિતનો કેટલોક વિષય આવે છે, તે પરથી તેમાં રસ જાગ્યો અને તેમાં વધારે ઊંડા ઉતરવાની ઇચ્છા થઈ. તમે માનો કે ન માનો પણ સાતના આંકડામાં છૂપાયેલું રહસ્ય શોધવા માટે અમે રાત્રિદિવસ જોયા વિના એક લાખથી પણ વધારે દાખલા ગણેલા છે. આગળ જતાં આ વિષયમાં કેટલીક પ્રગતિ જરૂર થઈ,

× આ પ્રસંગને અનુલક્ષીને શ્રી નાગકુમાર મકાતીએ 'શબ્દ-બ્રહ્મના પરમ ઉપાસક શ્રી ધીરજલાલભાઈ' નામનો લેખ લખ્યો હતો.

પરિણામે **'ગણિત-ચમત્કાર'** **'ગણિત-રહસ્ય'** અને **'ગણિત-સિદ્ધિ'** એ ત્રણ ગ્રંથો લખવાને સમર્થ થયા, એટલું જ નહિ પણ તેના કેટલાક રહસ્યમય અદ્ભુત પ્રયોગો જાહેર જનતા સમક્ષ એકથી વધુ વાર કરી બતાવતાં સને ૧૯૬૬માં સુરત ખાતે સંઘસમૂહ દ્વારા ત્યાંના શ્રીમાન્ નગર-શેઠના હાથે **'ગણિત-દિનમણિ'** નામની પદવી પામ્યા.

ત્યારબાદ બીજા જ વર્ષે એટલે સને ૧૯૬૭માં મધ્ય-પ્રાંત-રાયપુર ખાતે થયેલ એક વિશિષ્ટ સમારોહમાં અવધાન-પ્રયોગો તથા ગણિતસિદ્ધિના પ્રયોગો કરી બતાવતાં ત્યાંની મહાકોશલ જૈન સંઘસમિતિએ **'વિદ્યાભૂષણ'**ની ઉપાધિ આપી આનંદ વ્યક્ત કર્યો હતો. આ વખતે ત્યાંના પત્રકાર-સમૂહે માગણી કરતાં આ પ્રયોગોનું વૈજ્ઞાનિક રહસ્ય તેમને સમજાવવામાં આવ્યું હતું અને તેને લગતા સંખ્યાબંધ પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો આપ્યા હતા.

અહીં એ પણ જણાવી દઈએ કે મંત્રશાસ્ત્રમાં પ્રવેશ કરવો સહેલો નથી, પણ પ્રબળ ઇચ્છાએ તેમાં પણ પ્રવેશ મેળવ્યો, તેનો રસ દિનપ્રતિદિન વધતો જ ગયો અને તે છેવટે ગ્રંથલેખનમાં પરિણમ્યો. અમે અત્યાર સુધીમાં **'મંત્ર વિજ્ઞાન'** **'મંત્રચિંતામણિ'** તથા **'શ્રીનમસ્કાર મંત્રસિદ્ધિ'** એ ત્રણ મંત્રવિષયક ગ્રંથો જનતાને આપ્યા છે અને હવે **'મંત્રદિવાકર'** આપવાની તૈયાર કરી રહ્યા છીએ. મંત્રાનુષ્ઠાનો અંગે અહીં વિશેષ લખવું નથી, પણ તે ઘણી વાર કર્યાં છે અને તેનાં પરિણામો લાભકારક આવ્યાં છે.

અમારું મન વિદ્યા પ્રત્યે અનેરું આકર્ષણ અનુભવતું જ રહ્યું છે અને તેથી જુદી જુદી વિદ્યાઓ વિષે જ્યારે પણ જાણવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, ત્યારે તેનો ઉપયોગ કર્યા વિના રહ્યા નથી. સને ૧૯૩૯ની સાલમાં અમારે ત્યાં અમદાવાદવાળા પ્રો. આર. એમ. શાહ આવવા લાગ્યા, ત્યારે તેમની પાસેથી અમે ૪૦ જેટલા જાદુના પ્રયોગો શીખ્યા હતા, જો કે આ પ્રયોગો અમે કોઈ વાર જાહેર સ્ટેજ પર કર્યા નથી અને કરવાની ભાવના રાખતા નથી. માત્ર જિજ્ઞાસા સંતોષવા જ એ પુરુષાર્થ અમે કર્યો હતો.

તાત્પર્ય કે ઇચ્છા હોય અને પ્રયત્ન થાય, તો સર્વ કંઈ બની શકે છે.

ઈલા વ્હીલર વિલ્કોકસે એક સ્થળે કહ્યું છે કે **'જે વસ્તુની તું ઇચ્છા રાખે છે અને જે તારા આત્મા તથા તારા અસ્તિત્વ માટે આવશ્યક છે, તે દૂરથી તારી પ્રતીક્ષા કરી રહી છે. તું તેને પાત્ર બન, તેને બોલાવ, એટલે તે તારી પાસે આવશે.'**

[૮]

પુરુષાર્થની બલિહારી

સંકલ્પને સિદ્ધ કરવામાં પુરુષાર્થ અનેરો ભાગ ભજવે છે. વધારે સ્પષ્ટ કહીએ તો તમે અમુક પ્રકારનો સંકલ્પ કરો, પણ તેને અનુસરતો પુરુષાર્થ ન કરો તો એ સંકલ્પ સિદ્ધ થતો નથી.

અહીં વિચારવાનું એ છે કે જ્યારે જીવનનો સામાન્ય વ્યવહાર પણ પુરુષાર્થ વિના સિદ્ધ થતો નથી, ત્યારે કોઈ મહાન સંકલ્પ પુરુષાર્થ વિના સિદ્ધ શી રીતે થઈ શકે ? ઘરમાં અનાજ ભર્યું હોય; આટો–દાળ પડેલા હોય; ઘી, તેલ, ગોળ, સાકર તેમજ વિવિધ પ્રકારના મસાલા પણ તૈયાર હોય તથા શાક–ભાજીનો ટોપલો પણ પડેલો હોય, પરંતુ હાથ હલાવીએ નહિ કે પગ ચલાવીએ નહિ, તો રસોઈ બને ખરી? અને આપણી ક્ષુધા તૃપ્ત થાય ખરી ? અરે ! છાતી પર બોર પડેલું હોય, તે પણ મુખમાં મૂકવું હોય તો પુરુષાર્થ કરવો પડે છે.

કેટલાક ભાગ્યની વાત કરે છે, પણ ભાગ્ય સારું છે કે

ખરાબ છે ? તે જાણવા માટે પણ પુરુષાર્થનો આશ્રય લેવો પડે છે. તમારા ઘરના અમુક ભાગમાં ધન દટાયેલું છે, એવી ખબર પડયા પછી તમે શું કરો ? 'એને બહાર આવવું હશે તો આવશે' એવો વિચાર કરીને બેસી રહો કે હાથમાં કોદાળી–પાવડો લો ? જો તમે હાથમાં કોદાળી–પાવડો લેવા તૈયાર ન હો, તો તમારું ભાગ્ય પાછું ઠેલાય એ નિર્વિવાદ હકીકત છે.

તાત્પર્ય કે જે મનુષ્યને આગળ વધવું છે, ઉન્નતિ સાધવી છે, તેણે પુરુષાર્થનું આલંબન અવશ્ય લેવું જોઈએ.

પ્રયત્ન કે પ્રયાસની પરંપરા પુરુષાર્થને લીધે જ સંભવે છે. જ્યાં પુરુષાર્થ નથી, ત્યાં પ્રયત્ન–પ્રયાસ કેવો ?

ભારતના પીઢ નીતિકારો કહે છે કે—

निद्रालस्यसमेतानां, क्लीबानां क्व विभूतयः ? ।
सुसत्त्वोद्यमसाराणां, श्रियः पुंसां पदे पदे ॥

'નિદ્રા અને આલસથી યુક્ત બાયલાઓને (ધન, સંપત્તિ, અધિકાર, યોગ્યતા, વિકાસ આદિ) વિભૂતિઓ કયાંથી મળે ? એ તો જે પુરુષો ઉદ્યમી અને પરાક્રમી છે, તેમને માટેજ સરજાયેલી છે. તેઓ ડગલે ડગલે (જ્ઞાનલક્ષ્મી, યશલક્ષ્મી, ધર્મલક્ષ્મી, અર્થલક્ષ્મી વગેરે) લક્ષ્મી પામે છે.'

નિદ્રા, આળસ વગેરે પ્રમાદનાં અંગો છે અને પ્રમાદ એ આપણો પરમ દ્વેષી છે. અન્ય શબ્દોમાં કહીએ તો આપણા માટે કાતિલ ઝેર સમાન છે. જો તે આપણા શરી-

રમાં પેઠો તો આપણને ભયંકર નુકશાન કર્યા વિના રહેતો નથી. વિશેષમાં તે પુરુષાર્થને પાંગળો બનાવી દે છે, એટલે આપણી ઉન્નતિનાં સર્વ દ્વારો રૂંધાઈ જાય છે અને આપણે અવનતિના ઉંડા ખાડામાં અવશ્ય સબડવું પડે છે.

આર્ય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર ભગવાન મહાવીરે પોતાના પટ્ટશિષ્યને ઉદ્દેશીને કહ્યું હતું કે 'समयं गोयम मा पमायए—હે ગૌતમ ! તું સમય માત્ર પ્રમાદ કરીશ નહિ.' અહીં સમય શબ્દથી કાલનો અતિ સૂક્ષ્મ ભાગ સમજવો કે જેના કલ્પનાથી પણ બે ભાગો થઈ શકે નહિ. વિશેષમાં તેમણે કહ્યું હતું કે 'શરીર ક્ષણભંગુર છે અને આયુષ્યનો દોર ક્યારે તૂટી જશે? તે કહી શકાતું નથી. જે વખત હાથ પર છે, તેનો બને તેટલો સદુપયોગ કરી લેવો. તેની એક પણ ક્ષણ નકામી જવા દેવી નહિ.'

આ શબ્દો ઉપર આપણે પૂર્ણ વિચાર કરવા જેવો છે. જો આ જીવનમાં ઉન્નતિ સાધવી હોય, કોઈ મહાન કાર્ય કરવું હોય તો આપણે વધારે પડતી ઊંઘ, આળસ તથા એદીપણું છોડીને નિયત કાર્યમાં લાગી જવું જોઇએ અને તેમાં બને તેટલો પુરુષાર્થ અજમાવવો જોઇએ.

કેટલાક કહે છે કે 'અમે પુરુષાર્થ કરવા તો ઇચ્છીએ છીએ, પણ સમય અનુકૂળ નથી, સાધનની તંગી સતાવે છે તથા અમને અન્ય લોકોનો જેટલો સાથ–સહકાર મળવો જોઇએ, તે મળતો નથી.' તેમને ઉદ્દેશીને એક વિદ્વાને કહ્યું છે કે—

विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधि–
र्विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।
तथाप्याजौ रामः सकलमवधीद्राक्षसकुलं,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

'લંકા જેવો સુરક્ષિત દેશ જિતવાનો હતો, સમુદ્રને હાથે–પગે તરવાનો હતો, સામે રાવણ જેવો મહાબળિયો શત્રુ હતો અને રણક્ષેત્રમાં મદદ કરનારા મહાન યોદ્ધાઓ નહિ, પણ માત્ર વાનરો જ હતા; તોપણ શ્રીરામે સકલ રાક્ષસકુલને ઝપાટામાં જિતી લીધું, તેથી એ વાત નક્કી છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન–સંયોગો પર નહિ, પરંતુ પોતાના પુરુષાર્થ ઉપર જ છે.'

घटो जन्मस्थानं मृगपरिजनो भूर्जवसनं,
वने वासः कन्दैरशनमतिदुःस्थं वपुरिति ।
इतीदृक्षोऽगस्त्यो यदपिबदपारं जलनिधिं,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

'ઘડામાં જન્મ્યા હતા, પરિવારમાં પશુઓ હતા, પહેરવામાં ભૂર્જવૃક્ષની છાલ હતી, વસવાટ જંગલમાં હતો, ખાવા માટે વૃક્ષ–વેલીના કંદ હતા અને શરીર પણ ઘણું કઢંગુ કે વામણું હતું. આવા વિચિત્ર–સાધન–સ્થાન સમયમાં રહેલા અગસ્ત્ય ઋષિ અપાર એવા જલનિધિને ગટગટાવી ગયા, તેથી એ વાત નક્કી છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન–સંયોગો પર નહિ, પરંતુ પોતાના પુરુષાર્થ ઉપર જ છે.'

ધૂળધોયા કે જેમનામાં કોઇ વિશેષતા હોતી નથી, તેઓ આખો દિવસ પુરુષાર્થ કર્યા કરે છે, તો ધૂળમાંથી સોનું મેળવે છે અને એ રીતે પોતાનો નિર્વાહ કરે છે, તો સુજ્ઞ, સંસ્કારી કે બુદ્ધિમાન મનુષ્યોનું તો કહેવું જ શું ? તેઓ પૂરતો પુરુષાર્થ કરે તો જલ ત્યાં સ્થલ તથા સ્થલ ત્યાં જલ કરી શકે છે.

ચંદ્રલોકમાં મનુષ્ય પહોંચી શકે એ વાત માનવા આજથી પચાસ વર્ષ પહેલાં કોઇ તૈયાર ન હતું, પણ હવે તેની શકયતા સ્વીકારવા લાગી છે અને તમે જોઈ શકશો કે થોડાં જ વર્ષોમાં મનુષ્ય ચંદ્રલોકનો યથેચ્છ પ્રવાસ કરી શકશે અને તેના સમસ્ત પ્રદેશ પર પોતાના પગલાં પાડી શકશે. મંગલ અને શુક્રના ગ્રહોનું પણ એમ જ સમજવું. કદાચ ત્યાં પહોંચતા થોડા દશકાઓ વીતી જશે કે એકાદ સદી જેટલો સમય લાગશે, પણ ત્યાં પુરુષાર્થી મનુષ્યો અવશ્ય પહોંચી જશે અને ત્યાં કેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે, તેની વિશ્વાસપાત્ર માહિતી મેળવશે.

ભારતનાં છસો દેશી રજવાડા લોકશાહી ગણતંત્રમાં ભળી જાય, એ વાતને પ્રથમ કોણ શકય માનતું હતું ? પીઢ મુસદ્દીની ખ્યાતિ પામેલા અંગ્રેજ અમલદારો તો એમ જ માનતા હતા કે આ કામ કોઇ કાળે બનવાનું નથી અને ભારતમાં લોકશાહી ગણતંત્રનો પ્રયોગ હરગીઝ સફલ થવાનો નથી. પણ ભારતના લોખંડી પુરુષ **સરદાર વલ્લભભાઈ પટેલે** એ પ્રશ્ન હાથ ધર્યો અને પ્રબળ સંકલ્પશક્તિ, અસાધારણ પુરુષાર્થ તથા અજબ કુનેહનો ઉપયોગ કરી તેનો

ઉકેલ આણી દીધો. પરિણામે ભારતમાં લોકશાહી ગણતંત્ર રાજ્ય સ્થપાયું અને તે આજે ઓગણીસ વર્ષથી ચાલી રહ્યું છે.

નેપોલિયન બોનાપાર્ટે પોતાની દૃઢ સંકલ્પશક્તિ તથા અજબ પુરુષાર્થના યોગે અશકય મનાતાં અનેક કાર્યો કરી બતાવ્યાં હતાં. તેનું એ સ્પષ્ટ મંતવ્ય હતું કે 'શબ્દ-કોષમાંથી 'અશકય' શબ્દ ભૂંસી નાખવો જોઈએ.'

એન્ડ્રયુ કાર્નેગી, હેન્રીફોર્ડ, રોકફેલર વગેરે મહાન ઉદ્યોગપતિઓની ખ્યાતિ પામ્યા, તે તેમના ખંતીલા પુરુષાર્થી સ્વભાવનું જ પરિણામ હતું.

ગુજરાતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ **શેઠ મફતલાલ ગગલભાઇ**ની જીવનકથા પણ પુરુષાર્થની જ પ્રશસ્તિ છે. અને તાજેતરમાં જેમણે ક્રોડો રૂપિયાની સખાવત કરી, તે એમ. પી. શાહ એટલે **શ્રી મેઘજી પેથરાજ શાહ** પણ તદ્દન સામાન્ય સ્થિતિમાંથી જ પુરુષાર્થના બળે આગળ વધ્યા હતા અને આફ્રિકામાં વસી માલેતુજાર બન્યા હતા. **શેઠ નાનજી કાલીદાસ**ની આત્મકથા પણ આ જ વસ્તુ કહી જાય છે. આવા દાખલાઓ આપણને એમ સૂચવે છે કે મનુષ્ય ભલે સામાન્ય કુટુંબમાં જન્મ્યો હોય કે સાવ સાધારણ સ્થિતિનો હોય, પણ તે ખંત રાખીને પુરુષાર્થ કર્યા કરે તો ઊંચો આવે છે અને એક દિવસ અગ્રગણ્ય પુરુષોની પંક્તિમાં વિરાજે છે.

પુરુષાર્થનાં પાંચ પગથિયાં છે, તે આપણે બરાબર

જાણી લેવા જોઈએ. તેથી આપણો માર્ગ ઘણો સરળ બનશે અને આપણે વ્યવસ્થિત રીતે આગળ વધી શકીશું.

પુરુષાર્થનું પહેલું પગથિયું **ઉત્થાન** છે. ઉત્થાન એટલે આળસ મરડીને ઊભા થવું, જડતા ખંખેરીને જાગ્રત થવું, નિરાશાનો ત્યાગ કરવો કે પ્રમાદનો પરિહાર કરીને કર્તવ્ય બજાવવા તત્પર થવું.

જેઓ આળસુ છે, એદી છે, અમારું કામ બીજો કોઈ કરી આપે એમ માનનારા છે, તેઓ પુરુષાર્થ શી રીતે કરવાના ?

આવી જ અનિચ્છનીય સ્થિતિ જડસુઓની છે. તેમનું મગજ જડતાથી એટલું ભરાઈ ગયેલું હોય છે કે કોઈ સાચી કે સારી વાત તેમને સૂઝતી નથી, પછી પુરુષાર્થ કરવાની વાત તો સૂઝે જ ક્યાંથી ?

કેટલાક માણસો વાતવાતમાં નિરાશ કે નાસીપાસ થાય છે. તેમને કોઈ વાત આશાસ્પદ લાગતી નથી અને તેથી તેમાં તેમની શ્રદ્ધા જાગતી નથી. તેઓ પ્રચંડ પુરુષાર્થ કરવા માટે શી રીતે તત્પર થાય ?

પોતાનું ધ્યેય ભૂલનારો, સાધ્ય ચૂકી જનારો પ્રમાદી ગણાય છે. તે પ્રમાદ રૂપી ખાબોચિયામાં પડ્યો રહે છે અને તેમાં જ આનંદ માણે છે. તેને પુરુષાર્થ કરવાનો ઉત્સાહ ક્યાંથી જાગે ?

તાત્પર્ય કે આળસ ઉડાડીએ, જડતાને ખંખેરી નાખીએ, નિરાશા કે નાસીપાસીને દૂર કરીએ અને પ્રમાદનો પરિહાર

કરીએ તો જ ઉઠીને ઊભું થવાય છે અને એ રીતે પુરુષાર્થનું પહેલું પગથિયું મંડાય છે.

પુરુષાર્થનું બીજું પગથિયું **કર્મ** છે. કર્મ એટલે નિશ્ચયપૂર્વક કામે લાગી જવું, ઉદ્યમ કરવા મચી પડવું કે કર્તવ્યનો સ્વીકાર કરવો.

ઉઠીને ઊભા તો થયા, પણ નિશ્ચયપૂર્વક કામે ન લાગ્યા કે ઉદ્યમ કરવા મચી ન પડ્યા કે વિહિત–કર્તવ્યનો સ્વીકાર ન કર્યો, તો સફળતા શી રીતે મળવાની? કેટલાક રખડૂ કે બેદરકાર વિદ્યાર્થીઓને માતાપિતા નિશાળે ધકેલે છે, એટલે તેઓ નિશાળે જાય છે ખરા, પણ ત્યાં વિદ્યાર્જનનો ઉદ્યમ કરતા નથી કે 'મારે સારી રીતે ભણવું જોઈએ' એ વાતનો સ્વીકાર કરીને ચાલતા નથી, તો શું પરિણામ આવે છે? વર્ગની સહુથી છેલ્લી પાટલીઓ તેમને માટે અનામત રહે છે અને ત્રણ–ત્રણ કે ચાર–ચાર વર્ષ સુધી તેઓ એ પાટલીઓ છોડતા નથી.

પુરુષાર્થનું ત્રીજું પગથિયું **બલ** છે. બલ એટલે સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી તથા મનના બળને રેડવું, તેમાં પ્રાણ પૂરવો.

ઉઠીને ઊભા થયા, તેમજ કામે લાગ્યા, પણ હાથપગ જોઈએ તેવા હલાવીએ નહિ કે તે માટે કોઈને બે વચનો કહેવાં જેવાં હોય તે કહીએ નહિ કે તેની પ્રગતિ માટે કશો વિચાર કરીએ નહિ, તો એ કામમાં લાભ શી રીતે થાય?

સજ્જન મનુષ્યનું તો એજ લક્ષણ છે કે એક વખત

કાર્યની જવાબદારીનો સ્વીકાર કર્યો કે તેમાં જરા પણ બેદરકારી કે લાપરવાહી કરવી નહિ. પોતાની સમગ્ર શક્તિથી એ કામ પાર પાડવું.

પુરુષાર્થનું ચોથું પગથિયું **વીર્ય** છે. વીર્ય એટલે સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉત્સાહ રાખવો કે ઉમંગ ધરાવવો.

ઉઠીને ઊભા થયા, કામે લાગ્યા અને હાથ–પગ હલાવવા લાગ્યા, પણ મનમાં કોઈ જાતનો ઉલ્લાસ કે આનંદ ન હોય તો એ કામ વેઠ જેવું થઈ પડે અને તેથી લાંબો સમય ચાલે નહિ. આજની સંસ્થાઓમાં પરાણે પ્રમુખ થનારા કે શરમાશરમીથી મંત્રીપદનું ધોંસરૂં ગળે ભરાવનારાઓની આખરે શી હાલત થાય છે? તે આપણા કોઈથી અજાણી નથી. અંતરનો ઉલ્લાસ એ જુદી જ વસ્તુ છે. તેમાં શ્રમ થવા છતાં શ્રમ જણાતો નથી કે સાધન–સંયોગોની કોઈ ફરિયાદ કરવાની હોતી નથી. સાધન ગમે તેવાં ટાંચાં હોય કે સંયોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય, પણ અંતરનો ઉલ્લાસ એ બધાને પહોંચી વળે છે. તેથી જ સફલતાના એક સિદ્ધાંત તરીકે વીર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પુરુષાર્થનું પાંચમું પગથિયું **પરાક્રમ** છે. પરાક્રમ એટલે અંતરાયો, મુશ્કેલીઓ કે વિઘ્નો સામે ધૈર્યપૂર્વક ઊભા રહેવું અને તેમને ઓળંગી જવાની વીરતા બતાવવી.

આપણે કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરીએ, એટલે તેમાં એક યા બીજા પ્રકારના અંતરાયો કે વિઘ્નો તો આવે જ

છે અને આપણી પેલી જાણીતી કહેવત અનુસાર 'સારાં કામમાં સો વિઘન' એટલે જે કામ વધારે સારાં હોય, તેમાં વધારે વિઘ્નો આવે છે. જો તેનાથી ડરી ગયા, હિમ્મત હારી ગયા તો આપણું કર્યું-કારવ્યું ધૂળમાં મળે છે અને આપણે નામોશી ભોગવવી પડે છે. તેથી જરૂરનું એ છે કે એક પ્રવૃત્તિ ઉપાડયા પછી અને તેમાં આગળ વધ્યા પછી, ગમે તેવો અંતરાય આવે, ગમે તેવી મુશ્કેલી ઊભી થાય કે ગમે તેવું વિઘ્ન ટપકી પડે, તો હિમ્મત હારવી નહિ, પણ ધૈર્ય રાખીને તેને ઓળંગી જવાના ઉપાયો શોધવા અને આપણને એવા ઉપાયો ન જડે તો બીજા ડાહ્યા માણસોની સલાહ લેવી, પણ તેનો એકદમ ત્યાગ કરવો નહિ.

કેટલાક માણસો કહે છે કે 'આ કામ શરૂ કર્યું ત્યારથી જ મુશ્કેલીઓ આવવા લાગી છે. એ બધી મુશ્કેલીઓને પાર કરી તો ય છેડો આવતો નથી, તો હવે તેમાં સફલતા શી રીતે મળવાની ?' પણ ઓગણીસ ગણતાં સુધી વીશનો આંક આવતો નથી, એટલે તે હવે પછી નહિ આવે, એમ કહી શકાય ખરું ? તાત્પર્ય કે અત્યાર સુધી વિઘ્નો ભલે આવ્યાં, પણ સંભવિત છે કે હવે પછી વિઘ્નો બિલકુલ ન આવે અને આપણે સફળતાની સમીપે પહોંચી જઈએ.

એક માણસે 'અમુક જમીનમાંથી સોનું નીકળશે' એવો એક ભૂસ્તરશાસ્ત્રીનો ચોક્કસ અભિપ્રાય જાણીને તે જમીન ખરીદી લીધી અને તેમાં ખોદકામ શરૂ કર્યું. તે માટે કેટલાંક યંત્રો વસાવ્યાં અને બીજી પણ જે જે સગવડો

કરવાની જરૂર હતી, તે બધી સગવડો કરી લીધી. પરંતુ ભૂસ્તરશાસ્ત્રીએ કહેલી ઊંડાઈ સુધીમાં સોનું નીકળ્યું નહિ. તેનાથી થોડું વધારે ખોદ્યું તો તેમાં પણ સોનાની માટીનાં દર્શન થયાં નહિ. આખરે તેણે કંટાળીને એ જમીન તથા બધો માલ–સામાન મોટી નુકશાની ખમીને વેચી નાખ્યો અને તેમાંથી ફારેગ થયો. હવે જેણે આ જમીન તથા માલ–સામાન ખરીદ્યો હતો, તેણે તો એક જ ગણતરી કરી કે 'તેણે ખોદ્યું એટલું આપણે ખોદવું નહિ પડે, માટે ખોદવાનું ચાલુ રાખવું.' અને ત્યાંથી માત્ર દશ ફુટ નીચે ખોદતાં જ સોનાની માટી મળી આવી અને સોનાની ખાણ શરૂ થઈ ગઈ. તેમાંથી સોનું બનાવતાં તે માલેતુજાર બની ગયો.

તાત્પર્ય કે એક શુભ સંકલ્પ કર્યા પછી અને તે અંગે પુરુષાર્થ આદર્યા પછી ગમે તેવાં વિઘ્નો આવવા છતાં તેને છોડવો નહિ, તે પરાક્રમનું સાચું સ્વરૂપ છે.

પુરુષાર્થનો ચમત્કાર અમે અમારા જીવનમાં બરાબર નિહાળ્યો છે. તે અંગે અહીં થોડો ઈશારો કરવો ઉચિત છે.

ગામડા ગામમાં એક અતિ સામાન્ય સ્થિતિના કુટુંબમાં જન્મ થયો. આઠ વર્ષની ઉંમરે પિતાશ્રી મરણ પામ્યા અને અમારા પૂજ્ય માતુશ્રીને વૈધવ્યના દિવસો પસાર કરવાનો વખત આવ્યો. તે વખતે અમારે બે બહેનો હતી, પણ તેમની ઉમર ઘણી નાની હતી, એટલે ઘણાંખરાં કામમાં અમારે જ મદદ કરવી પડતી.

અમે તળાવે જઇ પાણી ભરી લાવતા, ગાય–ભેંસના

ઘણુમાં જઈ છાણુ લઈ આવતા અને જ્યારે કાલાં-કપાસની મોસમ શરૂ થતી, ત્યારે સવારથી સાંજ સુધી કાલાં ફોલતાં અને એ રીતે થોડા મહિનાની આજીવિકા મેળવી લેતા.

જો આ વખતે અમારા માતુશ્રી નશીબને દોષ દઈ ને બેસી રહ્યા હોત કે 'હાય મારું ભાગ્ય ફૂટયું' એવો કલ્પાંત કરવામાંથી ઊંચા આવ્યા ન હોત, તો અમારી હાલત અત્યંત બૂરી થાત. પણુ તેમણે ધાર્મિક વિચારોથી પોતાનું મન વાળી જાતમહેનત કરવા તરફ લક્ષ્ય આપ્યું અને કાળી મજૂરી કરવા માંડી. રોજનું દશ કીલો ધાન્ય દળવું, પાંચ-સાત પાણીનાં બેડાં ભરી લાવવાં તથા લોકોનાં ભરત-ગુંથણુ કરી આપવાં, એ તેમનો રોજનો ક્રમ બની ગયો હતો. આવી કાળી મજૂરી કરતાં શરીર લથડયું, છતાંય તેમણે જાતમહેનત છોડી ન હતી.

જાતમહેનત-પુરુષાર્થ એ અમારો જીવનમંત્ર બની ગયો હતો, એટલે અમે પણુ બધી જાતનાં કામો કરતા હતા અને તેમાં જરાય શરમ કે સંકોચ અનુભવતા ન હતા. એક વાર રજાના દિવસોમાં બે રૂપિયા નફો મળે તે માટે કેરીનો એક ટોપલો સુરેન્દ્રનગરથી દાણુાવાડા સુધી એટલે સાત માઇલ ઉચકી લાવેલા.

અમદાવાદના જે છાત્રાલયમાં રહીને અમે વિશેષ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા, ત્યાં પણુ ઘણું કામ હાથે કરવાનું હતું, એટલે અમારી પુરુષાર્થની ભાવના જાગ્રત રહી અને તે અમારા ભાવી જીવનમાં ખૂબ ઉપયોગી નીવડી.

અમે વિદ્યાભ્યાસ છોડી વ્યવસાયમાં પડ્યા, ત્યારે અમારી પાસે ૦ રૂા–૦ આના–૦ પાઈની મૂડી હતી, છતાં પુરુષાર્થના યોગે ધીમે ધીમે ઉપર આવ્યા અને આજે પણ પુરુષાર્થ કરવામાં જ મજા માનીએ છીએ. દિવસના બાર–ચૌદ કલાક એકધારું કામ કરવું, એ તો અમારા માટે સહજ બની ગયું છે.

અમારો એવો દૃઢ વિશ્વાસ છે કે **જેઓ શુભ-નિષ્ઠાથી સતત પુરુષાર્થ કરે છે, તેના સંકલ્પની સિદ્ધિ થયા સિવાય રહેતી નથી.**

[૯]

આશાવાદી બનો

કોઈપણ પ્રવૃત્તિ કે કાર્ય અંગે ઇચ્છા કે સંકલ્પ કર્યા પછી પ્રયત્નો શરૂ થાય છે, પુરુષાર્થ અજમાવવામાં આવે છે, પણ અંતર આશાવાદી ન હોય તો એ પ્રયત્નો—એ પુરુષાર્થ મંદ પડી જાય છે, અથવા તો તેનો એકાએક અંત આવી જાય છે; તેથી આશાવાદી બનવાની અત્યંત જરૂર છે.

અહીં અમે એટલું ભારપૂર્વક કહેવા ઇચ્છીએ છીએ કે 'જીવનમાં તમે ગમે તે વાદ (Theory) અપનાવજો, પણ ભલા થઈને નિરાશાવાદ અપનાવશો નહિ. જો ભૂલેચૂકે એ વાદને અપનાવ્યો કે એની છાયામાં આવી ગયા, તો તમારી સર્વ આશાઓ પર પાણી ફરી વળશે, તમે એક યા બીજી રીતે પીછેહઠ કરવા લાગશો અને આખરે તમારી સ્થિતિ ગાંભુ ગામ પર ચડાઈ કરવા જનારા દરજીઓ જેવી થઈ પડશે.'

ગાંભુ ગામ પર દરજીઓની ચડાઈ

ગુજરાતના ગાંભુ ગામમાં એક દરજી-કુટુંબનું અપમાન થયું. આ દરજી-કુટુંબે આ બાબતની પોતાની જ્ઞાતિને

ફરિયાદ કરી, એટલે ત્યાંથી થોડે દૂરના એક ગામમાં દરજીની જ્ઞાતિ ભેગી થઇ અને તેણે ગરમાગરમ ચર્ચા પછી એવો નિર્ણય કર્યો કે 'આપણે ગાંભુ ગામ પર ચડાઇ કરવી, તેને ઘેરો ઘાલવો અને ત્યાંના લોકોની સાન ઠેકાણે લાવી દેવી.' પછી પાંચસો જેટલા દરજીઓ હાથમાં ગજ, કાતર તથા બીજું જે કંઇ હથિયાર હાથ આવ્યું, તે લઇને ત્યાંથી ચાલી નીકળ્યા અને ગાંભુ ગામથી માત્ર ત્રણ માઇલના અંતરે આવેલા એક સ્થાને આવી પહોંચ્યા. ત્યાં રાત્રિ ગાળી સવારમાં ગાંભુ પર હલ્લો કરવો, એ તેમની યોજના હતી. તેઓ જુદી જુદી ટુકડીઓ બનાવીને ત્યાં સૂઈ રહ્યા.

હવે રાત્રિનો બીજો પ્રહર વ્યતીત થવા આવ્યો, ત્યાં આગલી ટૂકડીના દરજીઓને વિચાર આવ્યો કે 'આ તો લડાઇ છે, તેમાં સામો હલ્લો થયા વિના રહેવાનો નહિ અને આપણે આગળ હોઇશું તો એ હલ્લો આપણા ઉપર જ થવાનો, માટે આપણે બધાથી છેલ્લે સૂઈ રહીએ, એમાં સલામતી છે.'

ત્યાર પછી જે ટૂકડી આગળ આવી, તેને પણ એવો જ વિચાર આવ્યો, એટલે તે પણ ગુપચૂપ ઉઠીને સહુની પાછળના ભાગમાં ગોઠવાઇ ગઇ. આ રીતે જે ટૂકડીનું સ્થાન આગળ આવ્યું, તે ઉઠીને પાછળ જવા લાગી. આમ આખી રાત ચાલ્યું અને સવાર પડ્યું ત્યાં તેઓ જે ગામથી રવાના થયા હતા, ત્યાં જ આવી પહોંચ્યા! હવે બોલવાનું કંઇ રહ્યું ન હતું, એટલે તેઓ ચૂપચાપ પોતાને સ્થાને ચાલ્યા ગયા.

તાત્પર્યકે મનુષ્ય જ્યાં સુધી આશાવાદી હોય છે, ત્યાં સુધી આગળ વધે છે, સાહસ પણ ખેડે છે અને તેમાં પાર ઉતરી સિદ્ધિ કે સફલતા હાંસલ કરે છે; પણ જ્યાં નિરાશાવાદ ઉત્પન્ન થયો–નિરાશા ઉત્પન્ન થઇ કે તે સલામતી શોધે છે, પીછેહઠ કરવા લાગે છે અને એમ કરતાં એવી સ્થિતિ આવી જાય છે કે જેને આપણે જીવનની નીચામાં નીચી પાયરી કહી શકીએ.

આશાવાદી મનુષ્ય જલતી ચિરાગ જેવો છે. તે આશાથી ઝળહળે છે અને પોતાના સહવાસમાં આવનાર અન્ય વ્યક્તિ-ઓને પણ આશાવાદી બનાવી દે છે. તેની વાતચીત, તેની પ્રવૃત્તિ, તેનો વ્યવહાર આશામય હોય છે અને તેથી તેની મિત્રતા કરીએ કે તેના સહવાસ–સમાગમમાં આવીએ તો આપણો આશાવાદ વૃદ્ધિ પામે છે અને તેથી આપણે સિદ્ધિ કે સફલતા ભણી બે મક્કમ પગલાં વધુ ઝડપથી–વધુ જોરથી ભરી શકીએ છીએ. તાત્પર્ય કે તેથી નિતાંત લાભ જ થાય છે અને આપણે ઉજ્જવલ યશ તથા અનેરા લાભના અધિકારી બનીએ છીએ.

નિરાશાવાદી મનુષ્યની હાલત આથી ઉલટી છે. તેની ચારે બાજુ નિરાશાનો અંધકાર છવાયેલો હોય છે, એટલે તે કોઇ પણ વસ્તુ સ્પષ્ટપણે જોઇ શકતો નથી. તેને સમય અર્થાત્ જમાનો ખરાબ લાગે છે, લોકો વિચિત્ર જણાય છે, વ્યાપાર–ધંધામાં કંઇ કસ જણાતો નથી અને થોડા જ વખતમાં દુનિયામાં મોટી ઉથલપાથલ થશે કે તેના પર કોઇ

ઉલ્કાપાત ઉતરી પડશે, એમ લાગ્યા જ કરે છે. તમે એના સહવાસ–સમાગમમાં આવો તો તમારી આશામાં જરૂર ઓટ આવી જાય, તમારી પ્રગતિકારક યોજનાઓ બાબત તમે અવશ્ય શંકાશીલ બની જાઓ અને કોઇ પણ નવું સાહસ કરવાની હિમ્મત તો રહે જ નહિ!

એ નિરાશાવાદી મનુષ્યની વાતોમાં ઘણા ભાગે તો કોણે પછાડ ખાધી? કોણ માર્યો ગયો? કોનું અનિષ્ટ થયું? કોણે કેવી રીતે નુકશાન કર્યું? એવી જ હકીકતોની હારમાલા હોય છે અને તે આપણી આશારૂપી ઘાસની ગંજી ઉપર આગની ચીનગારીઓ ફેંકતી હોય છે. તેમાં કયા શુભ પરિણામની આશા રાખી શકાય? મતલબ કે આવાઓનો સહવાસ–સમાગમ આપણા માટે ઘણો ખતરનાક નીવડે છે અને તે આપણા જીવનમાં નિરાશાનો ગાઢ અંધકાર ફેલાવી દે છે, તેથી તેમને નવગજના નમસ્કાર કરવા જોઈએ, તેમનાથી બચીને ચાલવું જોઇએ.

સ્વામી રામતીર્થે કહ્યું છે કે 'નિરાશા એ નિર્બલતાનું ચિહ્ન છે.'

ડિઝરાયલી નામના વિચારકે કહ્યું છે કે 'નિરાશા એ મૂર્ખતાનું પરિણામ છે.'

ગ્રેવિલ નામના તત્ત્વચિંતકનો એ અભિપ્રાય છે કે 'લકવો જેમ શરીરને શૂન્ય બનાવી દે છે, તેમ નિરાશાનો ધક્કો મનુષ્યના મસ્તિષ્કને શૂન્ય બનાવી દે છે.'

કેટલાક મનુષ્યો કહે છે કે 'વાસ્તવમાં અમે કંગાલ

છીએ, શક્તિહીન છીએ, અમારા માટે ઉજ્જવલ ભાવી નિર્માણ થયું હોય એવું અમે માની શકતા નથી. અમારા બાપદાદા આવી જ હાલતમાં જીવતા હતા અને અમે પણ આવી જ હાલતમાં જીવીએ છીએ. તમે આશાવાદી થવાનું કહો છો, પણ આશા ઠગારી છે. તે અમને ઠગ્યા જ કરે છે, તેથી અમે તેનો સાથ છોડી દીધો છે. તાત્પર્ય કે આ સંયોગોમાં અમે કોઈ રીતે આશાવાદી બની શકીએ તેમ નથી.'

પરંતુ આ મંતવ્ય યોગ્ય નથી, ઉચિત નથી. જો મનુષ્ય આશાવાદી બને અને પૂરતો પુરુષાર્થ કરે તો ગમે તેવી કાળી કંગાલિયતને મીટાવી શકે છે, પોતાનાં સાધન-શક્તિમાં ધરખમ વધારો કરી શકે છે અને પોતાનું ભાવી ઉજ્જવલ બનાવી શકે છે.

શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે ગરીબ ઘરમાં જન્મ્યા હતા. તેમને રાત્રિએ વાંચવા માટે દીવો કરવાની સગવડ ન હતી, એટલે શેરીઓના મ્યુનિસિપલ દીવાનો ઉપયોગ કરતા હતા. પરંતુ તેઓ આશાનું અમૃત પીઇને ઉછર્યા હતા, એટલે પુરુષાર્થ ચાલુ રાખ્યો અને એક દિવસ ભારતના મહાન સેવક તરીકે ઝળકી ઉઠ્યા. તેમણે સ્થાપેલી 'સર્વન્ટસ્ ઑફ ઈન્ડિયા સોસાયટી' આજે પણ સુંદર કામ કરી રહી છે.

ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ એક સામાન્ય સ્થિતિના હરિજન કુટુંબમાં થયો હતો, પરંતુ તેઓ આશાવાદી હતા અને પુરુષાર્થ કરવા ટેવાયેલા હતા, તેથી અન્ય પાસેથી

છાત્રવૃત્તિઓ મેળવીને પણ આગળ ભણ્યા અને નિષ્ણાત ધારાશાસ્ત્રી બન્યા, તેમજ રાજ્યદ્વારી ક્ષેત્રે પણ ઝળકી ઉઠ્યા. છેવટે તેઓ ભારતના કેન્દ્રિય પ્રધાનમંડળના એક પ્રધાન બન્યા અને ભારતના લોકશાહી ગણતંત્રનું બંધારણ તૈયાર કરવાનું કાર્ય તેમને સોંપાયું. તે કાર્ય તેમણે સફલતાપૂર્વક પાર પાડ્યું અને તેઓ વર્તમાન યુગના મનુ (સંહિતાકાર —કાયદા ઘડનાર) ગણાયા.

શ્રી લાલબહાદુર શાસ્ત્રી કે જે સ્વતંત્ર ભારતના બીજા પંતપ્રધાન બન્યા અને વિશ્વભરમાં એક આદર્શ માનવીની ખ્યાતિ પામ્યા, તે પણ આશાવાદી હોઈને જ ગરીબાઈમાંથી ઊંચા આવ્યા હતા. એક વખત એવો હતો કે જ્યારે તેઓ એક આનો બચાવવા માટે ગંગા નદી તરીને પાર જતા હતા.

આવા દાખલાઓ બીજા અનેક દઈ શકાય એમ છે, અને પાઠકો પોતે પણ આવા કેટલાક દાખલાઓ જાણતા જ હશે, તેથી અહીં તેનો વિશેષ વિસ્તાર કરતા નથી; પરંતુ તેના ઉપસંહારરૂપે એટલું જણાવીએ છીએ કે કંગાલ મનુષ્ય સદાને માટે કંગાલ રહેવાને સર્જાયેલો નથી; શક્તિહીન મનુષ્ય સદાને માટે શક્તિહીન રહેવા સર્જાયેલો નથી. એક પામર મનુષ્ય પણ સમજ કેળવે, દૃઢ સંકલ્પ કરે, આશાવાદી અને અને પ્રચંડ પુરુષાર્થનો આશ્રય લે તો પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકે છે અને પોતાની સર્વતોમુખી ઉન્નતિ સાધી શકે છે.

જેને આશા પર શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી, તેઓ આશાને ભલે ઠગારી કહે, પણ વાસ્તવમાં તે ઠગારી નથી, કોઈને ઠગતી નથી. **મહાત્મા ગાંધીજી**ના શબ્દોમાં કહીએ તો–

'આશા અમર છે,
તેની આરાધના કદી નિષ્ફલ જતી નથી.'

[૧૦]

વિચાર કરવાની ટેવ

સિદ્ધિ કે સફલતા મેળવવા માટે પુરુષાર્થી તથા આશાવાદી બનવું અત્યંત જરૂરનું છે, પણ તેટલાથી જ કામ પૂરું થતું નથી. તે માટે બીજા પણ કેટલાક ગુણો કેળવવા પડે છે, જેમાં વિચારશીલતા કે વિચાર કરવાની ટેવ મુખ્ય છે.

જો વિચાર કરવાની ટેવ પાડીએ તો આપણી સમજણ સુધરતી જાય છે, આપણા જ્ઞાનમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે અને એક ઉત્તમ મનુષ્ય તરીકે જે જે ગુણો મેળવવા જોઈએ, તે બધા ગુણો આપણે મેળવી શકીએ છીએ.

સમજુ, જ્ઞાની તથા ગુણિયલ મનુષ્યને માટે આ જગતમાં શું અલભ્ય છે ? સમજુ મનુષ્ય ગમે તેવી મુશ્કેલી-માંથી માર્ગ કાઢી શકે છે, જ્ઞાની મનુષ્ય ગમે તેવી વિપરીત સ્થિતિમાં પણ મનનું સમતોલપણું જાળવી શકે છે અને ગુણિયલ મનુષ્ય પોતાની ગુણસમૃદ્ધિને લીધે હજારો-લાખો

લોકોનું આકર્ષણ કરી લોકપ્રિયતા મેળવી શકે છે, તથા સિદ્ધિ કે સફલતાને સત્વર પોતાની સમીપે આણી શકે છે.

એ વાત તમે ખાતરીથી માનજો કે કોઈ પણ મનુષ્ય વિચાર કરવાની ટેવ પાડ્યા વિના સમજુ, શાણો, જ્ઞાની કે ગુણિયલ થઈ શકતો નથી.

નાના ફડનવીસ ઘણો સમજુ અને શાણો ગણાયો, કારણ કે તે પ્રત્યેક વસ્તુ પર વિચાર કરવાને ટેવાયેલો હતો. એક વખત એક ઝવેરી પેશ્વાના દરબારમાં આવ્યો અને તેણે પરીક્ષા અર્થે એક હીરો રજૂ કર્યો. તે જોઇને કોઇએ તેનું મૂલ્ય લાખ રૂપિયા કહ્યું, કોઈએ બે લાખ કહ્યું તો કોઈએ ત્રણ, ચાર કે પાંચ લાખ પણ જણાવ્યું. પરંતુ એ જ વખતે એક માખી ઉડીને તે હીરા પર બેઠી. આ જોઈ નાનાફડનવીસે તરત જ વિચાર કર્યો કે આ હીરા પર માખી બેસવાનું કારણ શું? તે જરૂર સાકરનો બનાવેલો લાગે છે, નહિ તો માખી તેના પર બેસે નહિ. અને તેણે એ હીરો પોતાની પાસે મંગાવી તરત જ મુખમાં મૂકી દીધો અને તેને કડકડ ચાવી ગયો. બધા સભાજનો તેના સામું આશ્ચર્યથી જોઈ રહ્યા, ત્યારે નાના ફડનવીસે કહ્યું કે 'હીરાનું ખરૂં મૂલ્ય આ છે.' તાત્પર્ય કે તે બનાવટી છે, એક સાકરનો ટુકડો છે અને તેથી જ હું તેને ખાઈ ગયો છું.

પેલા ઝવેરીએ હાથ જોડ્યા અને તેના શાણપણાની ભારોભાર પ્રશંસા કરી.

જે મનુષ્યો નાની મોટી ઘટનાઓ પર વિચાર કરવાને

ટેવાયેલા છે, તેઓ સમય આવ્યે તેમાંથી મહાન સિદ્ધાંતો શોધી કાઢે છે અને તેનું પરિણામ આશ્ચર્યજનક આવે છે. અંગ્રેજ યુવાન **આઈઝેક ન્યુટન** નાની-મોટી ઘટનાઓ પર વિચાર કરવાને ટેવાયેલો હતો, તેથી જ તેણે એક વૃક્ષ પરથી ફળને નીચું પડતું જોઈ પોતાના મનમાં વિચાર કર્યો કે 'આ ફળ ઉપર ન જતાં નીચું કેમ પડયું?' અને પરિણામે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધી કાઢયો કે જેણે આ વિશ્વનું રહસ્ય સમજવામાં અનેરો ભાગ ભજવ્યો છે.

જેમ્સ વૉટ એક સ્ટોકીશ યુવાન હતો. તે પણ નાની મોટી ઘટનાઓ પર વિચાર કરવાને ટેવાયેલો હતો. તેણે એક વખત ચૂલા પર રહેલી ચાની કીટલીનું ઢાંકણુ ઊંચું-નીચું થતું જોયું અને વિચાર કર્યો કે 'આમ શાથી બને છે?' એમ કરતાં તેને વરાળની શક્તિનું ભાન થયું અને તેમાંથી વરાળયંત્ર શોધી કાઢયું કે જેણે લોખંડના પાટા પર આગગાડીઓ દોડાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

ભૂલોની પરંપરા અથવા તો ગંભીર ભૂલ એ નિષ્ફલતાનું મુખ્ય કારણ છે, પણ આપણે વિચાર કરવાની ટેવ પાડીએ તો ભૂલોની પરંપરાથી બચી શકીએ છીએ, અથવા ગંભીર ભૂલ કરતા નથી અને એ રીતે નિષ્ફલતાનું નિવારણ કરીને સિદ્ધિ કે સફલતાનો માર્ગ નિષ્કંટક બનાવી શકીએ છીએ.

એક મનુષ્ય ઉપરાઉપરી ઠોકર ખાતો હોય અને બધી વાતમાં પાછો પડતો હોત તો સમજવું કે તે વિચાર કરવાને ટેવાયેલો નથી અને તેથી વિચારપૂર્વક વર્તી શકતો નથી.

મુંબઈના શાહસોદાગર **મોતીશાહ શેઠે** પોતાના પુત્ર ખીમચંદભાઈને ધીકતો ધંધો તથા લાખો રૂપિયાનો વારસો આપ્યો હતો, પણ ખીમચંદભાઈ કોઈ પણ બાબતમાં પૂરતો વિચાર કરવાને ટેવાયેલા ન હતા. તેમણે મોતીશાહ શેઠના મૃત્યુ બાદ ગમે તેમ ધંધો કરવા માંડયો અને ચીનની એક બનાવટી પેઢીને લાખો રૂપિયાનો માલ મોકલી આપ્યો. તેમાંથી એક પણ પૈસો પાછો આવ્યો નહિ તથા સ્થાનિક વેપારમાં પણ ઘણા પૈસા ઘલાઈ ગયા. પરિણામે તેમના માથે દેવું થયું અને નાદારી લેવા વખત આવ્યો !

કેટલાક માણસો વિદ્યાભ્યાસ–શાસ્ત્રાભ્યાસ કરે છે, પણ વિચાર કરવાની ટેવ પાડતા નથી, તેથી શાસ્ત્રવાક્યોનો સાચો મર્મ સમજતા નથી અને કેવળ વેદિયા બની જાય છે. આવા માણસો કોઈ પણ કાર્યની સિદ્ધિ કરી શકતા નથી, એટલું જ નહિ પણ પોતાના અવ્યવહારુ કે મૂર્ખાઈભર્યા વર્તનથી હાસ્યાસ્પદ બને છે અને જગબત્રીશીએ ચડે છે. તે માટે ચાર મૂર્ખ પંડિતોની વાર્તા ધ્યાનમાં રાખવા જેવી છે.

ચાર મૂર્ખ પંડિતો

ચાર બ્રાહ્મણમિત્રો હતા. તેઓ કાશી ગયા અને ત્યાં તેમણે બાર વર્ષ સુધી શાસ્ત્રાભ્યાસ કરી પંડિતની પદવી મેળવી. પછી તેઓ પોતાનાં પુસ્તકપાનાં લઈ સ્વદેશ ભણી રવાના થયા.

તેઓ થોડું ચાલ્યા કે બે માર્ગો આવ્યા, એટલે પ્રશ્ન

ઉઠયો કે ‘આમાંથી કયા માર્ગે જવું ?’ એ વખતે એક પંડિતને શાસ્ત્રવચન યાદ આવ્યું કે ‘જે રસ્તે મહાજન જાય, તે માર્ગે જવું.’ પણ મહાજન કોને કહેવાય ? તેનો મર્મ વિચાર્યો નહિ. એ વખતે ઘણા માણસોનો સમૂહ કોઈ વણિકપુત્રને દેન દેવા માટે સ્મશાનવાળા માર્ગે જઈ રહ્યો હતો, તેને મહાજન માની આ પંડિતો એ રસ્તે ચાલ્યા અને સ્મશાનભૂમિની નજીક આવીને ઊભા રહ્યા.

એ વખતે સ્મશાનભૂમિમાં એક ગધેડાને ઊભેલો જોઈ બીજા પંડિતને શાસ્ત્રવચન યાદ આવ્યું કે—

ઉત્સવે વ્યસને તેમ, દુર્ભિક્ષ શત્રુસંકટે;
રાજદ્વારે સ્મશાને યે, જે ઊભે તે જ બાંધવ.

અહીં ઊભા રહેવાનો અર્થ સાથે ચાલે–સહાયરૂપ થાય એ છે, પણ પંડિત મહાશયોએ તેનો અર્થ માત્ર ઊભો હોય એવો જ કર્યો અને તેથી ગધેડાના ગળે બાઝી ‘અહો બાંધવ ! અહો બાંધવ !’ એમ કહીને બંધુપ્રેમ દર્શાવવા લાગ્યા.

એવામાં ઝડપથી ચાલતો એક ઊંટ તેમની સમીપે આવ્યો. તે જોઈ ત્રીજા પંડિતે કહ્યું કે ‘ધર્મની ગતિ ત્વરિત હોય છે.’ એટલે આ સાક્ષાત્ ધર્મ જણાય છે અને ‘ઇષ્ટને ધર્મની સાથે જોડવો’ એ શાસ્ત્રનો આદેશ છે, માટે આપણે આ ઇષ્ટ ગધેડાને ઊંટ રૂપી ધર્મની ડોકે બાંધવો જોઈએ. જોઈ લો શાસ્ત્રાજ્ઞાનો અમલ ! એ પંડિતોએ ઊંટને ત્યાં થોભાવી, કોઈ પણ રીતે પેલા ગધેડાને તેની કોટે બાંધ્યો અને ત્યાંથી ચાલતા થયા.

આગળ એક નદી આવી. તેમાં ખાખરાનું એક પાંદડું તણાતું જોઇને ચોથા પંડિતે કહ્યું કે–

'આવશે એ વળી તે તો, તારશે તમને સદા.' એવું શાસ્ત્રવચન છે, માટે મને તો આ પાંદડું જ તારશે. જેઓ આગળ–પાછળનો સંબંધ વિચાર્યા વિના શાસ્ત્રવચનોનો અર્થ કરે છે, તેમના હાલ આવા જ થાય છે. પછી પેલા પંડિતે નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું અને પાંદડાંને પકડવા પ્રયત્ન કર્યો, પણ પાંદડું એમ થોડું જ પકડાય ? એ તો પાણીની છાલક લાગતાં આઘું ને આઘું જવા લાગ્યું અને પાણી ખૂબ ઊંડું આવતાં પંડિતજી ડૂબવા લાગ્યા.

તે જોઈને એક પંડિતે કહ્યું કે 'અહો ! આ તો સર્વનાશનો પ્રસંગ ઉપસ્થિત થયો અને શાસ્ત્રવચન એવું છે 'કે જ્યારે સર્વનાશનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે અર્ધું ત્યજી દેનારો પંડિત ગણાય છે' માટે ચાલો આપણે તેને અર્ધો તજી દઈએ અને અર્ધો ઉપાડી લઇએ.' પછી તેમણે ડૂબતા પંડિતનું માથું ઉપાડી લીધું ને ધડ જવા દીધું ! આ રીતે ચારમાંથી એક ઓછો થયો, એટલે ત્રણ બાકી રહ્યા.

આગળ વધતાં એક ગામ આવ્યું. તેમાં આ ત્રણે ય પંડિતો દાખલ થયા. તેમને પંડિત જાણી ગામલોકોએ તેમનો સત્કાર કર્યો અને જમવાનું આમંત્રણ આપ્યું. તેનો સ્વીકાર કરીને આ ત્રણે ય પંડિતો જૂદા જૂદા યજમાનને ત્યાં જમવા ગયા.

એક યજમાને સૂતરફેણી પીરસી. તેને દીર્ઘસૂત્રી

(લાંબા તાંતણાવાળી) જોતાં જ પંડિતજીને યાદ આવ્યું કે દીર્ઘસૂત્રીપણું અનિષ્ટ છે, માટે આપણે આ મીઠાઈ વાપરવી નહિ. આથી તેઓ કંઈપણ વિશેષ બેલ્યા વિના ઊભા થઈ ગયા. પ્રિય પાઠકો! દીર્ઘસૂત્રીપણાનો વાસ્તવિક અર્થ શો થાય છે? તે વિચારી જોશો. જો એ અર્થ સમજાશે તો દીર્ઘ-સૂત્રીપણું અનિષ્ટ હોવા બાબત તમને કોઈ શંકા રહેશે નહિ. પણ પંડિતજીએ તો માત્ર તેનો શબ્દાર્થ કર્યો, ભાવાર્થ સુધી પહોંચવાની તસ્દી લીધી નહિ અને તેથી આ સ્થિતિ ઊભી થઈ.

બીજા યજમાને ખાખરા પીરસ્યા. તેને ખૂબ મોટા જોઈ પંડિતજીને શાસ્ત્રવચનનું સ્મરણ થયું કે– 'અતિ વિસ્તાર હોય ત્યાં, જરૂર ઉત્પાત થાય છે.' એટલે આ અતિ વિસ્તારવાળી વસ્તુ મારે ખાવા લાયક નથી. તે જો મારા પેટમાં જશે તો જરૂર ઉત્પાત મચાવશે, એટલે તેઓ પણ જમ્યા વિના ઊભા થઈ ગયા. યજમાને પૂછયું કે 'પંડિતજી! આમ કેમ?' પણ પંડિતજીએ માત્ર એટલો જ જવાબ આપ્યો કે 'એમ જ.'

હવે ત્રીજા પંડિતની શી સ્થિતિ થઈ? તે પણ જોઈએ. તેને યજમાન તરફથી ગરમાગરમ વડાં પીરસવામાં આવ્યાં. તેમાં સોયા વતી કેટલાંક કાણાં પડેલાં હતાં. એ કાણાં જોતાં જ પંડિતજીને યાદ આવ્યું કે 'જ્યાં બહુ છિદ્રો હોય છે, ત્યાં જરૂર અનર્થ થાય છે.' એટલે તેમણે પણ ભોજન કર્યા સિવાય ઊભા થઈને હાથ ધોયા અને યજમાનની વિદાય લીધી.

પંડિતોની આ હાલત જોઈને ગામલોકો હસવા લાગ્યા અને 'ભણ્યા પણ ગણ્યા નહિ' એમ કહી મશ્કરી કરવા લાગ્યા. તે પંડિતો સ્વદેશ પહોંચ્યા, ત્યાં પણ તેમની હાલત આવી જ થઈ.

તાત્પર્ય કે આપણે જે શાસ્ત્રો ભણીએ, પુસ્તકો વાંચીએ તેનો મર્મ સમજવો જોઈએ, પણ તે મર્મ ત્યારે જ સમજાય છે કે જ્યારે આપણે વાંચેલા પર વિચાર કરવાની ટેવ પાડીએ.

વડીલોની શિખામણમાં ભારોભાર અનુભવજ્ઞાન ભરેલું હોય છે, પણ જે વિચાર કરવાને ટેવાયેલો હોય છે, તે જ એના વાસ્તવિક રહસ્ય સુધી પહોંચી શકે છે. બાકીના બધાની હાલત ઓછા કે વત્તા અંશે શ્રેષ્ઠિપુત્ર ભોળા જેવી થાય છે.

શ્રેષ્ઠીપુત્ર ભોળો

એક શેઠે મરતી વખતે પોતાના પુત્ર ભોળાને પાસે બોલાવીને કહ્યું કે 'બેટા ! હું તો હવે આ સંસારની વિદાય લઉં છું, પણ તારું ભલું થાય, તે માટે સાત શિખામણો આપતો જાઉં છું. તે તું બરાબર સાંભળી લે અને તેનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરજે. તે શિખામણો આ પ્રકારની છે:

(૧) ઘરફરતી દાંતની વાડ કરજે.
(૨) દ્રવ્ય આપીને લેવા જઈશ નહિ.
(૩) સ્ત્રીને બાંધી મારજે.
(૪) હંમેશાં મીઠું જમજે.
(૫) ગામેગામ ઘર કરજે.

(૬) દુઃખ પડે તો ગંગાનો કાંઠો ખોદજે.

(૭) અને સંદેહ પડે તો પાટલીપુત્ર જઈ મારા મિત્ર સોમદત્તને પૂછજે.

આટલું કહી શેઠ સ્વર્ગવાસી થયા અને ભોળો એકલો પડ્યો. તેણે પોતાની સૂઝ–સમજ પ્રમાણે પિતાની શિખામણોનો અમલ કર્યો, પણ તેમ કરતાં તેની પાસેનું બધું દ્રવ્ય ખલાસ થઈ ગયું અને તે નિર્ધન બની ગયો, તેથી બધેથી હડધૂત થવા લાગ્યો. કહ્યું છે કે—

ઋષિએ પૂજા પામતા, ધન સાથે ગુણ જાય;
દ્રવ્યવિહૂણા માનવી, મૃતક સમ તોલાય.

'મનુષ્યો ધન વડે પૂજાય છે અને ધન જતાં જાણે નિર્ગુણ બની ગયા હોય તેવા દેખાય છે. ખરેખર! દ્રવ્ય વિનાના માનવીની ગણતરી મડદા જેવી જ થાય છે.'

આ પ્રમાણે શિખામણોનું પરિણામ બૂરું આવવાથી ભોળાના મનમાં સંદેહ ઉત્પન્ન થયો કે 'પિતા બહુ શાણા હતા અને મારું નિરંતર ભલું ચાહનારા હતા. તે મને ખોટી શિખામણો કેમ આપે? એ શિખામણો સમજવામાં મારી ભૂલ તો નહિ થઇ હોય?' એટલે તે પાટલીપુત્ર નગરે ગયો અને તેના પિતાના મિત્ર સોમદત્ત વિપ્રને મળ્યો.

સોમદત્તે તેનો ઉચિત આદર–સત્કાર કરીને પૂછયું કે 'હે વત્સ! તું બધી વાતે કુશલ તો છે ને?'

ભોળાએ કહ્યું : 'વડીલશ્રી! મારા પિતાની શિખામણો સાચી માનીને તે મુજબ વર્તન કર્યું, તો હું નિર્ધન અને

દુઃખી દુઃખી થઈ ગયો, માટે આપ હવે રસ્તો બતાવો કે મારે શું કરવું ?'

સોમદત્તે કહ્યું : 'ભાઈ ભોળા ! તારા પિતાએ શું શું કહ્યું હતું અને તેનો અમલ તેં કેવી રીતે કર્યો, તે મને કહી બતાવ, પછી મારે જે કંઈ કહેવું ઘટશે, તે કહીશ.'

ભોળાએ કહ્યું : 'મારા પિતાશ્રીએ સહુથી પ્રથમ એમ કહ્યું હતું કે 'ઘર ફરતી દાંતની વાડ કરજે' એટલે મેં હજારો રૂપિયા ખર્ચીને હાથીદાંત મંગાવ્યા અને તેની મારા ઘર ફરતી વાડ કરાવી, પણ લોકો એને કાઢી ગયા અને મારા પૈસાનું પાણી થયું.

મારા પિતાશ્રીએ બીજું એમ કહ્યું હતું કે 'દ્રવ્ય આપીને લેવા જઈશ નહિ,' તે પ્રમાણે લોકોને દ્રવ્ય આપીને હું લેવા ગયો નહિ. પરંતુ તેમ કરતાં કોઈ પણ માણસ લીધેલું દ્રવ્ય પાછું આપવા આવ્યો નહિ અને મારું બધું લેણું ખોટું થયું.

મારા પિતાશ્રીએ ત્રીજું એમ કહ્યું હતું કે 'સ્ત્રીને બાંધી મારજે' તે પ્રમાણે મેં સ્ત્રીને બાંધીને મારી, તો તે નારાજ થઈને પોતાના પિયર ચાલી ગઈ અને હું ઘરમાં એકલો રહ્યો.

મારા પિતાશ્રીએ ચોથું એમ કહ્યું હતું કે 'હમેશાં મીઠું જમજે.' તે પ્રમાણે હું હંમેશાં લાડુ, પેંડા, બરફી વગેરે મીઠાઈઓ ખાવા લાગ્યો, એટલે મારા શરીરમાં અનેક

પ્રકારના રોગો ઉત્પન્ન થયા. આજે મારા શરીરમાં તાકાત રહી નથી, તેનું કારણ આ જ છે.

મારા પિતાશ્રીએ પાંચમું એમ કહ્યું હતું કે 'ગામેગામ ઘર કરજે.' તે પ્રમાણે મેં ઘણાં ગામોમાં જમીન ખરીદીને ત્યાં ઘરો બંધાવ્યાં. પણ એમ કરતાં ત્યાંના લોકોએ કોઈને કોઈ પ્રકારની તકરાર કરીને એ બધાં ઘરો બથાવી પાડયાં. હું એકલો બધે કયાં પહોંચું?

મારા પિતાશ્રીએ છઠ્ઠું એમ કહ્યું હતું કે 'દુઃખ પડે તો ગંગાનો કાંઠો ખોદજે.' તે પ્રમાણે દુઃખ પડતાં મેં ગંગાનો કાંઠો અનેક ઠેકાણે ખોદ્યો, પણ ત્યાંથી કંઈપણ દ્રવ્ય મળ્યું નહિ અને મારો બધો પરિશ્રમ ફોગટ ગયો.

મારા પિતાશ્રીએ સાતમું એમ કહ્યું હતું કે 'સંદેહ પડે તો પાટલીપુત્ર જઈ મારા મિત્ર સોમદત્ત વિપ્રને પૂછજે.' તે પ્રમાણે મને સંદેહ પડતાં હું આપની પાસે આવ્યો છું, માટે મને રસ્તો બતાવો. હવે આપના વિના આ જગતમાં મારું કોઈ જ નથી.

આ પ્રમાણે ભોળાની બધી હકીકત સાંભળીને સોમદત્તે કહ્યું કે 'હે વત્સ! તારા પિતા ઘણા જ અનુભવી અને કાબેલ હતા. તેમણે જે શિખામણો આપેલી છે, તે ઘણી જ સુંદર છે અને તે પ્રમાણે વર્તવામાં આવે તો કોઈ પણ દિવસ દુઃખી થવાનો વખત આવે જ નહિ. પણ એ શિખામણોનું રહસ્ય તું બરાબર સમજ્યો નહિ, બધું જ ઉલટું

કર્યું અને તું હેરાન-પરેશાન થઈ ગયો, માટે એ શિખામણોનું સાચું રહસ્ય સમજી લે.

(૧) **'ઘર ફરતી દાંતની વાડ કરજે.'** એટલે ઘરની આસપાસ રહેતા લોકો સાથે વાણીનો એવો વ્યવહાર કરજે કે જેથી બધા આપણને વાડરૂપ થાય અને આપણું રક્ષણ કરે. જે માણસો પાડોશીઓ જોડે સારાસારી રાખતા નથી અને વાતવાતમાં વઢી પડે છે, દંતકલહ કરે છે, તેઓને અનેક પ્રસંગોએ વેઠવું પડે છે અને નહિ ધારેલી મુશીબતો ઉઠાવવી પડે છે. તેથી દાંતની વાડ કરવી, એ ડહાપણભરેલું કામ છે.

(૨) **'દ્રવ્ય આપીને લેવા જઈશ નહિ'** એટલે દ્રવ્ય એવી રીતે આપજે કે આપ્યા પછી તેમની પાસે લેવા જવાનો વખત આવે નહિ. આવું ત્યારે જ બને કે જ્યારે સામા પાસેથી આપણા પૈસા કરતાં દોઢી-બમણી કિંમતનું ઘરેણું આનામાં લીધું હોય કે તેની કોઈ મિલકત લખાવી લીધી હોય. એ રીતનો વ્યવહાર કર્યા વિના જો માત્ર અંગઉધાર નાણાં ધીર્યાં તો લોકો આપણું ઘર પૂછતા આવે નહિ અને લીધેલું પાછું આપી જાય નહિ. તેથી 'દ્રવ્ય આપીને લેવા જઈશ નહિ'-લેવા જવું પડે તેવો વ્યવહાર કરીશ નહિ, એમ કહ્યું તે તદ્દન વ્યાજબી છે.

(૩) **'સ્ત્રીને બાંધી મારજે'** એટલે તેને કામમાં એવી રીતે પરોવી દેજે કે જેથી તેને નબળા વિચારો આવે નહિ.

(૪) **'હંમેશાં મીઠું જમજે'** એટલે કોઈ પણ ભોજનને મીઠું કરીને જમજે. કોઈ પણ ભોજન મીઠું ત્યારે જ લાગે છે કે જ્યારે ભૂખ કકડીને લાગી હોય. ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન પણ વિના ભૂખે મીઠું લાગતું નથી. જેઓ ખરી ભૂખ વિના ખાય છે કે મીઠાઈઓ ખાવાથી જાડા અથવા શક્તિમાન થવાશે એમ માનીને તેનું વારંવાર સેવન કરે છે, તેમની જઠર બગડે છે અને અપચો થાય છે. તે અપચો જ સર્વે રોગોનું મૂળ છે. આયુર્વેદના લાખ શ્લોકનો સાર એજ છે કે પહેલાનું જમેલું બરાબર પચી જાય, પછી જ બીજું ભોજન કરવું. તેથી મીઠું જમવાનો અર્થ મીઠાઈઓ ઉડાવવાનો નથી, પણ ખરી ભૂખે ખાવાનો છે. જેઓ આ રીતે ભોજન કરે છે, તેમની તંદુરસ્તી બરાબર રહે છે અને તે જીવનનો ખરો આનંદ મણી શકે છે.

(૫) **'ગામેગામ ઘર કરજે'** એટલે અનેક ઠેકાણે મિત્રો બનાવજે કે જે સમય આવ્યે ઉપયોગી થાય. જેને કોઈ મિત્ર હોતો નથી, તે આ જગતમાં હારે છે. કોઈ આપત્તિ આવે ત્યારે અન્ય લોકો મીઠું મીઠું બોલીને આશ્વાસન આપે છે, જ્યારે મિત્રો મદદે આવે છે અને ગમે તેટલો ભોગ આપીને પણ એ આપત્તિનું નિવારણ કરે છે. તેથી તારા પિતાએ ગામેગામ ઘર કરવાની જે શિખામણ આપી, તે ઘણી સુંદર છે.

(૬) **દુઃખ પડે ત્યારે ગંગાનો કાંઠો'** ખોદજે એટલે તું કોઈ પણ દુઃખમાં આવી પડે અને દ્રવ્યની જરૂર

જણાય, ત્યારે ગંગા નામની ગાયને જે ઠેકાણે બાંધવામાં આવે છે, તેની ગમાણ પાસેનો ભાગ ખોદજે, એટલે તને જોઈતું ધન મળશે. ગંગા નદીનો કાંઠો–કિનારો તો સેંકડો ગાઉ લાંબો છે, તે ચોકસ ઠેકાણાં વિના શી રીતે ખોદાય?

ભોળાએ ઘરે પાછા ફરીને ગંગા ગાયની ગમાણ પાસેનો ભાગ ખોદ્યો, તો તેને જોઈતું દ્રવ્ય મળી ગયું. આથી તે પોતાના પિતાની જે શિખામણોને ખોટી અને અનર્થકારી માનતો હતો, તેને સાચી અને લાભકારી માનવા લાગ્યો અને તે પ્રમાણે વર્તતાં સુખી થયો.

'વડીલો શું સમજે? એ તો બોલ્યા કરે. આપણે જેમ કરતાં હોઈએ તેમ કર્યા કરવું.' આ પ્રકારના વચનો આજે સામાન્ય થઈ પડયાં છે, પણ તે આપણું અહિત કરનારાં છે, આપણને અવનતિ તરફ દોરી જનારાં છે. વડીલો કદાચ ઓછું ભણ્યા હોય, તેથી તેમની સમજશક્તિ ઓછી છે કે તેઓ કંઈ સમજતા નથી, એમ માની લેવું ભૂલભરેલું છે. વળી તેઓ જે કંઈ બોલતા હોય છે, તે હિતદૃષ્ટિએ જ બોલતા હોય છે, એટલે તેની અવગણના કરવી યોગ્ય નથી. તેમનો દુનિયાદારીનો અનુભવ ખરેખર ધ્યાનમાં લેવા જેવો હોય છે. ઘણી વખત તેમની ઠરેલ બુદ્ધિને જે સુઝે છે, તે આપણને સૂઝતું નથી.

તાત્પર્ય કે વડીલોની શિખામણ પર ધ્યાન આપવું, તેના પર વિચાર કરવો અને તેનો મર્મ સમજવા પ્રયત્ન કરવો એ અતિ ડહાપણભરેલું કામ છે અને તેને અનુસર-

વાથી આપણે આપણી ઉન્નતિ સરલતાપૂર્વક સાધી શકીએ છીએ. જે કાર્યથી તેમની આંતરડી દુભાતી હોય, એવું કાર્ય કદી પણ કરવું નહિ.

આ પ્રકરણનો સાર એ છે કે જે મનુષ્ય વિચાર કરવાની ટેવ પાડે છે, તે યોગ્ય શું અને અયોગ્ય શું' હિતકર શું અને અહિતકર શું ? કર્તવ્ય શું અને અકર્તવ્ય શું ? તે બરાબર સમજી શકે છે અને તેથી યોગ્ય, હિતકર કે કર્તવ્યનો સ્વીકાર કરવામાં સમર્થ બને છે તથા એ રીતે પ્રવૃત્તિ કરતાં સિદ્ધિની સોપાનમાલા સડસડાટ ચડી જાય છે.

જે મનુષ્ય વિચારપૂર્વક બોલે છે, વિચારપૂર્વક કામ કરે છે અને વિચારપૂર્વક પોતાનો સઘળો જીવનવ્યવહાર ચલાવે છે, તે કદી પાછો પડતો નથી. તેને માટે ઉન્નતિ અને વિશેષ ઉન્નતિ જ નિર્માયેલી છે.

[૧૧]

જ્ઞાનનો સંચય

જે મનુષ્ય જ્ઞાનનો સંચય કરતો નથી, તે અજ્ઞાની રહે છે, મૂર્ખમાં ખપે છે અને આગળ વધવાની બધી તકો ગુમાવી દે છે. પરિણામે તે પોતાની ઉન્નતી સાધી શકતો નથી અને ઘણી વાર બીજાને ભારરૂપ બની જાય છે.

જેમ હંસની સભામાં બગલો શોભતો નથી, તેમ ડાહ્યા કે આગળ પડતા માણસોની સભામાં અજ્ઞાની શોભતો નથી. તેને ઘણા ભાગે ચૂપ જ રહેવું પડે છે અને પાછલી બેઠકે બેસવું પડે છે. એમાં પ્રતિષ્ઠા શી? આબરૂ શી?

એક અજ્ઞાની મનુષ્યના હાથમાં રત્ન આવ્યું હોય તો તે શું કરે? તેને કાચનો કકડો માની તેની સાથે રમ્યા કરે અથવા સવા શેર ગોળ સાટે વેચી મારે. પછી તેની ઉન્નતિ ક્યાંથી થાય?

કેટલાક મનુષ્યો એવી ફરિયાદ કરે છે કે અમને તક મળતી નથી. જો તક મળે તો અમે અમારું ખમીર બતાવી

આપીએ, પણ તક તો હરઘડી સામે જ ઉભેલી હોય છે. જો તમે જ્ઞાનનો સંચય કરી અંતરને અજવાળો તો એ તક તમને અવશ્ય દેખાશે અને તેનો ઉપયોગ કરીને તમે ઉન્નતિ સાધી શકશો.

અહીં એ પણ વિચાર કરો કે તમે મનુષ્ય થયા, સમર્થ મન મળ્યું, તીવ્ર બુદ્ધિ મળી, હાથ-પગ આદિ સુંદર અવયવો મળ્યાં, એ શું આગળ વધવાની ઓછી તક છે?

જો તમે વિદ્યાભ્યાસ આદિ સાધનોથી તમારી માનસિક શક્તિનો વિકાસ કરો તો ઘણું ઘણું કરી શકો. આ દુનિયામાં જે કંઈ શોધો થઈ છે, સુંદર કામો થયાં છે, અદ્‌ભુત વસ્તુઓ નિર્માણ થઈ છે, તે માનસિક શક્તિના વિકાસને આભારી છે.

અને તીવ્ર બુદ્ધિ શું નથી કરી શકતી? સસલાએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી એક મદોન્મત્ત સિંહને હરાવી દીધો, તેને કૂવામાં નાખ્યો અને પોતે સલામત બની ગયો. તે જ રીતે જેઓ બુદ્ધિ દોડાવે છે, તે વ્યાપાર-ધંધાની જમાવટ કરે છે, લક્ષ્મી ઉપાર્જન કરે છે અને પ્રતિષ્ઠિત મનુષ્યોની પંક્તિમાં બિરાજે છે. બુદ્ધિમાન મનુષ્યને આ જગતમાં કોઈનો ભય નથી, કોઈથી ડરવાપણું નથી. તે નિર્ભય રીતે પોતાનું જીવન જીવી શકે છે તથા જે પ્રકારની ઉન્નતિ સાધવી હોય તે સાધી શકે છે.

અને હાથ-પગનું મૂલ્ય જરાયે ઓછું આંકશો નહિ. તે તકને પકડવામાં કામ લાગે છે અને ઉન્નતિરૂપી નીસરણી પર ચડવામાં અતિ ઉપયોગી થઈ પડે છે.

તાત્પર્ય કે 'તક મળતી નથી' એવી ફરિયાદમાં કંઈ વજુદ નથી. જે મનુષ્ય જ્ઞાની છે, તે તકને જોઈ શકે છે, અને તેનો યથાર્થ ઉપયોગ પણ કરી શકે છે. તેથી જરૂરનું એ છે કે જ્ઞાનનો સંચય કરો અને જ્ઞાની બનો.

એ વાત સાચી છે કે જ્ઞાનનો સંચય એકદમ થતો નથી, તે ધીરે ધીરે થાય છે. પણ તેથી નિરાશ થવાનું કારણ નથી. ધીમે ધીમે સંચિત થયેલું જ્ઞાન એક કાળે વિશાલ ભંડારરૂપ બની જાય છે અને તે અપૂર્વ ઉન્નતિનું સાધન બને છે.

જ્ઞાનનો સંચય કરવાનાં સાધનો અનેક છે, પણ તેમાં પુસ્તકોનું–સારાં પુસ્તકોનું સ્થાન આગળ પડતું છે. તે મિત્રોની ગરજ સારે છે, મુરબ્બીઓનો ધર્મ બજાવે છે અને આપણને અવનવા જ્ઞાનની ભેટ ધરે છે. વળી કોઈક વાર તેઓ આપણો પ્રાણ પણ બચાવે છે અને એ રીતે જીવનદાતાનું કામ પણ કરે છે.

એક મોટા અધિકારી પોતાના ઉપર અમુક બાબતનું કલંક આવવાથી અત્યંત નારાજ થયા, તેમને જીવન અકારું લાગ્યું અને તેમણે પોતાની રિવોલ્વરમાં ગોળીઓ ભરી. તેને છાતી સામી કે લમણાં પર રાખી ઘોડો દબાવે કે ગોળી સોંસરી નીકરી જાય અને તેમના જીવનનો અંત આવી જાય, એમાં કોઈ શંકા ન હતી. પરંતુ એવામાં તેમની નજર ટેબલ પર ગઈ અને ત્યાં એક પુસ્તક જોવામાં આવ્યું. તેમને આ પુસ્તક પ્રિય હતું, તેનો તેઓ અંતરથી આદર કરતા

હતા, એટલે તેનું એક પાનું ઉઘાડ્યું, તો તેમાં નીચેના શબ્દો વાંચવામાં આવ્યા :

‘હે પુરુષ! જીવન એક અણમોલ વસ્તુ છે. તે આજે ભલે અંધકારમય ભાસે, પણ આવતી કાલે દિવ્ય રોશનીથી ઝળકી ઉઠશે. તારા માટે ઉજ્જવલ ભાવી નિર્માણ થયેલું છે.’

અને તેણે આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો. રિવોલ્વરમાંથી ગોળીઓ કાઢી નાંખી. પછી શાંત-સ્વસ્થ ચિત્તે પોતાનું કામ સંભાળ્યું. તેની લગભગ બાર મહિના સુધી કસોટી તો થઈ, પણ આખરે કલંકનું નિવારણ થયું, તેના કામની કદર થઈ અને તે ક્રમશઃ ઊંચા હોદ્દાઓ પર ચડતાં પોતાનું ભાવી ઉજ્જવલ બનાવી શક્યો.

તાત્પર્ય કે સારાં પુસ્તકો પ્રત્યે પ્રેમ કેળવવો, તેનો આદર કરવો અને તેનું વાચન-મનન-પરિશીલન કરવાની ટેવ પાડવી, એ ઉન્નતિનો એક ઉમદા ઉપાય છે.

મહાત્મા ગાંધીજીએ જેલજીવનમાં સદ્‌ગ્રંથોને જ પોતાના મિત્રો બનાવ્યા હતા અને તેના સહારે તેઓ પોતાનો બધો સમય સુખ-ચેનમાં વ્યતીત કરી શકતા હતા. તેમણે સદ્‌ગ્રંથોની ખૂબ જ પ્રશંસા કરી છે અને તેના પઠન-પાઠનમાં લીન રહેવા માટે ઘણો ભાર મૂકેલો છે.

બંકિમચંદ્ર ચટોપાધ્યાય વારંવાર કહેતા કે ‘સદ્‌ગ્રંથોનું વાંચન જેટલો આનંદ આપી શકે છે, તેટલો આનંદ આ જગતની બીજી કોઈ પણ વસ્તુ આપી શકતી નથી.’

લોકમાન્ય ટિળકે એક સ્થળે કહ્યું છે કે 'જ્યાં સદ્ગ્રંથોનો વાસ હોય, ત્યાં સ્વર્ગ આપોઆપ ખડું થઇ જાય છે.'

વિદેશી વિદ્વાનોએ પણ સદ્ગ્રંથોની ભારે તારીફ કરી છે.

લેંગફર્ડે જણાવ્યું છે કે 'મનુષ્યને સચ્ચાઈની રાહ પર લાવવા જો કોઈ સાચું સાધન હોય, તો તે સદ્ગ્રંથો છે.'

જ્યોર્જ એસ. હિલાર્ડના એ શબ્દો છે કે 'સદ્ગ્રંથો એ મિત્રહીન મનુષ્યના સાચા મિત્રો છે.'

જેમ્સ ફ્રીમેન ક્લાર્કે કહ્યું છે કે 'ઉત્તમ ગ્રંથોએ જગતનું મહાન હિત કર્યું છે અને કર્યે જાય છે. ઉત્તમ ગ્રંથ આપણી આશાને જાગૃત રાખે છે, નવીન ઉત્સાહ આપે છે અને શ્રદ્ધાને સચેત કરે છે. વળી તે દુઃખને શાંત કરે છે, જીવન આદર્શ બનાવે છે, દૂર દૂરના યુગોને તથા દેશોને સમીપ લઇ આવે છે, સૌંદર્યનું નવું જગત્ ઉત્પન્ન કરે છે અને સ્વર્ગમાંથી સત્ય લઇ આવે છે. આ બધી વસ્તુઓનો જ્યારે હું વિચાર કરું છું, ત્યારે ઇશ્વરની આ બક્ષીસ માટે તેને અનેક ધન્યવાદ આપું છું.'

અમને પોતાને નાનપણુથી જ પુસ્તકો પ્રત્યે ઘણો પ્રેમ હતો, તેથી સમજીએ કે ન સમજીએ તો પણ પુસ્તકો વાંચ્યા જ કરતા. અમારો આ પુસ્તકપ્રેમ પોષવા માટે અમે અંગ્રેજી ચોથા ધોરણથી + એક પુસ્તકાલયના × મદદનીશ

+ હાલની પદ્ધતિએ સાતમી કક્ષાથી.

× આ પુસ્તકાલય અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયનું સમજવું. આ વખતે અમે ત્યાં રહીને વિદ્યાભ્યાસ કરતા હતા.

વ્યવસ્થાપક બન્યા હતા અને ગૂજરાત વિદ્યાપીઠના વિનીત થવા સુધીમાં તેનાં સોળસો ય પુસ્તકો વાંચી કાઢયા હતા! આ બધાં પુસ્તકોનું લખાણ તો ક્યાંથી યાદ રહે? તેનો સાર યાદ રાખવો પણ મુશ્કેલ હતો, પરંતુ અમે તે પુસ્તકોના રૂપ–રંગ તથા કદ બરાબર યાદ રાખી લીધાં હતાં, તેથી તેમાંનું કોઈ પણ પુસ્તક અંધારામાં પણ બરાબર બહાર કાઢી શકતા હતા. પાછળથી આ બાબતના બે વાર પ્રયોગ થયેલા અને તેમાં અમે બરાબર પાર ઉતર્યા હતા. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે એ વખતે અમે અવધાની હતા નહિ કે અવધાનવિદ્યા અંગે કંઈ પણ માહિતી ધરાવતા નહિ. અવધાની–શતાવધાની તો અમે ત્યારબાદ ઘણા લાંબા વખતે બન્યા.

જીવનની જટિલ સમસ્યાનો ઉકેલ કરવા માટે અમારે ઓગણીશ–વીશ વર્ષની ઉંમરે ધંધે લાગવું પડયું, પણ ત્યાં યે અમારો પુસ્તકપ્રેમ ચાલુ રહ્યો. શરૂઆતના દિવસોમાં તો અમે માત્ર એક વખત લોજમાં જમીને જે પૈસા બચાવતા હતા, તેમાંનો મોટો ભાગ નવાં ઉપયોગી પુસ્તકો ખરીદવામાં કરતા હતા.

પછી લેખનની પ્રવૃત્તિ શરૂ થઈ, એટલે પુસ્તકોનો પરિચય વધ્યો. અહીં અમને સ્પષ્ટ કહેવા દો કે પુસ્તકોને અમે જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિ સમજીએ છીએ અને તેનો ઇષ્ટદેવ જેટલો જ આદર કરીએ છીએ. કોઈ પુસ્તકને પછાડે, ફાડે, તોડે કે પગ લગાડે તે અમને બિલકુલ ગમતું નથી.

આજે અમે પુસ્તકોની વચ્ચે જ વસીએ છીએ. અન્ય શબ્દોમાં કહીએ તો અમારી આજુબાજુ તથા ઓરડામાં અનેક સ્થળે પુસ્તકો પડેલાં હોય છે. આ જોઈને કેટલીક વાર કુટુંબીજનો કંટાળે છે, પણ અમે તો તેને સરસ્વતીનો પ્રસાદ માનીને તેનું બહુમાન કરીએ છીએ અને તેનાં દર્શન-સહવાસથી અનેરો આનંદ માણીએ છીએ. ટૂંકમાં આ પુસ્તકોએ અમને ઘણું ઘણું આપ્યું છે અને અમારો જીવન-રાહ મંગલમય બનાવ્યો છે, તેથી જ અમે તેની આટલી જોરદાર હિમાયત કરીએ છીએ.

વધારે ન બને તો રોજ કોઈ સારાં પુસ્તકનાં બે પાનાં વાંચવાં અને એ રીતે જ્ઞાનનો સંચય કરવો, પણ તેના પ્રત્યે ઉપેક્ષા–બેદરકારી કરવી નહિ. જે રોજનાં બે પાનાં વાંચે, તે એક મહિને સાઠ પાનાં વાંચી શકે છે અને બાર મહિને સાતસો વીસ પાનાં વાંચી શકે છે. જો આ ક્રમ વધારે નહિ પણ પાંચ જ વર્ષ ચાલુ રહે તો એ પાનાંની સંખ્યા છત્રીસસો સુધી પહોંચે છે. વિચાર કરો કે આ રીતે કેટલા જ્ઞાનનો સંચય થઈ શકે ?

સારાં શિષ્ટ માસિકો પણ આપણા જ્ઞાનની વૃદ્ધિ કરી શકે છે અને સાપ્તાહિકો વગેરે પણ તે માટે ઉપયોગી થઈ પડે છે.

વિદ્વાનોનો સંપર્ક, જ્ઞાનગોષ્ઠી, મિજલસો, પરિષદો, પ્રદર્શનો તથા પર્યટનો પણ જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો છે, તેથી અનુકૂલતા મુજબ તેનો લાભ લેવો જોઈએ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते–આ લોકમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઇ નથી.' 'ज्ञानान्मोक्षस्ततोऽनन्तसुखप्राप्तिर्न संशयः–જ્ઞાનથી મોક્ષ મળે છે અને તેથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે, તેમાં કોઇએ કશો પણ સંશય રાખવો નહિ.'

હવે તમે જ કહો કે આવા જ્ઞાન પ્રત્યે આપણે કેવી અને કેટલી ચાહના રાખવી જોઈએ ?

ઉન્નતિના ઉમેદવારોએ જ્ઞાનનો સંચય કરવામાં જરા પણ આળસ કરવી નહિ.

[૧૨]

નિયમિતતા

મનુષ્ય શિક્ષિત હોય, આશાવાદી હોય, પુરુષાર્થ કરવાને તત્પર હોય, પણ કોઇ કાર્ય નિયમિત કરવાને ટેવાયેલો ન હોય, તો તે ભાગ્યે જ આગળ વધી શકે છે. વધારે સ્પષ્ટ કહીએ તો અનિયમિતતા એ મનુષ્યની એક એવી કુટેવ છે કે જે તેના બધા ગુણોને ઢાંકી દે છે અને તેને પીછેહઠ કરવાની ફરજ પાડે છે; એટલે આગળ વધવું હોય, પ્રગતિ કરવી હોય, ઉન્નતિ સાધવી હોય, તો અન્ય ગુણોની જેમ નિયમિતતા પણ અવશ્ય કેળવવી જ જોઇએ.

ગમે ત્યારે સૂવું, ગમે ત્યારે ઉઠવું, ગમે ત્યારે નાવું અને ગમે ત્યારે ખાવું, એ કંઇ સારી ટેવ કે સારું આચરણ નથી. તેથી અવ્યવસ્થા પેદા થાય છે, પોતાનું આરોગ્ય કથળે છે અને કુટુંબીજનો તકલીફમાં મૂકાય છે. જેઓ શહેરમાં રહે છે અને મર્યાદિત સ્થાનમાં રહીને પોતાનો વ્યવહાર ચલાવે છે, તે જો કોઇ વ્યક્તિની આવી અનિયમિતતા સહન કરી લે તો તેનું આખું વ્યવસ્થાતંત્ર તૂટી પડે છે, એટલે આવી

વ્યક્તિ પ્રત્યે તેમને અણગમો થાય છે, તેની સાથે લડવાનો પ્રસંગ આવી પડે છે, પછી તેને માટે માન કે પ્રેમ તો રહેજ ક્યાંથી ? તાત્પર્ય કે જેમને ઉન્નતિ સાધવી છે, તેમને તો આવી ટેવ–આ પ્રકારની અનિયમિતતા પરવડે જ નહિ.

આપણા બાપદાદાઓ લગભગ દશ વાગે સૂઈને પ્રાતઃકાલમાં પાંચ વાગે ઉઠી જતા અને પ્રભુસ્મરણ આદિ કરીને પોતાનાં કામે લાગી જતાં. આથી તેઓ બધાં કામને પહોંચી વળતા. અમને પોતાને છાત્રાલયમાં પાંચ વાગે ઉઠી જવાની ટેવ પાડવામાં આવેલી, તે અમને જીવનમાં ઘણી ઉપયોગી થઈ પડેલી છે. ખાસ કરીને લેખનકાર્ય માટે એ સમય ઘણો અનુકૂળ હોવાથી અમને વિશેષ લાભ થયો છે.

આજે કોણ જાણે કેમ, પણ મોડા સૂઇને મોડા ઉઠવાની ટેવ વધતી જાય છે અને તેનું પરિણામ આરોગ્ય, બુદ્ધિ અને ધન એ ત્રણે ય વસ્તુ પરત્વે ખરાબ આવી રહ્યું છે.

કેટલાક કહે છે કે અમને વહેલા ઊંઘ આવતી નથી, એટલે અમે ગમે તેમ કરીને રાત્રિના બાર–સાડાબાર વગાડીએ છીએ અને પછી સૂઇ જઇએ છીએ, એટલે સાત–સાડાસાતથી વહેલા ઉઠાતું જ નથી. પણ ટેવ પાડી પડે છે. જો તમે મનમાં દૃઢ સંકલ્પ કરો કે 'હવેથી હું વહેલો સૂઇશ' અને તે રીતે પથારીમાં પડો તો ધીમે ધીમે વહેલા સૂઈ શકોછો અને વહેલા ઉઠી શકો છો.

પ્રાતઃકાલની મુખ્ય ક્રિયા પ્રભુસ્મરણ, બ્રહ્મચિંતન કે આત્મજાગરિકા છે. પ્રભુસ્મરણ એટલે પ્રભુને–ઈશ્વરને–પર-

માત્માને યાદ કરવા અને તેનું પવિત્ર નામ લેવું. બ્રહ્મચિંતન એટલે બ્રહ્મ સંબંધી ચિંતન કરવું, જેમકે હું બ્રહ્મસ્વરૂપ છું અને આ જગત્ મિથ્યા છે. માટે આ જગતના સ્થૂલ વ્યવહારોમાં અટવાઈ ન પડતાં મારા સ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ, વગેરે. આત્મજાગરિકા એટલે 'આત્મા અંગે જાગરણ–જાગૃતિ.' તેમાં 'હું ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? મેં અત્યાર સુધીમાં કરવા યોગ્ય શું કર્યું? અને શું ન કર્યું?' તેનો વિચાર કરવાનો હોય છે. પરંતુ અનિયમિતપણે સૂનારા અને અનિયમિતપણે ઉઠનારા આમાંનું કંઈ કરી શકતા નથી અને જે માનવજીવનને દિવ્ય ભાવોથી દેદીપ્યમાન કરવું જોઇએ, તેને પશુભાવમાં રગડી પાશવી બનાવી દે છે.

ઉઠતાંની સાથે પ્રભુનું નામ લેવાને બદલે કે બ્રહ્મચિંતન અથવા આત્મજાગરણ કરવાને બદલે ચાદેવીનું સ્મરણ કરવું અને તેના એક કે બે પ્યાલા પેટમાં પડે, પછી જ પથારી નીચે પગ મૂકવો એને પશુભાવ નહિ તો બીજું શું કહીએ? પશુઓ ઉઠતાંની સાથે જ ઘાસમાં મોઢું નાખે છે અને તેમનો એ પ્રકારનો વ્યવહાર બધો વખત ચાલ્યા કરે છે.

મનુષ્યને વિચારશક્તિ મળી છે, એટલે તેણે પોતાનાં કર્તવ્યનો વિચાર કરવો જોઈએ અને પોતે જે કુટેવોનો ભોગ થઈ પડ્યો હોય, તે સુધારી લેવી જોઈએ.

ન્હાવા–ધોવામાં નિયમિતતા રાખવાથી શરીર તથા મન પ્રસન્ન રહે છે અને પૂજા–પાઠ આદિ જે કંઈ ધાર્મિક આચરણ કરવું હોય તે સારી રીતે થઈ શકે છે.

જેઓ ગમે ત્યારે ખાય છે, ગમે તે ખાય છે અને ગમે તેટલું ખાય છે, તેમને વિવિધ પ્રકારની બિમારીઓ લાગુ પડે છે અને તેથી તેમની બધી ઇચ્છાઓ–આશાઓ પર પાણી ફરી વળે છે. નિયમિત ભોજન કરનારો, પોતાને અનુકૂળ પદાર્થો જ ગ્રહણ કરનારો તથા પરિમિત પ્રમાણમાં તેનું સેવન કરનારો ભાગ્યે જ બિમાર પડે છે અને કદાચ બિમાર પડે તો થોડા જ ઉપચારે સારો થઈ જાય છે. જ્યારે અનિયમિતતાના પનારે પડેલાની હાલત બહુ બૂરી હોય છે. બિમારી તેનો પીછો છોડતી નથી, એટલું જ નહિ પણ તે નવા નવા સ્વરૂપે તેના પર આ હુમલા કર્યા જ કરે છે.

નોકરી–ધંધામાં નિયમિતતા ન જાળવવાનું કેવું પરિણામ આવે, તે વિચારી જુઓ. તમે કોઈ નોકરીનો સ્વીકાર કર્યા પછી નિયમિત સમયે હાજર ન થાઓ કે નિયમ પ્રમાણે કામ ન કરો તો એ નોકરી ટકે ખરી? અને તમારો જીવન-નિર્વાહ એ નોકરીને આધારે જ થવાનો હોય તો પરિણામ શું આવે? તમારે તથા તમારા કુટુંબીજનોને દુઃખી હાલતમાં જ દિવસો પસાર કરવા પડે અને બીજાની દયા પર નભવાનો વખત આવે. એક સુજ્ઞ–શાણા મનુષ્ય તરીકે તમે આ પરિસ્થિતિને પસંદ કરો ખરા?

ઘરના ધંધામાં પણ નિયમિત હાજરી આપવાનું તથા નિયમ અનુસાર કામ કરવા–કરાવવાનું એટલું જ જરૂરી છે. જો દુકાન કે પેઢી પર મોટા ભાગે ધણીની ગેરહાજરી રહેતી હોય તો એ દુકાન કે પેઢી રળતી નથી. તેનો બધો નફો

આટાલૂણુમાં તણાઈ જાય છે. 'ધણી વિનાનાં ઢોર સૂનાં' એ કહેવત એમને એમ પડેલી નથી. જો નોકરો રળીને દેતા હોય તો જોઈએ શું ? માલીકની નિયમિત હાજરી હોય તો જ નોકરો સમયસર અને સારું કામ કરે છે, કોઈ વસ્તુ આઘી-પાછી કરી શકતા નથી અને ઉઘરાણી વગેરે પર પૂરતું ધ્યાન આપે છે. અન્યથા 'જેના હાથમાં તેની બાથમાં' એવો કારભાર ચાલે છે અને છેવટે 'લાખના બાર હજાર' થાય છે. ત્યાં ઉન્નતિની આશા તો રખાય જ ક્યાંથી ?

કોઈએ મળવા માટે સમય આપ્યો હોય અને તે સમયે ત્યાં જઈએ નહિ, તો ધાર્યું કામ થતું નથી અને પ્રતિષ્ઠાને મોટો ધક્કો પહોંચે છે. અથવા આપણે કોઈને મળવા માટે ચોકસ સમય આપ્યો હોય, પણ એ સમય સાચવીએ નહિ, આઘા-પાછા થઈ જઈએ અને એ વ્યક્તિને ખોટો ધક્કો પડે, ત્યારે તેને ઘણું દુઃખ થાય છે, તેનો સમય બગડે છે અને તેને આપણી નિષ્ઠા કે પ્રામાણિકતા વિષે શંકા ઉપજે છે, એટલે આપણે આપણાં અન્ય કાર્યોમાં નિયમિત રહી આ સમય સાચવવો જ જોઈએ અને તો જ એક વ્યક્તિ તરીકે આપણી તેના પર છાપ પડે છે તથા આપણો તેની સાથેનો વ્યવહાર બરાબર ચાલે છે. ઘણાં કામો ભેગાં કરીને કોઈનું કામ સમયસર ન કરવું, તેના કરતાં થોડાં કામો હાથ પર ધરીને તે દરેકને સમયસર પાર પાડવું, એ વધારે ડહાપણભરેલો વ્યવહાર છે. સરવાળે તેનાથી મોટો લાભ થાય છે. જે નિયમિત છે, સમયસર કામ આપવાને ટેવાયેલ છે, તેને ગ્રાહકોનો તોટો કદી પડતો નથી.

કેટલાક માણસો નિયમને બંધન માની કોઈ પણ પ્રકારના નિયમોનો સ્વીકાર કરતા નથી અને નિયમિત બનવાનો પ્રયાસ કરતા નથી, પણ તે એમની ગંભીર ભૂલ છે. નિયમો એક પ્રકારનું બંધન તો છે જ, પણ તે બંધન એવું છે કે જે આપણું વ્યવસ્થાતંત્ર ઘડી આપે છે અને તેથી આપણો સઘળો જીવનવ્યવહાર સરલતાપૂર્વક ચાલે છે.

સૂર્ય અને ચંદ્ર નિયમિત ઉગે છે અને આથમે છે. નક્ષત્રો અને તારાઓનો ઉદય-અસ્ત પણ નિયમિત રીતે થાય છે. સાગરમાં ભરતી અને ઓટ નિયમ પ્રમાણે આવ્યા કરે છે તથા ઋતુઓ પણ નિયમ પ્રમાણે આવે છે અને નિયમ પ્રમાણે જાય છે. અને તેથી જ આ વિશ્વ નિયમિત રીતે પોતાનું કાર્ય કરતું જણાય છે. જો સૂર્ય આદિ નિયમિત રીતે ઉગવાનું માંડી વાળે, સાગરમાં ભરતી કે ઓટ નિયમ પ્રમાણે આવે નહિ કે ઋતુઓ અનિયમિત બની જાય, આવી પાછી થઈ જાય, તો તેનું પરિણામ શું આવે ?

તે જ રીતે જગતનો સર્વ માનવકૃત વ્યવહાર પણ નિયમિતતાને આધીન છે. તેમાં કંઈ પણ ગડબડ થઈ તો એ વ્યવહારનું માળખું તૂટી પડે છે અને તેના લીધે મનુષ્યને ઘણું સહન કરવું પડે છે. મોટા શહેરોમાં ગાડીઓ અને બસો મારફત અવરજવર થાય છે. હવે તે ગાડીઓ કે બસો અનિયમિત બની જાય તો કારખાનાંઓ, સરકારી તંત્ર આદિ સઘળું કામ અટવાઈ જાય, કારણ કે તેમાં કામ કરનારા માણસો ત્યાં પહોંચી શકે જ નહિ. હડતાળ વગેરેના સમયમાં

લોકોને કેટલી હાલાકી વેઠવી પડે છે, તે આપણા કોઈથી અજાણ્યું નથી. આ બધા પરથી મનુષ્ય નિયમિતતાનો બોધ-પાઠ કેમ ન લે ?

ચારિત્રનું ચણતર નિયમિતતા વિના થતું નથી અને એ ચણતરના અભાવે કદી પણ આગળ વધી શકાતું નથી. **શ્રી હરિભાઉ ઉપાધ્યાયે** એક સ્થળે કહ્યું છે કે 'જે મનુષ્યો પોતાના માટે નિયમો ઘડતા નથી, તેમને માટે બીજાને નિયમો ઘડવા પડે છે. તાત્પર્ય કે મનુષ્યે પોતાનું ચારિત્ર નિર્માણ કરવા માટે કેટલાક નિયમો અવશ્ય ઘડવા જોઈએ અને તેનું ચીવટાઈથી પાલન કરવું જોઈએ. નહિ તો લાગતાવળગતાને તેમના પર નિયમનું બંધન લાદવું પડે છે અને એ સ્થિતિ આનંદજનક નથી જ.

જે માણસ નિયમિત કામ કરે છે, તે દોઢું કામ કરી શકે છે અને કોઈ પણ કામનો ઝડપી ઉકેલ લાવી શકે છે; જ્યારે અનિયમિતપણે કામ કરનાર ધાર્યા કરતાં બહુ ઓછું કામ કરી શકે છે અને નહિ ધારેલા ગુંચવાડાઓને નોતરે છે.

જો રોજના કામનો રોજ નિકાલ થતો હોય તો મન પર ભાર રહેતો નથી, એટલે કે તે કામ પ્રસન્નતાપૂર્વક થાય છે, જ્યારે અનિયમિતપણાને લીધે વધારે પડતું કામ ભેગું કરી નાખ્યું હોય તો મન પર તેનો બોજો રહે છે અને તેનો નિકાલ કરતાં કંટાળો આવે છે, એટલે તેમાં ભૂલો થવાનો કે છબરડા વળવાનો સંભવ વધારે રહે છે. જવાબ-

દારી ભરેલાં કામોમાં તો આવું ચાલી શકે જ નહિ. તાત્પર્ય કે આ સંયોગોમાં નોકરી કે કામધંધા પરથી છૂટું થવું પડે છે અને ઉન્નતિની સર્વ આશા ઓસરી જાય છે.

અહીં એટલી સ્પષ્ટતા ઉચિત છે કે 'શી ઉતાવળ !' 'કાલે વાત' 'પછીથી કરી શું' 'એતો ચાલ્યા કરે' 'આજે મન થતું નથી' વગેરે વિચારોને અમે વિષતુલ્ય સમજીએ છીએ, કારણ કે તે ઉત્સાહના પ્રાણ હરી લે છે અને આપણે જે સમયપત્રક બનાવ્યું હોય તેને ઊંધું વાળી નાંખે છે. આ નીતિ–રીતિથી કોઈ પણ કાર્ય નિર્ધારિત સમયે પૂરું થતું નથી અને તે આપણને યશ કે લાભ આપી શકતું નથી.

જો આપણે આગગાડી દ્વારા મુસાફરી કરવા ધારી હોય તો સમયસર સ્ટેશને પહોંચવું જોઈએ અને જે વર્ગની ટીકીટ લીધી હોય તે વર્ગના ડબ્બામાં દાખલ થઈ જવું જોઈએ. તેના બદલે સ્ટેશને મોડા પહોંચીએ અને ગાડીને ઉપડી ગયેલી જોતાં તેને પકડવા પાછળ દોડીએ તો તેથી શો દહાડો વળે ? તાત્પર્ય કે જે કામ જે સમયે કરવાનું હોય, તે કામ તે સમયે જ કરવું જોઈએ અને એક યા બીજા બહાના આગળ ધરીને તેને મુલતવી રાખવું ન જોઇએ. 'મુલતવી રાખવાનાં માઠાં ફળ' એ ઉક્તિ તો સુજ્ઞ પાઠકોએ સાંભળી જ હશે.

અહીં એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે નિયમિતતાથી સંકલ્પશક્તિ કેળવાય છે અને ગમે તેવાં કઠિન કાર્યો પાર પાડવાની હામ આવે છે. તથા તે સહે-

લાઈથી પાર પાડી શકાય છે, જ્યારે અનિયમિતપણે કામ કરનારનું સંકલ્પબળ મંદ પડી જાય છે અને છેવટે તેની આત્મશ્રદ્ધાનો પણ લોપ થઈ જાય છે. તેથી ઉન્નતિના ઉમેદવારોએ પ્રારંભથી જ દરેક કામમાં નિયમિત થવાની ટેવ પાડવી જોઈએ અને પોતાને હસ્તક જે કંઈ વ્યાપાર-ધંધા તથા સંસ્થાઓનો વહીવટ હોય તેમાં પણ પૂરતું નિયમન લાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

અંગ્રેજ પ્રજાએ આ ગુણ સારા પ્રમાણમાં કેળવ્યો છે. યુરોપ તથા અમેરિકાના લોકો પણ નિયમિતતાને ખૂબ માન આપનારા છે અને તેથીજ તે બધા ઘણા આગળ વધી શકયા છે. આપણે ત્યાં મહાત્મા ગાંધીજી તથા પંડિત જવાહરલાલ નહેરૂ વગેરેએ ઉત્તમ પ્રકારની નિયમિતતા કેળવી આપણને એક સુંદર આદર્શ પૂરો પાડ્યો છે.

એ વાતમાં કોઈજ શંકા નથી કે **જ્યાં ઉચ્ચ કોટિનું નિયમન હોય છે, ત્યાં સિદ્ધિ કે સફલતા અવશ્ય સાંપડે છે.**

[૧૩]

સમયનું મૂલ્ય

જે મનુષ્યો સમયને આ જગતની એક બહુમૂલ્ય વસ્તુ સમજે છે અને તેની ક્ષણે ક્ષણનો–પળે પળનો ઉપયોગ કરે છે, તેઓ પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકે છે, ધંધા–રોજગારની જમાવટ કરી શકે છે, વિવિધ વિષયોનું જ્ઞાન સંપાદન કરી શકે છે તથા મહાન સાહિત્યકાર, મહાન કલાકાર કે નેતા આદિ બની શકે છે. અને આંતરિક વલણ અધ્યાત્મ તરફ હોય તો મહાન સાધક, મહાન સંત, ભક્ત કે યોગી બનીને આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે. ખરેખર! આ જગતમાં સમયનો સદુપયોગ કર્યા વિના કોઈ મહાન બની શક્યું નથી અને બની શકવાનું નથી, તેથી જ ઉન્નતિના ઉમેદવારોને અમે ભારપૂર્વક કહીએ છીએ કે તમે સમયનું મૂલ્ય સમજો.

સામાન્ય રીતે બાળપણ ક્રીડામાં વ્યતીત થાય છે, પણ બાળકોને નવરાશના સમયમાં કોઈપણ જાતનું કામ કરવાની ટેવ પાડી દીધી હોય તો તેઓ કામગરા થાય છે અને અનેક

પ્રકારની કલા–કારીગરી શીખી જાય છે. પ્રહ્લાદે બાળપણથી જ સમયનો સદુપયોગ કરવા માંડ્યો અને પોતાનું ચિત્ત પરમાત્મામાં જોડી દીધું તો તે ઈશ્વર–સાક્ષાત્કારનો પોતાનો સંકલ્પ સિદ્ધ કરી શક્યો અને ઇતિહાસમાં અમર થઈ ગયો.

જાપાન વગેરે દેશોમાં બાળકોને નાનપણથી જ સમયનો સદુપયોગ કેમ કરવો ? એ શીખવવામાં આવે છે અને તેથી ત્યાંની પ્રજા ખૂબ ઉદ્યોગી બની ગઈ છે. પરિણામે તે પોતાની શારીરિક, માનસિક તથા આર્થિક ઉન્નતિ સાધી શકી છે. જે કોઈ જાપાનનો પ્રવાસ કરે છે, તેના પર ત્યાંની પ્રજાની આ પ્રકારની છાપ પડ્યા વિના રહેતી નથી.

ઈંગ્લાંડ, યુરોપના દેશો તથા અમેરિકા વગેરેના લોકો પણ સમયનું મૂલ્ય ખૂબ જ આંકે છે અને 'Time is money–સમય જ પૈસો છે' એમ કહીને તેનું ગૌરવ કરે છે. આપણા દેશમાં પણ સમયનું મૂલ્ય ઓછું અંકાયેલું નથી, પરંતુ આજે આપણા વ્યવહારમાં તે અંગે કેટલીક શિથિલતા આવી ગઈ છે અને તે આપણી ઉન્નતિનો રાહ રોકી રહી છે.

મૈસને કહ્યું છે કે 'સમયની હરેક ક્ષણ સુવર્ણના કણની માફક બહુમૂલ્ય છે.' તાત્પર્ય કે સમયના નાના ટુકડાઓને નકામા કે નિરર્થક ગણી તેની ઉપેક્ષા કરવી, એ મોટી ભૂલ છે. સમયના એ નાનકડા ટુકડાઓમાં તો ઘણું ઘણું થઈ શકે છે. **ગેલીલિયોએ** અવકાશના સમયનો સારો ઉપયોગ કર્યો હતો અને પરિણામે તે કેટલીક મહત્ત્વની શોધો

કરી શક્યો હતો. **મેરિયન હોલૅન્ડ** સમયના ટુકડાઓનો સદુપયોગ કરવાથી જ 'અંકલ ટોમ્સ કેબીન' નામનો અતિ લોકપ્રિય ગ્રંથ લખી શકી હતી. મીનીટે મીનીટનો સદુપયોગ થાય તે માટે **ગ્લેડસ્ટન** પોતાના ગજવામાં કોઈને કોઈ પુસ્તક રાખતો.

તેણે કહ્યું છે કે 'મારું કહેવું ખરૂં માનજો કે તમારા સ્વપ્નમાં પણ જેનો તમને ખ્યાલ નહિ હોય તેવા વ્યાજના વ્યાજ સાથે સમયની કરકસરનો લાભ તમને પાછલી જીંદગીમાં મળશે. સમય ગુમાવવાથી માણસનો માનસિક તેમજ નૈતિક બાંધો વધારેમાં વધારે, આપણે ધારીએ તેના કરતાં પણ વધારે ઉતરી જાય છે.'

'જુવાનીનું રળેલું વૃદ્ધાવસ્થામાં કામ લાગે છે' એ કહેવતમાં પણ લગભગ આવો જ ભાવ રહેલો છે. જે મનુષ્યો પોતાની જુવાનીના દિવસોમાં સમયનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરે છે અને સારી રીતે ધન કમાય છે, તેને વૃદ્ધાવસ્થામાં ખૂબ રાહત મળે છે. અને જેઓ જુવાનીમાં દીવાના બની પોતાના કિંમતી સમયને ગમે તેમ વેડફી નાખે છે અને ધનનો સંચય કરતા નથી, તે પોતાની વૃદ્ધાવસ્થામાં ખૂબ ખૂબ પસ્તાય છે. પરંતુ પછી દહાડો વળતો નથી.

સંત તુલસીદાસજીએ કહ્યું છે કે–

का बरखा जब कृषी सुखाने ।
समय चूकि पुनि का पछताने ॥

'ખેતી સૂકાઈ ગયા પછી વર્ષા આવે તે શા કામની? સમય ચૂકી ગયા પછી પસ્તાવો કરીએ તે શા કામનો?' તાત્પર્ય કે સમય હાથ પર હોય ત્યારે જ કરવા યોગ્ય કરી લેવું જોઈએ.

શેકસપિયરનું એ માનવું હતું કે 'જે સમયને બરબાદ કરે છે, તેને સમય બરબાદ કરે છે.' એટલે સુજ્ઞ મનુષ્યે કદી પણ સમયને બરબાદ કરવો નહિ.

બે ઘડી આનંદ–વિનોદ કરીએ અને મનને બહેલાવીએ એ ઠીક છે, પણ હેતુરહિત નિરર્થક પ્રવૃત્તિઓ કરીને સમયની બરબાદી કરીએ, તે કોઈ રીતે ક્ષમ્ય નથી. ખરી વાત તો એ છે કે સુજ્ઞ મનુષ્યે પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી તેને સિદ્ધ કરવાનો દૃઢ સંકલ્પ કરી લેવો જોઈએ અને સર્વ પ્રવૃત્તિઓ તેને અનુસરીને જ યોજવી જોઈએ. ઘડીમાં ઉત્તર, ઘડીમાં દક્ષિણ, ઘડીમાં પૂર્વ અને ઘડીમાં પશ્ચિમ એ પ્રકારે પ્રવાસ કરનારો જેમ ગંતવ્યસ્થાને પહોંચી શકતો નથી, તેમ ધ્યેયરહિત પ્રવૃત્તિ કરનારો કદી સિદ્ધિ કે સફલતા વરી શકતો નથી.

ઓરીસન સ્વેટ માર્ડને જણાવ્યું છે કે 'દરરોજના એક કલાકના સદુપયોગથી દશ વર્ષમાં ગમે તેવો અભણ માણસ પણ સારા જ્ઞાનવાળો થઈ શકે. એક કલાકમાં એક છોકરો અગર છોકરી વિચારપૂર્વક વીશ પાનાં અને એક વર્ષમાં સાત હજાર પાનાં અગર અઢાર મોટાં પુસ્તકો વાંચી શકે.'

એક–બે કલાકમાં તો શું? એમ કહીને જેઓ પોતાનો સમય અહીં–તહીં રખડવામાં, ટોળ–ટિંખળ કરવામાં,

ગપ્પાં મારવામાં કે નિરર્થક વાદવિવાદ કરવામાં ગાળે છે, તેમણે ઉપરની હકીકત પર વારંવાર વિચાર કરવા જેવો છે.

કેટલાક લોકો કહે છે કે અમને સમય મળતો નથી, પણ તેઓ પોતાનું સમયપત્રક બરાબર ગોઠવે અને પોતાનો સમય નિરર્થક ન જાય, તેની કાળજી રાખે તો અમુક સમય જરૂર મેળવી શકે અને તેનો સદુપયોગ કરીને લાભાન્વિત થઈ શકે. વિદ્યાર્થી અવસ્થામાં મહાત્મા ગાંધીજીનાં વક્તવ્યો તથા લખાણોનો પ્રભાવ અમારા મન પર ખૂબ જ પડ્યો હતો અને તેથી અમને ખાદી પહેરવાની ઉત્કટ ઇચ્છા થઇ હતી. પણ તે માટે પાસે પૈસા ન હતા, એટલે અમે દર રવિવારે સવારે નવજીવન વેચવા જવાનો નિર્ણય કર્યો અને એ રીતે અમને સવાથી દોઢ રૂપિયો મળવા લાગ્યો. આ રીતે સાત-આઠ અઠવાડિયામાં અમે ૧૦ રૂપિયા જેટલી મૂડી ભેગી કરી હતી અને તેમાંથી ખાદી ખરીદીને પહેરણ તથા ટોપી શીવડાવ્યાં હતાં અને તે શરીર પર ધારણ કરીને ઊંડો આત્મસંતોષ અનુભવ્યો હતો. તાત્પર્ય કે જો મન પર લઈએ તો અમુક સમય કાઢી શકાય છે અને તેનો સદુપયોગ કરી લાભાન્વિત થઈ શકાય છે.

બ્રૂયરનું કહેવું છે કે 'જે લોકો સમયનો અધિક દુરુપયોગ કરે છે, તેઓ જ સમયના અભાવની સહુથી વધારે ફરિયાદ કરે છે.'

ખોયેલું આરોગ્ય પાછું મેળવી શકાય છે, ખોયેલું ધન પણ પાછું મેળવી શકાય છે અને ખોયેલો અધિકાર

પણ પાછો મેળવી શકાય છે, પરંતુ ખોયેલો સમય પાછો મેળવી શકાતો નથી. જે દિવસો ગયા તે ગયા, જે રાત્રિઓ ગઈ તે ગઈ. જો કોઇ ગયેલો દિવસ કે ગયેલી રાત્રિ પાછી લાવી શકતો હોય તો તે જોવાને અમે આતુર છીએ.

નોયલ પેટનના એ શબ્દો છે કે 'મનુષ્યની જીંદગીના દરેક કલાકમાં તેનાથી બને તેવું ખાસ કામ કરવાનું હોય છે. આખી જિંદગીના બીજા કોઇ પણ કલાકમાં તે કામ થઈ શકે એવું હોતું નથી. એક કલાક ગયો, તે ગયો જ.'

આપણા જીવનમાં એક વર્ષ, એક માસ, એક પક્ષ, એક સપ્તાહ, અરે! એક દિવસ ઉમેરવા ચાહીએ તો ઉમેરી શકાય છે ખરો ? જો ઉમેરી શકાતો ન હોય તો જીવનનો કોઈ પણ દિવસ વેડફી નાખવો, એ નરી મૂર્ખતા છે. અહીં અમને એક લોકકથા યાદ આવે છે.

કોઈ રાજરાણી કહી રહી છે :

ખોળે ભરી છે સુખડી, પાનનાં બીડાં હત્થ;
જળહળ જ્યોતિ જગમગે, કેમ અલૂણા કંથ ?

'હે સ્વામિન્! આપણી પાસે ખાવાને માટે વિવિધ પ્રકારની મીઠાઇઓ અને મેવા તૈયાર છે. વળી આપણા હાથમાં કેસર, કસ્તૂરી, અંબર વગેરે સુગંધી મૂલ્યવાન પદાર્થોથી બનાવેલાં પાનનાં બીડાં મુખમાં મૂકવા માટે તૈયાર છે. તેમ આપણી ચારે ય બાજુ રિદ્ધિસિદ્ધિનો ઝગમગાટ થઈ રહ્યો છે, છતાં તમે ઉદાસીન કેમ છો ?'

ઉત્તરમાં રાજા પોતાના મસ્તક પર ઉગેલા એક શ્વેત વાળને દર્શાવતાં કહે છે :

સંદેશો લઈ આવીઓ, મૃત્યુદૂત આ વાર;
દુશ્મન આવી પહોંચશે, જવું પડશે જમદ્વાર.

'હે રાણી ! તમે કહી એ વાત ઠીક છે, પણ આ મેવા-મીઠાઈમાં, આ તંબોલમાં ને આ રિદ્ધિસિદ્ધિમાં અમને રસ ક્યાંથી આવે ? કારણ કે આ મૃત્યુનો દૂત સંદેશો લાવ્યો છે, એટલે થોડી વારમાં જીવનનો દુશ્મન–કાલ આવી પહોંચશે અને અમારે યમદ્વારે જવું પડશે, એ નિશ્ચિત છે.'

એ સાંભળીને રાણી મત્સરથી કહે છે :

દેઈશ જમને લાંચડી, કરીશ લાખ પસાય;
આપીશ કરની મુદ્રિકા, (મમ) પિયુને કોણ લઈ જાય?

'હે સ્વામિજી ! એમાં તમે ગભરાઓ છો શું ? આપણી પાસે લક્ષ્મી ઘણી છે, તેથી જમને લાંચ આપીશ તથા તેના પર બીજી અનેક રીતે મહેરબાની કરીશ અને તેમ છતાં નહિ માને તો મારા હાથમાં રહેલી મણિયમ મુદ્રા આપી દઈશ, પણ તમને કોઈ રીતે લઈ જવા નહિ દઉં. હું જોઉં છું કે તે તમને કેવી રીતે લઇ જાય છે ?'

રાજા શાંત છે, શાણો છે, તે ઠાવકાઈથી કહે છે :

ઘેલી થા મા સુંદરી, ઘેલા બોલ ન બોલ;
જો જમ લેવત લાંચડી, જગમાં મરત જ કોણ?

'હે સુંદરી ! તું ઘેલી થા મા અને આ રીતે ઘેલાં વેણુ બોલ મા. જો જમ લોકો લાંચ–રૂશ્વત લેતા હોત તો આ જગતમાં કોણુ મરત ? અર્થાત્ કોઇ મરત જ નહિ.'

તાત્પર્ય કે મનુષ્યનું જેટલું આયુષ્ય હોય છે, તેટલું જ તેનું જીવન ટકે છે અને તે દરમિયાન તેણે પોતાના જે જે મનોરથો–સંકલ્પો હોય, તે સિદ્ધ કરી લેવાના છે. એટલે તેણે સમયનો એ રીતે ઉપયોગ કરવો જોઇએ કે જેથી તેનો એક પણુ દિવસ, અરે તેની એક પણુ પળ નકામી જાય નહિ.

કેટલાક મનુષ્યો પોતાના અલ્પ આયુષ્યમાં પણુ ઘણું કામ કરી જાય છે અને કેટલાક મનુષ્યો દીર્ઘ આયુષ્ય મળવા છતાં કોઈ નોંધપાત્ર કામ કરી શકતા નથી. **શ્રીમચ્છંકરાચાર્ય**નું આયુષ્ય માત્ર બત્રીશ વર્ષનું જ હતું, છતાં તેમણે હિંદુ ધર્મનો પુનરુદ્ધાર કર્યો અને વિપુલ સાહિત્યનું સર્જન કર્યું. **સ્વામી રામતીર્થ**નું આયુષ્ય પણુ બત્રીશ વર્ષનું જ હતું, છતાં તેમણે દેશ–વિદેશમાં ધર્મની જાગૃતિ આણી અને લાખો લોકોને અધ્યાત્મનો અપૂર્વ સંદેશ આપ્યો. **શ્રીમદ્ રાજચંદ્ર**નો દેહવિલય પણુ લગભગ બત્રીશ વર્ષે જ થયો, છતાં તેઓ એવું જીવન જીવી ગયા કે જે બીજાને માટે આદર્શ બન્યું છે. આજે તેમના ગ્રંથોમાંથી લાખો લોકો આત્મશુદ્ધિની પ્રેરણાનાં પાન કરે છે.

બેકને કહ્યું છે કે 'કોઇ પણુ મનુષ્ય ઉમરમાં નાનો હોય, પણુ તેણે સમય ગુમાવ્યો ન હોય તો કલાકમાં તે

મોટો હોય.' આ પરથી કલાકોનો ઉપયોગ કેવો કરવો ? તે સમજી શકાય છે.

સમયનું મૂલ્ય સમજવા માટે આટલું વિવેચન પર્યાપ્ત નથી શું ?

જે સમયનું બહુમૂલ્ય કરે છે, તેના જીવનનું બહુમૂલ્ય થાય છે.

[૧૪]

ચિત્તવૃત્તિઓની એકાગ્રતા

સિદ્ધિ, સફલતા કે વિજયની મુખ્ય ચાવી એકાગ્રતા (Concentration) છે. તમે મનમાં એક દૃઢ સંકલ્પ કર્યો હોય, તેને લગતી યોજના ઘડી હોય અને આશાવાદી બનીને તે માટે પુરુષાર્થ આદર્યો હોય, પણ તે પુરુષાર્થ જો એકાગ્ર ચિત્તે કરી શકતા ન હો, તો તેમાં ધારેલી સિદ્ધિ, ધારેલી સફલતા કે ધારેલો વિજય મળવાનો સંભવ બહુ ઓછો છે. **ચાર્લ્સ બકસ્ટનનો** એ અભિપ્રાય છે કે 'એકાગ્રતાથી જ વિજય પ્રાપ્ત થાય છે.'

માની લો કે એક મોટું યુદ્ધ ચાલે છે, શત્રુપક્ષ ઘણો બળવાન છે અને તે સબળ શસ્ત્રોથી સુસજ્જ છે. તેનો તમારે સામનો કરવાનો છે, તો શું કરો? તમારા સર્વ સાધનો–સર્વ શક્તિ એકત્ર કરો કે નહિ? જીવનનો જંગ જિતવા અથવા તો કોઈ મહાન સંકલ્પને સિદ્ધ કરવા માટે પણ આ જ પ્રકારની તૈયારીઓ કરવાની જરૂર છે. ભારતના

એક તત્ત્વચિંતકે કહ્યું છે કે 'મનની એકાગ્રતા મનુષ્યની વિજયશક્તિ છે. તે મનુષ્યજીવનની સમસ્ત શક્તિઓને એકત્ર કરી માનસિક ક્રાંતિ ઉત્પન્ન કરે છે.'

જે કામ એકાગ્રતાથી થાય છે, તે બહુ સારું થાય છે, તેમાં ભૂલો રહેતી નથી અથવા તો બહુ જ ઓછી રહે છે અને તેમાં ઝડપ પણ ઘણી આવે છે, જ્યારે વિક્ષિપ્ત ચિત્તે કરાયેલું કામ સારું થતું નથી, તેમાં ઘણી ભૂલો થાય છે અને તેની ગતિ પણ મંદ હોય છે. એટલે જે કામ હાથ ધરીએ, તેમાં ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરવી અત્યંત જરૂરી છે. **ચાર્લ્સ કિંગ્સલી**એ જણાવ્યું છે કે 'હું મારું દરેક કામ એમ વિચારીને કરું છું કે જાણે એ વખતે દુનિયામાં બીજી કોઈ વસ્તુ જ ન હોય.'

નિશાનબાજો ગમે તેવા સૂક્ષ્મ નિશાનને તોડી પાડે છે, તેનું કારણ તેમની ચિત્તવૃત્તિઓની એકાગ્રતા છે. પ્રો. સત્યપાલ કે જેઓ આધુનિક યુગના અર્જુન ગણાયા છે, તેમના ધનુર્વિદ્યાના પ્રયોગો જેમણે જોયા હશે, તે આશ્ચર્ય પામ્યા વિના નહિ જ રહ્યા હોય. એક છૂટા લટકતા દોરાને પણ તેઓ બાણ મારીને તોડી પાડે છે. જો ચિત્તવૃત્તિઓ બરાબર એકાગ્ર થઈ ન હોય તો આવું પરિણામ આવી શકે જ નહિ.

શતાવધાનના પ્રયોગોમાં પણ આવી જ એકાગ્રતા અપેક્ષિત છે. એક માણસ ગણિતનો અટપટો સવાલ રજૂ કરે, બીજો કાવ્ય સંભળાવે, તો ત્રીજો દુનિયાની ગમે તે ભાષા બોલી જાય. આ રીતે એક પછી એક અનેક અટપટા

પ્રશ્નો રજૂ થાય, તે ચિત્તની એકાગ્રતા વિના ગ્રહણ કેમ થઈ શકે? જેનું ગ્રહણ (Reception) યથાર્થ નથી, તેનું ધારણ (Retention) યથાર્થ થઈ શકતું નથી અને યથાર્થ ધારણના અભાવે તેનું યથાર્થ ઉદ્બોધન (Reproduction) તો થાય જ ક્યાંથી? તાત્પર્ય કે શતાવધાની આ પ્રશ્નોના એક પછી એક ઉત્તર આપે છે, તેના મૂળમાં તેમની ચિત્ત-વૃત્તિઓની એકાગ્રતા જ ખરું કામ કરે છે.

અમારી પાસે જ્યારે કોઈ પણ જિજ્ઞાસુ શતાવધાનના પ્રયોગો શીખવા આવે છે, ત્યારે અમે સહુથી પહેલાં તેની એકાગ્રતા કેવી છે? તે તપાસીએ છીએ અને તે માટે કેટલાંક નક્કી કરેલાં કાર્ડોનો ઉપયોગ કરીએ છીએ. જો જિજ્ઞાસુ તેમાં ૭૦-૮૦ ટકા જેટલો સફળ થાય તો જ તેને આ પ્રયોગો શીખવવા કબૂલ થઈએ છીએ. જેનું મન બરાબર એકાગ્ર થઈ શકતું નથી, તે અવધાનપ્રયોગો કરી શકતો નથી.

શતાવધાનમાં એક સપ્તાનુસંધાનનો પ્રયોગ આવે છે. તેમાં સાત વસ્તુઓનું મનની સાથે અનુસંધાન કરવાનું હોય છે. વધારે સ્પષ્ટ કહીએ તો ત્રણ વ્યક્તિઓ અવધાનકારની સામે ઉભી રહે, બે વ્યક્તિઓ તેના બે કાનથી થોડે દૂર સીધી લીંટીમાં ઊભી રહે અને બે વ્યક્તિઓ તેની પાછળ દોઢ-બે ફુટના અંતરે ઊભી રહે. પછી સંચાલક એક-બે-ત્રણ બોલે કે સામે ઊભેલી વ્યક્તિઓ પોતાના હાથમાં રહેલી કોઈ પણ વસ્તુ બતાવે, કાનની સીધી લીંટીમાં ઊભેલી વ્યક્તિઓ અવધાનકારને જ્ઞાત એવી કોઈ પણ ભાષાના બે શબ્દો બોલે

અને પાછળ ઉભેલી બે વ્યક્તિઓ અવધાનકારના હાથમાં (આ વખતે હાથ પાછળ રાખેલા હોય છે) મૂકી તેનો સ્પર્શ કરાવે અને લઈ લે. આ સાતે વસ્તુય તેણે એક જ મીનીટમાં ગ્રહણ કરી લેવાની હોય છે અને પછી જ્યારે પણ પૂછવામાં આવે ત્યારે તેનો ઉત્તર આપવાનો હોય છે.

કેટલાક કહે છે કે 'એક જ મીનીટમાં સાત વસ્તુઓનું મનમાં અનુસંધાન થાય જ કેવી રીતે?' પરંતુ અદ્‌ભુત એકાગ્રતાને લીધે આવું કઠિન કાર્ય પણ સંપન્ન થઈ શકે છે.

વળી કર્ણેંદ્રિય દ્વારા કોઈ પણ શબ્દ પર ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરવાથી તે ઘણો સૂક્ષ્મ થઈ જાય ત્યાં સુધી સાંભળી શકાય છે અથવા તો તે શબ્દ દૂર દૂર ચાલ્યો જાય ત્યાં સુધી તે શ્રવણગોચર થાય છે. દાખલા તરીકે એક વૃક્ષ પર પક્ષી બેઠું બેઠું રૂદન કરે છે, તેના પર ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરીએ તો તે ત્યાંથી ઉડીને બીજા વૃક્ષ પર જાય કે આકાશમાં ઉડ્ડયન શરૂ કરે તો ધ્યાન માત્રથી તેનો આખો નકશો દોરી શકાય છે.

સાહિત્યકાર, સંગીતકાર, ચિત્રકાર, સ્થપતિ તથા અન્ય સર્વ કલાકારોને પણ એકાગ્રતાની અત્યંત જરૂર પડે છે. અન્યથા તેમની કૃતિઓમાં અદ્‌ભુતતા આવતી નથી કે આકર્ષણ જામતું નથી.

ન્યાયાધીશો કે જેમને અનેક આંટીઘુંટીવાળા કેસો સાંભળવાના હોય છે અને તેનો ફેંસલો કરવાનો હોય છે, તેમને પણ અનન્ય એકાગ્રતા કેળવવી પડે છે. અન્યથા તેઓ

એકનું બીજું સમજે અને કોઈના બદલે કોઈને દંડી નાખે. તેમાં યે ખૂન વગેરેના ખટલા ચાલતા હોય, ત્યારે તો તેમણે અતિ ઉચ્ચ કોટિની એકાગ્રતા ધારણ કરવી પડે છે અને દરેકે દરેક મુદ્દો લક્ષ્યમાં રાખવો પડે છે. વળી સેંકડો પાનાના હેવાલ પરથી એક વ્યવસ્થિત વિચારસરણી પર આવવું અને સત્ય અનુમાન તારવી કાઢવું, તે પૂરી એકાગ્રતા વિના બની શકતું નથી.

સર્કસના ખેલમાં કેટલીક છોકરીઓ હાથમાં છત્રી લઈને તારના દોરડા પર ચાલે છે, ત્યારે તેઓ કેવી એકાગ્રતા રાખે છે, તે જોયું છે ને ? આપણે પણ પ્રવૃત્તિરૂપ તાર પર ચાલતાં એવી જ એકાગ્રતા રાખવી જોઈએ. પછી સિદ્ધિ કે સફલતા હાથ-વેંતમાં જ સમજવી.

જે વસ્તુનો આપણને રસ (Interest) નથી, તેમાં આપણી ચિત્તવૃત્તિઓ એકાગ્ર થઈ શકતી નથી. દાખલા તરીકે એક વિદ્યાર્થીને ગણિતના વિષયમાં રસ નથી, તો જ્યારે ગણિતના શિક્ષક ગણિતનો કોઈ પણ સિદ્ધાંત સમજાવતા હશે, ત્યારે તે ઝોકાં ખાતો હશે કે પોતાના પ્રિય વિષયો એટલે કે પતંગ, ક્રિકેટ કે સિનેમા આદિના વિચારો કરતો હશે.

પાંચ માણસો ભેગા થયા હોય અને જુદી જુદી બાબતો વિષે વાતો કરી રહ્યા હોય, તેમાં આપણા રસની વાત આવે તો આપણા કાન તરત જ સરવા થાય છે અને તે વાત આપણે ધ્યાનથી એટલે કે ચિત્તવૃત્તિઓની એકાગ્રતાપૂર્વક સાંભળવા લાગીએ છીએ. તાત્પર્ય કે આપણને કોઈ પણ

કામમાં રસ ઉત્પન્ન થયા વિના તેમાં એકાગ્રતા જામતી નથી, એટલે કામ પ્રત્યે રસ હોવો એ પણ એટલી જ જરૂરી વસ્તુ છે. અહીં એ પણ જણાવી દઇએ કે આપણે આપણા મનમાં કોઈ વસ્તુનો દૃઢ સંકલ્પ કર્યો હોય અને તેને ભાવનારૂપી જલ સિંચતા રહીએ તો તે અંગેની પ્રવૃત્તિ કે તે અંગેના કામમાં આપણને રસ ઉત્પન્ન થયા વિના રહેતો નથી.

કોઈ વ્યક્તિએ લાખો રૂપિયા મેળવવાનો સંકલ્પ કર્યો હોય તો તેને વ્યાપાર–રોજગાર કે હુન્નર–ઉદ્યોગોની યોજનામાં રસ પડ્યા વિના રહે ખરો ? વળી સરકારી કાનુનો આ બધી વસ્તુઓ પર ભારે અસર કરતા હોય છે, એટલે તેને એ કાનુનોનો અભ્યાસ કરવામાં પણ સ્વાભાવિક રસ જાગે છે અને તે એનો અભ્યાસ જરૂર કરે છે.

કોઈ વ્યક્તિ ખૂબ બિમાર રહેતી હોય અને તેણે નીરોગી થવાનો સંકલ્પ કર્યો હોય તો તેને ચિકિત્સા અને તેની વિવિધ પદ્ધતિઓમાં જરૂર રસ પડે છે અને તે માટે કોણ કોણ નિષ્ણાત છે ? તેની શોધ તે અવશ્ય ચલાવે છે.

જો આપણી શક્તિ વિવિધ પ્રવૃત્તિઓમાં વિખરાઈ જતી હોય તો પણ આપણે આપણી ઇષ્ટ પ્રવૃત્તિમાં જોઇએ તેવા એકાગ્ર થઇ શકતા નથી અને તેનું ધારેલું પરિણામ આવી શકતું નથી. **કાર્લાઇલે** કહ્યું છે કે 'એક જ વિષય પર પોતાની શક્તિઓ એકાગ્રતાપૂર્વક લગાવી દેવાથી નિર્બળમાં નિર્બળ પ્રાણી પણ કંઈક કરી શકે છે. જ્યારે બળવાનમાં બળવાન મનુષ્ય પણ પોતાની શક્તિઓને અનેક વિષયમાં વિખેરી નાખે તો તે કંઈ પણ કરી શકતો નથી.'

કેટલાક મનુષ્યો એમ માને છે કે અમે ધનવાન છીએ, લાગવગવાળા છીએ અને અધિકારસ્થાન પર હોઈએ તો ઘણું કરી શકીએ તેમ છીએ અને તેઓ અનેક સંસ્થાઓની જવાબદારી ગ્રહણ કરે છે. પણ તેઓ કોઈ સંસ્થા પરત્વે પોતાની સમગ્ર શક્તિઓ એકત્ર કરી શકતા નથી, એટલે તેમાંની કોઈ પણ સંસ્થાની ઉન્નતિ કરી શકતા નથી. પરિણામે તેમની સામે ઉહાપોહ શરૂ થાય છે, તેમાંથી તીવ્ર વાદવિવાદ જાગે છે અને પછી તો પક્ષબળે પણ સ્થાનને ચીટકી રહેવાની દુર્ભાવના જાગે છે. પરિણામે એ સંસ્થા નબળી પડે છે અને યશને બદલે અપયશ સાંપડે છે.

એમર્સને કહ્યું છે કે 'જો જીવનમાં કોઈ બુદ્ધિમાની-ની વાત હોય તો તે એકાગ્રતા છે અને જો કોઈ ખરાબ વાત હોય તો તે પોતાની શક્તિઓને વેરવિખેર કરી નાખવાની છે. બહુચિત્તતા ગમે તેવી હોય તેથી શું?' તાત્પર્ય કે તેનું પરિણામ સિદ્ધિ કે સફલતામાં આવી શકતું નથી.

જિન એંજેલોએ કહ્યું છે કે 'સંસારનું સંચાલન કરવાને હું બંધાયેલો નથી, પણ ઇશ્વરે મારા માટે જે કામ નિર્માણ કરેલું છે, તેમાં મારી બધી શક્તિઓ એકાગ્ર કરવા બંધાયેલો છું.'

થોએન મેરેડિથના એ શબ્દો છે કે 'જે વ્યક્તિ જીવનમાં એક જ વાત શોધે છે, તે આશા રાખી શકે કે જીવન સમાપ્ત થતાં પહેલાં તે તેને પ્રાપ્ત થશે.'

આપણા અનુભવી પુરુષોએ પણ લગભગ આવાં જ વચનો ઉચ્ચારેલાં છે. તેઓ કહે છે કે '**एक सधे सब ही**

सधे, सब सधे एक जाय—જે મનુષ્ય એક જ કાર્યને સારી રીતે સાધે છે, તે બધાં કાર્યોને સારી રીતે સાધી શકે છે. અને જે બધાં કાર્યોને એક સાથે સાધવા જાય છે, તે એક પણ કાર્યને સાધી શકતો નથી.' આથી વધારે સ્પષ્ટ અને સુંદર ઉપદેશ બીજો કયો હોઈ શકે ?

મનુ ભગવાને કહ્યું છે કે 'જૂઠ, કપટ, ચોરી, વ્યભિચાર આદિ દુરાચારોની વૃત્તિઓને નષ્ટ કર્યા વિના ચિત્ત એકાગ્ર થવું મુશ્કેલ છે અને ચિત્ત એકાગ્ર થયા વિના ધ્યાન તથા સમાધિનો લાભ થવો મુશ્કેલ છે.' તાત્પર્ય કે આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે પણ ચિત્તની એકાગ્રતા અત્યંત જરૂરી છે અને તે દુરાચારની વૃત્તિઓનો ત્યાગ કરીને પ્રાપ્ત કરવી જોઈએ.

સુદર્શને કહ્યું છે કે 'જેની પાસે પોતાની શક્તિ નથી, તેને ભગવાન પણ શક્તિ આપતા નથી. શક્તિ પોતાની અંદરથી આવે છે અને તેનું મુખ્ય સાધન એકાગ્રતા છે.'

છેવટે **વોટર્સ**ના એ શબ્દો ટાંકીને આ પ્રકરણ સમાપ્ત કરીશું કે '**સટ્ટાની માફક ઉપર ઉપરથી અભ્યાસ કરો નહિ. એવો બધો અભ્યાસ વ્યર્થ જાય છે. કંઈક યોજના ઘડો, કંઈક હેતુ રાખો અને પછી તેને માટે એકાગ્રતાભર્યા પ્રયાસ કરો, જેથી તમને ધારી સફળતા મળી શકશે.**'

[૧૫]

આત્મનિરીક્ષણ

પ્રિય પાઠકો ! એ વાત લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે આપણી ઉન્નતિનો આધાર બાહ્ય સાધનો ઉપર નહિ, પણ આપણી આંતરિક સ્થિતિ ઉપર છે, આપણા મનના સુયોગ્ય ઘડતર ઉપર છે; તેથી ઉન્નતિના ઉમેદવારોએ સહુથી પહેલાં પોતાની આંતરિક સ્થિતિ સુધારવાનો–પોતાની માનસિક ભૂમિકાને ઉન્નત કરવાનો પુરુષાર્થ આદરવો જોઈએ. આત્મ-શ્રદ્ધા કે આત્મવિશ્વાસ, પુરુષાર્થ, આશાવાદ, વિચાર કરવાની ટેવ, જ્ઞાનપ્રિયતા, નિયમિતતા, સમયનો સદુપયોગ, ચિત્ત-વૃત્તિની એકાગ્રતા એ બધી વસ્તુઓ આપણી આંતરિક સ્થિતિને સુધારનારી છે, આપણી માનસિક ભૂમિકાને ઉન્નત કરનારી છે અને તેથી જ તે અંગે પૂર્વ પ્રકરણોમાં વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. આત્મનિરીક્ષણ પણ તેમાંનો જ એક ગુણ છે, એટલે પ્રસ્તુત પ્રકરણમાં તે અંગે કેટલીક વિચારણા કરીશું.

આત્મનિરીક્ષણનો સામાન્ય અર્થ એ છે કે આપણા

આત્માનું નિરીક્ષણ કરવું, આપણી જાતનું અવલોકન કરવું. આત્મા અદૃષ્ટ છે, નજરે જોઈ શકાય તેવો નથી, પણ આપણામાં ચૈતન્યનો જે પ્રવાહ વહી રહ્યો છે, તેના પરથી તેના અસ્તિત્વનું ભાન થાય છે. શાસ્ત્રોનું શ્રવણ કરતાં, તેના પર મનન કરતાં અને તેના પર ખૂબ ઊંડો વિચાર કરતાં એટલે કે નિદિધ્યાસન કરવાથી આ આત્માનો વિશિષ્ટ બોધ થાય છે. જે આત્મા પ્રશસ્ત ભાવોમાં રમતો હોય તે સુંદર ગણાય છે અને અપ્રશસ્ત ભાવોમાં રમતો હોય તે અસુંદર ગણાય છે. આપણો આત્મા સુંદર છે કે અસુંદર? તે આત્મનિરીક્ષણ કરવાથી સમજી શકાય છે.

આપણી જાતનું અવલોકન કરવું, એટલે આપણામાં સારી ટેવો કેટલી છે અને ખરાબ ટેવો કેટલી છે? તેનો વિચાર કરવો. મનુષ્ય આદતનું પૂતળું છે, એમાં તો કોઈ શંકા જ નથી. જો તેની આદતો–ટેવો સારી હોય તો એ ખરેખર ઉત્તમ મનુષ્ય છે અને તે આ જીવનમાં કંઈક પણ સુકૃત અવશ્ય કરી જવાનો. જ્યારે ખરાબ આદતોનું પરિણામ તો ખરાબ જ આવવાનું. તેને માટે દુઃખ અને દુર્ગતિ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.

આત્મનિરીક્ષણનો વિશેષ અર્થ એ છે કે અણસમજ, પૂર્વગ્રહ, દ્વેષ કે પ્રમાદ આદિ માનસિક દોષોને લીધે સ્વીકૃત પ્રવૃત્તિ કે પ્રવૃત્તિઓમાં આપણાથી જે કંઈ સ્ખલનાઓ, ત્રુટિઓ કે ભૂલો થઈ ગઈ હોય તેનું શોધન કરવું અને ફરી તેવી સ્ખલનાઓ, ત્રુટિઓ કે ભૂલો ન થાય તેની તકેદારી

રાખવી. હવે તમે જ કહો કે ઉન્નતિ, પ્રગતિ, વિકાસ કે અભ્યુદયની સિદ્ધિ માટે આ વસ્તુ કેટલી જરૂરી છે?

આપણે ત્યાં રોજ વાસણો માંજવામાં આવે છે, ઘરમાંથી કચરો કાઢવામાં આવે છે તથા વસ્ત્રોને ધોવામાં આવે છે, તેનું કારણ એ છે કે તેમાં જે અશુદ્ધિ–અસ્વચ્છતા–ગંદકી દાખલ થઈ ગઈ હોય, તે દૂર કરવી. જો થોડા દિવસ લોટા–પ્યાલાને માંજવામાં ન આવે તો તે કાળા ઠણુક થઈ જાય છે અને નજરે જોવા ગમતા નથી. જો થોડા દિવસ ઘરમાંથી કચરો કાઢવામાં ન આવે તો તે હવડ થઈ જાય છે અને તેમાં રહેવાનું દિલ થતું નથી. અને જો થોડા દિવસ વસ્ત્રો ધોવાનું મુલતવી રાખીએ તો તે ખૂબ મેલાં થઈ જાય છે અને અંગે અડાડવાનો ઉત્સાહ થતો નથી. તાત્પર્ય કે અશુદ્ધિ–અસ્વચ્છતા–ગંદકી દૂર કરવા માટે શુદ્ધિ કે શોધનની ક્રિયા જરૂરી છે અને તે દરેક સુજ્ઞ મનુષ્ય અવશ્ય કરે છે. તો પછી આપણી આંતરિક સ્થિતિને શુદ્ધ–સ્વચ્છ–પવિત્ર રાખવા માટે શોધનની જરૂર ખરી કે નહિ?

આપણા કોઠામાં મલનો ઘણો સંચય થઈ ગયો હોય તો તેને દૂર કરવા માટે કુશળ વૈદ્યો વમન–વિરેચનનો ઉપાય અજમાવે છે. એ જ રીતે આપણા અંતરમાં મલિન ભાવોનો ઘણો સંચય થઈ ગયો હોય તો આત્મનિરીક્ષણરૂપી વમન–વિરેચનનો ઉપાય અજમાવવા જેવો છે. તેનાથી લાભ જરૂર થશે, નુકશાન તો કંઈ પણ થવાનો સંભવ નથી.

જેવી આપણા ચિત્તની વૃત્તિઓ હોય છે, તેવી જ

પ્રવૃત્તિઓ થાય છે, એટલે કોઈ પણ પ્રવૃત્તિને સુધારવી હોય તો પ્રથમ આપણી ચિત્તવૃત્તિઓમાં–આંતરિક સ્થિતિમાં સુધારો થવો જોઈએ અને તે આત્મનિરીક્ષણથી જ થાય છે, તેથી ઉન્નતિના ઉમેદવારોને તેની ખાસ ભલામણ કરવામાં આવે છે.

એક વણિક જર–જવાહરથી ભરેલો મહેલ પોતાની સ્ત્રીને સોંપીને વ્યાપાર અર્થે વિદેશ ગયો, પરંતુ તે સ્ત્રીએ મહેલની કંઈ પણ સારસંભાળ કરી નહિ, તેથી મહેલ પડીને ખંડેર જેવો થઈ ગયો. હવે તેનો પતિ બહારગામથી આવ્યો, ત્યારે મહેલની આવી હાલત જોઈને ખૂબ ક્રોધે ભરાયો અને પોતાની આજ્ઞામાં નહિ રહેનારી તથા પૂરેપૂરી પ્રમાદી એવી તે સ્ત્રીને કાઢી મૂકી.

પછી નવો મહેલ બંધાવી બીજી સ્ત્રીને પરણ્યો અને પાછો વ્યાપાર અર્થે વિદેશ જવા રવાના થયો. તે વખતે તેણે પોતાની નવપરિણીતા સ્ત્રીને કહ્યું કે 'આ મહેલને તું બરાબર સાચવજે અને તેની સાફસૂફી કરજે. જો તેમાં પ્રમાદ થયો અને મહેલને કંઈ પણ નુકશાન પહોંચ્યું તો તને મારી નાખીશ.' આથી તે સ્ત્રી દિવસમાં ત્રણ વખત મહેલનું બારીક નિરીક્ષણ કરવા લાગી અને કંઈ પણ તૂટયું-ફૂટયું જણાય કે તરત દુરસ્ત કરાવવા લાગી.

કાલક્રમે પેલો વણિક પરદેશથી કમાઈને આવ્યો, ત્યારે મહેલને હતો તેવો જોઈને અત્યંત પ્રસન્ન થયો અને તે સ્ત્રીને તેણે સર્વસ્વની સ્વામિની બનાવી.

તાત્પર્ય કે પ્રથમ સ્ત્રીએ મહેલની સારસંભાળ બરાબર

કરી નહિ; તેથી મહેલ પડી ગયો, તેમ જે જિજ્ઞાસુઓ–ઉન્નતિના ઉમેદવારો આત્મનિરીક્ષણ વડે પોતાના આત્માની, આંતરિક સ્થિતિની સારસંભાળ કરતા નથી, તેમનો સંકલ્પ રૂપી મહેલ તૂટી પડે છે અને તેમને હતાશ થવાનો વખત આવે છે; જ્યારે બીજી સ્ત્રીની માફક આત્મનિરીક્ષણ વડે પોતાના આત્માની–પોતાની આંતરિક સ્થિતિની બરાબર સાર–સંભાળ કરનાર જિજ્ઞાસુઓનો–ઉન્નતિના ઉમેદવારોનો સંકલ્પ અવશ્ય સિદ્ધ થાય છે અને તેમને સુખ, સંપત્તિ તથા યશના અધિકારી બનાવી દે છે.

આપણી ભૂલો આપણને એમ ને એમ સમજાતી નથી. વળી અભિમાનની માત્રા અધિક હોય તો આપણને એમ જ લાગે છે કે ‘મારી ભૂલ થાય નહિ. હું જે કંઈ કરું છું, તે વિચારીને જ કરું છું.’ પરંતુ આત્મનિરીક્ષણ કરતા રહીએ તો એ ભૂલો આપણા ધ્યાનમાં આવે છે અને તેથી તેને સુધારી લેવાની તક સાંપડે છે. આમ થતાં આખી પરિસ્થિતિમાં મોટો ફેર પડી જાય છે.

એક શેઠને ત્યાં કોઈ વાણોતર ટકતું નહિ. તેઓ એમ સમજતા કે ‘આજકાલના માણસો સ્વાર્થી–લુચ્ચા–પાજી હોય છે. તેમનો કોઈ ભરોસો રાખવા જેવો જ નહિ.’ પણ જ્યારે તેમણે આત્મનિરીક્ષણ કરવા માંડ્યું, ત્યારે જ ખ્યાલ આવ્યો કે ‘પોતાનું વાણોતરો પ્રત્યેનું વર્તન ઘણું તુંડમિજાજી છે અને પોતે ગમે તેવી ગાળો બોલી જાય છે.’ એ દિવસથી જ તેમણે પોતાનું આ વર્તન સુધારી લેવાનો તથા ગાળ નહિ

બોલવાનો સંકલ્પ કર્યો. ત્યારપછી તેમની દુકાને જે વાણોતર–ગુમાસ્તા આવ્યા તે ટકીને રહ્યા, એટલું જ નહિ પણ શેઠ પ્રત્યે ભારે માન દર્શાવવા લાગ્યા અને પૂરા વફાદાર નીવડ્યા.

એક શેઠે ચાંદીનો સટ્ટો કર્યો. શરૂઆતમાં કમાણી બહુ સારી થઈ, એટલે તેમને લાગ્યું કે હવે તો હું ક્રોડ રૂપિયા જરૂર કમાઈ લઈશ અને તેમણે એ સટ્ટામાં યાહોમ ઝંપલાવી દીધું. તેમને ત્યાં એક વૃદ્ધ મુનીમ હતા, તેમને આ રુચ્યું નહિ. તેમણે કહ્યું : 'શેઠજી! આ કંઈ ઠીક થતું નથી, તમારે આટલું બધું જોખમ ખેડવાની જરૂર શી?'

એ સાંભળી શેઠે કહ્યું : 'તમે તમારું કામ સંભાળો. તમારે મને આ બાબતમાં કંઈ પણ કહેવું નહિ.'

મુનીમે કહ્યું : 'શેઠજી! હું તો મારું કામ બરાબર સંભાળી રહ્યો છું અને આપને સાચી સલાહ આપવી, એ પણ મારું કામ છે. મેં વર્ષોથી આ પેઢીનું લુણ ખાધું છે, એટલે મને લાગી આવે છે અને તેથી તમને ચેતવવા માટે કહું છું કે આનું પરિણામ સારું નહિ આવે.'

આ સાંભળી શેઠનો પિત્તો ઉછળ્યો અને તેમણે કહ્યું : 'કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં! હું પણ તમને કહું છું કે જો તમે હવે પછી મારી વચ્ચે આવ્યા તો તેનું પરિણામ સારું નહિ આવે. તમે ઘરડા છો, એટલે આજે તો તમારું માન રાખું છું.'

મુનીમે કપાળે હાથ મૂક્યો અને ચૂપકીદી પકડી. આ શેઠ આત્મનિરીક્ષણ કરવા બિલકુલ ટેવાયેલા ન હતા, એટલે

પોતાની ભૂલ સમજ્યા નહિ. તેમણે ધૂમ સટ્ટો ખેડયે જ રાખ્યો અને એક જ મહિનામાં બજારભાવ પોતાની વિરુદ્ધ જતાં પોતાનું સર્વસ્વ ખોઈ બેઠા! કેવી કરુણાજનક સ્થિતિ! પછી મુનીમના શબ્દો યાદ આવ્યા, પણ ત્યારે તો મુનીમને રાખવા જેવી યે સ્થિતિ રહી ન હતી.

કેટલાક મનુષ્યો સંકલ્પ કરે છે, તેને લગતી યોજનાઓ ઘડે છે અને આશાવાદી બની પ્રવૃત્તિઓ આદરે છે, પણ આત્મનિરીક્ષણ કરવાને ટેવાયેલા ન હોવાથી એમાં ઘણી ભૂલો થાય છે અને એ ભૂલોનો સરવાળો મોટો થતાં તેમને જબ્બર ફટકો પડે છે, તેથી આત્મનિરીક્ષણ કરતાં રહેવું અત્યંત જરૂરી છે.

આત્મનિરીક્ષણ કરવા માટે દિવસ કે રાત્રિનો કોઈ પણ સમય પસંદ કરી શકાય કે જ્યારે મનને કંઇક નિરાંત હોય—શાંતિ હોય—સ્વસ્થતા હોય. તે માટે ૪૦ થી ૬૦ મીનીટનો સમય પર્યાપ્ત લેખાય. કદી તેટલો સમય ફાજલ પાડી શકાય તેમ ન હોય તો ૩૦ મીનીટ જેટલો સમય તેને માટે નક્કી કરી શકાય. આ વખતે શેતરંજી, ગાદી, ખુરશી કે આરામ-ખુરશી જે કંઇ અનુકૂળ હોય તેનો ઉપયોગ કરી શકાય.

આત્મનિરીક્ષણના પ્રારંભમાં પ્રથમ વિચાર પોતે જે સંકલ્પ કર્યો હોય, તેનો કરવો જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો એ સંકલ્પ ધીમે ધીમે અક્ષરશઃ મનમાં બોલવો જોઈએ અને તે ક્રિયા ત્રણ વાર કરવી જોઈએ. આથી આપણું આંતરમન (Subconcious mind) ને એક પ્રકારનું

સૂચન (Suggestion) મળે છે અને તેનું પરિણામ સુંદર આવે છે. જેમણે હિપ્નોટિઝમના પ્રયોગો જોયા હશે, તેઓ આ પ્રકારના સૂચનનું વાસ્તવિક મૂલ્ય સમજી શકશે.

પછી તે અંગે જે યોજના ઘડી હોય, તેના પર વિચાર કરવો જોઈએ અને તેમાં કોઈ ક્ષતિ તો રહી ગઈ નથી ? તેનું ચિંતન કરવું જોઈએ. તે માટે તેનાં સર્વ અંગોપાંગો બાબત ક્રમશઃ વિચાર કરી લેવો જોઇએ. પછી તે અંગે જેને જવાબદારીઓ સોંપી હોય, તેઓ તેનું બરાબર પાલન કરે છે કે કેમ ? તેનો વિચાર કરવો જોઈએ અને તેમાં કંઈ ઉપેક્ષા, બેદરકારી કે વિશ્વાસભંગ જેવું જણાય તો તે અંગે ઘટતાં પગલાં લેવાનો નિર્ણય કરવો જોઈએ.

વળી આ જવાબદાર વ્યક્તિઓને પોતે જે હુકમો આપ્યા હોય, તેના ઉપર પણ વિચાર કરી જવો જોઈએ અને તેમાં કંઈ અણઘટતું તો થયું નથી ? તેની વિચારણા કરી લેવી જોઇએ. જો કે આવા હુકમો આપતાં પહેલાં પૂરો વિચાર કરવો જરૂરી છે, છતાં પાછળથી એમ લાગે કે આમાં પૂરતો વિચાર થયો નથી અને આ હુકમનો અમલ થતાં નુકશાન થશે, તો તેમાં ઘટતી સુધારણા કરી લેવામાં જરા પણ સંકોચ રાખવો નહિ.

સાથે એ પણ વિચારી લેવું જોઈએ કે આ પ્રવૃત્તિ અંગે મારે જેટલો સમય આપવો જોઈએ તેટલો આપું છું કે નહિ ? જેટલી કાળજી રાખવી જોઈએ તેટલી રાખું છું

કે નહિ? અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે આવો વિચાર માત્ર પોતાની ધંધાદારી પ્રવૃત્તિ અંગે જ નહિ, પણ જે સામાજિક-રાષ્ટ્રીય સંસ્થાની જવાબદારીઓ પોતે સ્વીકારેલી હોય, તે અંગે પણ કરવો ઘટે છે. જો એ સંસ્થાઓ માટે આપણે કંઇ પણ સમય આપી શકતા ન હોઇએ કે જોઇએ તે કરતાં ઘણો અલ્પ સમય આપી શકતા હોઇએ, તો એ બાબતમાં સત્વર સુધારો કરી લેવો ઘટે છે અને એ માટે જો સમય આપી શકાય તેવી સ્થિતિ જ ન હોય તો આપણે બીજા કામગરા સારા લોકોને માટે તે સ્થાન ખાલી કરી આપવું જોઇએ. જો આપણા આંગણામાં થોડાં ફૂલછોડ વાવીએ અને પછી તેને પાણી જ ન પાઇએ તો તેની સ્થિતિ કેવી થાય? ધંધાદારી, સામાજિક તથા રાષ્ટ્રીય સંસ્થાઓની જવાબદારી અંગે પણ આ જ પરિસ્થિતિ સમજવી.

શાંત-સ્વસ્થ મને તથા તટસ્થ ભાવે આ પ્રકારનું આત્મનિરીક્ષણ કરતાં સાચી પરિસ્થિતિનું ચિત્ર સ્પષ્ટ થાય છે અને જે ભૂલો આપણી દૃષ્ટિ બહાર કે ખ્યાલ બહાર રહી ગઈ હોય છે, તે તરી આવે છે અને તે સુધારી લેવાનું બળ પણ પ્રાપ્ત થાય છે.

ખરી હકીકત તો એ છે કે જો આપણે આ રીતે રોજ એકાદ કલાક શાંત-સ્વસ્થ ચિત્તે બેસવાનો તથા આત્મ-નિરીક્ષણ અંગે ચિંતન-મનન કરવાનો મહાવરો પાડીએ તો આપણી આંતરિક શક્તિ જાગ્રત થાય છે અને તે આપણી ઝંખેલી વસ્તુનું અદ્ભુત આકર્ષણ કરે છે, એટલે કે તે

આપોઆપ આપણી સમીપ આવતી જાય છે અને એ રીતે આપણો સંકલ્પ સિદ્ધ થવામાં ઘણી સહાય મળે છે.

ખરેખર! આત્મનિરીક્ષણ એ એક એવો અદ્‌ભુત આરીસો છે કે જેમાં અદૃષ્ટ આત્માનું તથા દૃષ્ટ એવી આપણી સર્વ પ્રવૃત્તિઓનું યથાર્થ પ્રતિબિમ્બ પડે છે અને તે આપણી ભાવી ઉન્નતિ માટે કરવી જોઈતી પ્રવૃત્તિઓનું યોગ્ય માર્ગદર્શન પણ આપે છે.

[૧૬]

મિત્રોની વૃદ્ધિ

જે સાચી સલાહ આપે, કાર્યમાં મદદગાર થાય અને સંકટ–સમયે સહાય કરે, તે મિત્ર કહેવાય છે. આવા મિત્રો જેટલા વધારે હોય તેટલું સારું. તેનાથી આપણો સંકલ્પ સિદ્ધ કરવામાં ઘણી સહાય મળે છે અને આપણે ગમે તેવાં કઠિન કાર્યો હાથ ધરવાને શક્તિમાન થઈએ છીએ.

જે મનુષ્ય એમ માને છે કે મારે મિત્રોની જરૂર નથી અને તે કોઈને પોતાના મિત્ર બનાવતો નથી, તે શત્રુઓ વડે શિકસ્ત પામે છે, હરીફોના હાથે હાર ખાય છે અને છેવટે નાશ પામે છે. તેથી જ **પંચતંત્ર**માં કહ્યું છે કે 'જે મનુષ્ય મિત્રોની સંપ્રાપ્તિ કરે છે, તે આ જગતમાં સુખી થાય છે.'

કેટલાક મનુષ્યો એમ માને છે કે આપણે એક કે બે મિત્રો હોય તો બસ છે, પણ આ મંતવ્ય સુધારવા જેવું છે. ખાસ કરીને આગળ વધવું હોય, પ્રગતિ કરવી હોય, ઉન્નતિ સાધવી હોય તો મિત્રોની સંખ્યા વધારવી જોઈએ.

હિતોપદેશમાં કહ્યું છે કે 'તમારે જિતવું હોય, સફલતા મેળવવી, હોય તો મિત્રો વધારો, પછી તે ભલે નાના કેમ ન હોય ?'

સિંહ અને ઊંદરને મિત્રતા થઇ, ત્યારે સિંહને એમ જ લાગતું હતું કે ક્યાં આ નાનકડો ઊંદરડો ! એ તે મને શું કામ લાગવાનો હતો ? પણ તે એક દિવસ પારધીઓએ ગોઠવેલા પાશમાં સપડાઇ ગયો અને બહુ બહુ પ્રયત્નો કરવા છતાં ય તેમાંથી મુક્ત થઈ શક્યો નહિ. તેની આ હાલત જોઈ ઊંદર મદદે આવ્યો અને તેણે પોતાની તીવ્ર દંષ્ટ્રાવડે એ પાશના સર્વ બંધનો કાપી નાખી તેને મુક્ત કર્યો, ત્યારે જ સિંહને ભાન થયું કે મિત્ર ભલે નાનો હોય તો પણ સમય આવ્યે ઘણો ઉપયોગી થઇ પડે છે અને કદી આપણા પ્રાણ પણ બચાવે છે.

સિસેરોએ કહ્યું છે કે 'આ જગતમાં એક મિત્રતા જ એવી વસ્તુ છે કે જેની ઉપયોગિતા બાબત બે મત નથી.' એટલે કે દરેક મિત્ર એક યા બીજી રીતે અવશ્ય ઉપયોગી થાય છે.

એમર્સનનો એવો અભિપ્રાય છે કે 'જીવનમાં મિત્રતાથી અધિક અન્ય કોઈ પ્રસન્નતા નથી.' તાત્પર્ય કે મિત્રોનું મિલન થતાં સુખ–દુઃખની વાતો થાય છે, એક–બીજાને જોઈ હૈયું હર્ષ પામે છે અને ચિત્તની પ્રસન્નતાનો પાર રહેતો નથી. વધારે સ્પષ્ટ કહીએ તો સુંદર વસ્ત્રાલંકારથી કે મીઠાં ભોજનથી જે આનંદ આવે છે, તેના કરતાં અનેકગણો વધારે

આનંદ મિત્રોના મળવાથી આવે છે, તેથી આપણું જીવન કૃતકૃત્ય થતું લાગે છે. આવા મિત્રોથી વંચિત રહેવું એ જીવનનો સર્વ આનંદ ગુમાવી દેવા જેવું છે. ઇટાલિયન ભાષામાં એક કહેવત છે કે 'જો તમારે પચાશ મિત્રો હોય તો ઓછા છે અને એક દુશ્મન હોય તો પૂરતો છે.' એટલે મિત્રો બને તેટલા વધારવા અને દુશ્મન એક પણ ઊભો કરવો નહિ, એ ડહાપણભરેલી નીતિ છે.

મિત્રો કેવા બનાવવા જોઇએ? તે સંબંધમાં ત્રણ મિત્રોની વાત જાણવા જેવી છે.

ત્રણ મિત્રોની વાત

એક રાજાનો કારભારી પોતાના કાર્યમાં કુશળ હતો અને પોતાની જવાબદારીઓ બરાબર અદા કરતો હતો, પરંતુ તેને એક વખત એવો વિચાર આવ્યો કે 'રાજા ક્યારે રૂઠે તે કહેવાય નહિ, માટે કોઇ એવો મિત્ર કરું કે જે મને આપત્તિના સમયમાં મદદ કરે.' તેથી તેણે એક મિત્ર બનાવ્યો અને તેની સાથે ગાઢ મિત્રતા કેળવી, તે એટલી હદ સુધી કે હંમેશાં તેને સાથે જ રાખે, સાથે જ હરવે-ફરવે અને સાથે જ ખવડાવે-પીવડાવે.

એમ કરતાં કેટલોક વખત થયો, એટલે કારભારીને વિચાર આવ્યો કે 'એક કરતાં બે ભલા, માટે બીજો મિત્ર પણ બનાવું.' એટલે તેણે બીજો મિત્ર પણ બનાવ્યો, પરંતુ તેને વાર-પર્વે જ મળવાનું રાખ્યું. હવે સમય જતાં એ કારભારીને ત્રીજો મિત્ર પણ થયો કે જે માત્ર જુહાર જ

કરતો અને કોઇક વાર જ મળતો. આ ત્રણ મિત્રનાં નામો અનુક્રમે નિત્યમિત્ર, પર્વમિત્ર, અને જુહારમિત્ર રાખ્યાં.

હવે એક વખત કારભારીએ આ મિત્રોની પરીક્ષા કરવા વિચાર કર્યો અને તે માટે એક પ્રપંચ રચ્યો. તેણે રાજાના કુંવરને પોતાને ત્યાં જમવા તેડ્યો અને તેના જેવડી ઉમરના પુત્રની સાથે રમતગમતમાં લગાડી ઘરની અંદર ગુપ્ત ભોંયરામાં ઉતારી દીધો. પછી બીજા પુત્રની સાથે પોતાની સ્ત્રીને પિયર ભણી વિદાય કરી દીધી અને જેના પેટમાં વાત ન રહે તેવા એક નોકરને બોલાવીને કહ્યું કે 'આજે રાજાના કુંવરને આપણે જમવા તેડ્યો હતો, પણ તેનાં ઘરેણાં જોઇને મારી બુદ્ધિ બગડી, તેથી મેં એની ડોક મરડી નાખી. પણ હવે મને વિચાર આવે છે કે 'રાજાને શું જવાબ આપવો?' એટલે હું અહીંથી જતો રહું છું અને કોઈ સ્થળે સંતાઈ રહીશ. માટે તું ખબરદાર રહેજે અને ઘરની સંભાળ રાખજે તથા રાજાના માણસો આવે તો છૂપો ભેદ પ્રકટ ન કરતાં ગમે તે બહાનાં કાઢીને જવાબ આપજે.' આટલી ભલામણ કરી કારભારી ઉપડ્યા અને સીધા નિત્યમિત્રને ત્યાં ગયા.

નિત્યમિત્ર કારભારીને હાંફળા-ફાંફળા આવેલા જોઈ વિચારમાં પડ્યો, પરંતુ તે કંઈપણ પ્રશ્ન પૂછે તે પહેલાં કારભારીએ જ કહેવા માંડ્યું કે 'મિત્ર! આજે મારા હાથે એવું કામ બની ગયું છે કે જેથી રાજાની ખફામરજી મારા પર જરૂર ઉતરી પડશે. કદાચ તે મને પકડીને દેહાંતદંડની સજા પણ ફરમાવે, માટે મારું રક્ષણ કર.'

નિત્યમિત્રે કહ્યું : 'વાત શું બની છે, તે તો કહો !'

કારભારીએ કહ્યું : 'વાત એમ બની છે કે આજે રાજ-કુંવરને મારે ત્યાં જમવા માટે બોલાવ્યો હતો, એટલે તે વિવિધ વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને આવ્યો હતો, પરંતુ તેનાં અતિ મૂલ્યવાન આભૂષણો જોઈને હું લલચાયો અને તેની ડોક મરડી નાખી. પછી તેનાં બધાં આભૂષણો ઉતારી લીધાં, પણ હવે મને રાજાનો ડર લાગે છે, માટે મારો બેલી થા.'

નિત્યમિત્રે કહ્યું : 'આ તો તમે ગજબ કર્યો ! કંઈ નહિ ને રાજકુંવરનું ખૂન ? આવડો મોટો ગુનો છૂપો કેમ રહે ?'

કારભારીએ કહ્યું : 'ન થવાનું થઇ ગયું છે, મેં મોટી મૂર્ખાઈ કરી છે, પણ અત્યારે ભલો થઈને મારું રક્ષણ કર.'

નિત્યમિત્રે કહ્યું : 'તમારું રક્ષણ હું કેવી રીતે કરી શકું ?'

કારભારીએ કહ્યું : 'તારા ઘરમાં સંતાડી દે, એટલે મારું રક્ષણ થઇ શકશે.'

આ શબ્દો સાંભળી નિત્યમિત્રે કહ્યું : 'તમે પણ ઠીક છો કારભારી ! કામ કરતાં વિચાર ન કર્યો અને હવે મારા ઘરમાં આશ્રય લેવો છે ? એ કેમ બની શકે ? રાજાના માણસો આ ઘડી છૂટયા સમજો. તેઓ ગલીએ ગલીની તપાસ કરશે અને મકાને મકાન ઢૂંઢી વળશે. તે વખતે તમે મારા ઘરમાંથી મળી આવો, ત્યારે મારી હાલત શી થાય ? માટે કૃપા કરીને અહીંથી જલ્દી ચાલ્યા જાઓ અને બીજા કોઇ સ્થળે આશ્રય લો.'

કારભારીએ કહ્યું : 'મેં તને અત્યાર સુધી કેટલી બધી

મદદ કરી છે? શું તે બધી ફોગટ ગઇ? તું આંખની શરમ પણ નહિ રાખે?'

નિત્યમિત્રે કહ્યું: 'કારભારી સાહેબ! 'જે રાખે શરમ, તેનું ફૂટે કરમ.' અને આ કામમાં તો મારાથી સહાય કરવાનું નહિ જ બની શકે, માટે અહીંથી શીઘ્ર પલાયન કરો અને મને ભયમુક્ત કરો.'

કારભારીએ જોઈ લીધું કે આ તો પૂરો મતલબિયો મિત્ર છે અને તેને આંખની શરમ પણ આવે તેમ નથી, એટલે ત્યાંથી વિદાય લીધી. તે વખતે નિત્યમિત્રે બારણું બંધ કરી દીધું અને બે ડગલાં વળાવવા પણ ન ગયો. તે મનમાં સમજ્યો કે ગળે વળગેલી બલા માંડ છૂટી.

હવે કારભારીએ પર્વમિત્રને ત્યાં જઈ બધી હકીકત જણાવી અને મદદ માટે માગણી કરી, ત્યારે પર્વમિત્રે કહ્યું: 'આવા સમયે તમને હું મદદ કરી શક્યો હોત તો મને ઘણો આનંદ થાત, પણ દિલગીર છું કે મારા ઘરમાં તમને રાખી શકું તેવી જગા નથી. વળી હું બાળબચ્ચાંવાળો માણસ રહ્યો, એટલે મારે ચેતીને ચાલવું જોઈએ. હું તમને રક્ષણ આપવા માટે રાજ્યનો ગુનેગાર ઠરૂં અને જેલમાં જાઉં તો પાછળ મારાં બૈરાં–છોકરાંનું શું થાય? માટે મહેરબાની કરીને બીજા કોઈ સ્થળે ગોઠવણ કરી લો તો સારું.'

કારભારીએ કહ્યું: 'મારી મતિ મૂંઝાઈ ગઈ છે. હવે ક્યાં જવું તે સૂઝતું નથી, માટે અત્યારે તો તું રક્ષણ આપ.'

પર્વમિત્રે કહ્યું: 'જો વાત સામાન્ય હોત તો હું તમને

જરૂર મદદ કરત, પરંતુ આ રાજ્યનો ગુનો છે અને તેમાં પણ એક રાજકુંવરના ખૂનનો સવાલ છે, એટલે આ વખતે મારાથી કંઈ બની શકશે નહિ.'

કારભારીએ કહ્યું: 'તો મારે શું કરવું? તેની કંઇ સલાહ આપો.'

પર્વમિત્રે કહ્યું: 'હું તમને શું સલાહ આપું? મારું કહેવું તો એટલું જ છે કે કૃપા કરીને અહીંથી જલ્દી ચાલ્યા જાઓ અને સલામત સ્થાન શોધી કાઢો.'

'કારભારીએ જોયું કે આ મિત્ર પણ સ્વાર્થી જ છે, એટલે ત્યાંથી વિદાય લીધી. તે વેળા આંખની શરમ રાખીને પર્વમિત્ર થોડે સુધી વળાવવા આવ્યો અને આંખમાંથી બે આંસુ સારતો બોલ્યો કે 'તમને હું રાખી શકતો નથી, માટે અત્યંત દિલગીર છું.'

કારભારીએ કહ્યું: 'હોય, એમાં દિલગીર થવાની જરૂર નથી. હું મારું કરમ ગમે ત્યાં ફોડી લઇશ.' પછી તે જુહાર–મિત્રને ત્યાં ગયો અને તેને બધી હકીકતથી વાકેફ કરીને મદદ માટે માગણી કરી. એ સાંભળીને જુહારમિત્રે કહ્યું: 'મારું એવું સદ્ભાગ્ય ક્યાંથી કે આપને કામ આવી શકું? આવી વેળાએ તમે મને યાદ કર્યો, તેથી હું ઘણો ખુશી થયો છું ને તમને મારાથી બનતી બધી જ મદદ કરવા તૈયાર છું. હવેથી આ ઘર તમારું જ સમજો. તેમાં જરાય જૂદાઈ જાણશો નહિ.' પછી તે જુહારમિત્ર કારભારીને ભોંયરામાં

લઈ ગયો અને ત્યાં ખાવાપીવાની તથા ઉઠવા-બેસવાની સગવડ કરી આપી.

'સારો સારાનો ભાવ ભજવે અને નરસો નરસાનો ભાવ ભજવે.' એ ન્યાયે કારભારીના નોકરે પોતાનો ભાવ ભજવ્યો. તેણે ભેદને છૂપો રાખવાને બદલે રાજાની પાસે જઇને ખુલ્લો કરી દીધો કે જેથી રાજાને વહાલા થવાય.

રાજા આ હકીકત સાંભળીને અત્યંત ક્રોધાયમાન થયો અને પોતના માણસોને હુકમ કર્યો કે 'એ કમબખ્ત કારભારી જ્યાં હોય ત્યાંથી શોધી કાઢો અને સત્વર મારી પાસે હાજર કરો.' એટલે રાજાના માણસો છૂટયા અને કારભારીની શોધ કરતાં કરતાં નિત્યમિત્રને ત્યાં જઈ પહોંચ્યા. ત્યારે નિત્યમિત્રે કહ્યું : 'તે મારે ત્યાં આવ્યો હતો ખરો અને આશ્રયની માગણી પણ કરી હતી. પરંતુ રાજ્યના ગુનેગારને આશ્રય આપું તેવો મૂર્ખ હું નથી. મેં એને રોકડું પરખાવ્યું કે અહીં આશ્રય નહિ મળે. તે ઘણા ભાગે પર્વમિત્રને ત્યાં ગયો હશે, માટે ત્યાં તપાસ કરો.'

રાજાના માણસો પર્વમિત્રને ત્યાં ગયા, ત્યારે તેણે કહ્યું : 'તમને મારા પર શક આવતો હોય તો મારું ઘર તપાસી લો. બાકી એ સંબંધી હું કંઈ જાણતો નથી.'

પછી રાજાના માણસો ભાળ મેળવીને જુહારમિત્રને ત્યાં ગયા અને દમ ભીડાવીને પૂછવા લાગ્યા કે 'જે હોય તે સાચું કહી દેજો, નહિ તો પરિણામ ઘણું માઠું આવશે.' પરંતુ જુહારમિત્રે જરા પણ આનાકાની કર્યા વગર કહ્યું : 'એ મારે ત્યાં નથી. તમારે તપાસ કરવી હોય તો ખુશીથી કરો.'

રાજાના માણસોએ ફેરવી ફેરવીને બે–ત્રણ વાર પૂછયું, છતાં જવાબ એકનો એક મળ્યો, એટલે તેમનો વ્હેમ ટળ્યો, અને ત્યાંથી ચાલતા થયા.

આ રીતે કારભારીનો પત્તો નહિ મળવાથી રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ કારભારીને પકડી લાવશે, તેને રાજ્ય તરફથી મોટું ઇનામ આપવામાં આવશે.'

કારભારીને જે કામ કરવું હતું, તે થઈ ગયું હતું. ત્રણે ય મિત્રો પરખાઈ ગયા હતા, એટલે તેણે જુહારમિત્રને કહ્યું: 'તું આ ઢંઢેરો ઝીલી લે અને રાજાની પાસે જઇને કહે કે 'હું કારભારીનો પત્તો મેળવી આપું, પણ તમે ધારો છો તેવી રીતે કારભારી ગુનેગાર નથી, કારણ કે અખંડ આયુષ્યમાન્ કુમારશ્રી સહિસલામત છે અને આપની આજ્ઞા થતાં જ અહીં આવી શકે છે.'

જુહારમિત્રે તેમ કર્યું, એટલે રાજાએ કારભારી અને કુમારને પોતાની આગળ રજૂ કરવાનો હુકમ કર્યો. જુહારમિત્રે તે બંનેને રાજાની આગળ રજૂ કર્યા. આ જોઈને રાજા ઘણો જ ખુશ થયો અને તેને મોટું ઇનામ આપ્યું. પછી તેણે કારભારીને પૂછયું કે 'આ બધું શું છે?' એટલે કારભારીએ અથથી ઇતિ સુધી બધી હકીકત કહી સંભળાવી. આથી રાજાએ તેને દીર્ઘદૃષ્ટિવાળો જાણીને ભારે શાબાશી આપી અને તેના પગારમાં મોટો વધારો કરી આપ્યો. પછી કારભારીએ નિત્યમિત્ર અને પર્વમિત્રનો સદંતર ત્યાગ કર્યો અને જુહારમિત્રની મિત્રતા કાયમ રાખી સુખી થયો.

મૂર્ખ મિત્રો ભેગા થાય તો ગાળ દઈને ગમ્મત કરે છે કે કોઈની આઘી–પાછી કરવામાં આનંદ માને છે, માટે મિત્રો હંમેશાં ડાહ્યા કરવા. **પંચતંત્ર**માં કહ્યું છે કે 'મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો.' તાત્પર્ય કે મૂર્ખોની મિત્રતા કદી પણ કરવી નહિ. અફગાન લોકો કહે છે કે 'મૂર્ખને મિત્ર કરવો એ રીંછને ગળે લગાડવા બરાબર છે.'

પોર્ટુગીઝ ભાષામાં એક કહેવત છે કે 'જે જરા સરખી વાતમાં મિત્રતાને તોડી નાખે છે, તે વાસ્તવમાં મિત્ર જ નથી.' એટલે જેની સાથે મૈત્રી બાંધી, તે ઠેઠ સુધી નભાવવી જોઈએ.

કબીરે કહ્યું છે કે–

મિત્ર તો ઐસા કીજિએ, ઢાલ સરીખા હોય;
દુ:ખમેં તો આગે રહે, સુખમેં પિછે હોય.

હર્બર્ટે કહ્યું છે કે 'કોઈને મિત્ર બનાવતાં પહેલાં તેની સાથે પાંચ શેર મીઠું (નમક) ખાઓ.' તાત્પર્ય કે કોઈના પણ પૂરતા પરિચયમાં આવ્યા પછી જ મિત્રતા બાંધવી. એકાદ વાર મેળાપ થયો, ચાપાણી સાથે કર્યાં કે કોઈને મિત્ર બનાવી લેવાથી પસ્તાવાનો વખત આવે છે.

એકવાર નાટક જોતાં બે માણસોને વાતચીત થઈ અને મિત્ર બન્યા. નાટક પૂરું થયું ત્યારે તેમાંના એકે કહ્યું કે 'મારું ઘર નજીક છે, માટે હવે ચા પીને જ જાઓ.' બીજાએ આમંત્રણનો સ્વીકાર કર્યો અને તેની સાથે ગયો. ઘેર જઈને પહેલાએ પોતાની સ્ત્રીને કહ્યું 'ચા બનાવી નાખ.' અને ગુપ્ત ઈશારો કર્યો.

સ્ત્રીએ કહ્યું : ‘ દૂધ નથી. તમે બહાર જઈ હોટેલમાંથી દૂધ લઈ આવો.’

અને તે હાથમાં તપેલી લઈ બહાર ગયો. પાછળ સ્ત્રીએ ચેનચાળા કરવા માંડ્યા અને તેની સાથે સોફા ઉપર બેસી ગઈ. થોડી વારે પેલો ખાલી તપેલીએ પાછો આવ્યો અને બંનેને સોફા પર સાથે બેઠેલા જોઇને કહેવા લાગ્યો કે ‘ આ શું ? મેં તો તમને સારા માણસ જાણ્યા હતા, પણ તમે તો ખરા નીકળ્યા ! કંઈ નહિ ને મારી સ્ત્રી પર કુદૃષ્ટિ કરી ? હમણાં હાક મારીશ તો પચીશ માણસ ભેગા થશે અને તમને કૂટી નાખશે.’

બીજો માણસ સમજી ગયો કે ‘ આ તો મારી પૂરે-પૂરી બનાવટ થઈ છે અને મને જરૂર માર પડશે.’ એટલે તેણે ધીમેથી કહ્યું : ‘ ગરબડ કરશો નહિ. લ્યો, આ સો રૂપિયાની નોટ રાખો.’

પહેલો ખરેખર ધૂર્ત હતો અને આ રીતે ઘણાને ફસાવતો, એટલે તેણે કહ્યું : ‘ અમે પૈસા ઘણા જોયા છે. તમારી નોટ તમારી પાસે રાખો. હું હમણાં જ માણસોને બોલાવું છું.’

બીજાએ હાથ જોડ્યા અને કહ્યું : ‘ મહેરબાની કરીને ધાંધલ કરશો નહિ. હું તમને બીજી સો રૂપિયાની નોટ આપું છું.’

અને પેલાએ બંને નોટો ખીસ્સામાં મૂકીને કહ્યું : ‘ ચૂપચાપ ચાલ્યા જાવ, ફરી આવું કરતા નહિ.’

પેલાએ છૂટકારાનો દમ ખેંચ્યો, પણ તે દિવસથી મનમાં ગાંઠ વાળી કે કોઈની સાથે એકદમ મિત્રતા બાંધવી નહિ.'

સારા માણસોની મિત્રતા કરીએ તો આપણી ઉન્નતિ જરૂર થાય છે. તેમની પાસેથી નવું નવું જાણવાનું મળે છે, સાચી સલાહ પણ મળે છે અને આપણા કામકાજને ટેકો પણ મળે છે. **કન્ફ્યુશિયસે** કહ્યું છે કે 'તમારાથી ચડિયાતા હોય તેની મિત્રતા કરો.'

'જેવો સંગ તેવો રંગ' એ પ્રસિદ્ધ ન્યાય છે અને તે મિત્રોની બાબતમાં પૂરેપૂરો લાગુ પડે છે. એટલે કે જે મનુષ્ય મૂર્ખની સાથે મિત્રતા રાખે છે, તે મૂર્ખ બને છે અને સુજ્ઞ, સમજુ કે શાણાની મિત્રતા રાખે છે, તે સુજ્ઞ, સમજુ કે શાણો બને છે. આ દૃષ્ટિએ મિત્રતા સારા માણસોની જ કરવી અને તે સારા પ્રમાણમાં કરવી.

મહાત્મા ગાંધીજીએ એક સ્થળે કહ્યું છે કે 'મિત્રતા ત્યાગથી ટકે છે.' એટલે કે જે માણસ ભોગ આપી શકે, તે જ લાંબા સમય સુધી મિત્રતા જાળવી શકે છે. જ્યાં માત્ર સ્વાર્થ હોય ત્યાં મિત્રતા લાંબો વખત ટકતી નથી.'

છેવટે અમારે એટલું જ કહેવાનું છે કે '**શુભ ભાવનાથી મિત્રો વધારો અને કોઈ પણ ભોગે તેમની મિત્રતા જાળવી રાખો, એટલે તમારે માટે ઉન્નતિનાં દ્વાર આપોઆપ ખુલ્લી જશે.**'

[૧૭]

નીરોગીપણું

જેમ છિદ્રવાળી નૌકા વડે સમુદ્ર તરી શકાતો નથી, તેમ રોગી શરીર વડે જીવનયાત્રા સફલ થઈ શકતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો આજે એક રોગ, કાલે બીજો રોગ, એમ વારંવાર રોગના હુમલા થતા હોય તો આપણા શરીરની ભારે ખાનાખરાબી થાય છે, તેનું સર્વ સત્ત્વ ચૂસાઇ જાય છે અને અકાળે મરવાનો વખત આવે છે. આ સ્થિતિ-સંયોગમાં આપણા સંકલ્પો સિદ્ધ થાય શી રીતે ?

કોઈક કવિએ ઠીક જ કહ્યું છે કે **'संमिलने नयनयोर्न हि किञ्चिदस्ति**–મનુષ્યની બે આંખો બીડાઈ જાય, એટલે ધન, માલ, મિલકત, હાથી, ઘોડા, સ્વજન, પરિજન આદિ કંઈ પણ તેનું નથી.' તાત્પર્ય કે આ બધી જીવનની લીલા છે અને તે જીવનના લીધે જ વિસ્તાર પામે છે, એટલે જીવન ટકી રહે, તોજ તેનો ઉપભોગ થઈ શકે છે.

વૈદિક ઋષિઓએ પ્રાર્થના કરી હતી કે 'હે પરમાત્મન્ ! અમારા સંકલ્પો સિદ્ધ કરવા માટે તું અમને આયુષ્ય આપ.'

એનો અર્થ એમ સમજવાનો કે જો જીવન ટકે અને આપણે દીર્ઘાયુ થઈએ, તો જ આપણા મહાન સંકલ્પો સિદ્ધ કરી શકીએ અને એ રીતે આપણા જીવનને ધન્ય બનાવી શકીએ, અન્યથા નહિ. ભૂદેવો આપણને ધનવાન્, પુત્રવાન્, વગેરે થવાનો આશીર્વાદ આપે છે, તેની સાથે આયુષ્યમાન્ થવાનો આશીર્વાદ પણ આપે છે, તે એજ હેતુથી કે આપણું જીવન લાંબો સમય ટકે અને આપણા હાથે કોઈ સારાં કામો થવા પામે.

આપણો રોજનો અનુભવ એમ કહે છે કે જેને નીરોગી રહેતાં આવડે, તેનું જીવન લાંબો સમય ટકે છે અને તે જ જીવનનો ખરો આનંદ ભોગવી શકે છે.

વર્તમાન દુનિયામાં ચીન-રશિયા વગેરે દેશોનાં ૧૫૦ વર્ષથી વધારે આયુષ્યવાળા માણસોની નોંધ થયેલી છે અને ખુદ આપણા દેશમાં પણ ૧૦૦ વર્ષથી વધારે આયુષ્યવાળા અનેક માણસો વસે છે. તે બધાયે નીરોગી હોવાનાં કારણે જ આટલું લાંબુ આયુષ્ય ભોગવી શકયા છે.

હિમાલયમાં ૩૦૦ થી ૪૦૦ વર્ષના આયુષ્યવાળા યોગીઓ હોવાના હેવાલ વર્તમાનપત્રોમાં અનેક વાર પ્રસિદ્ધ થયા છે અને તે પ્રામાણિક પુરુષોના હાથે પ્રસિદ્ધ થયા છે, એટલે તે સત્ય હશે કે કેમ? એ શંકાને સ્થાન નથી. આ યોગીઓના અતિ દીર્ઘ જીવનનું રહસ્ય ગમે તે હોય, પણ એક વાત નિશ્ચિત છે કે તેઓ નીરોગી હોવાને લીધે જ આટલું લાંબું જીવન જીવી શકયા છે.

રોગ અને વૃદ્ધાવસ્થા એ બે માનવજીવનના શત્રુ છે, પણ મનુષ્ય ધારે તો એ બંને શત્રુઓ પર વિજય મેળવી શકે છે. આપણા ઋષિમુનિઓએ આયુર્વેદમાં તેના ઉપાયો બતાવ્યા છે. આધુનિક માનસશાસ્ત્રીઓ કહે છે કે 'મનુષ્ય જો પોતાના સંકલ્પબળનો બરાબર ઉપયોગ કરે તો તેને વૃદ્ધાવસ્થા આવે જ નહિ, એટલું જ નહિ પણ તે મૃત્યુને ય થંભાવી શકે. 'અમે અમુક કાર્ય કર્યા પહેલાં નહિ જ મરીએ' એવો દઢ સંકલ્પ કરનારાઓ પોતાનું કાર્ય પૂરું કર્યા પછી જ મર્યા છે.'

'મૃત્યુ પર વિજય મેળવી શકાય કે નહિ?' એનો ઉત્તર અત્યાર સુધી નકારમાં મળ્યો છે, આમ છતાં કેટલાય વૈજ્ઞાનિકો આ બાબતમાં દીર્ઘ ચિંતન કરી રહ્યા છે અને તે માટે જરૂરી પ્રયોગો પણ આદરી રહ્યા છે. અમારે તો અહીં એટલું જ કહેવાનું છે કે મૃત્યુને આપણે ભલે જિતી ન શકીએ, પણ આપણે તેને હસતાં મુખડે ભેટી શકીએ, એવી તૈયારી તો જરૂર કરી શકીએ. તેમાં પહેલી શરત નીરોગી રહેવાની છે.

પુરુષ ૭૨ કલા શીખે અને સ્ત્રી ૬૪ કલા શીખે, પણ નીરોગી રહેતાં ન શીખે તો એ બધી કલાઓ નિરર્થક સમજવી. એક શરીર વસ્ત્રાલંકારથી સજ્જ થએલું હોય, પણ તેમાં નીરોગિતા ન હોય, સ્વાસ્થ્ય ન હોય, તો તેને સુંદર શી રીતે કહેવાય?

લ્યુથરે કહ્યું છે કે 'શરીર એ આત્માનું પવિત્ર મંદિર છે, આમ છતાં લોકો પ્રાયઃ તેની પરવાહ કરતા નથી, બલ્કે

તેનો દુરુપયોગ કરે છે. સ્વચ્છ, ભરાવદાર, સુગઠિત, શીઘ્ર પૂર્વસ્થિતિને પ્રાપ્ત કરનાર, સંકટનો સામનો કરવાને તૈયાર અને સુદૃઢ એવું શરીર પ્રાપ્ત કરવું, એ ઈશ્વરની અપૂર્વ ભેટ છે અને દ્રવ્યનો ઉત્તમ ખજાનો છે.'

આ બાબતમાં **એક્રોજિયાસ્ટિક્સ**ના શબ્દો પણ વિચારવા યોગ્ય છે. તે કહે છે: 'શરીરથી અત્યંત દુઃખી રહેનાર ધનિકની અપેક્ષાએ નીરોગી અને બળવાન ગરીબ વધારે સારો છે. આરોગ્ય અને ઉત્તમ શરીર–સંપત્તિ સુવર્ણના ઢગલાથી શ્રેષ્ઠ છે અને સુદૃઢ શરીર અપાર ધનરાશિથી ચડિયાતું છે. નીરોગી શરીરની સામે ધનિકતાની કોઈ કિંમત નથી. નિત્ય બિમાર–રોગી રહેવાની અપેક્ષાએ મરણ વધારે સારું છે.'

પ્રસિદ્ધ તત્ત્વચિંતક **એમર્સન**નો અભિપ્રાય પણ લગભગ આવો જ છે. તે કહે છે: 'આરોગ્ય સહુથી શ્રેષ્ઠ છે. મને કેવળ એક જ દિવસ માટે આરોગ્ય આપો તો હું તેની સામે ચક્રવર્તીઓના વૈભવનો પરિહાસ કરીશ.'

આ પરથી નીરોગી રહેવું કેટલું મહત્ત્વનું છે, તે સમજી શકાશે.

જેમ ૧ માંથી ૧ જાય તો શૂન્ય રહે છે, તેમ શરીરમાંથી આરોગ્ય જાય તો શૂન્ય રહે છે. પછી તેને ધન, સંપત્તિ અધિકાર, યશ કોઈ પણ આનંદ આપી શકતા નથી. રોગમાંથી કેમ છૂટવું ? એ જ તેના જીવનનો એક મહાપ્રશ્ન બની રહે છે અને તેના ઉકેલમાં જ તેને આનંદ આવે છે. તાત્પર્ય કે આપણું શરીર નીરોગી રહે, તંદુરસ્ત રહે, સ્વાસ્થ્યથી ભરપૂર

રહે તો જ ધન, સંપત્તિ, અધિકાર યશ કામના છે, અન્યથા તેની પાછળ દોડવાનો કોઇ અર્થ નથી.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે 'ઈશ્વરીય નિયમો પાળવાથી જ શરીર નીરોગી રહી શકે છે, શેતાનીય નિયમો પાળવાથી નહિ. જ્યાં સાચું આરોગ્ય છે, ત્યાં જ સાચું સુખ છે.'

ઈશ્વરીય નિયમો એટલે પ્રાકૃતિક નિયમો (Natural laws). તે આપણે બરાબર પાળીએ તો આપણું શરીર નીરોગી રહી શકે છે. પરંતુ આપણે તે નિયમો પાળવાની દરકાર કરીએ છીએ ખરા ? આપણા મનમાં મોટા ભાગે સેતાન સવાર થાય છે અને તે જેમ ચલાવે તેમ ચાલીએ છીએ. પછી નીરોગી અવસ્થાની આશા શી રીતે રાખી શકીએ ?

પં. શિવદત્તજી શર્મા કહે છે કે 'રોગ અને નિર્બલતા પ્રાયઃ પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કરવાથી આવે છે. પ્રકૃતિના નિયમો અનુસાર ચાલવાથી નથી તો કોઈ રોગ થતો કે નથી કોઇ પ્રકારની નિર્બલતા આવતી. બલ્કે આરોગ્ય, બળ, બુદ્ધિ અને આયુની નિરંતર વૃદ્ધિ થતી રહે છે. તેને વૃદ્ધાવસ્થાનું કષ્ટ પણ થતું નથી. અથવા તો એમ કહેવું જોઈએ કે તેને વૃદ્ધાવસ્થા આવતી જ નથી.'

પ્રકૃતિના નિયમો કઠિન નથી, એ તદ્દન સીધા–સાદા છે, પણ તે આપણે બરાબર સમજી લેવા જોઇએ અને તેને ચીવટથી અનુસરવું જોઈએ. તેનો સારાંશ અહીં આપવામાં આવે છે

(૧) પ્રાતઃકાલમાં વહેલું ઉઠવું, પ્રભુસ્મરણ કરવું અને થોડો વ્યાયામ કે થોડાં આસનો કરવાં. પછી બહાર નીકળી પ્રાતઃવાયુનું સેવન કરવું. પ્રભુસ્મરણથી આપણા મનમાં પવિત્રતાનો વાસ થાય છે, વ્યાયામથી શરીર સુદૃઢ બને છે અને આસનથી અનેક જાતના રોગો દૂર થાય છે તથા શરીરમાં સ્થૂલતા આવતી નથી. તેજ રીતે પ્રાતઃવાયુનું સેવન કરવાથી આપણા શરીરમાં શુદ્ધ પ્રાણવાયુ વધારે પ્રમાણમાં દાખલ થાય છે અને તેથી એક પ્રકારની તાજગી આવે છે.

(૨) પ્રાતઃકાલની એક ક્રિયા શૌચ અથવા મલત્યાગની છે. તે બરાબર થાય તો શરીર નીરોગી અને પ્રસન્ન રહે છે. પરંતુ બદ્ધકોષ્ઠતા એટલે કબજિયાતનો રોગ લાગુ પડ્યો હોય તો એ ક્રિયા બરાબર થતી નથી. તે માટે ઘણીવાર બેસવું પડે છે તથા બે કે ત્રણ વાર શૌચાલયનો ઉપયોગ કરવો પડે છે. આવા મનુષ્યોએ શૌચના સમય પહેલાં એક કલાકે એકાદ લોટો પાણી પી જવું જોઈએ અને પછી સૂઇને પેટને ગોળ ચક્કરમાં ઘુમાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. એથી આંતરડાંમાંથી મળ છૂટો પડે છે અને દસ્ત સાફ આવી જાય છે. સાંજે પણ આટલું પાણી પીવાથી અને પેટને ઊંચું-નીચું કરવાથી સાંજની શૌચક્રિયા બરાબર થાય છે.

શાકભાજી વધારે વાપરવાથી, મેંદા વગેરેનો ત્યાગ કરવાથી, તેમજ તળેલાં અને ભારે પદાર્થો વર્જ્ય કરવાથી કબજિયાત થતી અટકે છે. આમ છતાં ઔષધની જરૂર જણાય

તો ત્રિફળા ચૂર્ણ, હીમજી હરડે કે હરડેનું ચૂર્ણ રાત્રે સૂતી વખતે વાપરવાથી લાભ થાય છે.

જો મળત્યાગ વખતે પેટમાં ગડગડાટ થાય, ચૂંક આવે, દુર્ગંધી વાયુ છૂટે, અને મલ બંધાઇને ન આવતાં ઘણો ત્રૂટક કે પાતળો થાય તો સમજવું કે પાચનક્રિયામા કંઇક ખામી છે અને તે તરત સુધારી લેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

જીભપર છાલાં પડે, મોઢામાં દુર્ગંધી જણાય તો પણ પેટની અવ્યવસ્થા જ સમજવી અને દસ્ત સાફ આવે તેવો પ્રયત્ન કરવો.

જુલાબથી એક, બે કે વધારે દસ્તો આવી પેટ સાફ થઇ જાય છે ખરૂં, પણ તેનો ઉપયોગ કવચિત્ જરૂર પ્રમાણે જ કરવો. એના કરતાં એનિમા લેવો તે વધારે ફાયદાકારક છે.

(૩) સદા નીરોગી રહેવા ઇચ્છનારે નિત્ય સ્નાન કરવું જોઇએ, પરંતુ બે લોટા આમ અને બે લોટા તેમ ઢોળી દેવાથી સ્નાન થતું નથી. તે વિધિપૂર્વક કરવું જોઇએ, એટલે કે હાથ, પગ, મ્હોં, માથું, ગરદન, છાતી, પેટ, કમ્મર તથા સાથળના ભાગો બરાબર સાફ કરવા જોઇએ. સ્નાન માટે હાલ વિવિધ પ્રકારના સાબુઓનો ઉપયોગ થાય છે, પરંતુ આગળના જમાનામાં લોકો ઉવટ્ટણો (ઉદ્વર્તનો) બનાવીને સ્નાન વખતે તેનો ઉપયોગ કરતા, તેથી શરીર ઘણું સ્વચ્છ થતું અને સુગંધિત રહેતું. અમારા અનુભવ મુજબ જો ઉત્તમ પ્રકારનું ઉવટ્ટણ વાપર્યું હોય તો તેની સુગંધ શરીરમાંથી ૨૪ કલાક સુધી તો જતી જ નથી.

સ્નાન પછી જો પ્રાણાયામની ક્રિયા કરવામાં આવે તો શરીરનું નાડીતંત્ર સુધરે છે અને અનેક પ્રકારના રોગો નાબૂદ થાય છે. તે માટે આસન બિછાવીને પૂર્વાભિમુખ બેસવું. પછી સાત વાર સોડહં મંત્ર દીર્ઘ શ્વાસોચ્છ્વાસ પૂર્વક મનમાં બોલવો અને ત્યારબાદ સૂર્યભેદન આદિ પ્રાણાયામની પાંચથી માંડીને દશ–બાર આવૃત્તિઓ કરવી. પ્રાણાયામથી અમે દમ તથા હૃદય દૌર્બલ્યના રોગમાં ગણો ફાયદો થતો નિહાળ્યો છે. ખાસ કરીને તેનાથી રક્તાભિસરણની ક્રિયાને સારો વેગ મળે છે અને મંદાગ્નિ વગેરે રોગો દૂર થાય છે. પ્રાણાયામ અંગેની વિશેષ હકીકત તે માટેના ખાસ ગ્રંથોમાંથી તથા તે વિષેના જાણકારો પાસેથી મેળવવી.

(૫) ત્યારબાદ દુગ્ધપાન આદિ અનુકૂળતા મુજબ કરવાં. હાલ તો ચાનો મોટો પ્રચાર છે. કેટલાક તેની જગાએ કોફી કે ગરમ મસાલાનો પણ ઉપયોગ કરે છે. તેનો પોતાની તબિયતની અનુકૂળતા મુજબ ઉપયોગ કરવો.

(૬) સમય થતાં ભોજન કરવું. તેનો સમય વારંવાર બદલવાથી પાચનક્રિયામાં અવ્યવસ્થા ઊભી થાય છે, એટલે બને ત્યાં સુધી રોજના સમયે જ ભોજન કરી લેવાની તૈયારી રાખવી. આપણે ત્યાં કહેવત છે કે ‘સો કામ મૂકીને નાવું અને હજાર કામ મૂકીને ખાવું’ એટલે બને ત્યાં સુધી તેમાં અનિયમિતતા થવા દેવી નહિ. કામ તો પછી પણ થઇ શકે છે.

જે ભોજન લેવું, તે પોતાની પ્રકૃતિને અનુકૂળ લેવું અને તેનું પ્રમાણ સાચવવું. એટલે કે ભૂખ કરતાં થોડું

ઓછું ખાવું, પણ કદી ઠાંસીને જમવું નહિ. અકરાંતિયાપણું આયુષ્ય ઘટાડે છે અને કેટલીક વાર અકાળે મૃત્યુનો ભેટો કરાવે છે.

વધારે પડતાં તીખાં તમતમતાં પદાર્થો વાપરવાથી જઠર તથા આંતરડાં બગડે છે અને જઠર તથા આંતરડાં બગડ્યા કે સમસ્ત પાચનક્રિયામાં અવ્યવસ્થા ઊભી થાય છે, માટે તેમાં સંયમ જાળવવો.

અવસ્થા અનુસાર ભોજનમાં કેટલોક ફેરફાર કરવો જરૂરી બને છે, તે માટે ખાસ લક્ષ્ય રાખવું. જુવાનીમાં જે ખોરાક પચતો હોય, તે વૃદ્ધાવસ્થામાં પચતો નથી, એટલે તે અંગે જરૂરી ફેરફારો કરી લેવા.

ખોરાક જેટલો સાદો અને સાત્ત્વિક, તેટલું નીરોગીપણું વધારે. પરંતુ આજે આ સિદ્ધાંત તરફ દુર્લક્ષ્ય થયું છે અને સ્વાદ પર જ વિશેષ ધ્યાન અપાવા લાગ્યું છે. આપણા કોઈ પણ ભોજનસમારંભની વાનીઓ જુઓ, એટલે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. આ પરિસ્થિતિ સુધારણા માગે છે અને તે આપણે સમજપૂર્વક કરવી જોઈએ.

(૭) બપોરે આ રીતે ભોજન કર્યા પછી ત્રણ વાગ્યે ચા વગેરે વાપરવાની ખાસ આવશ્યકતા ગણાય નહિ, પણ આજે તો એ રિવાજ થઈ પડ્યો છે અને ઘણાખરા મનુષ્યો આ વખતે ચા વગેરે વાપરે છે. આરોગ્યની દૃષ્ટિએ તેમાં મોટી હાનિ છે, એવું અમે માનતા નથી, પણ જેઓ થોડી થોડી વારે ચાના કપ ઢીંચ્યા જ કરે છે, તે સાયંકાળનું

ભોજન બગાડે છે અને વખત જતાં મંદાગ્નિનો ભોગ થઈ પડે છે.

એક વિચારકે ઠીક જ કહ્યું છે કે 'આપણું મોઢું એ ટપાલની પેટી નથી કે તેમાં નિરંતર કંઈ ને કંઈ નાખ્યા જ કરીએ. એ તો ચેતનરાયનું એક મંદિર છે અને મંદિરમાં જેમ નિયત સમયે પૂજા–આરતી વગેરે થાય છે, તેમ શરીરને પણ નિયત સમયે જ ભોજન વગેરે આપવું જોઈએ.'

જો પાચનશક્તિમાં ખામી લાગતી હોય તો સાયંકાળનું ભોજન છોડી દેવું જોઈએ અને તે વખતે ફળરસ, દૂધ, ચા આદિનો જ ઉપયોગ કરવો જોઈએ.

રાત્રે મોડા ભોજન કરવાથી ખાધેલું બરાબર પચતું નથી, એટલે તે બને તેટલું વહેલું કરી લેવું જોઈએ. જે લોકો રાત્રિએ બિલકુલ ભોજન કરતા નથી, તે ઘણા રોગોથી બચી જાય છે.

(૮) કામની ગોઠવણ એવી હોવી જોઈએ કે વચ્ચે થોડો આરામ પણ મળે. એકધારું લાંબા વખત સુધી કામ ખેંચવાથી શ્રમ વધારે લાગે છે અને આયુષ્ય ઓછું થાય છે.

(૯) રાત્રિના બીજા પ્રહરે શુભ સંકલ્પપૂર્વક નિદ્રાધીન થવું જોઈએ. એ વખતે જે શુભ સંકલ્પ કર્યો હોય તેની ગુપ્ત માનસ પર ઘણી અસર થાય છે અને તેનું પરિણામ સુંદર આવે છે. હવે તો નિદ્રા વખતે પણ પ્રશિક્ષણ આપવાના પ્રયોગો થયા છે અને ગુપ્ત મનની શક્તિઓનો વિસ્તાર ઘણો મોટો માનવામાં આવ્યો છે.

(૧૦) જે મનુષ્ય ઘસઘસાટ ઉંઘી શકે છે, તેને પૂરતો આરામ મળી જાય છે અને તે જ્યારે જાગે છે, ત્યારે તેનામાં અજબ સ્ફૂર્તિ હોય છે. જેઓ એક યા બીજા કારણે બરાબર ઊંઘી શકતા નથી, તેમનું શરીર બગડે છે અને મન પણ નબળું પડે છે, પરંતુ ઝેરી દવાનો પ્રયોગ કરીને ઊંઘવું એને અમે હિતાવહ લેખતા નથી. તે માટે સંખ્યાગણના, ૐકારનું ધ્યાન, ગરમાગરમ દૂધ પીવું આદિ જે કેટલાક પ્રયોગો છે, તેની અજમાયશ કરવા જેવી છે.

(૧૧) ચિત્તને સદા પ્રસન્ન રાખવાથી આરોગ્ય ઉપર ઊંડી અસર થાય છે, એટલે કે તે બરાબર જળવાઈ રહે છે. હવે તો હાસ્યના પ્રયોગથી પણ રોગો મટાડવાનું શરૂ થયેલ છે.

એક માણસને તાવ આવ્યો હતો અને તે પથારીમાં પડયો હતો. તેને માટે તેની પત્નીએ એક પ્યાલામાં પીવાની દવા કાઢી, પણ વચ્ચે કંઈ કામ આવવાથી તે એ પ્યાલો ત્યાંને ત્યાં મૂકી ઓરડામાં ગઈ. એ વખતે એક વાનર ત્યાં આવ્યો અને તેમાં સુંદર ગુલાબી રંગનું પ્રવાહી જોઈ તેને ગટગટાવી ગયો. પરંતુ તરત જ તેનું મોઢું કટાણું થયું, કારણ કે એ દવા ઘણી કડવી હતી. એટલે તે પોતાનું પેટ કૂટવા લાગ્યો. આ જોઈને પેલા દરદીને ઘણું હસવું આવ્યું. ત્યાર બાદ તેની પત્ની ઓરડામાંથી બહાર આવી અને હસવાનું કારણ પૂછયું. પણ તે વાત કહે તે પહેલાં હસવું આવી જાય. આમ છતાં તેણે ઘણા પ્રયત્ને પોતાનું હસવું ખાળીને એ વાત

તેની પત્નીને કહી. પરંતુ એ વખતે પેલા દર્દીનો તાવ ઉતરી ગયો હતો અને તેનું કારણ તેણે કરેલું મુક્ત હાસ્ય હતું.

શરીર અને મનને અન્યોન્ય સંબંધ છે, એટલે કે શરીરની અસર મન પર થાય છે અને મનની અસર શરીર પર થાય છે. વધારે સ્પષ્ટ કરીએ તો જેઓ લાંબા સમય માંદા રહે છે, તેનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે અને તેને કોઈ બાબતનો ઉત્સાહ રહેતો નથી.

તેજ રીતે મન પર વિવિધ પ્રકારના આઘાતો થતાં શરીર ઢીલું પડી જાય છે અને ઘણી વાર હૃદય પર પણ ભારે અસર થાય છે. તાત્પર્ય કે **મનને શાંત–સ્વસ્થ–પ્રસન્ન રાખવા માટે શરીરની નીરોગીતા જાળવી રાખવાની જરૂર છે અને તે ઉન્નતિના ઉમેદવારોએ જરૂર જાળવી રાખવી જોઈએ.**

[૧૮]

સંકલ્પશક્તિ દ્વારા રોગનિવારણ

નીરોગી રહેવાના પ્રયત્નો કરવા છતાં કોઇ રોગ ઉત્પન્ન થાય, તો તેથી ગભરાવાની જરૂર નથી. જો ગભરાયા તો એ રોગ તમારા માથે ચડી બેસશે અને તમારા મનનાં નહિ-ધારેલી વ્યથા-નહિ ધારેલો સંતાપ પેદા કરશે.

'અરેરે! મને રોગ ક્યાંથી લાગુ પડ્યો? હવે મારું શું થશે? એની વેદના મારાથી સહેવાતી નથી! અરે! કોઇ તો મારા માટે કંઈક કરો!' આ કે આ પ્રકારના શબ્દો તમે ભલા થઈને હરગીઝ ઉચ્ચારશો નહિ, કારણ કે આથી રોગનાં મૂળ ઊંડા જશે અને તે વૃદ્ધિ પામવા લાગશે.

'સુખસમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી' એ આપણા નીતિકારોએ આપણને આપેલી સોનેરી શિક્ષા છે અને તેને અનુસરવામાં જ આપણું શ્રેય છે. જરા હિંમત રાખો, ટટાર થાઓ અને રોગનો સામનો કરવાની તૈયારી કરો, એટલે રોગના પગ ડગમગવા લાગશે. ભયથી સંવેદનની માત્રા વધી જાય છે અને નિર્ભયતાથી સંવેદનનો

પારો શૂન્ય પર આવી જાય છે, એટલી વાત જો તમારા મનમાં બરાબર ઉતરે અને તમે નિર્ભયતા ધારણ કરો તો રોગ સામેનો અર્ધો જંગ જિતી ગયા સમજજો.

વાઘ કરતાં વાઘનો ડર આપણને વધારે હચમચાવી મૂકે છે. જેમને વાઘનો ડર નથી, તે એની સામે લડવા તૈયાર થાય છે, એટલું જ નહિ પણ તેની સાથે બાથંબાથ આવી તેને નીચે પટકે છે કે તેના કાન આંબળી તેને મહાત કરે છે.

શિયાળાની સવારે ઠંડા પાણીથી ન્હાવું હોય તો આપણા મનમાં એવો ભય ઉત્પન્ન થાય છે કે 'આ પાણીથી તે શે ન્હવાય ?' પણ હિંમત કરો અને ન્હાવા બેસી જાઓ તો કંઈ થતું નથી. વળી એ વખતે એવો વિચાર જોરથી કરવા લાગો કે આમાં તો કંઇ ઠંડી લાગતી જ નથી, તો તમને ઠંડીનો અનુભવ નહિ જ થાય. આપણામાં એક કહેવત છે: 'ટાઢ ટાઢ કરીએ નહિ અને ટાઢનાં માર્યાં મરીએ નહિ' તેમાં પણ આવી નિર્ભયતા કેળવવાનો જ હેતુ છે.

'અત્યારે તો ઘણો તાપ છે. બહાર શી રીતે નીકળાય ! લૂ લાગી તો આવી બન્યું સમજો !' એવા વિચારો કરનાર ઘરની બહાર નીકળી શકતો નથી. પરંતુ એ જ વ્યક્તિ જો એવો વિચાર કરે કે 'થોડો તાપ છે, તેથી શું થઈ ગયું ? એની મને કંઈ અસર થવાની નથી. હજારો માણસો અત્યારે અવરજવર કરી રહ્યા છે અને પોતપોતાનું કર્તવ્ય બજાવી રહ્યા છે, તો મારે ડરવાનું શું પ્રયોજન છે?' તો તે

ઘર છોડીને બહાર નીકળી પડશે અને હસતા મુખડે પોતાનું કામ કરીને પાછો આવશે.

રોગની બાબતમાં પણ એમ જ સમજવાનું છે. જો તેનાથી ડરી ગયા, હિંમત હારી ગયા, તો તેનું દર્દ ઘણું લાગવાનું અને એ રોગને આપણા શરીરમાં પ્રસરવાની પૂરતી ભૂમિકા મળી રહેવાની.

હવે તો વૈજ્ઞાનિક પ્રયોગોથી એ વસ્તુ સિદ્ધ થઇ ચૂકી છે કે સર્વ રોગોનું મૂળ આપણા મનમાં છે, આપણી મનોદશામાં છે. દાખલા તરીકે અત્યંત સ્વાર્થીપણું, લોભ અને ઈર્ષ્યા આપણા મનમાં જોર કરી રહ્યા હોય તો આપણા કાળજા અને બરોળ પર અસર થવાની, એટલે કે તેને લગતો કોઇને કોઈ રોગ ઉત્પન્ન થવાનો. જો આપણા મનનો કબજો તિરસ્કાર અને ક્રોધે લીધો હોય તો મૂત્રાશયને લગતા રોગ પેદા થવાના, અથવા તો પેદા થયા હોય તો તે ઘણા વધી જવાના. એ જ રીતે ભય, ચિંતા અને વ્યાકુલતાનું પ્રમાણ વધી જાય તો તરત જ હૃદય પર અસર થવાની. થોડા વખત પહેલાં અમેરિકાના એક શહેરમાં ભયંકર અકસ્માત થયો હતો અને તેમાં અગિયાર વ્યક્તિઓ છૂંદાઇને મરી ગઈ હતી. આ દૃશ્ય જોતાં જ એક પ્રેક્ષકનું હૃદય ત્યાંને ત્યાં બેસી ગયું હતું અને તેની જીવનયાત્રા પૂરી થઇ ગઈ હતી. સ્વતંત્ર ભારતના પ્રથમ મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરૂના અવસાનના સમાચાર ઘણા આઘાતજનક હતા. એ સમાચાર સાંભળીને ત્રણ વ્યક્તિઓનાં તરત જ મૃત્યુ થયાં હતાં.

મૃત્યુભયના વિચારથી એક કેદીના કાળા વાળ રાતો-રાત સફેદ બની ગયાની નોંધ થયેલી છે. ઘણા માણસોનો ચહેરો ભયથી સફેદ પુણી જેવો થઈ જાય છે અથવા તો પીળો પડી જાય છે, એ કોણ નથી જાણતું ?

વળી એવું પણ જોવામાં આવ્યું છે કે નિરાશા અને ચિંતાથી આંતરડાંના રોગો થાય છે, ધનનાશનો સંતાપ નિર્બલતા, ક્ષય તથા મૂત્ર સંબધી રોગો પેદા કરે છે અને દરિદ્રતાના દુઃખમય વિચારોથી અજીર્ણ અને મંદાગ્નિ ઉત્પન્ન થાય છે.

એ વાત પણ ખ્યાલમાં રાખો કે ત્વચાના ધર્મો પર લાગણીની અસર થાય છે અને અત્યંત માનસિક પરિશ્રમ કરવાથી ચામડી ફાટી જાય છે. તે જ રીતે જો મનોવૃત્તિમાં વિલક્ષણ ફેરફારો થાય તો વ્રણ, નાસુર, ફેફરૂં (અપસ્માર–વાઇ) અને ઉન્માદ (ગાંડપણ) ઉત્પન્ન થાય છે. તથા કામવૃત્તિનો વેગ અત્યંત વધી જાય અને મનુષ્ય અતિ સ્રીસંગ કરવા લાગે તો તેની પ્રાણવાહિની નાડીઓ નબળી પડી જતાં તેને લકવો લાગુ પડે છે.

ડૉ. એલ્મરગેઉટ્સે ઘણા પ્રયોગો પછી જાહેર કર્યું છે કે 'ભય, ચિંતા, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ અને ઉદાસીનતાથી પરસેવામાં, થૂંકમાં, શ્વાસમાં તથા રક્તમાં વિષ ઉત્પન્ન થાય છે અને પ્રેમ, દયા, સંતોષ, આનંદ, પ્રસન્નતા તથા આરોગ્યના વિચારોથી નીરોગી અને બળવાન બનાવનારાં તત્ત્વો પેદા થાય છે.' એટલે જે મનુષ્યે સદા નીરોગી રહેવું હોય

તેણે, ચિંતા, ક્રોધ, ઇર્ષ્યા, દ્વેષ તથા ઉદાસીનતાના વિચારો છોડીને પ્રેમ, દયા, સંતોષ, આનંદ, પ્રસન્નતા તથા આરોગ્યના જ વિચારો કરવા જોઇએ.

ઓરિસન સ્વેટ માર્ડને કહ્યું છે કે આપણે વ્યાધિનું ચિંતન કરીને કદી પણ આરોગ્ય મેળવી શકીશું નહિ. અપૂર્ણતાનો વિચાર કરીને કદી પૂર્ણતા મેળવી શકીશું નહિ. તેમજ અસ્વસ્થતાનો વિચાર કરીને કદી પણ સ્વસ્થતા પ્રાપ્ત કરી શકીશું નહિ.

આપણે આપણા મનમાં નિરંતર આરોગ્ય અને સ્વસ્થતાનો ઉચ્ચ આદર્શ રાખવો જોઇએ; અને આપણે જેવી રીતે અપરાધ કરવાની લાલચની સામે થઇએ છીએ, તેવીજ રીતે આપણે અશાંતિમાં પ્રત્યેક વિચારની–શાંતિના પ્રત્યેક શત્રુની સામે યુદ્ધ કરવું જોઇએ. તમારી પ્રકૃતિની જે સ્થિતિ તમે ઇચ્છતા ન હો તે વિષે કદી પણ વાતચીત કે ચર્ચા કરશો નહિ, તમારી વેદનાઓનો વિચાર કરશો નહિ, કિંવા રોગનાં ચિન્હો તપાસશો નહિ. વૈદ્યો જણાવે છે કે, જે માણસ પોતાની પ્રકૃતિનો અભ્યાસ કર્યા કરે છે, પોતાની જાત વિષે વિચાર કર્યા કરે છે અને પોતાના રોગનાં લક્ષણો તપાસ્યા કરી રોગનું લેશ પણ ચિન્હ જણાતાં ગભરાઇ ઉઠે છે, તે કદી પણ નીરોગી રહી શકતો નથી.

એટલે ખરી જરૂર વિચાર–પરિવર્તનની છે, આપણી ભાવનાઓમાં પલટો લાવવાની છે, આપણા આરોગ્યવિષયક સંકલ્પને વધારે દૃઢ બનાવવાની છે. જો તમે ભય, ચિંતા,

ખેદ આદિ અશુભ વિચારો દૂર કરીને આરોગ્ય, આનંદ, પ્રસન્નતા આદિના શુભ વિચારો કર્યા કરો અને નિત્ય એવી ભાવના ભાવો કે 'મારો રોગ દૂર થઇ રહ્યો છે, હવે હું સારો થઇ રહ્યો છું, તદ્દન સારો થઇ રહ્યો છું' તો તમારો રોગ અવશ્ય દૂર થઇ જવાનો તથા તમે આરોગ્ય અને આનંદમય જીવન અવશ્ય જીવી શકવાના.

કોઇ એમ કહેતું હોય કે 'માત્ર વિચારો કરવાથી કે ભાવના ભાવવાથી રોગ થોડો જ હઠે?' તો એ ગંભીર ભૂલ છે. વિચારોની–ભાવનાઓની અસર જેમ આપણા મન પર થાય છે, શરીર પર થાય છે, તેમ સ્વાસ્થ્ય ઉપર પણ થાય છે અને તેજ કારણે વિચાર–ભાવના–સંકલ્પના બળથી ગમે તેવા જાલીમ રોગોને પણ દૂર હઠાવી શકાય છે.

એક વૃદ્ધ સ્ત્રી ઘણા વર્ષથી લકવાથી પીડાતી હતી. એવામાં ધરતીકંપ થયો અને બધા લોકો પોતપોતાનો જાન બચાવવા ભાગવા લાગ્યા. ત્યારે એ વૃદ્ધાના મનમાં પણ પોતાનો જાન બચાવવાનો વિચાર પ્રબળ વેગથી ઉત્પન્ન થયો અને તેથી તેના સૂકાઈ ગયેલા અંગમાં સ્ફૂર્તિ આવી અને તે બિછાના પરથી ઉઠીને બીજાની સાથે ભાગવા લાગી. તે દિવસ પછી ફરી તેને લકવાની બિમારી થઈ નહિ. એ વૃદ્ધાના શરીરમાં નવો રક્તપ્રવાહ વહેવા લાગ્યો. જો વિચારોમાં બળ ન હોય, તાકાત ન હોય, તો આવું પરિણામ કદી આવી શકે ખરૂં?

આમ તો આપણે ઘણું ઘણું જાણીએ છીએ. આપણને

કોઈ આફ્રિકાની નદીઓ વિષે, અમેરિકાના શહેરો વિષે કે એસ્કિમોના જીવન વિષે પૂછે તો તેના સડસડાટ જવાબ આપી શકીએ છીએ. તે જ રીતે આપણને કોઈ ચતુરંગી ક્રિકેટ મેચ વિષે, કોઈ નાટક–સીનેમા વિષે કે નટ–નટીઓના પોશાક વિષે પૂછે, તો તેનો ઉત્તર આપવામાં વિલંબ કરતા નથી. પણ કોઈ આપણને આપણા મન વિષે તથા તેના સ્વરૂપ વિષે પૂછે તો નીચું જોઈએ છીએ કે માથું ખણીએ છીએ. મન વિષેનું આપણું આ અજ્ઞાન આપણા અંતરમાં છૂપાઇ રહેલી મહાન શક્તિઓનો આપણને સાક્ષાત્કાર થતાં અટકાવે છે, એટલું જ નહિ પણ જે માર્ગ સરલ છે, સચોટ છે, ઇષ્ટ પરિણામને લાવનારો છે, તેના વિષે આપણને અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે અને જે માર્ગ ખરેખર વિષમ છે, વધારે ખર્ચાળ છે તથા છેવટે કંટાળો આપનાર છે, તેના તરફ દોટ મૂકાવે છે.

આજે આપણને કોઈ નાનો સરખો રોગ થયો કે ડૉકટરની પાસે દોડીએ છીએ અને તે જે દવા, ઇંજેકશન કે ટીકડીઓ વગેરે લખી આપે તેનો ઉપયોગ કરીને રોગનું નિવારણ કરવાની આશા રાખીએ છીએ. જો તેમાં સફળ ન થયા તો કોઇ હોમિયોપાથ કે બાયોકેમિકલ દવાવાળાને શોધી કાઢીએ છીએ, અથવા તો વૈદ્ય–હકીમનો આશ્રય લઇએ છીએ, પણ આપણી જાત પર શ્રદ્ધા રાખીને સાદા ઉપચારોથી તેને મટાડવાનો પ્રયત્ન કરતા નથી! આ તે આપણો કેવો વ્યામોહ!

આપણા બાપ-દાદાઓ પ્રકૃતિની વધારે નજીક હતા, તેથી આરોગ્યભર્યું આનંદમય જીવન ગાળતા હતા. તેમને રોગ ભાગ્યેજ થતો અને થાય તો ઘરગથ્થુ સાદા ઉપચારોથી મટી જતો. કોઈ અસાધારણ બિમારી સિવાય તેઓ વૈદ્ય, હકીમ કે ડૉકટર પાસે જતા નહિ. એ રીતે તેમને રોગ-નિવારણ અંગે એક કુટુંબનું બાર મહિનાનું ખર્ચ દશ-વીશ રૂપિયાથી વધારે ભાગ્યે જ આવતું, જ્યારે આજે તો સામાન્ય સ્થિતિના માણુસને પણ દર વર્ષે રૂપિયા ત્રણસો-ચારસો કે તેથી પણ વધુ ખર્ચ આવે છે અને તેમ છતાં પૂરું આરોગ્ય તો પ્રાપ્ત થતું જ નથી.

આ બધી પરિસ્થિતિનો ખ્યાલ કરીએ છીએ, ત્યારે એમજ થાય છે કે આપણા દરેક બાળકને શાળાના અભ્યાસ દરમિયાન પ્રાકૃતિક ચિકિત્સા તથા માનસોપચારનું જ્ઞાન ફરજિયાત આપવું જોઈએ, જેથી તેઓ ઓછા ખર્ચે અને ઓછી મહેનતે પોતાની શરીર સુખાકારી જાળવી શકે અને વધારે તંદુરસ્ત-વધારે શક્તિશાળી પ્રજાને પેદા કરી શકે.

આપણા મનનું સ્વરૂપ પ્રકટ અને ગુપ્ત એમ બે પ્રકારનું છે, એ વાત અમે પૂર્વે પાંચમા પ્રકરણમાં સ્પષ્ટ કરી ગયા છીએ. તેમાં પ્રકટ મન કરતાં ગુપ્ત મનનું પ્રમાણ ઘણું મોટું છે-આશરે નવગણું-અને તે રોગનિવારણની બાબતમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે, એ ભૂલવાનું નથી. ત્યાં અમે એ વસ્તુ પણ સ્પષ્ટ કરી છે કે આ મન પર સૂચન (Suggestion) અને કલ્પના (Imagination) એ બેની

ઘણી અસર થાય છે. તાત્પર્ય કે આપણા શરીરમાં કોઇ પણ રોગ ઉત્પન્ન થાય તો રોગાક્રાંત ભાગને ઉદ્દેશીને કે સ્પર્શ કરીને 'તું રોગરહિત થઈ જા, તું રોગરહિત થઈ જા' એવાં સૂચનો આપીએ તો ગુપ્ત મન પોતાના કામે લાગી જાય છે અને રોગો સામે લડવાની પોતાની શક્તિનો ઉપયોગ કરી એ રોગને દૂર કરી દે છે. તે જ રીતે 'હું નિરામય છું, નીરોગી છું, હવે તદ્દન રોગરહિત થઈ ગયો છું' એવી કલ્પના કરવાથી પણ રોગ હઠવા માંડે છે અને આપણને આરોગ્યની પુનઃ પ્રાપ્તિ થાય છે. આ ચિકિત્સાને આપણે મનોમય ચિકિત્સા કે માનસોપચાર કહી શકીએ.

રોગનિવારણ માટે આ પદ્ધતિ સહુથી સહેલી છે અને તે માટે કોઈ પણ જાતનો ખર્ચ થતો નથી, એટલે આપણે તેની મંગલમયતામાં વિશ્વાસ રાખીને તેનો જ આશ્રય લઇએ, એ સર્વથા ઇચ્છવા યોગ્ય છે.

મહાત્મા ગાંધીજીએ જણાવ્યું છે કે 'હું તમને બધાને આગ્રહપૂર્વક કહું છું કે આજથી તમારી બધી કુવાસનાઓ અને કુપ્રવૃત્તિઓનું દમન કરીને પવિત્ર જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કરો.' આવું જીવન વ્યતીત કરનારને કોઈ પણ રોગનો ભય રહેતો નથી. આપણા જે સાધુ–સંતો આ પ્રકારનું જીવન ગાળે છે, તેમને કદી રોગની શિકાયત કરવી પડતી નથી. મુખ્ય વાત કુવાસનાઓને જિતવાની છે. કુવાસનાઓ જિતાઈ કે કુપ્રવૃત્તિઓ તો આપોઆપ બંધ થઈ જવાની. મૂળ છેદાઈ ગયા પછી થડ ઊભું રહે ખરું ?

એક વાર એક મહાત્માને કોઈ પણ કારણસર તાવ ચડી આવ્યો, ત્યારે તેમણે એક કપડાના કકડાને ગાંઠ વાળી, તેમાં તાવ બંધાઈ ગયો છે એવી પ્રબલ કલ્પના કરી અને जः जः जः–તું જા, જા, જા. એવા શબ્દો ઉચ્ચાર્યા કે તે તાવ તદ્દન ઉતરી ગયો. આમાં તમે સંકલ્પબળ સિવાય બીજી કઈ શક્તિની કલ્પના કરી શકો ?

આ બાબતનો અમને પણ કેટલોક અનુભવ થયેલો છે. એક વાર અમદાવાદમાં નાનકડા પાયે સર્વધર્મસંમેલન યોજાયું. તેમાં અમારે એક ભાષણ કરવાનું હતું. સમય બપોરના ચારનો હતો. પણ તેજ દિવસે સવારના અમને તાવ આવ્યો. અગિયાર વાગ્યે મિત્રો અમને મળવા આવ્યા અને અમને ૧૦૪ ડીગ્રી તાવ ચડેલો જોઇને ચિંતા વ્યક્ત કરવા લાગ્યા. તેમાંના એકે કહ્યું : ‘ આપણે સર્વ ધર્મ સંમેલનના કાર્યવાહકોને સમાચાર આપી દો કે ‘ ધીરજલાલભાઈ તબિયત સારી નહિ હોવાથી આજે આવી શકશે નહિ.’

અમે કહ્યું : ‘ એવા સમાચાર આપવાની જરૂર નથી. અમારો તાવ ૩–૩૦ મીનીટે બરાબર ઉતરી જશે અને અમે ૪–૦ વાગતાં સભામાં હાજર રહી અમને સોંપાયેલા વિષય અંગે અમારું ભાષણ બરાબર કરીશું.’

મિત્રોને લાગ્યું કે ‘ આ વધારે પડતી વાત થઈ રહી છે. કદાચ તાવ વધારે હોવાથી તેની અસર નીચે આવા શબ્દો બોલાઈ ગયા હશે.’ એટલે તેમણે કહ્યું : ‘ આજે તો જવાનું બંધ જ રાખો.’ કદાચ તાવ ઉતરી જાય તો પણ નબળાઇને લીધે ત્યાં ભાષણ કરવાનો પરિશ્રમ લેવો યોગ્ય નથી.’

અમે કહ્યું : 'એ કદી બની શકે નહિ. અમારા જીવનમાં આજ સુધી તબિયતના કારણે કોઈ સભા કે સમારોહમાં અમે ગેરહાજર રહ્યા નથી કે અમને સોંપાયેલું કામ કર્યા વિના જંપ્યા નથી. આ તાવ તો જરૂર ઉતરી જવાનો અને અમે નિર્ધારિત સમયે અમારું ભાષણ અવશ્ય કરવાના.'

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે તે દિવસે અમે બરાબર ૩–૩૦ વાગતાં તાવમાંથી મુક્ત થયા હતા, નિર્ધારિત સમયે સભામાં પહોંચ્યા હતા અને લગભગ વીશ મીનીટ સુધી ઊભા ઊભા બોલ્યા હતા.

શુભ સંકલ્પોને લીધે તથા ચિત્તને સદા પ્રસન્ન રાખવાથી અમે અમારું આરોગ્ય એકંદર સારી રીતે સાચવી શક્યા છીએ અને આજે ત્રેશઠ વર્ષની ઉંમરે પણ એક યુવાન જેટલું કામ કરી શકીએ છીએ.

પ્રિય પાઠકો! તમે પણ **સંકલ્પબળથી તમારા તમામ રોગોનું નિવારણ કરીને આરોગ્યમય આનંદી જીવન જીવવાનો પ્રયત્ન કરો તો તેમાં તમને ધારેલી સફળતા જરૂર મળશે.**

[૧૯]

સંકલ્પશક્તિ દ્વારા ધનપ્રાપ્તિ

આપણો જીવનવ્યવહાર સારી રીતે ચલાવવા માટે ધનની જરૂર પડે છે. જો આપણી પાસે ધન એટલે દ્રવ્ય કે પૈસો પૂરતા પ્રમાણુમાં ન હોય તો આપણે સારું રહેઠાણુ, સારું ખાનપાન, સુઘડ પોશાક કે આનંદ-પ્રમોદની સામગ્રી મેળવી શકીએ નહિ. વળી વસ્ત્રાલંકારથી સ્ત્રીને રાજી રાખવી હોય, મિત્રોની સંખ્યા વધારવી હોય કે પાંચમાં પૂછાવું હોય, તો પણુ પૂરતા ધન વિના તેમ કરી શકીએ નહિ.

જેમની પાસે પૂરતા પ્રમાણુમાં પૈસા નથી, જેમની આવક ઘણી ઓછી છે કે જેઓ ઘણા પ્રયત્ને માંડ માંડ પોતાનું પેટ ભરી શકે છે, તેમની હાલત ખરેખર ! ઘણી કફોડી છે. માન-આદર તો દૂર રહ્યા, પણુ તેમનો કોઈ ભાવ સરખો ય પૂછતું નથી. 'વસુ વિના નર પશુ' એ કહેવતમાં તેનું યથાર્થ પ્રતિબિંબ પડેલું છે. તેથી જ આપણા નીતિકારોએ કહ્યું છે કે 'જો તમારે આગળ વધવું હોય, પ્રગતિ કરવી હોય, ઉન્નતિ સાધવી હોય તો પૂરતા પ્રમાણુમાં ધનપ્રાપ્તિ કરો.'

અમે તેમાં એટલું ઉમેરીએ છીએ કે 'સંકલ્પશક્તિ તેમાં ઘણી સહાય કરે છે.'

નિર્ધનતા, દરિદ્રતા કે રંકતાના સતત વિચારોથી જેમનાં મન દુષિત થયેલાં છે તથા જેમણે એમ જ માની લીધેલું છે કે 'આ જીવનમાં આપણે ઊંચા આવી રહ્યા!' તેમના ગળે અમારાં આ વચનો નહિ ઉતરે, પણ અમે ફરીને ભારપૂર્વક કહીએ છીએ કે 'તમે સંકલ્પશક્તિની સહાયથી પૂરતા પ્રમાણમાં ધનપ્રાપ્તિ કરી શકો છો.'

જેઓ ધંધા–રોજગારમાં આગળ વધ્યા, વ્યાપારી ક્ષેત્રે ઝળકી ઉઠયા કે મોટા ઉદ્યોગપતિની ખ્યાતિ પામ્યા, તેમના જીવનનો ઊંડો અભ્યાસ કરશો તો ત્યાં તમને સંકલ્પ, આત્મશ્રદ્ધા અને પુરુષાર્થનો ચમત્કાર જ નજરે પડશે. જો કોઈ ધંધો–રોજગાર કરવો હોય તો પ્રથમ મનમાં એવો સંકલ્પ કરવો પડે છે કે 'હું આ ધંધો–રોજગાર કરીશ.' ત્યાં આત્મશ્રદ્ધા એમ કહે છે કે 'આ ધંધા–રોજગારમાં હું જરૂર ફાવીશ.' અને પુરુષાર્થનો આશ્રય લેતાં તથા પ્રાથમિક કેટલીક મુશ્કેલીઓ ઓળંગતાં ધંધા–રોજગારની જમાવટ થવા લાગે છે તથા તેમાંથી યથેષ્ટ ધનપ્રાપ્તિ થઈ શકે છે.

એટલી વાત લક્ષ્યમાં રાખો કે કોઇ ધંધો–રોજગાર નાનો નથી. જો તેને ખીલવવામાં આવે તો તે મોટો થઈ શકે છે અને તેના દ્વારા મનમાની ધનપ્રાપ્તિ કરી શકાય છે. 'ધૂળ–માટીના ધંધામાં તે શું ?' એમ કહેનારને અમે જણાવવા ઇચ્છીએ છીએ કે ઘોઘા વગેરે સ્થળેથી લાલ માટી

મુંબઈ મંગાવીને ધંધો કરનારા લખપતિ બન્યા છે; દરજી કામની નાની દુકાન ખોલનારાઓ મોટા સ્ટોરના સ્વામી બન્યા છે; અને ગ્રાહકોને દૂધ પૂરું પાડનારા પણ આગળ વધીને મોટા દુકાનદાર તથા ભેંસના તબેલાઓના માલિક થયા છે.

વ્યાપારી ક્ષેત્રમાં ઝળકવા માટે પણ સંકલ્પબળ, આત્મશ્રદ્ધા તથા પુરુષાર્થ એ મુખ્ય સાધન છે. તે જ રીતે ઉદ્યોગને મોટા પાયે ખીલવવો હોય તો તે દૃઢ સંકલ્પ, અડગ આત્મશ્રદ્ધા તથા પ્રચંડ પુરુષાર્થ વિના બની શકતું નથી. **બીરલા, ટાટા, શાહુબ્રધર્સ, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ** વગેરેએ ઉદ્યોગના ક્ષેત્રમાં જે નામના પેદા કરી છે, તે તેમના દૃઢ સંકલ્પ, તેમની અડગ આત્મશ્રદ્ધા અને સુંદર વ્યવસ્થાશક્તિને આભારી છે.

એન્ડ્રુ કાર્નેગી કે જેઓ સામાન્ય સ્થિતિમાંથી આગળ વધીને ક્રોડપતિ થયા અને માનવજાતિના હિત માટે રૂપિયા ત્રીશ ક્રોડથી પણ વધુ રકમની સખાવતો કરી ગયા, તેમણે ધનપ્રાપ્તિની બાબતમાં કહ્યું છે કે 'મારા તો કેવલ ત્રણ જ સિદ્ધાંત છે: પહેલો–ઇમાનદારી; બીજો–પરિશ્રમ અને ત્રીજો ચિત્તની એકાગ્રતા.' તાત્પર્ય કે જે કામ કરવું, તે પૂરી ઈમાનદારીથી–પૂરી પ્રામાણિકતાથી કરવું. તેમાં કોઇ જાતની ઘાલમેલ કરવી નહિ કે કોઇ જાતનો દગોફટકો કરવો નહિ. વળી તે માટે પૂરતી મહેનત કરવી અને તે ધારેલા સમયે પૂરું કરવું. તે સાથે આ કામ કરતી વખતે ચિત્તને પૂરેપૂરું એકાગ્ર રાખવું.'

આપણે ત્યાં આજે આ ત્રણે ય વસ્તુની મોટી ખામી દેખાય છે અને તેનું જ એ પરિણામ છે કે આપણે જોઈએ તેટલા આગળ વધી શકતા નથી. કેટલાક તો એમજ માને છે કે 'ઈમાનદારી બતાવવા જઈએ—પ્રામાણિકતાનું પૂછડું પકડીએ તો રખડી પડીએ. ઘાલમેલ કે દગોફટકો કર્યા વિના તો કમાઈ શકાય જ નહિ.' આ કેટલો ખોટો–ખરાબ વિચાર છે! શું આ રીતે તમે તમારી શાખ બાંધી શકો ખરા? અને ગ્રાહકોને તમે કેટલી વાર છેતરી શકો? વળી જે ગ્રાહકોને તમે છેતરો છો, તે શું બીજી વાર તમારી સાથે કામ પાડવાના ખરા? કંઈક તો વિચાર કરો! તમે ખોટું કરીને સારાની આશા કદી પણ રાખી શકો નહિ.

બંગભંગની ચળવળ ચાલી, ત્યારે અમદાવાદની મીલોને ધોતિજોટાની વરદીઓ મોટા પ્રમાણમાં મળી. ત્યારે આ મીલોએ વધારે નફો કરવાની દાનતથી તેમને સાવ હલકો માલ પૂરો પાડયો અને પરિણામે ત્યાંના લોકોની શ્રદ્ધા ઉઠી જતાં એ આખી યે ચળવળને ભારે ફટકો પડયો.

આજે દેશમાં મોટા બંધો બંધાઈ રહ્યા છે, રસ્તાઓ તૈયાર થઈ રહ્યા છે અને સરકારી તથા જાહેર જનતાના ઉપયોગની કેટલીક ઇમારતો તૈયાર થઈ રહી છે, પણ દગાખોર માનસ તેની શરતો મુજબ માલ વાપરતું નથી, પરિણામે એ બધાંયે કામો તકલાદી બને છે અને આપણા ક્રોડો રૂપિયા બરબાદ થાય છે.

ઘઉંમાં કાંકરા ભેળવવા, આટામાં ચોક ભેળવવો, ઘીમાં

વેજીટેબલ ભેળવવું, દૂધમાં પાણી નાખવું, એ તો આજે સામાન્ય થઇ પડ્યું છે. વળી ૫ કીલોનાં સ્થાને ૪ાા કીલો આપવું કે ૧૬ મીટરના તાકાની છાપ મારીને ૧૫ાા મીટરનો તાકો આપવો એવો વ્યવહાર પણ ઘણા સ્થળે જોવામાં આવે છે. અને દિલગીરીની વાત તો એ છે કે આ જાતની અપ્રામાણિકતા કરનારને એમ લાગતું નથી કે પોતે કોઈ ગંભીર ગૂનો કે મોટી ભૂલ કરી રહ્યો છે. આ દગાખોરી તથા અપ્રામાણિકતાનું પરિણામ એ આવ્યું છે કે લોકોની વ્યાપારી સમાજ પરથી શ્રદ્ધા ઉઠી ગઇ છે અને તેઓ કોઇ સાથે વિના સંકોચે લેવડદેવડ કરી શકતા નથી. આ પરિસ્થિતિ તાત્કાલિક સુધારણા માગે છે. જો તેમાં સુધારણા થશે તો જ વ્યાપારીઓએ ગુમાવેલો વિશ્વાસ ફરીથી સ્થાપિત થશે અને વાતાવરણ વિમલ બનશે.

જેઓ ધંધા–રોજગારમાં પ્રવેશ કરે છે, તેમને તો અમે એન્ડ્ર્યુ કાર્નેગીના ઉપર્યુક્ત ત્રણ સિદ્ધાંતોનું પાલન કરવા માટે ખાસ આગ્રહ કરીશું, જેથી તેઓ પોતાનો ધંધો–રોજગાર દિન–પ્રતિદિન વધારે સારા સ્વરૂપે કરી શકે અને યથેષ્ટ ધનપ્રાપ્તિ દ્વારા જીવનનો આનંદ માણી શકે.

અનેક પ્રકારની વૈજ્ઞાનિક શોધો કરીને ક્રોડો રૂપિયા કમાનાર શ્રીમાન્ **એડિસને** કહ્યું છે કે 'પૈસાદાર બનવું હોય તો એક ખૂણામાં બેસી જાઓ અને તમારી નજરે નાની–મોટી જે વસ્તુ ચડે તેના સંબંધી વિચાર કરવા માંડો. જો તમે એના પરથી પૈસા કમાઇ ન શકો તો જાણજો કે તમારા મગજમાં ફોસ્ફરસનું એક કણ પણ નથી.'

'શું કરીએ ? ક્યાં જઈએ ? કંઇ ધંધો સૂઝતો નથી.' વગેરે ઉદ્દગાર કાઢનારાઓએ આ શબ્દો પર ખૂબ વિચાર કરવા જેવો છે. કુદરતે આપણને મગજ આપ્યું છે, સમર્થ મન આપ્યું છે, છતાં આપણે વિચાર ન કરીએ અને મૂઢ બની બધું જોયા જ કરીએ, એ કેવી કરુણ પરિસ્થિતિ ! **શ્રી કપૂરચંદ નેમચંદ મહેતા** કે જેઓ આજે સીનેમા લાઇનમાં અગ્રણી છે અને એ ધંધામાંથી લાખો રૂપિયા કમાય છે, તેઓ જ્યારે મુંબઇ આવ્યા, ત્યારે તેમની કેડે માત્ર આઠ આના ચડાવેલા હતા. પણ તેમણે અહીં આવીને જે કામ મળ્યું, તે કરવા માંડયું અને એ રીતે પોતાના પગ સ્થિર કર્યા. ત્યારબાદ તેમની નજર સીનેમા લાઇન પર ગઇ અને તેમણે એ લાઇનમાં ઝંપલાવ્યું તથા થોડા જ સમયમાં સારી પ્રગતિ કરી. અનુક્રમે તેઓ આજની સ્થિતિએ પહોંચ્યા.

શેઠ દેવકરણ મૂળજી કે જેમના નામની આલિશાન ઈમારત આજે મુંબઈ–પ્રીન્સેસ સ્ટ્રીટમાં ખડી છે અને જેમનું નામ ઉદાર સખાવતોને લીધે ઘણું પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે, તેઓ પણ તદ્દન સામાન્ય સ્થિતિમાં જ મુંબઇ આવ્યા હતા અને ટોપીની ફેરી કરતા હતા. એમ કરતાં કાપડના વેપાર તરફ વળ્યા, મીલોની એજન્સી મેળવી અને યથેચ્છ ધનપ્રાપ્તિ કરી.

તાત્પર્ય કે તમને પ્રારંભમાં કંઈ પણ સૂઝતું ન હોય તો જે ધંધો–રોજગાર મળે તેને સ્વીકારી લ્યો અને તમારી ગાડી ચાલતી કરો. પરંતુ તમારી આંખો સદા ઉઘાડી રાખો.

અને જ્યારે પણ તક મળે, ત્યારે તેને ઝડપી લઈને આગળ વધો.

અમેરિકાનો **ધનકુબેર રોકફેલર** કહે છે કે 'લખપતિ બનવા માટે પ્રતિદિન બે કલાક વ્યાયામ કરવાની, રમવાની અને ત્યાર પછી આખો દિવસ એકાગ્રતાથી કામ કરવાની જરૂર છે.'

રોજ બે કલાક વ્યાયામ કરવાથી તથા રમવાથી તબિયત સારી રહે છે, માનસિક સ્ફૂર્તિ વધે છે અને ત્યાર બાદ એકાગ્રતાથી કામ કરતાં પરિણામ ઘણું સારું આવે છે. રોકફેલર પોતે પ્રાતઃકાલમાં વહેલા ઉઠતા, વ્યાયામ કરતા અને ટેનિસ વગેરે રમતો રમતા. આપણા ધંધાદારીઓ–વ્યાપારીઓ આ પરથી કંઈ બોધપાઠ લેશે ખરા?

અહીં **ફેલસવરીની** કેટલીક શિખામણો ધ્યાનમાં લેવા લાયક છે. તેમણે કહ્યું છે:

'જો ધનવાન થવું હોય તો સંતોષી બનશો નહિ. સંતોષ ઉન્નતિનો શત્રુ છે.'

'તમને એક મહિનામાં જે વેતન મળે, તેથી બીજા માસમાં વધારે વેતન મળે, એવી કોશીશ કરો.'

'તમારા પરિશ્રમ અને ઈમાનદારીથી માલીકને ખુશ કરો. જો તે તમારી કદર નહિ કરે તો બીજા લોકો તમારી કદર કરશે.'

'રૂપિયા–પૈસાની ખાતર કદી હલકું કામ કરો નહિ.'

પલોવરે કહ્યું છે:

'મારા ખ્યાલમાં તો ધનવાન થવાનો એ સિવાય કોઈ રસ્તો નથી કે યુવાન આદમી ઈમાનદાર, મહેનતુ, નશાથી દૂર રહેનાર, કરકસરથી ખર્ચ કરનાર, તેમ જ માલિક અને પોતાની જાત પ્રત્યે વફાદાર હોય.'

'ખર્ચમાં કસર કરીને થોડા રૂપિયા બચાવતા જાઓ. અને તમે તમારી પુંજીને જો કોઈ નફાકારક ધંધામાં રોકવા માગતા હો તો તેનાથી એક ઉમદા જાગીર ખરીદો.'

વિલિયમ વાલ્ડ્રોફ સ્ટોરના શબ્દો પણ લક્ષ્યમાં રાખો કે 'જો તમે ધનવાન બનવા ચાહો તો દારૂ અને તમાકુથી દૂર રહો. જે મનુષ્યનું મગજ સાફ નથી, તે ધનાઢ્ય થઈ શકતો નથી અને દારૂ તથા તમાકુ પીનારાઓનું મગજ સાફ રહી શકતું નથી, એ એક હકીકત છે.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જે મનુષ્ય વ્યસનોથી દૂર રહેવાનો દૃઢ સંકલ્પ કરે છે, તે વ્યસનોથી દૂર રહી શકે છે અને એ રીતે પોતાને માટે ઉજ્જવલ ભાવીની ભૂમિકા તૈયાર કરે છે.

હજી થોડું વિશેષ. જેઓ પોતાનો ધંધો ધીરે ધીરે વિસ્તારે છે, તેના પાયા મજબૂત થાય છે અને તેમને આર્થિક મુંઝવણો અનુભવવી પડતી નથી. જ્યારે ધંધાને ઝડપથી વધારવા જતાં તેના પાયા કાચા રહી જાય છે અને આર્થિક મુશ્કેલીઓ સારા પ્રમાણમાં વેઠવી પડે છે. વળી એમ કરતાં એ આખોયે ધંધો છોડી દેવા વખત આવે છે.

'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર' એ ઉક્તિ તો તમે સાંભળી છે ને?

અમે પૂર્વે આ ગ્રંથમાં આઠ પ્રકરણો દ્વારા આઠ બાબતો કહી છે:

(૧) આશાવાદી બનો.
(૨) વિચાર કરવાની ટેવ પાડો.
(૩) જ્ઞાનનો સંચય કરો.
(૪) નિયમિતતા કેળવો.
(૫) સમયનું મૂલ્ય સમજો.
(૬) ચિત્તવૃત્તિઓને એકાગ્ર રાખો.
(૭) આત્મનિરીક્ષણ કરતા રહો.
(૮) મિત્રો વધારો.

એ આઠેય બાબતો ધનપ્રાપ્તિ માટે અતિ ઉપયોગી છે, એટલે તેનું ફરી એક-બે વાર વાંચન કરી લેવું જોઈએ.

–તમે ગમે તે સ્થિતિમાં હો પણ મનથી એવો દૃઢ સંકલ્પ કરો કે 'હું ધનપ્રાપ્તિ અવશ્ય કરીશ' અને તમારા એ સંકલ્પને ભાવનાનો પુટ આપી વધારે ને વધારે દૃઢ બનાવતા જાઓ તો તમે યોગ્ય સમયમાં ધનપ્રાપ્તિ જરૂર કરી શકશો.

–એક વાર તમે ધનપ્રાપ્તિ માટે દૃઢ સંકલ્પ કર્યો અને તેને ભાવનાનો પુટ આપવા લાગ્યા કે ધનપ્રાપ્તિના માર્ગો તમારા અંતરમાં આપોઆપ સ્ફુરવા લાગશે. પરંતુ તે માટે તમારે રોજ અર્ધા કલાક શાંત-સ્વસ્થ ચિત્તે બેસવાની ટેવ પાડવી પડશે.

—જો ધંધામાં કંઈ ગુંચ ઊભી થાય તો તેનાથી ગભરાઈ ન જતાં તેના પર શાંત–સ્વસ્થ ચિત્તે વિચાર કરવા માંડો અને તેનો ઉકેલ પણ તમને લાધી જશે.

—મુખ્ય વાત એ છે કે જો તમે તમારી ઉન્નતિ માટે બાહ્ય સાધનો ઉપર નહિ, પણ આંતરિક સાધન ઉપર શ્રદ્ધા રાખશો અને તેનો યથોચિત ઉપયોગ કરતા રહેશો, તો તમારી ઉન્નતિ ઘણી ઝડપથી થશે અને તે સર્વતોમુખી હશે.

આજથી થોડા વર્ષ પહેલાં **શ્રી એલ. અરુંડેલે** '**મહાન પુરુષોના વિચારો**' નામનો એક લેખસંગ્રહ બહાર પાડ્યો હતો, તેમાં એક પ્રકરણનું મથાળું આવું હતું : 'It is sometimes hard – એ કેટલીક વખત અઘરૂં હોય છે – But it always pays – પરંતુ તે દરેક વખતે લાભ કરે છે' – આ પ્રકરણમાં તેમણે જે ૨૪ સૂત્રો આપ્યા હતા, તે કંઇ પણ ટીકા–ટિપ્પણ વિના પાઠકોની જાણ માટે રજૂ કરીએ છીએ :

(૧) માફી માગવી.
(૨) નવે નામે કામ શરુ કરવું.
(૩) સલાહ લેવી.
(૪) ભૂલનો સ્વીકાર કરવો.
(૫) મશ્કરી ખમી ખાવી.
(૬) ઉદારતા રાખવી.
(૭) ફત્તેહને પચાવવી.
(૮) ભૂલ થવા ન દેવી.

(૯) કામને ચીવટથી વળગી રહેવું.
(૧૦) સદ્બુદ્ધિને અનુસરવું.
(૧૧) થયેલ ભૂલનો લાભ લેવો.
(૧૨) વાટ વસમી દેખાય ત્યારે તેનાથી દૂર જવું.
(૧૩) ઠપકો વહોરી લેવો.
(૧૪) ગેરરીતિનો સામનો કરવો.
(૧૫) વિસરવું અને ખમવું.
(૧૬) વિચારવું અને પછી કરવું.
(૧૭) થોડું લખે ઘણું કરી માનવું.
(૧૮) ઉભરાતા મિજાજને કાબૂમાં રાખવો.
(૧૯) ઉચ્ચ ધોરણ જાળવવું.
(૨૦) આફતમાંથી સાર કાઢવો.
(૨૧) વ્યાજબી ઠપકો ખાઇ લેવો.
(૨૨) આફત આવે હસી લેવું.
(૨૩) આબરૂ કરતાં ચારિત્રને મૂલ્યવાન ગણવું.
(૨૪) દેખાવ અને સાચાનો વિવેક કરવો.

સ્વ. **શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ** '**વ્યાપાર-કૌશલ્ય**' નામના ગ્રંથમાં આ સૂત્રો પર વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઇ લેવું.

છેવટે અમારે એટલું જ કહેવાનું છે કે '**વાતવાતમાં નશીબનાં નગારાં ન વગાડતાં શુભ સંકલ્પપૂર્વક કોઈ પણ પ્રામાણિક ધંધાનો સ્વીકાર કરી તેમાં મચ્યા રહેશો તો એક દિવસ તમારા પર ધનનો વરસાદ જરૂર વરસશે.**'

[૨૦]

સંકલ્પશક્તિ દ્વારા સર્વકાર્યસિદ્ધિ

સંકલ્પશક્તિ એ ખરેખર એક અજાયબ શક્તિ છે. તેની અસર આપણા મન ઉપર, શરીર ઉપર, સ્વાસ્થ્ય ઉપર થાય છે, તેમ અન્ય મનુષ્યો, પ્રાણીઓ તથા ભૌતિક પદાર્થો ઉપર પણ થાય છે. અને તેથી જ સંકલ્પશક્તિ દ્વારા સર્વ કાર્યો સિદ્ધ થવાની પૂરેપૂરી શકયતા છે.

એક મનુષ્ય સંકલ્પશક્તિ દ્વારા પોતાનું ચારિત્ર સુધારવા ઇચ્છતો હોય તો સુધારી શકે છે. માની લો કે તેને જૂઠું બોલવાની ટેવ પડી ગઈ છે અને તેથી તે હાલતાં-ચાલતાં કે વિના મતલબે પણ જૂઠું બોલે છે. પરંતુ તે મનથી એવો દૃઢ સંકલ્પ કરે કે 'હવે હું જૂઠું નહિ જ બોલું' અને સાવધાની રાખે તો તે જૂઠું બોલવાની ટેવ છોડી શકે છે. તે જ રીતે જો ચોરી કરવાની ટેવ પડી ગઇ હોય અને જ્યાં જાય ત્યાંથી કંઇ ને કંઈ ઉઠાવી લેતો હોય કે મોટી ચોરીઓ કરતો હોય, પણ મનમાં એવો દૃઢ સંકલ્પ કરે કે 'હવે હું ચોરી નહિ જ કરું.' અને પૂરી સાવધાની રાખે તો એ ચોરીની ટેવમાંથી છૂટી શકે છે.

વ્યસનોની બાબતમાં પણ તેમ જ સમજવું. પહેલી ક્ષણે મનુષ્યને ભલે એમ લાગતું હોય કે તેના વિના તો મારાથી રહેવાશે જ નહિ, મને કંઇ થઇ જશે, મારાથી એ નહિ બની શકે. પણ તે દૃઢ સંકલ્પ કરે તો વ્યસનરૂપી બલા તેના ગળેથી છૂટી જાય છે અને તે નિર્વ્યસની બની શકે છે.

બંગાળના સુપ્રસિદ્ધ નેતા શ્રી ચિત્તરંજનદાસને સીગારેટનું ભારે વ્યસન હતું. એક સીગારેટ પૂરી થતી ત્યાં તો બીજી સીગારેટ આંગળીઓ પર ચડતી. પણ તેઓ મહાત્મા ગાંધીજીના સહવાસમાં આવ્યા અને તેમણે એક વાર કહ્યું: 'દાસબાબુ! જો આપણે દેશને ગુલામીમાંથી મુક્ત કરવો હોય તો આપણે પ્રથમ વ્યસનની ગુલામીમાંથી મુક્ત થવું જોઈએ. શું તમે સીગરેટ છોડી શકતા નથી?'

આ વચનો પર દાસબાબુએ માત્ર એક મીનીટ વિચાર કર્યો અને હાથમાંની સીગરેટ તોડીને ફેંકી દેતાં કહ્યું: 'જાઓ આજથી છોડી.' અને તેમણે ફરી કોઇ વાર સીગારેટ પીધી નહિ.

અફીણનું વ્યસન ભારે ગણાય છે, કારણ કે તે એક વાર શરૂ કર્યા પછી સહેલાઇથી છૂટતું નથી અને અનુક્રમે થોડું થોડું વધારવું પડે છે. પરંતુ સંકલ્પબળ મજબૂત હોય તો એ વ્યસન પણ છૂટી જાય છે. અમારો અનુભવ એવો છે કે આવા વ્યસનીઓની તલપ બુઝાવવા પ્રારંભમાં તેમને સફરજન ખવડાવવાં જોઇએ, પછી તેનું પ્રમાણ ઘટાડી અને છેવટે બંધ કરી દેવા જોઇએ.

દારૂનું વ્યસન દૈત્ય જેવું ગણાય છે, કારણ કે તે મનુષ્યની ખૂબ જ ખાનાખરાબી કરે છે અને તેના કુટુંબને પણ દુઃખી થવાનો વખત આવે છે. તેની તલપમાં માણસો પોતાની સખ્ત પરિશ્રમની કમાણી હોમી દે છે, કરજ કરે છે અને છેવટે રસ્તાના રઝળતા ભિખારી થઈ જાય છે. આવા હરેડ વ્યસનીઓ પણ સંકલ્પશક્તિને શરણે જાય તો તેમનો ઉદ્ધાર જરૂર થાય છે.

વ્યભિચાર પણ એક વ્યસન જ છે. મનુષ્યને એક વાર તેની આદત પડી, પછી તે છૂટતી નથી. વૃદ્ધાવસ્થા આવે, અરે! લાકડાં ભેગા થવાની તૈયારી હોય તો પણ વ્યભિચારી મનુષ્ય કોઈ સુંદર સ્ત્રીનું ચિંતન કરે છે અને તેની સાથે ભોગ ભોગવવા તૈયાર થાય છે. એ આદતમાંથી છૂટવાનો એક જ રસ્તો છે અને તે શુભ સંકલ્પ. જો તે મનમાં એવો સંકલ્પ કરી લે કે આજથી મારે મોટી એટલી માતા, સમાન એટલી બહેનો અને નાની એટલી પુત્રીઓ છે, હવે હું કદી પણ તેમની સામે કુદૃષ્ટિ કરીશ નહિ.' તો તે વ્યભિચારના વ્યસનમાંથી મુક્ત થઈ શકે છે.

આવા મનુષ્યોએ વ્યભિચારની ખરાબી કરતાં યે બ્રહ્મચર્યનો મહિમા વિશેષ ચિંતવવો જોઈએ અને જેઓ બ્રહ્મચર્ય પાળે છે, તેની વારંવાર પ્રશંસા કરવી જોઇએ. એમ કરતાં તેમના મનમાં બ્રહ્મચર્યનો મહિમા વસી જશે અને તેમનું મન વ્યભિચાર કરવા તરફ ઢળશે નહિ.

કેટલાક કહે છે કે ' તમે સ્ત્રીઓનાં અંગોપાંગની અશુચિ વિચારો, એટલે તમને તેના તરફ આકર્ષણ રહેશે નહિ અને

તેની સાથે સમાગમ કરવાની ભાવના થશે નહિ.' પણ અનુભવે જણાયું છે કે 'સ્ત્રીઓનાં અંગોપાંગની અશુચિ વિચારવા જતાં તેની રમણીયતા જ મન આગળ વિશેષ તરવરવા લાગે છે અને તેથી વ્યભિચારની વૃત્તિ ઘટવાને બદલે વધારે જોર પકડે છે. એટલે આવા વ્યસનોથી મુક્ત થવાનો સાચો રસ્તો એજ છે કે તેના પ્રતિપક્ષનો એટલે કે બ્રહ્મચર્યનો વિચાર જ વિશેષ કરવો.

આ જ સિદ્ધાંત અન્યત્ર લાગુ કરીએ તો જેમણે ક્રોધમાંથી મુક્તિ મેળવવી હોય તેમણે નિરંતર ક્ષમાનો વિચાર કરવો; માન કે અભિમાનમાંથી મુક્તિ મેળવવી હોય તો નમ્રતાનો વિચાર કરવો; માયા કે કપટમાંથી મુક્તિ મેળવવી હોય તો સરલતાનો વિચાર કરવો; અને લોભમાંથી મુક્તિ મેળવવી હોય તો સંતોષનો વિચાર કરવો.

યોગશાસ્ત્રે પ્રતિપક્ષની ભાવનાનો સ્વીકાર કર્યો છે અને આપણો અનુભવ પણ એ સિદ્ધાંત સત્ય હોવાની સાક્ષી પૂરે છે.

ટૂંકમાં આપણી મનોસૃષ્ટિમાં ભાવનાની ભવ્યતા પ્રકટાવવી હોય, પવિત્રતાની સુગંધ ફેલાવવી હોય કે દિવ્ય ભાવોનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો સંકલ્પશક્તિની સહાયથી આપણે તેમ કરી શકીએ છીએ.

જેઓ કુવાસનામાંથી મુક્તિ મેળવવા ઈચ્છે છે અને પોતાના ચિદાનંદ સ્વરૂપને પ્રકટ કરવાની તાલાવેલી સેવે છે, તેમણે કોઈ એકાંત સ્થાનમાં આસન જમાવીને આ વિરાટ

વિશ્વનું ચિંતન કરવું અને તે ધીમે ધીમે દિવ્ય ભાવોથી ઉભરાઈ રહ્યું છે એવી ભાવના કરવી. પછી પોતે એ દિવ્ય ભાવોમાં સ્નાન કરી રહ્યો છે અને પવિત્ર–પવિત્રતર–પવિત્રતમ થઈ રહ્યો છે, એવી કલ્પનામાં મગ્ન થવું. આ કલ્પનાની આપણા ગુપ્ત મન (Subconcious mind) પર ઘણી અસર થાય છે અને તેથી તેમાં ભરાઈ રહેલી કુવાસનાઓ અદૃશ્ય થવા લાગે છે.

સત્સંગ, ભજન, કીર્તન, પ્રાર્થના, પૂજા એ બધાનો મૂળ ઉદ્દેશ તો એ જ છે કે સદ્વિચારોનું પોષણ થાય, આપણા મનમાં શુભ સંકલ્પો જાગે અને તેના આધારે આપણે ભવસાગર તરી જવાને સમર્થ થઈએ.

શરીર અને સ્વાસ્થ્ય પર સંકલ્પશક્તિની કેવી અસર થાય છે, તે અમે પાછલાં પ્રકરણોમાં જણાવેલું છે, એટલે તે અંગે અહીં વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા નથી, પણ તે અંગે એક ખાસ પ્રયોગ બતાવીએ છીએ, જેની પાઠકોએ ખાસ નોંધ લેવી ઘટે છે.

એક ચાંદીના પ્યાલામાં ઠસોઠસ પાણી ભરો, પછી એ પ્યાલાને ડાબા હાથની હથેળીમાં મૂકો અને તેના સામે દૃષ્ટિ રાખી આ અમૃતનો પ્યાલો છે, એવી ૧૫ મીનીટ સુધી ભાવના કરો. અને આ અમૃતરસ પીવાથી મારા દરેક રોગનો નાશ થશે એવો દૃઢ સંકલ્પ કરી તેને ગટગટાવી જાઓ, તો તમારા શરીરમાં રહેલા નાના–મોટા વ્યાધિઓ–સિંહને જોઈને હરણ નાસે તેમ–નાશી જશે અને તમે તદ્દન

તંદુરસ્ત બની જશો. વળી આ રીતે અમૃતની ભાવનાથી ભાવિત કરેલું પાણી તમે તમારાં બિમાર બાળકને કે મિત્રને પાશો તો તેના સ્વાસ્થ્યમાં તમને ઘણો સુધારો માલુમ પડશે. મહાપુરુષો સ્વાસ્થ્યનો સંકલ્પ કરીને જે જળ આપે છે, તે પીવાથી સુંદર સ્વાસ્થ્ય જરૂર પ્રાપ્ત થાય છે.

કોઇ મનુષ્યનું તમારે અત્યંત ભલું કરવું હોય તો તેના માટે શુભ સંકલ્પ કર્યા જ કરો અને તેનું જરૂર ભલું થશે. એ જ રીતે અશુભ સંકલ્પ કરશો તો તેનું અનિષ્ટ થશે, પણ સુજ્ઞ મનુષ્યે એવો પ્રયોગ કદી પણ કરવો નહિ, કેમકે અશુભ સંકલ્પ કરતાં આપણા મન પર તેની અશુભ અસર થાય છે અને તે આપણને અનેક રીતે નુકશાન પહોંચાડે છે.

તમે કોઇ વ્યક્તિને મળવા ગયા હો અને તેની પાસેથી અમુક કામ કરાવવા ઈચ્છતા હો તો તમારા મનમાં દૃઢ સંકલ્પ કરો કે 'તમે મારું કામ કરશો જ—તમે મારું કામ કરશો જ.' જો તમારી સંકલ્પશક્તિનો વિકાસ થયો હશે તો એનું પરિણામ જરૂર તમારા લાભમાં જ આવશે.

એક વ્યાપારીને એક અધિકારી સાથે કામ પડયું, પણ તે દાદ દેતો ન હતો અને પરિણામે પાંચથી સાત લાખ રૂપિયાનું કોન્ટ્રેકટનું કામ અટકતું હતું. એવામાં એ વ્યાપારીને એવી એક વ્યક્તિનો ભેટો થયો કે જેણે પોતાની સંકલ્પ શક્તિ સારા પ્રમાણમાં ખીલવેલી હતી. તેણે વ્યાપારીની બધી હકીકત સાંભળીને કહ્યું કે 'તમે મને માત્ર એ વ્યક્તિનો

મેળાપ કરાવો, એટલે તમારું કામ થઈ જશે.' આથી તે વ્યાપારી કોઈક બહાનું કાઢી આ વ્યક્તિને તે અધિકારી પાસે લઈ ગયો. ત્યાં થોડી વાતચીત થઇ અને તે બંને પાછા ફર્યા. પછી બીજા દિવસે પેલો વ્યાપારી અધિકારી પાસે ગયો કે તેણે કંઈ પણ પ્રશ્ન કર્યા વિના કોન્ટ્રેક્ટ પર સહી કરી દીધી અને વ્યાપારીનું કામ બની ગયું. આ વ્યાપારીએ સંકલ્પશક્તિવાળા ભાઈને એક મોટર તથા ૪૦૦૦૦ની ભેટ કરી. તાત્પર્ય કે સંકલ્પશક્તિની અસર અન્ય મનુષ્યો ઉપર પણ ઘણી ભારે થાય છે.

કોર્ટ-કચેરીના મામલામાં પણ સંકલ્પશક્તિવાળો જિતે છે અને તેનાથી તેને ઘણો ફાયદો થાય છે.

આ રીતે બીજાં પણ અનેક કાર્યો સંકલ્પશક્તિથી સિદ્ધ કરી શકાય છે.

વાઘ-સિંહ વગેરે ઘણા હિંસક પ્રાણી છે. વન-જંગલમાં કદાચ તેમનો ભેટો થઈ જાય તો આપણાં હાજાં ગગડી જાય છે અને હવે આપણું આવી બન્યું એવી ભીતિ આપણા હૃદયમાં ઉત્પન્ન થાય છે. પરંતુ સંકલ્પશક્તિ ખીલેલી હોય અને તેની સામે તમે થોડીવાર એકી ટશે જોયા કરો તો એ પ્રાણીયો દૂર હઠી જશે અને તમને કશી પણ ઈજા કરશે નહિ.

હાથી, ઘોડા, બળદ, ગાય, પાડા, ભેંસ વગેરે ઉપર પણ સંકલ્પશક્તિથી અસર ઉપજાવી શકાય છે અને તે આપણા પર હુમલો કરી શકતા નથી.

સર્કસના ખેલો તો તમે જોયા જ હશે. ચાર-પાંચ

સિંહ અને એક–બે વાઘની વચ્ચે ઉભો રહીને જે મનુષ્ય તેમની પાસેથી કામ લેતો હશે, તેની સંકલ્પશક્તિ કેટલી મજબૂત હશે? તેને એવો આત્મવિશ્વાસ હોય છે કે આ સિંહ તથા વાઘ મારું કહ્યું બરાબર માનશે અને તેમની પાસેથી હું ધાર્યું કામ લઈ શકીશ. કોઇક વાર સિંહ તથા વાઘ ખીજાય છે અને તેની સામે પંજો ઉગામે છે, છતાં આ મનુષ્ય તેનાથી જરાયે ડરતો નથી. એ તો પૂર્વવત્ તેના સત્તાવાહી અવાજે કહ્યા જ કરે છે કે 'તું આ કામ કર, તે કામ કર વગેરે.' અને તે પ્રાણીઓ તે મુજબ કામ કરવા લાગે છે.

ઝેરી જંતુઓના દંશ વગેરે ઉપર પણ સંકલ્પશક્તિથી ફાયદો થતો જોવામાં આવ્યો છે. યોગની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા મહાપુરુષોને સર્પ વગેરેના ઝેરની કંઈ અસર થતી નથી, તેમાં તેમનું અસાધારણ સંકલ્પબળ જ કારણભૂત છે.

પ્રાણીઓને હિપ્નોટિઝમની અસર થાય છે, તેમ સંકલ્પબળની પણ અસર થાય છે અને તેથી તેમના સ્વભાવ વગેરેમાં પણ કેટલુંક પરિવર્તન લાવી શકાય છે. સંભવ છે કે હવે પછીનાં થોડાં વર્ષોમાં આપણને આ સંબંધી ઘણું વધારે જાણવા મળશે.

સંકલ્પની અસર વૃક્ષ–વેલીઓ વગેરે ઉપર પણ થાય છે અને ભૌતિક પદાર્થો ઉપર પણ થાય છે. એક રાજાએ કેટલાક સૈનિકોને એવી આજ્ઞા કરી કે જ્યારે આ ઘેઘુર વડલાનાં બધાં પાન સૂકાઈ જશે, ત્યારે તમને સ્વદેશ જવાની રજા મળશે. એટલે તે દિવસથી દરેક સૈનિક એમ વિચાર

કરવા લાગ્યો કે, આ વડનાં બધાં પાંદડાં સૂકાઈ જાઓ અને તે થોડા દિવસોમાં જ સૂકાઈ ગયાં.

થોડા વખત પહેલાં રશિયાની તાસ એજન્સીએ આપેલા સમાચાર મુંબઈના એક દૈનિક પત્રમાં નીચે મુજબ પ્રકટ થયા હતા :

'રશિયામાં શ્રીમતી નેલી મીખેઈલોવા નામની એક ચાલીશ વર્ષની સ્ત્રી પોતાના સંકલ્પબળથી ટેબલ ઉપરના પાઉંના ટૂકડાને ખસેડે છે, તે વાંકી વળે કે તેના ઉઘાડા મોઢામાં પાઉંના ટૂકડા એની મેળે જઈ પડે છે, ઘડિયાળના પેન્ડયુલમને ચાલતું બંધ કરે છે, પ્લાસ્ટીકના કેસો ખસેડી દે છે અને એક આઉંસવાળું ત્રાજવાનું બીજું ખાલી પલ્લું નમાવી દે છે. આ પ્રયોગો વખતની એક દસ્તાવેજી ફીલ્મ પણ ઉતરી છે.'

પરંતુ આ સમાચારથી આપણને ભાગ્યે જ આશ્ચર્ય થશે, કેમકે આપણા દેશમાં ત્રાટક ક્રિયાથી ટેબલપર રહેલા કાચના પ્યાલાને તોડી નાખનારા, ઘડિયાળને બંધ કરી દેનારા, વાસણને ચક્કર ચક્કર ફેરવનારા તથા પુષ્પનો મૂળ રંગ બદલી નાખનારા પડયા છે અને તે ક્વચિત્ જાહેરમાં પણ દેખાવ દે છે. વળી આપણે ત્યાં એમ પણ કહેવાયું છે કે સંકલ્પશક્તિ વડે મોટા ખડકોમાં પણ ફાટ પાડી શકાય છે અને તોફાન તથા ગાજવીજોને પણ રોકી શકાય છે. વળી જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ પણ કરી શકાય છે.

ટૂંકમાં સંકલ્પશક્તિ એ ખરેખર ! એક અજાયબ શક્તિ છે અને તેના વડે સર્વ કાર્યની સિદ્ધિ થઈ શકે છે.

સંકલ્પશક્તિ વધારવા માટે નીચેના પ્રયોગો અજમાવી જોવા જેવા છે :–

(૧) કોઈ પણ કામ નિયત સમયે શરૂ કરવું અને નિયત સમયે પૂરું કરવું.

(૨) વિઘ્નો આવવા છતાં કામને છોડવું નહિ.

(૩) બાગ–બગીચામાં ફરવા ગયા હોઇએ ત્યાં વૃક્ષોની લીલી ઘટા સામે એકી ટશે જોયા કરવું. આ પ્રક્રિયા ૧૦ મીનીટ સુધી ચાલુ રાખવી.

(૪) બંને ભ્રૃકુટિઓની વચ્ચે એક કાળુ ટપકું કરવું અને દર્પણમાં મુખ જોઇ પેલા કાળા ટપકાં પર દૃષ્ટિ સ્થિર કરવી. ૩–૪ મીનીટથી વધારીને આ સમયને ૧૦ મીનીટનો કરવો. આંખમાં ઝળઝળિયાં આવી જાય તો લૂછીને ફરી પણ પ્રયાસ કરવો. પણ અનુક્રમે આગળ વધવાનું રાખવું.

(૫) કોઈ પણ કામ નિર્ભય બનીને કરો.

(૬) દૃષ્ટિને સ્થિર કરતાં શીખો. બે ત્રણ મીનીટથી માંડીને દશ મીનીટ સુધી એ ક્રિયા ચાલુ રાખો.

નિયમિત પ્રયાસ કરવાથી સંકલ્પશક્તિ વધે છે અને તેનાં પરિણામો ઉપર જણાવ્યું તેમ ઘણાં આશ્ચર્યકારી આવે છે.

સર્વ પાઠકો સંકલ્પશક્તિના યોગ્ય વિકાસ વડે પોતાનું અભીષ્ટ પ્રાપ્ત કરો, એવી મંગલ ભાવના સાથે આ ગ્રંથનું લેખનકાર્ય પૂર્ણ કરીએ છીએ.

સમાપ્ત

શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ શાહનું વિશાળ સાહિત્યસર્જન

ચરિત્રો

× ૧ વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર (એક લાખ ચાલીશ હજાર નકલો)
× ૨ વીર વિઠ્ઠલભાઇ (પ્ર. ચરોતર એજ્યુ. સોસાયટી)
× ૩ મહારાજા સયાજીરાવ ગાયકવાડ (બે લાખ નકલો)
× ૪ શ્રીમંત રાજર્ષિ સયાજીરાવ ગાયકવાડ (શ્રીસયાજીવિજય પ્રેસ)
× ૫ શ્રી પાદલિપ્તસૂરિ (પ્ર. જૈન–ભાવનગર)
૬ શ્રી રામ (વિદ્યાર્થી વાંચનમાળા શ્રેણી–૧)
૭ શ્રી કૃષ્ણ ,,
૮ ભગવાન બુદ્ધ ,,
૯ ભગવાન મહાવીર ,,
૧૦ વીર હનુમાન ,,
૧૧ સતી દમયંતી ,,
૧૨ ચક્રવતી ચંદ્રગુપ્ત ,,
૧૩ રાજા ભર્તૃહરિ ,,
૧૪ ભક્ત સુરદાસ ,,
૧૫ નરસિંહ મહેતા ,,
૧૬ મીરાંબાઈ ,,
૧૭ લોકમાન્ય ટિળક ,,
૧૮ આદ્યકવિ વાલ્મીકિ (વિ. વાં. શ્રેણી–૨)
૧૯ મહર્ષિ અગસ્ત્ય ,,

× આવી નિશાનીવાળાં પુસ્તકો અલભ્ય છે.

૨૦ દાનેશ્વરી કર્ણ	,,
૨૧ મહારથી અર્જુન	,,
૨૨ વીર અભિમન્યુ	,,
૨૩ પિતૃભક્ત શ્રવણ	,,
૨૪ ચેલૈયો	,,
૨૫ મહાત્મા તુલસીદાસ	,,
૨૬ શ્રી રામકૃષ્ણ પરમહંસ	,,
૨૭ સ્વામી વિવેકાનંદ	,,
૨૮ સ્વામી રામતીર્થ	,,
૨૯ શ્રીમદ્ રાજચંદ્ર	,,
૩૦ પં. મદનમોહન માલવિય	,,
૩૧ મહામુનિ વસિષ્ઠ	(વિ. વાં. શ્રેણી–૩)
૩૨ દ્રૌપદી	,,
૩૩ વીર વિક્રમ	,,
૩૪ રાજા ભોજ	,,
૩૫ મહાકવિ કાલિદાસ	,,
૩૬ વીર દુર્ગાદાસ	,,
૩૭ મહારાણા પ્રતાપ	,,
૩૮ સિક્કીમનો સપૂત	,,
૩૯ દાનવીર જગડૂ	,,
૪૦ સિદ્ધરાજ જયસિંહ	,,
૪૧ જગત શેઠ	,,
૪૨ વીર વિઠ્ઠલભાઈ	,,
૪૩ શ્રી એની બેસન્ટ	,,
૪૪ શ્રી ગજાનન	(વિ. વાં. શ્રેણી–૪)
૪૫ શ્રી કાર્તિકેય સ્વામી	,,
૪૬ શ્રી હર્ષ	,,

૪૭ રસકવિ જગન્નાથ ,,
૪૮ ભક્ત નામદેવ ,,
૪૯ છત્રપતિ શિવાજી ,,
૫૦ સમર્થ સ્વામી રામદાસ ,,
૫૧ ગુરુ નાનક ,,
૫૨ મહાત્મા કબીર ,,
૫૩ ગૌરાંગ મહાપ્રભુ ,,
૫૪ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર ,,
૫૫ શ્રી વિજયધર્મસૂરિ ,,
૫૬ બાબુ રાજેન્દ્રપ્રસાદ ,,
૫૭ મહારાજા કુમારપાળ (વિ. વાં. શ્રેણી–૫)
૫૮ રણજિતસિંહ ,,
૫૯ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ,,
૬૦ મહાદેવ ગોવિંદ રાનડે ,,
૬૧ દાદાભાઈ નવરોજી ,,
૬૨ શ્રી ગોપાળકૃષ્ણ ગોખલે ,,
૬૩ શ્રી જવાહરલાલ નહેરુ ,,
૬૪ શ્રી સુભાષચંદ્ર બોઝ ,,
૬૫ તારામંડળ ,,
૬૬ મહાદેવી સીતા (વિ. વાં. શ્રેણી–૬)
૬૭ કર્મદેવી અને મેવાડની વીરાંગનાઓ ,,
૬૮ સર ટી. માધવરાવ ,,
૬૯ ઝંડુ ભટ્ટજી ,,
૭૦ સ્વ. હાજીમહમ્મદ (વિ. વાં. શ્રેણી–૭)
૭૧ વીર લધાભા ,,
૭૨ શ્રી ઋષભદેવ ,,
૭૩ વીર કુણાલ ,,

૭૪ મહામંત્રી મુંજાલ	,,
૭૫ શ્રી જયકૃષ્ણભાઈ	,,
૭૬ શ્રી સયાજીરાવ ગાયકવાડ	,,
૭૭ મહાવીરપ્રસાદ દ્વિવેદી	,,
૭૮ મહાકવિ નાનાલાલ	,,
૭૯ અબ્દુલ્લ ગફારખાન	,,
૮૦ સોરઠી સંતો	,,
૮૧ કવિ નર્મદ	(વિ. વાં. શ્રેણી-૮)
૮૨ જમશેદજી તાતા	,,
૮૩ પં. વિષ્ણુ દિગંબર	(વિ. વાં. શ્રેણી-૯)

ભૌગોલિક

૮૪ સૌંદર્યધામ કાશ્મીર	(વિ. વાં. શ્રેણી-૬)
૮૫ દ્વારકા	,,
૮૬ મ્હૈસૂર	,,
૮૭ નેપાલ	(વિ. વાં. શ્રેણી-૭)
૮૮ અમરનાથ	,,
૮૯ બદરી–કેદારનાથ	,,
૯૦ અનુપમ ઇલુરા	(વિ. વાં. શ્રેણી-૮)
૯૧ પાવાગઢ	(વિ. વાં. શ્રેણી-૯)
૯૨ અજંતાની ગુફાઓ	,,

પ્રવાસવર્ણન

× ૯૩ કુદરતે અને કલાધામમાં વીસ દિવસ

× ૯૪ અચલરાજ આબુ

× ૯૫ પાવાગઢનો પ્રવાસ

× આ નિશાનીવાળાં પુસ્તકો અલભ્ય છે.

ગણિત

× ૯૬ કોયડાસંગ્રહ ભાગ પહેલો
× ૯૭ ,, ,, ,, બીજો
૯૮ ગણિત—ચમત્કાર
૯૯ ગણિત—રહસ્ય
૧૦૦ ગણિત—સિદ્ધિ

માનસવિજ્ઞાન

૧૦૧ સ્મરણ—કલા

સામાન્ય વિજ્ઞાન

× ૧૦૨ રમૂજી ટૂચકા
× ૧૦૩ આલમની અજાયબી
× ૧૦૪ વિમાની હુમલો અને તેમાંથી બચવાના ઉપાયો

કિશોરકથાઓ

× ૧૦૫ કુમારોની પ્રવાસકથા (કુમાર ગ્રંથમાળા)
× ૧૦૬ વિમલશાહ (સયાજી બાળ સાહિત્યમાળા)
× ૧૦૭ વસ્તુપાળ—તેજપાળ ,,
× ૧૦૮ સિક્કીમની વિરાંગના
× ૧૦૯ નેકીનો રાહ

કાવ્યો

× ૧૧૦ અજંતાનો યાત્રી (ખંડકાવ્ય)
આ કાવ્યનો સંસ્કૃત અનુવાદ થયેલો છે.
× ૧૧૧ જલમંદિર પાવાપુરી (ખંડકાવ્ય)

શિલ્પ—સ્થાપત્ય

× ૧૧૨ ઈલુરાનાં ગુફામંદિરો

× આ નિશાનવાળાં પુસ્તકો અલભ્ય છે.

સંકલન

× ૧૧૩ શ્રી મહાવીર-વચનામૃત
આ ગ્રંથનો હિંદી તથા અંગ્રેજી અનુવાદ થયેલો છે.

જૈનધર્મ વિષયક

× ૧૧૪-૨૧૫ બાળ ગ્રંથાવલી-૭ શ્રેણી.
(૧૨૦ પુસ્તકોનું સંપાદન, તેમાં ૧૦૨ નું લેખન)
× ૨૧૬-૨૩૫ ધર્મબોધ-ગ્રંથમાળા ૨૦ પુસ્તકો
× ૨૩૬-૨૪૭ જૈન શિક્ષાવલી પહેલી શ્રેણી ૧૨ પુસ્તકો
× ૨૪૮-૨૫૯ ,, ,, બીજી ,, ૧૨ પુસ્તકો
× ૨૬૦-૨૭૧ ,, ,, ત્રીજી ,, ૧૨ પુસ્તકો
૨૭૨-૨૯૧ જૈન ચરિત્રમાળા ૨૦ પુસ્તકો
૨૯૨-૨૯૪ ધાર્મિક પ્રશ્નોત્તરી ભાગ ૧ થી ૩
૨૯૫-૨૯૬ જિનેંદ્ર કાવ્યસંગ્રહ ભાગ ૧-૨
૨૯૭-૨૯૮ જૈન ધર્મનો સામાન્ય પરિચય ભાગ ૧-૨
૨૯૯ જૈન ધર્મસાર
આ પુસ્તકનો હિંદી તથા અંગ્રજી અનુવાદ થયેલો છે.
× ૩૦૦ જૈન તત્ત્વપ્રવેશક ગ્રંથમાળા ભાગ બીજો
૩૦૧ શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા ભાગ પહેલો
× ૩૦૨ ,, ,, ભાગ બીજો
૩૦૩ ,, ,, ભાગ ત્રીજો
× ૩૦૪ ,, પ્રબોધટીકાનુસારી
× ૩૦૫ જિનોપાસના
× ૩૦૬ જીવવિચાર-પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણિવિજ્ઞાન
× ૩૦૭ નવ તત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન

× આ નિશાનીવાળાં પુસ્તકો અલભ્ય છે.

× ૩૦૮ સતી નંદયંતી (ત્રિઅંકી નાટક)
× ૩૦૯ શ્રી શાલિભદ્ર (,,)
× ૩૧૦ રાજનગર સાધુસંમેલન
× ૩૧૧ જૈનોની શિક્ષણસમસ્યા
× ૩૧૨ તપવિચાર
૩૧૩ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ
× ૩૧૪–૩૩૮ પ્રકીર્ણ ચરિત્રો, વિશેષાંક આદિ

આધ્યાત્મિક

૩૩૯ મંત્રવિજ્ઞાન
૩૪૦ મંત્રચિંતામણિ
૩૪૧ નમસ્કારમંત્રસિદ્ધિ (બે આવૃત્તિ)
૩૪૨ સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા

× આ નિશાનીવાળાં પુસ્તકો અલભ્ય છે.

ગુજરાતે ગૌરવ લેવા જેવા

ગણિત સંબંધી ત્રણ સુંદર ગ્રંથો

જેમાં

ગણિતની ગેબી સૃષ્ટિનો ભેદ સુંદર રીતે ખોલવામાં આવ્યો છે તથા અનેક પ્રકારના ચમત્કારિક પ્રયોગો અને ઉપયોગી બાબતોનો સંગ્રહ આપવાનાં આવ્યો છે. વિશેષમાં બુદ્ધિને કસે તેવા વિશ્વભરના ચૂંટી કાઢેલા કોયડાઓનો ઉત્તમ સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે. ભારતભરમાં આ જાતનાં પુસ્તકોનું પ્રકાશન પહેલું જ છે. પત્રોએ તથા વિદ્વાનોએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે.

આ ગ્રંથોની રચના

જાણીતા લેખક તથા સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ

શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહે

ઘણા અનુભવ પછી સુગમ શૈલિમાં કરેલી છે.

* * *

આખો સેટ રૂપિયા પંદરમાં જ મળે છે,

તે આજે જ વસાવી લો.

દરેક ગ્રંથનું છૂટક મૂલ્ય રૂપિયા પાંચ છે.

પ્રાપ્તિસ્થાન :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.

મુંબઈ, અમદાવાદ, તથા ભાવનગરના જાણીતા

ગ્રંથ-વિક્રેતાઓ પાસેથી મળી શકશે.

વિશેષ વિગત માટે આગળ જુઓ :—

૧. ગણિત-ચમત્કાર

સુધારા-વધારા સાથેની બીજી આવૃત્તિ.
ઊંચા ઓફસેટ કાગળ, પૃ. ૨૧૬, પાકું બાઈન્ડીંગ.
મૂલ્ય રૂા. ૫-૦૦, રજી. પોસ્ટેજનો ખર્ચ રૂા. ૧-૧૦

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે :—

ખંડ પહેલો

૧ આઠ અંકની કરામત
૨ નવ અંકની કરામત
૩ સંખ્યાઓનું બંધારણ
૪ ચમત્કારિક સંખ્યાઓ
૫ સંખ્યાના પીરામીડ
૬ સરવાળાની કેટલીક રીતો
૭ બાદબાકીનો તાળો
૮ ગુણાકારની વિરાટ્ શક્તિ
૯ ગુણાકારની બે અનોખી રીતો
૧૦ ગુણાકારના કેટલાક પ્રયોગો
૧૧ ભાગાકારની વિશેષતા
૧૨ ભાગાકારની પૂર્તિ
૧૩ સર્વતોભદ્ર યંત્રો
૧૪ મનનો ધારેલો આંક કહેનારાં યંત્રો
૧૫ સિદ્ધાંકના ત્રણ પ્રયોગો
૧૬ ગંજીફાના ચાર પ્રયોગો
૧૭ દશ ચમત્કારિક પ્રયોગો
૧૮ અંક-વિનોદ

ખંડ બીજો

૧ ગણિતજ્ઞાનની પૂર્તિ કરનારા સો કોયડાઓ
૨ ઉત્તરો

આ પુસ્તક માટે વિદ્વાનોએ ઘણો ઊંચો અભિપ્રાય આપેલો છે.

૨ ગણિત-રહસ્ય

ટૂંક સમયમાં જ બીજી આવૃત્તિ પ્રકટ થઇ છે.

ઊંચા ઓફસેટ કાગળ, પૃ. ૨૨૪, પાકું બાઇન્ડીંગ.

મૂલ્ય રૂા. ૫-૦૦ રજી. પોસ્ટેજનો ખર્ચ રૂા. ૧-૧૦

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે :

૧ આમુખ
૨ અંકસ્થાન
૩ શૂન્યનું સામર્થ્ય
૪ ગણિતની વિશિષ્ટ પ્રજ્ઞા
૫ મોટી સંખ્યાઓ યાદ રાખવાની રીત
૬ અંકસ્મૃતિનો એક વિલક્ષણ પ્રયોગ
૭ સંખ્યાનો ચમત્કાર
૮ એકી-બેકીના આકર્ષક પ્રયોગો
૯ સમફરક સંખ્યાઓનો સરવાળો
૧૦ ત્રણ ક્રમિક સંખ્યાઓનું શોધન
૧૧ અજ્ઞાત સંખ્યાઓનું જ્ઞાત સંખ્યામાં પરિણમન
૧૨ ઉત્તરની અચૂક આગાહી
૧૩ હજાર વિકલ્પનો એક જ ઉત્તર
૧૪ ધારેલો પ્રશ્ન કહેવાની રીત
૧૫ પ્રકીર્ણ પાંચ પ્રયોગો

કોયડાઓ

વર્ગ પહેલો
વર્ગ બીજો
વર્ગ ત્રીજો
ઉત્તરો

આ ગ્રંથની પ્રસ્તાવના સુપ્રસિદ્ધ રાષ્ટ્રસેવક અને ગણિતના મર્મજ્ઞ **શ્રીમાન્ કે. કે. શાહે** લખેલી છે. સન્માનનીય શ્રી મોરારજી દેસાઈ આદિ અનેક મહાનુભાવોએ આ ગ્રંથ માટે ઊંચો અભિપ્રાય દર્શાવેલો છે.

૩ ગણિત–સિદ્ધિ

ટૂંક સમયમાં જ બીજી આવૃત્તિ પ્રકટ થઈ છે.
ઊંચા ઓફસેટ કાગળ, પૃ. ૨૧૨, પાકું બાઈન્ડીંગ.
મૂ. રૂ. ૫–૦૦. રજી. પોસ્ટેજનો ખર્ચ રૂ. ૧–૧૦

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે :—

૧ ઉપક્રમ
૨ દશનો પાયો
૩ સરવાળાની પ્રાચીન અને આધુનિક પદ્ધતિ
૪ સરવાળામાં ઝડપ કેમ આવે ?
૫ સરવાળાની ટૂંકી અને સહેલી રીતો
૬ સરવાળાની ચકાસણી
૭ સરવાળાનો એક સુંદર પ્રયોગ
૮ બાદબાકી અંગે કેટલુંક
૯ બાદબાકીના ત્રણ પ્રયોગો
૧૦ ગુણાકારની પ્રાથમિક ભૂમિકા
૧૧ ગુણાકારની ટૂંકી અને સહેલી રીતો – ૧
૧૨ ” ” ” ” ૨
૧૩ ” ” ” ” ૩
૧૪ બહુ મોટો ગુણાકાર કરવાની સહેલી રીત
૧૫ ગુણાકાર અંગે વિશેષ
૧૬ ગુણાકારની ચકાસણી
૧૭ ભાગાકારની મૂળ ભૂમિકા
૧૮ ભાગાકારની ટૂંકી અને સહેલી રીતો
૧૯ ભાગાકાર અંગે વિશેષ
૨૦ ભાગાકારનો સંક્ષેપ અને ચકાસણી
૨૧ ગણિત અને ગણતરી

હિસાબોમાં ઝડપ તથા ચોકસાઈ લાવવા માટે આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે.

તમારાં બાળકોને બુદ્ધિમાન બનાવવા માટે તથા ઉત્તમ પ્રકારનું મનોરંજન મેળવવા માટે પણ આ પુસ્તકો ઘણાં ઉપયોગી હોઇ આજે જ મેળવી લ્યો. સારા પ્રસંગે મિત્રોને આ ગ્રંથોની ભેટ આપો.

તમારાં પુસ્તકાલયોને આ ગણિતગ્રંથોથી અવશ્ય શણગારો.

વિદ્યાભૂષણ ગણિતદિનમણિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ શાહની મનનીય કૃતિ

મંત્રવિજ્ઞાન

* આ ગ્રંથ વૈદિક, પૌરાણિક, તાંત્રિક તેમજ જૈન સાહિત્યના મળી ૬૦ જેટલા મનનીય ગ્રંથોના આધારે ઘણા અભ્યાસ અને અનુભવપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે.

* તેનાં ૩૫ પ્રકરણોમાં મંત્રના સ્વરૂપથી માંડીને સિદ્ધિ તથા ઉપયોગ સુધીની તમામ ભૂમિકાઓને સપ્રમાણ સ્પર્શ કરવામાં આવ્યો છે.

* પરિશિષ્ટ વિભાગમાં આપેલા ૫ લેખો પણ ઘણા મનનીય છે.

* આ ગ્રંથ છપાઈ, સુઘડતા તથા બાંધણીમાં સુંદર છે.

પૃષ્ઠ સંખ્યા ૩૭૬, મૂલ્ય રૂા. ૭–૫૦, રજી. પો. ખર્ચ રૂા. ૧–૨૫.

મુખ્ય પ્રાપ્તિસ્થાન :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯.

અમદાવાદ તથા મુંબઈના જાણીતા બુકસેલરો પાસેથી મળી શકશે.

મંત્રસૃષ્ટિનાં અવનવાં રહસ્યોને પ્રકટ કરતો
મંત્રવિજ્ઞાનની પૂર્તિ કરનારો અજોડ ગ્રંથ

મંત્રચિંતામણિ

* આ ગ્રંથ વિદ્યાભૂષણ ગણિતદિનમણિ સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ઘણા પરિશ્રમે તૈયાર કરેલો છે અને તેમાં પોતાના અનુભવો ઉપરાંત અનેક મંત્રપ્રયોગો પણ આપેલા છે.
* આ ગ્રંથ ઊંચા મેપલીથો કાગળ પર સુંદર રીતે છપાયેલો છે, તથા પાકા બાઇન્ડીંગમાં દ્વિરંગી પૂંઠા સાથે તૈયાર થયેલો છે. પૃષ્ઠ સંખ્યા ૩૭૬.
* આ ગ્રંથનું મૂલ્ય રૂા. ૭–૫૦ છે. રજી. પો. ખર્ચ રૂા. ૧–૨૫. વી. પી. થી મોકલાય છે.
* આ ગ્રંથમાં ૩ ખંડો તથા ૩૩ પ્રકરણો અપાયેલાં છે, તે પરથી તેનું મહત્ત્વ સમજી શકાશે.
* આ ગ્રંથમાં વેદો, ઉપનિષદો, પુરાણો, તંત્રગ્રંથો, તેમજ જૈન ધર્મના મળી આશરે ૮૫ જેટલા ગ્રંથોની સાક્ષીઓ આપવામાં આવી છે, તેમજ તેનું સંકલન ઘણી કાળજીથી કરેલું છે.

મુખ્ય પ્રાપ્તિસ્થાન :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, **મુંબઈ–૯.**

અમદાવાદ તથા મુંબઈના જાણીતા બુકસેલરો પાસેથી મળી શકશે.

હવે પછી પ્રકટ થશે–મંત્રશાસ્ત્રનો એક અદ્ભુત ગ્રંથ

મંત્રદિવાકર

લેખક :

વિદ્યાભૂષણ ગણિતદિનમણિ શતાવધાની

પંડિત શ્રી ધીરજલાલ શાહ

આ ગ્રંથમાં અનેક જાતના અનુભવસિદ્ધ મંત્રપ્રયોગ રજૂ કરવામાં આવશે, જેમાં વિવિધ રોગો મટાડવાના, વિષ ઉતારવાના, લક્ષ્મી વધારવાના, જિત મેળવવાના તથા બીજા પણ એવાજ પ્રયોગોનો સમાવેશ થશે. ઉપરાંત કેટલાક મહત્ત્વના યંત્રો તથા તંત્રપ્રયોગો પણ આપવામાં આવશે કે જેના આધારે મનુષ્ય સુખ, સંપત્તિ, આરોગ્ય, યશ વગેરેની પ્રાપ્તિ કરી શકે તથા અચિંત્ય કામો કરવાને શક્તિમાન થાય.

આ ગ્રંથની છપાઈ, સુઘડતા, બાંધણી તથા પૃષ્ઠસંખ્યા મંત્રવિજ્ઞાન તથા મંત્રચિંતામણિ જેટલી જ રહેશે, એટલે કે ૩૭૬ પૃષ્ઠની હશે. તેનું મૂલ્ય રૂા. ૭–૫૦ રહેશે. પોસ્ટેજ ખર્ચ અલગ.

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯.

હવે પછી પ્રકટ થશે

માનવમનની અજાયબીઓ

લેખક :

વિદ્યાભૂષણ ગણિતદિનમણિ સાહિત્યવારિધિ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

દુનિયાની અજાયબીઓ અંગે તો તમે ઘણું ઘણું વાંચ્યું હશે, પણ માનવમનની અજાયબીઓ વિષે તમે શું જાણો છો ? તેમાં એવી એવી અજાયબ શક્તિઓ પડેલી છે કે જેના વિકાસથી તમે અનેક આશ્ચર્યકારી કાર્યો કરી શકો તથા ઇચ્છાનુસાર ધન-દોલત કમાઈ શકો.

એક વાર આ ગ્રંથ હાથમાં લીધા પછી તેને હેઠે મૂકવાનું મન નહિ જ થાય.

સેંકડો રૂપિયા ખર્ચવા છતાં તમને આવી સામગ્રી અન્યત્ર નહિ મળે.

ઊંચા મેપલીથો કાગળ, લગભગ ૩૫૦ પૃષ્ઠ, પાકું પૂંઠું છતાં મૂલ્ય રૂા. ૭-૫૦. પોસ્ટેજ અલગ.

તેનું પ્રકાશન અને ૧૯૬૯ના નવેમ્બર માસમાં થશે.

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.

પૃષ્ઠ સંખ્યા ૨૪૦ + ૧૨ = ૨૫૨

પંડિત શ્રી ધીરજલાલ શાહ કૃત

સ્મરણકલા અંગે

શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનો અભિપ્રાય

સામાન્ય જનતાને ચમત્કાર, મંત્રસિદ્ધિ કે યોગપ્રક્રિયા લાગે એવી સ્મરણકલાની શતાવધાનની કલા પાછળ શાસ્ત્રીય સિદ્ધાંતો રહેલા છે, એમ જ્યારે શ્રી ધીરજલાલે અમને સમજાવ્યું, ત્યારે તેમની હૃદયવિશુદ્ધિ માટે મને ખૂબ માન ઉત્પન્ન થયું. આપણા દેશમાં વિદ્યા–કલાને ગુપ્ત રાખવાની એક પ્રથા પડી ગઈ છે. કાં તો કલાકાર કલાચોર બને છે, કાં કલાની આસપાસ ગૂઢ રહસ્યભર્યું વાતાવરણ ઉત્પન્ન કરી પોતાની મહત્તા વધારવા મથે છે. આને પરિણામે આપણી કેટલીક કલાઓ અને કેટલાય હુન્નરો બગડી ગયા અને નાશ પણ પામ્યા. શ્રી ધીરજલાલે સ્મરણકલાનું ઊંડું અવગાહન કર્યું છે અને તેના પરિણામે તેઓ પોતાના ગુરુપદની મહત્તા ઠીક ઠીક વધારી શકાયા હોત, પરંતુ તેમણે તેમ ન કરતાં પોતાના અભ્યાસ અને પોતાની તપશ્ચર્યાનાં ફલ આ 'સ્મરણકલા' નામના અપૂર્વ ગ્રંથમાં પ્રકટ કરી ગુજર્જર જનતા સમક્ષ ખુલ્લાં મૂકી દીધાં છે અને સ્મરણકલાની વિધ વિધ કુંચીઓ ગુજર્જર જનતાના હાથમાં મૂકી દીધી છે. આ ગ્રંથને ઠીક ઠીક વિચાર કરીને હું અપૂર્વ કહું છું. મને યાદ છે ત્યાં સુધી સ્મરણકલા વિષે આવો કોઈ ગ્રંથ ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી.

મૂલ્ય રૂપિયા ૫=૦૦ રજી. પોસ્ટેજ ખર્ચ **રૂ. ૧=૨૫**

મુખ્ય પ્રાપ્તિસ્થાન : **પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, **મુંબઈ–૯.**

વી. પી. થી મોકલવામાં આવે છે.

વિદ્યાભૂષણ ગણિતદિનમણિ સાહિત્યવારિધિ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ કૃત

મનનીય સાહિત્ય

	મૂલ્ય
મંત્ર–વિજ્ઞાન	રૂ. ૭–૫૦
મંત્ર–ચિંતામણિ	રૂ. ૭–૫૦
ગણિત–ચમત્કાર	રૂ. ૫–૦૦
ગણિત–રહસ્ય	રૂ. ૫–૦૦
ગણિત–સિદ્ધિ	રૂ. ૫–૦૦
સ્મરણ–કલા	રૂ. ૫–૦૦
સંકલ્પ–સિદ્ધિ	રૂ. ૫–૦૦

હવે પછી છપાશે

માનવમનની અજાયબીઓ	રૂ. ૭–૫૦
મંત્ર–દિવાકર	રૂ. ૭–૫૦

આજે જ આ પુસ્તકો મંગાવી લ્યો અને તેનું
અધ્યયન શરૂ કરો.

પોસ્ટેજ ખર્ચ અલગ સમજવું.

મુખ્ય પ્રાપ્તિસ્થાન :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.
જાણીતા ગ્રંથવિક્રેતાઓ પાસેથી પણ મળી શકશે.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૧